મેસર્સ એમ એમ. અને કંપની. પુસ્તક ૧ લું

ડિટેકટીવ—દેવેન્દ્ર

અનુવાદક,

વાલજી ગોવિંદજી ત્રિવેદી.

Printed & Published by Bhagvanlal Tribhuvan Bhatt,
at The Subodhini Printing Press,
305, Bazargate, Fort, BOMBAY.

FOR

Messrs. M. M. & Co.

વિ. સં. ૧૯૭૧ ઇ. સ. ૧૯૧૪

પ્રથમાવૃત્તિ

પ્રત ૨૦૦૦

મૂલ્ય રૂા. ૧—૪—૦



પરમ ઉપકારક હિંદ માતાના ખોળામાં રમનાર તેનાં સંતાનો પોતાનું સર્વસ્વ તેને અર્પણ કરે તેમાં શું આશ્ચર્ય ?

અનુક્રમણિકા.

ભાગ ૧ લો.

ભાગ ૨ જો

—:o:—

ભાગ ૩ જો

ભાગ ૪ થો

ભાગ ૫ મો.

થોડા વખતમાં લોકપ્રિય થયેલું પુસ્તક.

પ્રાણાયામ.

પ્રાણાયામ સંબંધી સઘળી માહિતી આપનાર સર્વોત્તમ પુસ્તક. તેમાં પ્રાણાયામ કોણ કરી શકે છે. પ્રાણાયામથી શું લાભ થાય છે, પ્રાણાયામથી જીવનની વૃદ્ધિ શી રીતે થઇ શકે છે, પ્રાણાયામનું સ્વરૂપ પ્રાણાયામ કેવી રીતે કરવો વગેરે બીજી સેંકડો ઉપયોગી બાબતનો સમાવેશ કરવામાં આવ્યો છે. અઢીસેં પૃષ્ઠના પુસ્તકની કિંમત માત્ર આઠ આના. થોડીજ નકલો બાકી છે.

ચંદ્રપ્રકાશ ઓફીસ.

ભાગાતળાવ—સુરત.

ચંદ્રપ્રકાશ ઓફીસ તરફથી પ્રકટ થએલાં નવીન પુસ્તકો.

આરોગ્ય.

આરોગ્ય સંબંધી સઘળી માહિતી આપનાર. કુદરતના અદ્‌ભુત રહસ્યોને સમજાવનાર, દરેક વ્યાધિના ઉપાયો ત્રણ પદ્ધતિથી દર્શાવનાર છેલ્લામાં છેલ્લી શોધ મુજબ તૈયાર કરેલું તદન નવીન સચિત્ર પુસ્તક. મૂલ્ય ફક્ત દશ આના.

સંસાર દર્પણ.

સ્વ. બાબુ રમેશચંદ્ર દત્તની સુપ્રસિદ્ધ નવલકથા સમાજનો અનુવાદ સંસારનું આબેહુબ ચિત્ર દર્શાવનારી રસમય નવલકથા પાકું પૂંઠું સોનેરી નામ સાથેના પુસ્તકની કીંમત ફક્ત એક રૂપીઓ.

ગૃહસ્થાશ્રમ.

ગૃહસ્થાશ્રમ સબંધી સંપૂર્ણ માહિતી જાણવી હોય, સંસારમાં સાચો સુધારો કરવો હોય અને સઘળી રીતે સુખી થવું હોય તો આ પુસ્તક વાંચો અને તેમાં દર્શાવેલા સિદ્ધાંતોને આચારમાં મૂકો. ત્રણશે પૃષ્ટ પાકું પુંઠું સચિત્ર પુસ્તક મૂલ્ય એક રૂપીઓ.

બીજાં પુસ્તકો માટે પ્રાઇસ લીસ્ટ મફત મંગાવો.

ચંદ્રપ્રકાશ ઓફીસ ભાગાતળાવ સુરત.

વાંચવાલાયક ઉત્તમ પુસ્તકો.

		કીંમત
ડિટેક્ટીવ દેવેન્દ્ર	(કાચું પુઠું)	૧—૦-૦
નલિની કાન્ત		૧—૦-૦
ભાનુકુમાર		૦—૮-૦
સ્વર્ગીય પુષ્પ		૦—૬-૦
કેશવકૃતિ		૧—૮-૦
જીવનપર પ્રકાશ		૦—૬-૦
સ્નેહલતા	(છપાય છે)	૦-૧૨-૦
કુમુદા અને કાન્તા	ભાગ-૧-૨ (સાથે)	૧—૮-૦
કુમુદા અને કાન્તા	ભાગ-૧	૦-૧૪-૦
કુમુદા અને કાન્તા	ભાગ-૨	૦-૧૪-૦

આ ઉપરાંત તમામ જાતનાં પુસ્તકો અમારે ત્યાં વેચાય છે પ્રાઇસલીષ્ટ મફત.

શુદ્ધિ—પત્ર.

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૪	૬	જાતો	જોતો
૫	૬	જાણે છે, નહિ ?	જાણે છે કે નહિ ?
૫	૨૩	ખલ્લી	ખુલ્લી
૧૫	૧૧	પર	વાતનો
૧૫	૧૨	લાગુ	લાગ્યું
૧૬	૨૩	ખુનાન	સુજાન
૨૧	૫	મહોલામ	મહોલ્લામાં
૨૨	૬	જેડેલી	જડેલી
૨૩	૪	ઉપરમાં	ઉમ્મરમાં
૨૩	૧૪	નાં	ના
૨૩	૧૮	હમણા નો	હમણાં તો
૩૧	૮	જવાજ	જવાબ
૩૫	૧૬	ખુદી	ખુદ્દી
૩૮	૧૫	મને	એને
૬૩	૧૬	આપી	આવી
૬૯	૨૧	નસીલ	નસીબ
૭૧	૧૯	વન્નો	વંજો
૮૮	૩	ફેર	ફરે
૧૦૫	૧૯	આરડી	ઓરડી
૧૧૩	૨૩	નોબત	આફત
૧૧૯	૧૧	બબતની	બાબતની
૧૩૬	૧	બિરાદરોમ	બિરાદરોમાં
૧૩૬	૧૮	ધાર	ધારે
૧૩૮	૧૦	પછડયા	પછાડયા
૧૬૭	૬	ચાલક	ચાલાક
૧૮૩	૧	જાહરા	જોહરા
૧૯૫	૮	લેશે	હશે
૧૯૫	૧૫	શોધવાથી	શોધવા
૧૯૫	૨૫	બારગી	વાર
૨૨૬	૧૪	જતો	જા
૨૨૭	૪	જતો	જા

ડીટેક્ટીવ દેવેન્દ્ર

પ્રકરણ પહેલું.

રોશની

" જાગુ જાગુ બલમા રેન રહી થોરી "

અરધી રાત્રી વીતી ગઇ છે. લગભગ બે વાગ્યાનો સુમાર છે, છતાં પ્રખ્યાત સાહુકાર રજબઅલીના મકાનની બેઠક રોશનીથી ઝગમગી રહી છે. હાંડી, ગ્લાસ અને ઝાડ ફાનસની લટકતી કલમોમાંથી તરેહવારનાં રંગોનો પ્રકાશ આ અંધારી રાત્રીના વખતે પણ દીવસનું ભાન કરાવે છે. હજારો માણસોની વચ્ચે સુંદર આભુષણ અને ઝરીયન પેશવાજમાં મઢાયલી ખુબસુરત નાયકા, નાજ અને નખરાંથી નાચી રહી છે. કોઇવાર હાથ લાંબા કરી સમજાવે છે. કોઇવાર આંખો મટમટાવી, નયનોનાં બાણ મારતી તીરછી ચીતવનથી વળ ખાતી ઘાઘરો ઉઠાવી ઘુમે છે. કોઇવાર ઘેરદાર પેશવાજના બન્ને તરફના છેડા પકડી હાથ જોડી એડી અને અંગુઠાની ઠોરો પર એવી ઠમકે છે કે જોનારાઓનું મન કાબુમાંથી છુટી જાય છે.

આવી રીતે નાચતી કુદતી નયન કટાક્ષ કરતી નાયકા ગાઇ રહી છે—

"જાગુ જાગુ બલમા રૈન રહી થોરી—"

અહા ! વીણાની માફક ગુંજતા મીઠા અવાજમાં આ કોકીલાનો સુંદર કંઠ કેવો મધુર લાગે છે? એ મધુર અવાજની લાલસાથી આજે રજબઅલીનો ઓરડો તદન ચીકાર થઇ ગયો છે. કેટલીક ખુલ્લી બારીઓમાંથી જોતી સ્ત્રીઓ પણ આ મધુર નાયકાના મનહર ચહેરા પર બળી રહી છે, જયારે બીજી તરફ એ બળનારીઓ ઉપર પણ તીરછી આંખોથી જોઇ કોઇ કોઇ નવીન આગના ભોકતા થઇ પડયા છે.

એ કોકીલાનું નામ ગુલજાર મહલ છે, પરંતુ લોકો તેણીને ગુલજારનાં સાદાં નામેજ ઓળખે છે. ગુલજાર એક અનુપમ સુંદરી છે. જે લોક રમણી સૌંદર્યના ભોગી છે, જે લોકોની આંખો સ્ત્રી સૌંદર્યની ખરી ખુબી અને કોમળતા જોવા માટે તલપી રહે છે, ગુલજાર એવા લોકોની પુજનીય દેવી છે. વાજબી રીતે ગુલજારનું આખુ અંગ એક મગરૂર ચિત્રકારની પીછીને ઝેબ આપે તેવું છે. ચંપાના રંગ જેવો તેણીના શરીરનો ઉજવળ રંગ, ગોળ ભરાવાદાર મ્હોડું, ઉપસેલા લાલી ચઢી આવેલા ગાલ, લાંબા ગુંચળાવાળા કાળા વાળથી ગુંથેલો ચોટલો, ધનુષ્યાકાર તીરછાં નેણ, કમળનાં જેવી લાંબી આંખો અને સુંદર મરોડદાર નાશીકા સાથે ઉપસેલી છાતી અને નાજુક કમર મનુષ્યોને મોહીત કરવા માટે પુરતાં છે. શરીરનો ઘટમદાર બાંધો જોતાં એમજ બોલાઇ જવાય છે કે, કેમ જાણે નવીન યૌવન જોર કરી દેહલતા તોડી બહાર આવવા માગતું હોય ! ગુલજારનો મધુર અવાજ સાંભળી બુદ્ધિવાનમાં ગણાતા મનુષ્યોનું ચિત્ત પણ ડામાડોળ થતું હતું. જે લોક સંગીતના શોકીન છે, ગુલજાર તેની મનોકામના પૂર્ણ કરવા વાળી દેવી છે. જે રૂપ યૌવનના ભોગી છે તેની ગુલજાર એક પ્રતિમાં છે.

ફાવે તેવી પરંતુ ગુલજાર એક વેશ્યા તો ખરીજ. અર્થ લોભને ખાતર દેહ વેંચી નાખવી એ તેણીનો વેપારજ છે. પોતાની ખુબસુરતી અને જુવાનીને તેણી આ સંસાર રૂપી બજારમાં વેચવા બેઠી છે. લોભ લાલચને ખાતર તેણીએ પોતાના યૌવનને રસ્તે જતા માણુસોને માટે સંભોગની સામગ્રી બનાવી દીધું છે.

જે લોક બાહ્ય સૌંદર્યને તુચ્છ ગણી હૃદય સૌંદર્યને વખાણે છે, તે તો કહે છે કે, ગુલજારનું રૂપ અશાંતીના ઝેરથી ભરેલું છે. ગુલજાર સુંદરી નહીં પણ રાક્ષસી છે. માણુસ નહીં પણ પીશાચીની છે.

તે ફાવે તેવી હો પરંતુ ગુલજાર પોતાના ધંધામાં પ્રવિણ હતી. પ્રેક્ષકોનું મન લોભાવી પોતાનો મતલબ કેમ સાધવો એ તેણી બહુ સમજતી હતી તેણીના હોઠ પર હસવું, નયનોમાં કટાક્ષ દિલમાં સૌંદર્ય અને જુવાની, કંઠમાં મધુરતા અને વાણીમાં ચાતુર્ય રહેલાં હોવા સાથે મુરીસદબપર શણગારેલા રજબઅલીના દીવાનખાનાની સહાયતાથી તેણીએ પ્રેક્ષકોના મન એટલે સુધી કબજે કરી લીધાં હતાં, કે આવી સુંદર બેઠકમાંથી કોઇને ઉઠવું ગમતું નહતું, કોઇ કોઇ તો ઉઠવાની ઇચ્છા કરીને પણ ઉઠી શકતા નહતા. કેટલાએક કે જેઓને ઉઠયા વિના ચાલી શકે તેમ નજ હતું તે પણ બેઅદબીની બીકથી ઉઠી શકતા નહતા.

પરંતુ આ ભરી સભામાં એક યુવક માણુસના ચેરા પર બિલકુલ ખુશાલી દેખાતી નહોતી તેનું મન કોઇ પણ રીતે સ્થિર ન થવાથી તે ઉઠયો. તેને ઉભો થયેલો જોઇ રજબઅલીનો મોટો દિકરો સુજાયતઅલી તેની પાસે ગયો અને તેને જતો અટકાવી હાથ પકડી બોલ્યો, ‘ કેમ ભાઇ મુબારક ! જલદી ! ”

તે જુવાનનું નામ મુબારકઅલી છે. તેણે જવાબમાં કહ્યું, “ બહુ કરી ! ત્રણનો ટકોરો થયો છતાં આપ હજુ જલદી કહો છો ! ”

“ હા, પરંતુ એકાદ બે વધુ સાંભળો. ” સુજાયતઅલીએ હસીને કહ્યું, ” જો આ ગાણું પસંદ ન હોય તો આપ જે ફરમાવો તે ગવરાવીએ. ”

“ નહિં, નહિં ! ” મુબારકે જવાબ આપ્યો, “ ગાણું બહુજ ઉત્તમ છે. વળી ભૈરવીનો વખત હોવાથી તે વધારે મીઠાશ આપે છે. ”

વાત કરતાં કરતાં બન્ને બેઠકમાંથી બહાર નીકળી ગયા. સુજાયતઅલીએ કહ્યું, "નહીં યાર! જો મીઠાશ લાગતી હતી તો ઉઠયા શામાટે! હું સમજું છું કે આપને ગુલજારનું ગાવું પસંદ પડતું નથી."

"અરે વાહ! હું તો કલકત્તામાં એવો એક પણ માણસ નથી જોતો કે જેને ગુલજારનું ગાણું પસંદ ન હોય!" મુબારકે કહ્યું, "અને આજે તો ખરૂં પૂછો તો આપની બેઠકને ગુલજારે ખરેખર ગુલજારજ કરી દીધી છે! બાકી આજે એ ખરા જીગરથી નાચી રહી છે."

"હા, તેણીની આ ચાલાકીના બદલામાં અમારે ત્યાંથી અઢીસો તો મળશેજ પણ," સુજાયતઅલીએ કહ્યું. "એ શિવાય જહીરૂદ્દીનની ઓરતના આમંત્રણથી નજીરૂદ્દીનની દીકરી જોહરાની સાથે આવી હતી, એ બન્ને એકેકી હીરાની અંગુઠી તેણીને ઇનામમાં આપી ગઇ છે."

મુબારક ચોંકીને બોલ્યો, "હેં! આ બુઢાપામાં ફરી જહીરૂદ્દીને શાદી કરી છે કે શું?"

"હા કરી છે." સૂજાયતઅલીએ જવાબ આપ્યો, "પરંતુ ભાઇ ઓરત શું! આ વખતે તો તેણે પરી મેળવી છે. જેવો રંગ તેવીજ મોંડુ અને ચ્હેરાની સફાઇ. આવી કોરદાર કાળી આંખો વળી ઓરત યાર મેં તો કયાંઇ જોઇ નથી. કોણ જાણે કયાંથી બુઢાને આ મૈનકા મળી ગઇ! હવે તો સંભળાય છે કે તે ઘડીભર પણ તેણીને છોડતો નથી. જો આજ કંઇ કામને માટે તે બહાર ન જાત તો ગુલજારને નસીબ આજની બે અંગુઠીઓ થાત નહીં.

"ત્યારે તો બન્નેને બહુ બનતું હશે." મુબારકે પૂછ્યું, "મહોબત તો બન્ને તરફથી સરખીજ છે ના?"

"નહીં યાર ખરાબીજ ત્યાં છે." સુજાયતે કહ્યું, "અને ખરૂં પૂછો તો ખરાબી નહીં પણ દુનીયાનો જે ધારો છે તેજ પ્રમાણે ચાલે છે. સતર વરસની સુંદરીને શીતેર વરસનો બુઢો

કદી શોભે છે ? એજ વાત આ સુજાનબીબીમાં પણ છે. તેણીની ચાલ મારા સાંભળવા પ્રમાણે જનીરૂદ્દીન સાથે તેણીની નજર મળી ગઇ છે."

"કોણ ચુનીર!" મુબારકે વધુ ચકીત થઇ પૂછ્યું, "તે પણ એમાં પડયો છે ? અરે તેની શાદી તો જોહરા સાથે થવાની ગોઠવણ હતીને ? જોહરા આ વાત જાણે છે, નહીં ?"

"તમે પણ કેવી વાત કરો છો ?" સુજાયતે કહ્યું, "આપણે સાંભળી ચુકયા અને જોહરાને સાંભળવાની બાકી છે ? યાર જોહરાની વાત જુદી છે. તેણી ભણીગણીને વિદ્વાન: થઇ છે. એવી ગુણવાન અને અમીરજાદી શું એવા શરાબી કુકર્મી સાથે શાદી કરશે ? વળી તેણીને પૈસાનો તોટો કયાં છે ? ફકત જમીન મીલકતમાંથી પચાસ હજારની આમદાની થાય છે. બે વરસ પછી તો તેણી સ્વતંત્ર બની પોતાની સલ્તનતોની એકલી માલીક થશે અને એ વખતે જહીરૂદ્દીન સાહેબ જે વહીવટ કરે છે તેનો હીસાબ સમજાવતાં તેને પસીનો છુટશે. હમણાં તો તે બધું હરીયાળુંજ દેખે છે. વળી જોહરા તો મજીદને ચાહે છે, છતાં વચમાં આ જહીરૂદ્દીન માલીક બની તેણીની શાદી મનીરૂદ્દીન સાથે કરી દેવા માગે છે, પરંતુ તેનો એ ઇરાદો પૂરો થાય એમ લાગતું નથી. કારણ બે વરસમાં તેણી સ્વતંત્ર થઇ જશે અને એમ થયા પછી તેણી મજીદના શીવાય બીજા કોઇની થશે નહીં. મારી ધારણા પ્રમાણે મજીદ કંઇ ખરાબ નથી. તેની ચાલ ચલણ સારી છે, તે બહુ ભલા દીલનો માણસ છે, બધાના સુખદુ:ખમાં સામેલ થાય છે. નક્કી તેનું તકદીર ખલ્લી જશે.

એ વખતે ગુલજાર અંદર ગાઇ રહી છે:—

તોરી એક નજરીયાં મેં તર જાઉગી
પ્યારે એકે નજરીયાં.
બીના દેખે સુરતીયાં મેં મર જાઉગી;
બીના દેખે.
અબકીન જો તુમ અસાઢન આઇ હો

તો સાવન ચઢે મેં ઝહર ખાઉંગી
તોરી એકે નજરીયાં મેં.

મુબારકે કહ્યું, "ખરૂં છે હું મજીદને સારી રીતે ઓળખું છું. તે મારો દોસ્ત છે. તેણે કેળવણી પણ સારી લીધી છે, પરંતુ યાર હજીસુધી તેનું નશીબ નીચુંને નીચુંજ રહ્યું."

"એ બધું નશીબથીજ થાય છે," સુજાયતે કહ્યું, "પરંતુ યાર જ્યારે તને જોહરા મળી જશે ત્યારે તો તેને કંઇ પણ કમી રહેશે નહીં. તેણીની બધી મીલકત તેની થશે. મુનીરની પણ તેનાજ હાથમાં આવશે. મુનીરનો બાપ બચપણથીજ મજીદને પાળતો આવ્યો છે. કેલવણી પણ તેણેજ આપી. તે મજીદને પુત્રના જેટલોજ ચાહતો હતો. અને ભાઇ! જેનું મન સ્વચ્છ છે તનું ઇશ્વર હમેશાં ભલુંજ કરે છે. મજીદનું ભલુ તેનાજ હાથથી થવાનું છે મુનીરના બાપે મરવા પહેલાંજ વીલ કરેલ છે કે મુનીર ન હોય ત્યારે જો તેને કંઇ પણ સંતતિ ન હોય તો બધી મીલકત ઉપર મજીદનો હક રહેશે. હમણા પણ મજીદને મનીરૂદીનની મીલકતમાંથી પચાશ રૂપીયા મહીને મળે છે. તેના વીલમાં આ ખર્ચ મજીદને જીંદગીભરને માટે આપવાને લખ્યું છે." મુબારકે કહ્યું. "હજીસુધી તો મુનીરે લગ્ન કર્યા નથી. હવે જ્યારે કરશે અને છોકરાં થશે ત્યારે ના? એ બહુ લાંબી વાત છે, જુવાન ઉમરમાં તે આટલી દોલત મળવાથી ત એવો ખરાબ થઇ ગયો છે કે, રીતભાત પરથી તેનું ભવિષ્ય સારૂં દેખાતું નથી. એકાદ દિવસ ખૂબ શરાબ પીને મરી જશે. પછી તો બધું મજીદનુંજ થશે?"

એકાદ બે વધારે વાતો પછી મુબારક સુજાયતઅલીની રજા લઇ ત્યાંથી ચાલતો થયો.

મુબારક સુજાયતનો લંગોટીયો ભાઇબંધ છે. એક સાથે રમ્યા અને સાથેજ ભણ્યા છે. હમણા ધંધાને માટે મુબારકનું રહેવું બહાર ગામ ખાતેજ થાય છે તે કંઇ કામને માટે એક અઠવાડીયા પુરતો કલકતા આવ્યો છે. એ વખતે આમંત્રણ હોવાથી સુજાયત અલીને ત્યાં નાચ જોવા આવ્યો હતો.

પ્રકરણ ૨ જું.

અંધારામાં.

મુબારક જ્યારે રજબઅલીની બેઠકમાંથી બહાર નીકળ્યો ત્યારે રાત્રીના ત્રણ વાગ્યા હતા. રસ્તો તદ્દન શાંત હતો. સડક પર ઘટાટોપ અંધારૂં છવાયું હતું, અંધારામાં કંઇ દેખાતું ન હોવા છતાં એકાદ બે કુતરાનો ભસવાનો અવાજ સંભળાતો હતો. જે વખતની વાત અમો કહીએ છીએ તે વખતે આજના જેટલી ગેશની બતીઓની અલગાર ન હતી. બહુ દુર દુરને અંતરે ખોડેલા થાંભલા પર કેરોશીનનો ઝુંફનો દીવો ટમટમતો હતો. ગલીકુંચીઓની સ્થિતી બહુજ ખરાબ હતી. ત્યાં અજવાળાને માટે કંઇ પણ ગોઠવણ હતીજ નહીં. પાસેનાં મકાનોની બારીઓમાંથી જે કંઇ પ્રકાશ આવતો હતો તે રસ્તે ચાલનારાંઓને ઉપયોગમાં આવતો હતો, પરંતુ રાત્રિ વધારે ગયા પછી તેપણ બંધ થઇ જતો હતો.

રજબઅલીનું મકાન જાન બાજારમાં હતું. મુબારક જાન બાજાર પાર કરી કલીંગા બજારના રસ્તા પર પહોંચ્યો. સડકુ પર બધું શાંત હતું. રાત અંધારી હોવાથી વધુ બિહામણી લાગતી હતી. બહુજ છેટે છેટે આવેલાં ફાનસનું અજવાળું આ અંધારામાં બીલકુલ ઉપાયોગી નહતું. મુબારકનું ઘર બાલીગંજમાં હતું. બીજો રસ્તો છોડીને જલદી પહોંચવા માટે તે કાલીંગા બજારની સડક પર ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં મેહદીબાગાનમાં પહોંચ્યો. ત્યાંથી એક અંધારી ગલીમાંથી ચાલવું પડયું. અંદર બે ચાર પગલાં ચાલ્યો હશે કે સામેથી આવતા એક માણુસ સાથે તે અથડાયો. પરંતુ અંધારામાં કોઇ કોઇને ઓળખી શકયું નહીં.

બન્ને જરા જરા પાછા હઠયા ને મુબારકની દેહ પર આવી પડયો હતો, તેને નમ્રતાથી કહ્યું "માફ કરજો. અંધારામાં દેખાતું નથી."

એટલું કહી તે બાજુમાંથી જવા ચાહતો હતો કે મુબારકે અવાજ ઉપરથી તેને ઓળખી તેનો હાથ પકડયો અને કહ્યું, "કોણ મજીદ! અરે યાર! તમારો તો પતોજ નથી લાગતો આટલા દિવસે મળ્યા તો તે પણ આવા અંધારામાં કે?"

ઓળખાઇ જવાથી મજીદ જરા નારાજ થયો, અને ગભરાયો, પરંતુ તરતજ સંભાળીને બોલ્યો. "અરે યાર! મુબારક! તમે અહીં કયારે આવ્યા? મેં તો સાંભળ્યું હતું કે, તમે હમણા નેપાળ તરફ છો! આટલી મોડી રાત્રે આ રસ્તા ઉપર કયાંથી આવી પહોંચ્યા!"

"રજબઅલીને ત્યાં નાચમાં ગયો હતો યાર!" મુબારકે કહ્યું, 'ત્યાંથી ઉઠતાં ઉઠતાં મોડું થઇ ગયું. હમણાં એક અઠવાડીયાથી તો હું અહીંજ છું પણ યાર! હવે હું છોડીશ નહીં આજે ચાલો આટલી રાત્રે કયાં જશો?'

"નહીં ભાઇ! હમણાં વખત નથી.' મજીદ ગભરાઇને બોલ્યો, આજે હું નહીં આવી શકું. આ વખતે તો માફ કરો. હમણાં હું બહુ ઉતાવળમાં છું તમે તો જાણો છો. કાલે હું જરૂર આવીશ. મુકામ કયાં રાખ્યો છે?"

"અહીં બાલીગંજમાં" મુબારકે કહ્યું, "કંઇ બહુ દુર તો નથી?"

"હા યાર! ત્યારે તો પાસેજ છો. કાલે હું એક વખત જરૂર આવી જઇશ." કહી મજીદ ફરી બાજુ થઇ જવા લાગ્યો. મુબારકે આ વખતે પણ તેને અટકાવ્યો અને કહ્યું, "જરા ઉભા રહો યાર! મારે તમોને ઘણી વાતો કહેવા-પુછવાની છે. આટલા ગભરાટમાં કેમ પડયા છો? આટલી મોડી રાત્રે કયાંથી આવો છો? જનીરૂદ્દીનની તબીયત તો સારી છે ના? તેને પણ મળવું હતું. કયારે મળવું થશે કંઇ કહી શકશો?"

" એ તો આજ અગીયારની ગાડીમાં ફરીદપુર ગયેલ છે." મજીદે કહ્યું, " હમણાં તેની મુલાકાત થાય એમ લાગતું નથી."

" કેટલા દિવસ પછી પાછો આવશે ?" મુબારકે પૂછ્યું.

" કંઇ બરાબર કહી શકાય નહીં, પરંતુ કંઇ વાર લાગશે." મજીદે જવાબ આપ્યો, " વારૂ. હવે મને રજા આપો હું કાલે જરૂર તમારે ઘેર આવી મળીશ. હું આ વખતે કંઇ કામની ઉતાવળમાં છું."

જ્યારે મુબારકે જોયું કે મજીદ કોઇ પણ રીતે માનતો નથી ત્યારે તેનો હાથ છોડી દીધો. વખત મળતાંજ મજીદ ત્યાંથી અંધારામાં કયાં ગુમ થઇ ગયો તે મુબારકની સમજમાં આવ્યું નહીં.

મજીદના આ ગભરાટથી મુબારક બહુ અજબ થયો, પરંતુ એ ગભરાટનું કારણ કલ્પી શકયો નહીં. તે વધારે ને વધારે વિચાર કરતો ગલીમાં આગળ વધ્યો. જરા આગળ ગયા પછી એક કદમના ઝાડ તળે હાથમાં ફાનસ લઇ ઉભેલા એક પહેરે-ગીર પર તેની નજર પડી મુબારકે તેને કહ્યું, " કેમ સીપાઇ કંઇ મદદ કરશો કે ?"

" શો હુકમ છે ?" સીપાઇએ કહ્યું.

" જો ફાનસ લઇ આ ગલીને બીજે છેડે મને મુકી જાવ તો ઇનામ આપીશ." મુબારકે કહ્યું.

ઇનામનું નામ પડતાંજ સીપાઇએ હસીને કહ્યું, " બહુ સારૂં ચાલો." અને ફાનસ લઇ આગળ થયો.

ગલી પુરી થયા પછી મુબારકે પહેરાવાળાના હાથમાં કેટ-લાક પૈસા મુકયા અને કહ્યું, " હવે જાવ હું ચાલ્યો જઇશ."

પહેરાવાળો ઇનામવાળા હાથે સલામ કરી ત્યાંજ ઉભો રહયો. મુબારક ઉતાવળે પગલે ત્યાંથી આગળ વધ્યો.

મુબારક દેખાતો બંધ થયો અને પહેરાવાળો ત્યાંથી પાછો ફરતો હતો કે એ તરફથી—" સીપાઇ ! સિપાઇ ! ઓ સીપાઇ !" નો અવાજ આવ્યો.

એ આવતો અવાજ ઈનામ આપનારનો છે એમ જાણીને સીપાઇ ફાનસ લઇ તેની તરફ દોડયો ત્યાં જઇને તેણે જોયું તો એક ભલો માણસ ધુંટણ માંડીને બેઠો છે અને સામે કપડામાં લપેટેલી કંઇ ચીજ પડી છે.

પ્રકરણ ૩ જું.

સ્ત્રીનું ખુન.

પેહરાવાળાને જોતાંજ મુબારકે એ ચીજ તરફ આંગળી બતાવી કહ્યું. "પેલી જુઓ ત્યાં એક સ્ત્રી પડી છે."

પેહેરાવાળાએ કહ્યું, "નહી સાહેબ! કોઇ ગાંડી પડી હશે."

"ના ગાંડી તો નથી." મુબારક બોલ્યો, મેં જોયું છે કે તેણીનું શરીર બીલકુલ ઠંડું બરફ જેવુંછે."

હવે તો પહેરાવાળાને પણ બીક લાગી. મુબારક તેના હાથમાંથી ફાનસ લઇને તેના પ્રકાશથી ધુળમાં રગદોળાયલી સ્ત્રીને બરાબર તપાસવાલાગ્યો. તેને જણાયુ કે તેની ઉમર અઢાર વરસથી વધારે ન હશે. સુંદર ચહેરા પર ખુલ્લા વાળ વીખરાઇ પડયા હતા, તેણીની બન્ને નોકદાર પણ અર્ધ ખુલ્લી આંખો જાણે મુબારક તરફ જોઇ રહી છે. બંને હાથોની મુઠી હજી વળેલી છે. શરીર પર કયાંય મારનું નીશાન નથી, તેમ આસપાસ લોહી પણ પડેલું નથી. મરણ પછી બગડી ગયેલો ચહેરો જોતાં પણ કહ્યા વગર નથી ચાલતું કે તે એક અનુપમ સુંદરી હતી. ચંપાના રંગ જેવાં ચટકદાર અને નરમ બદન ઉપર ચીકાશ આવી ગઇ છે, મોઢું જરા ખુલ્લું છે. દાંતોની અંદરથી જીભ

જરા વાંકી થઇને બહાર નીકળી પડી છે. બ્લ્યુ રંગની કીનારીદાર રેશમી પારસી સાડીથી બદન ઢાંકેલું છે. ગળાથી કમર સુધીનો ભાગ એજ રંગના રેશમી પોલકાંથી સજાયલો છે. બારીક કુમાસદાર જાપાનીસ ઓઢણીમાં રેશમના વેલ બુટ્ટાનું કામ પણ બહુ હુનરમંદીનો નમુનો છે.

"હવે જોવાનું શું છે? તેણી તો તદન મરી ગઈ છે." કહી પહેરાવાળાએ જોડીદારને અવાજ કર્યો. બન્ને તરફથી બે સિપાઇઓએ જવાબ આપ્યો. ફરી થોડીવારમાં એક ત્રીજાએ પણ હાજરી આપી. બેઉ જોડીદાર તુરતજ ત્યાં આવ્યા.

"મને લાગે છે કે કોઇએ ગળું દબાવીને આનું ખુન કર્યું છે," મુબારકે કહ્યું, "કારણકે ચ્હેરો કાળો થઇ ગયો છે અને જીભ બહાર નીકળી પડી છે. શરીર પર પણ કોઇ પણ જાતની ચોટનું નિશાન દેખાતુ નથી."

એક સિપાઇ લાશના ગળાંને તપાસવા લાગ્યો, પણ ગળું દબાવી મારી નાખવાનું કંઇ નિશાન ન જણાયાથી તે બોલ્યો, "નહીં સાહેબ! હમણાં તો કંઇ જણાતું નથી. પણ જોઇએ છીએ. હોસ્પીટલમાં લઇ ગયા પછી ડોકટરી તપાસમાં બધી હકીકત જણાઇ આવશે.

પહેરાવાળા લાશને હોસ્પીટલમાં મોકલવાની તજવીજ કરવા લાગ્યા. અને લાસને સૌથી પહેલી મુબારકે જોઇ છે તેથી કાલે તેની જરૂર પડશે એટલા માટે તેનું નામ ઠેકાણું માગ્યું.

જવાબમાં મુબારકે ખીસ્સામાંથી પોતાનાં નામ ઠેકાણાંનો એક કાર્ડ પહેરાવાળાને આપ્યો અને "જ્યારે જરૂર પડે ત્યારે બોલાવજો હું ખુશીથી આવીશ." કહી ત્યાંથી ચાલતો થયો.

ઘેર પહોંચ્યા પછી મુબારક એ બ્લ્યુ વસ્ત્ર વાળી સ્ત્રીનો વિચાર કરવા લાગ્યો. તેણીનો મૃત ચ્હેરો તે ભૂલતો ન હતો. જેમ જેમ વધુ વિચાર કરતો ગયો તેમ તેમ તેના મનની સ્થિતી વધારે બગડવા લાગી. ચિન્તાથી તેનું ચિત્ત ઠેકાણે રહ્યું નહીં.

દીલને શાન્ત કરવા બ્રાન્ડીની બોટલમાંથી એક ગ્લાસ ચડાવી લીધો તો પણ તેને જલ્દી ઉંઘ આવી નહીં અને જ્યારે આવી ત્યારે પણ સ્વસ્થતામાં તે બ્લુ વસ્ત્રધારી સ્ત્રીનો બગડેલો ચ્હેરો તેને દેખાવા લાગ્યો. લાશનાં ભયંકર બીહામણાં સ્વપ્નાથી તેને આવેલી ઉંઘમાં પણ ખલલ પડવા માંડી. મુબારક મનમાંજ કહેવા લાગ્યો. 'આ બ્લ્યુ વસ્ત્રવાળી કોણ છે?'

પ્રકરણ ૪ થું.

વર્તમાન પત્રોના અભિપ્રાય.

જે વખતની વાત અમો કહીએ છીએ તે વખતમાં પેપરોની દોડધામ આજના જેટલી નહતી. જમાનાપર નવી રોશનીનો રંગ હજુ ચડતો આવતો હતો. એકાદ બે અઠવાડીક વર્તમાન પત્રો નીકળતાં હતાં. તેમાંથી એકમાં આ ખુનની હકીકત નીચે પ્રમાણે પ્રગટ થઇ હતી:—

એક સ્ત્રીનું અદ્‌ભુત ખુન.

મેહદીબગાનના ખુન જેવું અદ્‌ભૂત ખુન પહેલાં કદી પણ સાંભળવામાં આવ્યું નથી. રાત્રીના ત્રણ વાગે મુબારકદીન નામનો એક માણુસ. મશહુર શાહુકાર રજબઅલીની બેઠકમાંથી નાચ જોઇને મહેદીબગાનને રસ્તે ઘર તરફ ચાલ્યો જતો હતો. ત્યાં તેણે અંધારી ગલીમાં એક સ્ત્રીની લાશ પડેલી જોઇ તેજ વખતે તેણે પહેરેગીરને અવાજ કર્યો. તેણે લાશ હોસ્પીટલમાં મોકલવાનો બંદોબસ્ત કર્યો. હોસ્પીટલમાં લાશની તપાસ થઇ ગઇ છે મરનારના શરીર પર કયાંઇ મારનું નીશાન જણાયું નથી. ગળાંની એક બાજુએ એક નાહના ઘાનું નીશાન છે, પરંતુ તેનાથી માણુસ મરી શકતો નથી એમ લાગે છે કે

ગળામાં પહેરેલો દાગીનો જોરથી ખેંચી કોઇ લઇ ગયેલ છે અને તેથીજ ગળાંનો ભાગ જરા છોલાયો હશે. એ સીવાય ચોટનું બીજું એક પણ નિશાન નથી.

પરતું ડાકટરી તપાસમાં એમ જણાયું છે કે, લોહીમાં ઝેર ફેલાવાથી તેણીનું મોત નીપજ્યું છે. રૂપ બગડી ગયું, શરીર ફુલી ગયું, જીભનું બહાર નીકળી પડવું અને ચ્હેરા પરની કાળાશ એ બધી ઝેરની અસરજ છે. વળી વધારામાં એમ પણ જણાયું છે કે ગળાં પર જે ભાગ છોલાયેલો છે તેમાં પણ ઝેરનાં ચીન્હો જણાઇ આવ્યાં છે.

ઇલાકાના પોલીસ ઇન્સ્પેકટરે લાશનું ચ્હેરા નિશાન અને લુગડાં લતાંની વિગત લખીને બધી જગ્યાએ જાહેર કરી દીધું છે. શહેરનાં મુખ્ય મુખ્ય લતામાં એ જાહેરાત ચોડવામાં આવી છે. પરંતુ હજુસુધી કોઇએ લાશને ઓળખી નથી. આ ખુનની તપાસનો બોજો પ્રખ્યાત ડિટેકટીવ દેવેન્દ્ર વિજય ઉપર મુકવામાં આવ્યો છે, તેથી ખાત્રી છે કે ખુની જલદી પકડાઇ જશે, અને સ્ત્રીનો પણ પતો લાગશે કે તેણી કોણ હતી ? ચક્કરદાર મામલામાંથી ખુનીને કાન પકડી બહાર ખેંચી કાઢવામાં દેવેન્દ્રની બુદ્ધિ કેટલું કામ કરે છે તે અમો સારી રીતે જાણીએ છીએ. આજ સુધી એક પણ ગુનેહગાર તેની નજરમાંથી બચવા કે છટકવા પામ્યો નથી.

પ્રકરણ પાંચમું.

ડિટેક્ટીવ દેવેન્દ્ર વિજય.

જે વખતનો આ બનાવ છે તે વખતમાં દેવેન્દ્ર વિજયે એક અનુભવી ડિટેકટીવ તરીકે સારૂં નામ મેળવ્યું હતું. જે મામલામાં બીજા કોઇનો દાંત બેસતો નહતો, એવા મુશ્કેલ અને ગુંચવાડા ભરેલા મામલાજ દેવેન્દ્ર વિજયને ભાગે આવતા હતા. આ મેહદીબગાનની સ્ત્રી હત્યાનો કેશ પણ તેનાજ હાથમાં મુકવામાં આવ્યો.

કેસ હાથમાં લીધા પછી દેવેન્દ્ર વિજય પહેલાં તો જરી ગભરાયા. ખૂનીનો પત્તો શી રીતે લાગશે અને આ અજાણી સ્ત્રીની ઓળખાણ કોણ આપશે, તેને માટે તેઓનો કંઇ આધાર મળ્યો નહીં. વળી લાશને જોતાં એમ પણ નહીં જણાયું કે તે એક વેશ્યા છે. રાતના ઉજાગરા અને દારૂમાં મસ્ત બની વિષયાસક્તિથી વેશ્યાઓની આંખો અને ચ્હેરાપર જે કુદરતી કાળાશ ફરી વળે છે તે આ લાશમાં જોવામાં આવી નહીં. ચ્હેરો જો કે બગડી ગયો હતો છતાં તે કોઇ સારા ઘરની વહુ દીકરી હોય એમ લાગતું હતું. પરંતુ આવી વેરાન જગ્યા અને ઉજડ ગલીમાં આટલી અંધારી રાત્રે કોઇ સારા ઘરની સ્ત્રીનું કોણે શા માટે ખુન કર્યું ? એ બધી બાબતનો વિચાર કરી દેવેન્દ્ર વિજય એવા અનુમાન ઉપર આવ્યા કે, તે ભલે સારા ઘરની દીકરી હોય છતાં તેણીની ચાલ ચલગત સારી નથી. કારણ કોઇ સારા ઘરની વહુ દીકરી પાછલી રાત્રે ઘરમાંથી બહાર નીકળી કોઇ ઉચ્ચ મતલબથી અહીં આવી જગ્યામાં આવે નહીં. આવી સ્થિતીમાં તેને મારનાર કોણ હશે ? જેને માટે આશાન્ત રાત્રે

તેણીએ ઘર છોડયું છે તેણેજ તેનું ખૂન કર્યું હશે શું? જો એમ ન બન્યું હોય તો પછી નક્કી તેણીનો સ્વામી તેણીની ચાલ ચલણ જાણી ગયો હોય અને અંત સુધી છુપી રીતે તેણીની પાછળ આવ્યો હોય. છેવટે પોતાની આંખોએ બધો દેખાવ જોયા પછી એ પાપીણીને અહીંજ તેની કરણીનું ફળ ચખાડયું હોય, અથવા એમ પણ બનવા જોગ છે કે એ સ્ત્રી જેને માટે આટલી રાત્રે બહાર નીકળી છે તેની બીજી માશુકે પણ આને મારી નાખી હોય, પરંતુ આવી રીતે રસ્તા પર ખૂન કરી નાખવું એ કંઇ ઓછું સાહસ કહેવાય નહીં. એક સ્ત્રી શું આટલું સાહસ કરી શકે? દેવેન્દ્ર વિજય સેંકડો વિચાર કરતાં કરતાં એક પર પણ નિર્ણય કરી શકયા નહીં. તેને એમજ લાગું કે જયાંસુધી લાશ ઓળખાશે નહિં ત્યાંસુધી આવી રીતે અંધારામાંજ ગોથાં ખાવાં પડશે. એટલા માટે બહેતર છે કે બધાના પહેલાં જે મરી ગઇ છે તે કોણ છે? તેણીની ચાલ કેવી હતી? એ તપાસ કરવી એટલું જાણ્યા પછી કોણે શામાટે ખુન કર્યું છે તેનો પતો મેળવતાં વાર લાગશે નહીં.

દેવેન્દ્રવિજયે જોયું કે એવો કોઇ પણ આધાર નથી કે જેથી લાશ ઓળખાઇ આવે. પહેરવાનાં કપડામાં ધોબીઓનાં જે નિશાન રહે છે, તેનાથી પણ વખતે અર્થ પાર પડે છે, પરંતુ આ કેસમાં તો તે પણ ઉપયોગી થયું નહીં. લાશ પરનાં તમામ કપડાં રેશમી છે. તેમાં કોઇ પર ધોબીના ઘરનું નીશાન છે નહીં.

મરનાર સ્ત્રીનાં બધાં કપડાં પોલીસ ચોકીમાં રાખવામાં આવ્યાં હતાં દેવેન્દ્રવીજયે ત્યાં જઇને એક એક કરીને તપાસ્યાં તો ઓઢણી તેને કંઇક ઉપયોગી થઇ શકે તેવી લાગી. તેની કોર રેશમની વેલબુટીથી ગુંથેલી હતી, જે કામ કરવામાં કરીમનીમા બહુ હોશીયાર છે એમ દેવેન્દ્રવિજય જાણુતા હતા. કરીમની માએ આ કામમાં નામ અને દામ બન્ને મેળવ્યાં છે એ તેઓ જાણુતા હતા. તેણી હમણાં જો કે બુઢી થઇ છે છતાં એ કામમાં પોતાની દીકરીને તેણીએ એટલી બધી હોશીયાર કરી દીધી છે

કે તેણીનું કામ જોઇને કોઇ એમ નથી કહી શકતું કે આ બુઢીના હાથનું નથી. કરીમનો બાપ ચીકન કાઢનારાઓમાં સૌથી પ્રખ્યાત દરજી હતો. પરંતુ બીચારો નશીબનો લીલો હોવાથી પાછળ સ્ત્રીને માટે કંઇ મુકી જઇ શકયો ન હતો. તો પણ તેણીને તે જે સોય દોરાનું કામ શીખવી ગયો હતો તેનાથી તેણીને ઘડપણમાં ખાવાપીવાનું જરાપણ દુખ પડયું નહીં. હમણાં કરીમની મા બે ત્રણ મકાનની માલીક છે તેનું ભાડું આવે છે. રોકડમાં પણ આઠ દસ હજારનો જીવ છે જેથી દાગીના, જમીન વીગેરે ગીરો રાખીને વ્યાજની કમાણી કરે છે; આવી રીતે તેણીને માસીક બસો અઢીસોની આવક છે; છતાં ડોશી જબરી કંજુશ છે. બાલીગંજની પાસે પેઆરાબગાનમાં એક જુના ઘરમાં તેણી રહે છે. તેની એકજ ઓરડીમાં મા દીકરી બન્ને ચલાવી લે છે. સામે થોડી ખાલી જમીન થોરની વાડથી ઘેરાયલી પડી છે તેમાં થોડાં ફળ ફુલ પાકે છે, જેમાંથી પણ નાહની જેવી કમાણી થાય છે. પોતાને માટે થોડાં રાખી બાકી પંદર આના વેચી મારે છે.

દ્રવેન્દ્રવિજય પેલી ઓઢણીને કાગળમાં લપેટી કરીમની માને ઘેર પહોંચ્યા. તેને જોતાંજ ડોશીએ પૂછયું, “ વાહ ભાઇ ! તમે જાતેજ ! આવ્યા ! હું તો હમણાં તમારે ત્યાં આવવાને માટે તૈયાર થઈ હતી. ”

“ કેમ ? શું કામ હતું ? ” દેવેન્દ્રવિજયે પુછયું.

“ કામની વાત શું કહું ? “ ડોશી બોલી, ” જહીરૂદીનની ખુનાન બીબીને શો રૂપીયા દઇ બેઠી છું. હમણાંજ મારા સાંભળવામાં આવ્યું કે તેણી તો મનીરની સાથે ન્હાશી ગઇ છે. તેણીનો પતો કયાંઇ મળતો નથી ! હવે મારા રૂપીયાનું શું થશે ? તેણીનું તો કંઇ ઠેકાણું નથી. ”

દેવેન્દ્રવિજયે પુછયું “ ત્યારે કંઇપણ રાખ્યા વીનાજ રૂપીયા આપે દીધા હતા ? ”

આટલું સાંભળતાંજ ડોશીની બન્ને આંખો કપાલ પર ચઢી

ગઇ. અને પછી હસીને બોલી, " વાહ બેટા ! શું તમે મને એવી દીવાની સમજો છો ! જે હાર મેં રાખ્યો છે તે જહીરૂદ્દીનનોજ હશે. તે લઇને હું જહીરૂદ્દીનને મળું તો કેમ ? "

" ત્યારે પછી વિચાર શાનો કરે છે ? " દેવેન્દ્રવિજયે કહ્યું, એક વખત તેને દેખાડી જોવાથીજ બધું કામ થઇ જશે. "

" હા બેટા, પણ હમણાંતો હું હજુ થોડા દિવસ ચુપ બેશી રહીશ. " ડોશીએ જણાવ્યું, " વખતે સુજાનબીબીનો પતો લાગી પણ જાય તો પછી આટલી ધાંધલ કરવાની મને જરૂર શું છે ? જેનો માલ છે તે જાતે આવીનેજ છોડાવી લઇ જશે. મને લાગે છે કે સુજાનબીબી ફારગતી મેળવીને મનીરની સાથે નીકાહ કરશે, ત્યારે આ હારને માટે મારી પાસે આવવું પડશે. પરંતુ ક્યારે આવશે, ક્યાં ગઇ છે, કેટલા દિવસ પછી ખબર પડશે તેનું કંઇ ચોકસ ઠેકાણું ન હોવાથી હું આફતમાં પડી છું.

" જ્યારે તમારી પેટીમાં હાર મોજુદ છે ત્યારે એ આફત એક દિવસ નકકી છુટી જશે. " દેવેન્દ્રે કહ્યું, " એ માટે હવે અફસોસ ન કરો. આ વખતે હું એક કામને માટે તમારી પાસે આવ્યો છું ભલા જુઓ તો આ રેશમનું કામ તમારા હાથનું કરેલું છે ? "

એટલું કહી દેવેન્દ્રવિજયે કાગળમાંથી કાઢીને પેલી ઓઢણી ડોશીના હાથમાં આપી.

પ્રકરણ ૬ ઠું.

મા દીકરી.

ઓઢણી ખોલી ને ડોશીએ ઉલટ પાલટ કરીને જોયા પછી કહ્યું, "હા, આ ઓઢણી તો અમારે ત્યાંનીજ બનેલી છે. આવું કામ અમારા સીવાય અહીં બીજું કોણ કરી શકે છે સાહેબ? કેમ બીબી સાહેબને માટે આવીજ ઓઢણીની જરૂર છે કે શું? કહો તો હું આના કરતાં પણ ઉંચી જાતની તૈયાર કરી આપું. આતો બીબી સાહેબના હુકમથીજ દોડયા આવ્યા હો એમ લાગે છે. નહિતો આ પગલાં અહીં સુધી કકયાંથી હોય!"

"નહીં માજી! એવો હુકમ હજુસુધી મારા ઉપર થયો નથી." દેવેન્દ્રવિજયે કહ્યું, "પરંતુ થવાની સાથેજ અહીં સુધી આવવું પડે તો તેને માટે કંઇ ફીકર જેવું નથી."

"ત્યારે આ ઓઢણી સાથે શામાટે લાવ્યા?" ડોશીએ પૂછ્યું.

"પહેલાં એ કહો કે આ ઓઢણી તમે કોણને માટે બનાવી હતી?" દેવેન્દ્રવિજયે આવો સવાલ કર્યો.

"કેમ એથી તમારે શું કામ છે?" ડોશી હસીને બોલી, "મારા બોલવા પર વિશ્વાસ નથી? તમે સમજો છો કે હું તમારી પાસેથી તેના કરતાં વધારે કીંમત લઇશ, માટે પ્રથમ તેને પૂછવા માગો છો? પરંતુ બેટા એમ સમજશો નહીં. હું તમારી પાસેથી વધારે પૈસા લઇ શકુંજ નહીં. જેટલું સસ્તામાં તમારૂં કામ થશે તેટલું બીજાનું નહીં થાય. આટલામાં પણ તમને મારો વિશ્વાસ નથી? શું મારે બીજા કરતાં તમારી પાસેથી વધારે પૈસા લેવા છે?

"નહીં માજી ?" "દેવેન્દ્રે કહ્યું" જે તમે સમજો છો તે વાત નથી. પહેલાં એ બતાવો કે કોને માટે તૈયાર કરી હતી. હું જુદાજ કામને માટે પૂછું છું.

ડોશી ઓઢણીને હાથમાં ફેરવતાં ફેરવતાં બોલી, "એ શુ આજ સુધી યાદ રહે છે ! કોને માટે કેવી ઓઢણી કરી આપી છે તેતો યાદ રહી શકતું નથી. તો પણ જોઇએ, હું છોકરીને પૂછું. આ વેલ બુટ્ટી તેણીના હાથની કાઢેલી છે. વખતે તેણીને યાદ હોય તો હોય."

એટલું કહી ડોશીએ પોતાની દીકરીને સાદ કર્યો. તેણી અંદરના ભાગની બારીમાં બેશી વેલ બુટ્ટી ભરી રહી હતી. માનો અવાજ સાંભળી એકદમ બહાર આવી, તેણીએ જોતાંજ ઓઢણી ઓળખી લીધી અને કહ્યું. "હા આ મારીજ ભરેલી છે."

છોકરીની ઉમર ત્રીશથી ઓછી નહીં હોય. તેણી પણ રહીમ–ફ્રીમની મા હશે, પરંતુ તેના નામ સાથે આપણે કંઇ કામ નથી. ડોશીએ તેણીને પૂછયું, "કેમ બેટી ! તને યાદ છે આ ઓઢણી કોણને માટે તૈયાર કરી હતી ?" છોકરી બોલી, "હા યાદ છે. કેમ શું થયું છે ?"

"આપણા ડિટેક્ટીવ સાહેબ પૂછવા આવ્યા છે." ડોશીએ કહ્યું.

"આ તો સાત આઠ માસ ઉપર એક કસબણને માટે બનાવી હતી." દીકરીએ જવાબ આપ્યો.

"ત્યારે તેણીનું નામ શું છે ?" દેવેન્દ્રવિજયે પૂછયું.

"લતીફન બીબી." દીકરીએ જવાબ આપ્યો.

"તેણી રહે છે કયાં ?"

"વામન વસ્તીમાં જઇને આપ પુછશો તો બધું જણાઇ રહેશે. દીકરીએ જવાબ આપતાં કહ્યું, "મને યાદ છે કે આ ઓઢણી એ લતીફનબીબીનીજ છે."

"પણ હવે તેણી ક્યાં મળશે. એ તો રહી નથી." દેવેન્દ્રે કહ્યું.

"કેમ? ક્યાં ગઇ?" છોકરીએ પુછયું.

"જ્યાં બધાને એક દિવસ જવાનું છે ત્યાં. યમરાજના દરબારમાં "હેં! મરી ગઇ! ક્યારે? શું થયું?" કહેતી ડોશી ચોંકી ઉઠી. દેવેન્દ્રવિજયે ઓઢણી હાથમાં લેતાં કહ્યું, "જો આ આદર તેજ લતીફનની હોય તો તેણી જીવતી નથી.

"અરે બાપરે! આશું થયું?" કહેતી ડોશી કપાળ પકડી ત્યાંજ બેશી ગઇ.

"થયું એમ કે મેહદીબગાનની એક ગલીમાં લતીફનનું કોઇએ ખુન કર્યું છે." દેવેન્દ્રવિજયે કહ્યું.

"અરે બાપરે! કોણ ખૂન કરી ગયું?" કહેતી કરીમની મા આંખો ફાડી ફાડીને દેવેન્દ્ર વિજય તરફ જોવા લાગી.

"જે ખૂન કરી ગયેલ છે તે હજુ સુધી પકડાયેલ નથી," દેવેન્દ્ર વિજયે કહ્યું. "પરંતુ તે જલદી પકડાય એવી યુક્તિ કરી રહ્યો છું, પહેલાં મરનારનો પત્તા મેળવવાની જરૂર હતી જે મળી ગયો. હવે થોડા વખતમાં ખૂન કરનાર પણ પકડાઇ જશે."

"પરંતુ બેટા એમ શી રીતે કહી શકાય કે લતીફનનુંજ ખૂન થયું છે." બુઢી બોલી. "વખતે લતીફને આ ઓઢણી કોઇ બીજીને દઇ દીધી હોય અથવા તો તેણીએ કોઇ બીજીનેજ માટે તૈયાર કરાવી હોય તો?"

"હા. તેનો પત્તા હું મેળવી લઇશ." દેવેન્દ્રવિજયે કહ્યું, જ્યારે એક માણસનું ઠેકાણું મળ્યું છે ત્યારે બધો ભેદ હવે ખુલી જશે. થોડાજ આધારથી પણ અમે બધું કામ પૂરૂં કરીએ છીએ. સારૂં હવે હું જાઉં છું. જ્યારે જરૂર પડશે ત્યારે ફરી આવીશ.

એટલું કહી દેવેન્દ્રવિજય ત્યાંથી ચાલતા થયા.

પ્રકરણ ૭ મું.

લતીફન.

દેવેન્દ્રવિજય લતીફનની શોધમાં વામન વસ્તીમાં પહોંચ્યા. ત્યાં તેણીનું બે મજલાનું મકાન બચ્ચાંથી બુઢા સુધી દરેકના જાણવામાં હતું. વળી લતીફન જાતે પણ એટલી મશહુર હતી કે તેણીને શોધી કાઢવાનું કામ બહુજ સહેલું થઇ પડયું. મહોલ્લામ પૂછપાછ કરતાં દેવેન્દ્રવિજયને જણાયું કે, લતીફન ઘરની બહાર નીકળતી નથી. વખતે કોઇને ત્યાં મુજરા માટે જાય છે, તેથી કોઇ એમ ચોકસ ન કહી શકયું કે હમણાં તેણી ઘરમાં છે કે નહીં. દેવેન્દ્રવિજયને એમ પણ ખબર મળી કે તેણીને ત્યાં મનીરૂદ્દીન જા આવ જા છે. વળી લતીફનના ઘરમાં દિલજાન નામની એક સોળ વરસની સુંદરી રહે છે, તેણીને મનીરેજ કયાંકથી લાવી ત્યાં રાખી છે. લતીફનનું મકાન બે ભાગમાં વહેંચાયલું છે. પાછલા ભાગમાં તેણીપોતે રહે છે જયારે આગલા ભાગનો ઉપયોગ દિલજાન કરે છે.

દિલજાન સાથે મુલાકાત કરવાથી લતીફનને લગતી બધી ખબર મળી જશે અને મનીરૂદ્દીનનો ભેદ પણ ખુલી જશે, એમ સમજી દેવેન્દ્રવિજય લતીફનના ઘરમાં દાખલ થયા એક નોકર તેને ઉપરના શણગારેલા ઓરડામાં લઇ ગયો અને ત્યાં એક બેઠક ઉપર બેસાડી પોતે અંદર બાઇસાહેબને ખબર આપવાને માટે ગયો.

નોકરના ગયા પછી દેવેન્દ્રવિજયે ચારે તરફ નજર ફેરવી. આખો ઓરડો કિંમતી ફરનીચરથી શણગારેલો છે. ફર્શ પર

ગાલીચો બીછાવી દિવાલ પર સુંદર તસ્વીર જડી લીધી છે. એક તરફ મોટો આયનો પગથી માથા સુધીનો તમામ ભાગ જોઇ શકાય તેવો ઉભો કરેલો છે. જેથી અંદર દાખલ થતાંજ બરાબર પોતાનાજ ચ્હેરાનો માણુસ સામેથી આવતો હોય તેવો ભાસ થાય છે; બીજી તરફ બારીની પાસે એક હારમોનિયમ રાખેલું છે. પાસે મખમલની ગાદી જડેલી એક ખુરશી અને એક કોચ પણ પડેલાં છે. દેવેન્દ્રવિજયે સમજી લીધું કે આ ખુરશી પર બેસી દિલજાન હારમોનીયમ સાથે ગાય છે અને મનીરૂદ્દીન પેલા કોચ પર પડયો પડયો કાન દઇ સાંભળ્યા કરે છે

દેવેન્દ્રવિજય બને હાથ પછવાડે રાખી આંગળીમાં આંગળીઓ ભરાવી ઓરડામાં ટહેલવા લાગ્યા. તેની બિલાડીના જેવી તેજ નજર દરેક ચીજ પર ફરવા લાગી. તેની નજર એકાએક હારમોનિયમ પર પડેલા બે મોરોકકો લેધરની કેસ ( ) પર પડી બન્ને બોકસ એકજ રંગનાં અને એકજ સાઇઝના લગભગ એકાદ હાથ લાંબા અને ત્રણ ચાર તસુ પહોળાં હતાં દેવેન્દ્રવિજયે એક બોકસ લઇને ધીરેથી તેનું ઢાંકણું ઉઘાડી જોયું તો તેમાં એક લાંબી ધારદાર નોક વાળી છરી છે, જેનો હાથો સફેદ હાથી દાંતનો બનેલો છે. બીજુ બોકસ ખોલીને જોતાં તેમાં કંઇ જણાયું નહીં. તે ખાલીજ હતું. પરંતુ દેવેન્દ્રવિજયે જાણી લીધું કે આમાં પણ એક એવીજ છરી રાખેલી હતી. બોકસોને પાછાં જેમનાં તેમ રાખી ડિટેકટીવે છરી હાથમાં લીધી અને બારીની પાસે જઇને તેને સારી રીતે ઉલટાવીને જોવા લાગ્યા. છરીની નોક બારીક અને તેજમાં સાફ ન લાગવાથી દેવેન્દ્રવિજય સમજ્યા કે છરી ઝેરીલી છે, તેણે એમ પણ નક્કી કરી લીધું કે, એકાદ કુતરાં—બિલાડાના શરીરમાં ઘોંચી દેવાથી તેની તપાસ તરતજ થઇ શકશે કે આ છરીની ચોટથી માણસ કેવી રીતે મરણ પામે છે. આટલો વિચાર કર્યાં પછી દેવેન્દ્ર વિજયે ચારે તરફ ચોંકીને જોયું તો ઓરડામાં કોઇ હતું નહીં બસ તરતજ તેણે એક

કાગળના કટકામાં છરીને લપેટી ખીસ્સામાં મુકી દીધી અને એક ખુરશીપર બેશી રૂમાલવતી મોંઢું લુછવા લાગ્યો. થોડીવાર પછી એક સ્ત્રી તે ઓરડામાં આવી. તેણી કંઇ ખુબસુરત ન હતી. રંગે કાળી અને ઉપરમાં ત્રીશેકની હતી ચ્હેરાપર શીળીના ડાઘ પણ છે. શરીર સોનાના દાગીનાથી મઢાયેલું છે, પગમાં ઝરીદાર મોજડીઓ પહેરેલી છે તેણીને પગથી માથા સુધી જોયા પછી દેવેન્દ્ર વિજય મનમાંજ બોલ્યો, " આ કોણ છે. દીલજાનતો હોય નહીં આના રૂપ રંગપર ફસીને મનીરૂદીને આજ સુધી લગ્ન નથી કર્યાં એ બાબત પરતો વિશ્વાસ આવતો નથી !

તે સ્ત્રીએ આ અજાણ્યા દેવેન્દ્ર વિજયની તરફ જોયું અને કહ્યું, " કેમ આપ દિલજાનને મળવા આવ્યા છો ? "

" હા, મારે "તેણી સાથે થોડું કામ છે." દેવેન્દ્ર વિજયે જણાવ્યું. " તમારૂંજ નામ દિલ—"

વાત કાપી વચ્ચેજ તે સોનેરી સ્યામાંગી બોલી ઉઠી નાં મારૂં નામ તો દિલજાન નથી, પરંતુ આપને શું કામ છે. કહો હું દિલજાનને કહી દઈશ."

" નહીં મારે તેણીનેજ મળવું છે. "

" હમણાંનો મુલાકાત થઈ શકશે નહીં" " સ્ત્રીએ કહ્યું " દિલજાન અહીં નથી આપ કયાંથી આવો છો ?"

દેવેન્દ્ર વિજય જરા અચકાયા પણ તરજ કહ્યું હું-હુંતો હમણાં મનીરૂદીન પાસેથી આવું છું.

" આપત્તો ભલા ગપ્પી નીકળ્યા ? " સ્ત્રીએ ટકોર કરી.

" કેમ ગપ્પી શાથી ? " દેવેન્દ્રે પુછ્યું.

" ગપ્પી નહીં ત્યારે સાચા છો શું ? સ્ત્રીએ કહ્યું મનીરૂદીનતો અહીં નથી. તે દિલજાનને લઇને બહારગામ ગયેલ છે."

હવે તો દેવેન્દ્ર વિજયના માથામાં ચળ થવા લાગી. તેણે જોયું કે અંધારામાં ફેંકેલો પથરો નિશાનપર લાગ્યો નથી. અહીં એક સ્ત્રીની પાસે નિસાન ચુકવાનો વખત આવ્યો જોઇ તે જરા દિલગીર તો થયા, પરંતુ તરતજ જાણે કંઇ બન્યું ન

હોય તેમ બોલ્યા, "બહારની પણ કંઇ ખબર રાખો છો ખરાં કે?"

"બહારની ખબરની વાત હું નથી જાણુતી." સ્ત્રી બોલી, "તેને માટે તો બહાર ઘણાં માણસો મળી આવશે. મારે ત્યાં આવવાની આપને કંઇ જરૂર છે?"

"હા જરૂર છે."

"આપનું બોલવું હું સમજી શકતી નથી." સ્ત્રી બોલી, સ્પષ્ટ કહો આપ શા માટે અહીં આવ્યા છો?"

"મારૂં નામ દેવેન્દ્ર વિજય મિત્ર છે." ડિટેકટીવ પોતાની ઓળખ આપતાં બોલ્યો," હું પોલીસનો માણસ છું."

હવે તો તેણીનો શ્યામ ચ્હેરો સુકાઇ ગયો તેણી અજબ થઇને બોલી, "ત્યારે હવે કહો આપને અહીં શું કામ છે?"

"તમે લતીફનની કંઇ હકીકત જાણો છો?" દેવેન્દ્રે પૂછયું.

સુકેલા ચ્હેરાપર જરા હરીયાળી આવી, મનનો ભાવ મનમાંજ દબાવીને બોલી, "હા, એ તો ઘરની વાત છે. પૂછો, આપ તેને માટે શું પૂછો છો?"

"પૂછવાનું શું લતીફનનું ખુન થયું છે." દેવેન્દ્રે કહ્યું, "મહેદીબગાનમાંથી તેણીની લાશ મળી આવી છે."

"એ આપની ભૂલ છે." સ્ત્રીએ કહ્યું.

"ભૂલ મારી નથી. જુઓ આ ઓઢણીને તમે ઓળખો છો?" કહી દેવેન્દ્રે કાગળમાં લપેટેલી ઓઢણી તેણીના હાથમાં આપી. કાગળની અંદરની ચીજ જોતાંજ એ સ્ત્રીના શરીરમાંથી ઠંડીનું એક લખલખું પસાર થઇ ગયું. મનનો ગભરાટ ચ્હેરાપર સ્પષ્ટ દેખાઇ આવ્યો. તેણી ધ્રુજતા અવાજથી બોલી, "હા, ઓઢણી મેં ઓળખી છે. આ આપની પાસે કયાંથી આવી?"

"મેહદીબગાનમાંથી જે લાશ મળી છે તેના શરીરપર આ ઓઢણી હતી." દેવેન્દ્રે જણાવ્યું

આટલું સાંભળતાં તે સ્ત્રી વધુ લેવાતી ગઇ. તેણીના ચ્હેરાનો રંગ ફીકો પડી ગયો તેણી ધ્રુજતાજ અવાજથી બોલી, "અરે બાપરે! આ કેવો મામલો છે!"

"મામલો બહુ ગંભીર છે" દેવેન્દ્રે કહ્યું, "લતીફનનું ખૂન થઇ ગયું છે."

"નહીં, નહીં! આપ ભૂલો છો." મોંહ ફાડીને શ્યામ રંગી બોલી, લતીફનનું ખૂન થયું નથી!"

હવે દેવેન્દ્રવિજયનો અજબ થવાનો વખત આવ્યો, આ ઘડી ઘડીએ કહી રહી છે કે લતીફનનું ખૂન નથી થયું! તેનો અર્થ શું! શામાટે તેણીના મનમાં એ વાત ઠસી ગઇ છે? દેવેન્દ્રવિજય આટલો વિચાર કર્યા પછી બોલી ઉઠયા, "એમ તમે શા પરથી કહોછો કે લતીફનનું ખૂન નથી થયું?"

"અરે જનાબ! લતીફન તો મારૂં નામ છે!" સ્ત્રી લેહકો કરી બોલી.

દેવેન્દ્રવિજય અજાયબીથી તેણીના સામું જોઈ રહ્યા. એ કાળી સ્ત્રીના સામે તેને એ વખત નીચું ઘાલવું પડયું.

પ્રકરણ ૮ મું.

નવી લીલા.

વારૂ આ ઓઢણી મારી છે એમ આપે શી રીતે જાણ્યું? લતીફને પૂછયું.

"હું તે કરીમની મા પાસે લઈ ગયો હતો. દેવેન્દ્રે" જવાબ આપ્યો, "તેણી પાસેથી જણાયું કે આ ઓઢણી તમે તૈયાર કરાવી હતી, હવે જ્યારે આ ઓઢણી તમારી છે અને તમારૂંજ નામ લતીફન છે ત્યારે મેહદીબગાનમાં જેણીનું ખૂન થયું તે કોણ છે?"

હવે લતીફનથી રહી શકાયું નહીં. તેણી રડી પડી. તેણીની આંખોમાંથી અશ્રુ પ્રવાહ વહેતો જોઇ દેવેન્દ્રવિજય વધુ અજબ

થયા. લતીફન રડતી રડતી બોલી, "યા ખુદા! આ શું થયું. મારૂં સત્યાનાશ નીકળી ગયું! ભલા મેહદીબગાનમાં જેનું ખુન થયું છે તેનાં કપડાં કેવાં હતાં?"

"તેનો બધો પોશાક આવોજ બ્લ્યુ રંગનો છે." દેવેન્દ્રે જણાવ્યું, "બ્લ્યુ રેશમ પર ઝરીનું કામ કરેલો આખો પહેરવેશ છે."

"ત્યારે તો બરાબર છે બધું થઇ ચૂક્યું! લતીફન બોલી.

"શું થઇ ચૂક્યું?" દેવેન્દ્ર સમજ ન પડવાથી પૂછયું.

"અમારી દિલજાનનુંજ ખુન થયું છે." કહી લતીફને બન્ને હાથમાં મોઢું છુપાવ્યું.

દેવેન્દ્રવિજયે જોયું કે મામલો વધારે ઉંડો જતો જાય છે. આ બનાવનો ભેદ સહેલાઇથી મળે તેમ લાગતું નથી હવે ખીસ્સામાંથી એક ફોટોગ્રાફ કાઢી તેણે લતીફનના હાથમાં મુકતાં કહ્યું. "વારૂ આને તમે ઓળખો છો?" ફોટાને જોતાંજ લતીફન બોલી ઉઠી. "આ ચહેરો તો દિલજાનનોજ છે, પરંતુ જરા ફુલી ગયો હોય એમ લાગે છે."

"હા. તેણીના મરવા પછી લાશ ઉપરથી લીધેલો આ ફોટો છે." દેવેન્દ્ર જણાવ્યું. "ઝેરથી તેણીનો ચહેરો ફુલી ગયો છે."

"શું ઝેરથી મારી ગઇ છે!" લતીફને પૂછયું.

"હા. બુધવારની રાત્રે કોઇએ ઝેરી છરીથી તેણીનું ખુન કર્યું છે." દેવેન્દ્ર જવાબ આપ્યો.

"બુધની રાત્રે!" જાણે કંઇ યાદ કરતી હોય તેમ લતીફન બોલી." હા, બરાબર એજ રાત્રે તેણી આ ઓઢણી મારી પાસેથી માગી ગઇ રહી. લતીફનની આંખમાં ફરી પાણી આવ્યા.

"જુઓ બાઇ! દેવેન્દ્રવિજયે કહ્યું." આ વખતે રોવાથી કામ ચાલશે નહીં. દિલજાનની બાબતમાં તમે જે કંઇ જાણતાં હો તે સ્પષ્ટ કહી દો. તેના ખુનીને શોધી કાઢવા ઉપર હું નિમાયો છું. તમોને એવી કોશીશ કરવી ઉચીત છે કે જેથી

ખુની જલદી પકડાઇ આવે અને મને ખાત્રી છે કે તમારી મદદથી હું ખુનીને બહુજ જલદીથી પકડી શકીશ."

લતીફન આંખનાં આંસુ લુછતી સંભાળીને બેઠી અને બોલી, "હા, સાહેબ! ખુનીને પકડાવવામાં હું કોઇ જાતની કમી રાખીશ નહીં. હું દિલજાનને સગી બ્હેન કરતાં પણ વધુ ચાહતી હતી. જે હું જાણું છું એ બધું આપને કહું છું, પરંતુ મને એ ખબર નથી કે ખુની કોણ છે? તેમ તેણીના જીવનો દુષ્મન પણ કોણ જાણે કોણ હશે? તેણી કોઇ સાથે વધુ મેળાપ પણ રાખતી નહતી. તેમ કોઇ સાથે તેણીને કંઇ વાંધો કે તકરાર પણ નહતાં. ફકત તેણી મનીરૂદ્દીનનેજ ઓળખતી અને ચાહતી હતી. કોણ જાણે કયાંથી તેણેજ તેણીને લાવીને અહીં રાખી હતી. મનીરૂદ્દીને તેણીને પોતાની સાથે લગ્ન કરવાની આશા આપી હતી. દિલજાન પણ તેને માટે કોઇ કોઇ વાર મનીરૂદ્દીનને કહ્યા કરતી હતી. આ તરફ મનીરે પોતાની આવ જાવ ઘટાડી દીધી હતી અને આવતો ત્યારે પણ આવ્યો તેવોજ ચાલ્યો જતો હતો. મેં સાંભળ્યું છે કે તેનું મન કોઇ બીજીમાં ફસાઇ ગયું છે."

"હું તેણીને જાણું છું." દેવેન્દ્રે કહ્યું, "એ બીજીનું નામ સુજાનબીબી છે."

"હા નામ તો એજ છે!" લતીફન ચોંકીને બોલી, "આપે શી રીતે જાણ્યું? એ સુજાનને માટે મનીરૂદ્દીન અને દિલજાન વચ્ચે બોલચાલ થયા કરતી હતી. બે અઠવાડીયા હું બહારગામ નાચ માટે ગઇ હતી, ત્યાંથી પાછી ફરી ત્યારે મારા જોવામાં આવ્યું કે, તેણી હવે પ્રથમની દિલજાન રહી નથી. તેણી મનીર ઉપર ખરાં અંતઃકરણથી બગડી હતી. મારા સાંભળવામાં એમ પણ આવ્યું કે, મનીર સુજાનબીબીને ન્હસાડીને લઇ જવાનો છે એવા ખબર દિલજાનના કાનપર પહોંચ્યા છે. મેં તેણીને ઘણી સમજાવી, પરંતુ તેણીએ મારો એક પણ શબ્દ સાંભળ્યો નહીં. તેણી બોલી કે, જો એમજ થયું તો હું

બન્નેનાં ખૂન કર્યા વગર છોડીશ નહીં. બુધવારની રાત્રેજ મનીર સુજાનબીબીને નસાડી જવાનો છે એવી ગોઠવણ થઇ ચૂકી હતી. એજ દિવસે દિલજાને પણ વિચાર કર્યો. લુચ્ચાની સાથે લુચ્ચાઇ રમવાનું તેણીએ નક્કી કર્યું. તેણીએ મન સાથે દૃઢ નિશ્ચય કરી લીધો કે સુજાનને કોઇ પણ રીતે અટકાવીને પોતેજ મનીરની સાથે ન્હાસી જવું."

"ત્યારે તો જે રાત્રે મેહદીબગાનમાં ખુન થયું તેજ રાત્રે આ બનાવ બન્યો." દેવેન્દ્ર બોલ્યા.

"તે દિવસે બપોર પછી જ્યારે દિલજાન મનીરૂદ્દીનના મકાનપર ગઇ, લતીફન કહેવા લાગી, ત્યારે તે ઘરમાં ન હતો. એક દાસી કે જે આ બનાવમાં સામેલ હતી તેણીને થોડી લાલચ દઇ દીલજાને બરાબર જાણી લીધું ક્યારે ન્હાસશે, ક્યાં ગાડી ઉભી રહેશે એ બધો ભેદ જાણીને દિલજાન પાછી આવી અને અહીંથી તૈયાર થઇને રાત્રે દશના સુમારે ચાલી ગઇ. જતી વખતે મ્હારી ઓઢણી માગી ગઈ હતી ત્યાર પછી તેણીના બિલકુલ ખબર મળ્યા નથી. હું તો એમજ સમજતી કે તેણી પોતાનો મતલબ સાધી ગઇ અને સુજાનને ભુલાવો આપી પોતે મનીરની સાથે ઉપડી ગઇ છે."

"ત્યારે અત્યાર સુધી તમે મેહદીબગાનવાળાં ખુનની વાત નથી સાંભળી ?" દેવેન્દ્રે પુછયું.

"ખુનની વાત તો સાંભળી હતી," લતીફને કહ્યું "પરતું તેમાં દિલજાનને લેશ માત્ર પણ સંબંધ હોય એવો ખ્યાલ પણ મને આવ્યો ન હતો."

"મનીરનું મકાન પણ મેહદીબગાનની પાસેજ છે." દેવેન્દ્રે કહ્યું, બુધવારની રાત્રે ત્યાં જતાં નક્કી દીલજાનજ મારી ગઇ છે તેમાંતો જરાપણ શંકા નથી, પરંતુ આપણે એ જોવાનું છે કે તેણીનું ખુન કરનાર કોણ છે ! તમારા જાણવામાં છે કે દિલજાનને કોઇ સાથે એવી દુશ્મની હતી ?"

"ના કોઇની સાથે તેણીને વેર ભાવ હતોજ નહીં." લતીફને જણાવ્યું

હવે દેવેન્દ્ર વિજય ઉઠયા અને જતાં જતાં લતીફનને કહ્યું, "વારૂ હમણાં હું જાઉં છું. જરૂર જણાશે ત્યારે પાછો આવી મળીશ,"

દેવેન્દ્રવિજય થોડાં પગલાં ચાલ્યા અને જાણે કંઇ યાદ આવી ગયું હોય તેમ પાછા ફરી કહ્યું, "હા, એક બાબતને માટે પૂછવાનું રહી જાય છે. જુઓને પેલાં બે મોરોક્કો લેધરનાં બોકસ પડયાં છે તેમાં શું હતું એ તમે કહી શકશો?"

લતીફને તે બન્ને બોકસ હાથમાં લીધાં અને ઉઘાડી જોતાં ચોંકીને બોલી "અરે બાપરે! આમાં તો એક પણ છરી નથી!"

"એક તો મારી પાસે છે, પરંતુ બીજી કયાં ગઈ તે કંઇ કહી શકશો?" દેવેન્દ્રે ખુલાસો કરતાં પૂછયું.

"બુધવારની રાત્રે જતી વખતે દિલજાન એક છરી પોતાની સાથે લેતી ગઇ હતી." લતીફને જણાવ્યું, "તેણી કહેતી હતી કે યુકિતથી જો ફતેહ નહીં મળે તો આ છરીથી હું મારો અર્થ સાધીશ. હું તો આપને જણાવી ચુકી છું કે, તેણી મનીરૂદ્દીન ઉપર એટલી ગુસ્સે થઇ હતી કે, વખત આવે એ છરીથી તેનું પણ ખુન કરવાને તૈયાર હતી."

"ત્યારે છરી તેણીએ મનીરૂદ્દીનને મારવાને માટેજ સાથે લીધી હતી." દેવેન્દ્રે કહ્યું, "તેણીએ આત્મહત્યા કરવાનો વિચાર તો ન્હોતો કર્યો ના?"

"નહીં આત્મહત્યાને લગતો એક પણ શબ્દ મેં કદી તેણીના મોઢેથી નીકળતાં સાંભળ્યો નથી." લતીફને જણાવ્યું. "તેણીની ઇચ્છા એવી નહતી. જો કે તેણી બધી બાબતમાં સારી હતી પરંતુ જયારે ગુસ્સે થતી ત્યારે તો ઇલાહી તોબાહ! હવે તો એ બિચારી મરી ગઇ. કહો હવે આપ આ છરી લઇ જઇને શું કરશો?"

"આ છરી અમારા કામમાં થોડી ઘણી મદદગાર થશે." દેવેન્દ્રે જણાવ્યું, "પહેલાં તો હું એમ તપાસી જોઇશ કે તે ઝેરી છે કે નહીં? જો ઝેરી નીકળી તો જે છરી દિલજાન સાથે લઇ ગઇ તે પણ ઝેરી હોવી જોઇએ. બોકસના દેખાવ પરથી બન્ને એકજ જાતનાં જણાય છે. હવે મારે કુતરા અથવા બિલાડીના શરીર પર આ છરીથી ચોટ કરી જોવું છે કે, આનાથી માણસ કેટલી વારમાં કેવી રીતે મરે છે અને મરણ પછી લાશની સ્થિતી કેવી થાય છે. આટલી ચોકસી પછી હું સમજીશ કે જે છરી પ્રથમથીજ આ બોકસમાં નથી, જેને તમે દિલજાન લઇ ગઇ છે એમ કહો છો એજ છરીથી દીલજાનનું ખુન થયું છે.

"દિલજાનની છરી લઇને તેણીનુંજ ખુન કરી નાખ્યું!" લતીફન દેવેન્દ્ર વિજયનો ખુલાસો સાંભળી ચોંકીને બોલી, કોણ એવો હત્યારો છે?"

"એ બાબતનો તો હવે મારે પત્તો મેળવવો છે." દેવેન્દ્રે કહ્યું.

"ત્યારે અભાગીણીએ આત્મહત્યા નહીં કરી હોય!"

"ના. આત્મહત્યા કર્યાનું જણાતું નથી." દેવેન્દ્રે કહ્યું. "એક સ્ત્રી આવી રીતે જાહેર રસ્તાપર અપઘાત કરી શકતી નથી. કોઇ દુશ્મનેજ દિલજાનને ગલીમાં એકલી જોઇને તેણીનું ખુન કર્યું છે ખેર! જે હશે તેનો પત્તો હવે લાગીજ જશે. આ વખતે તો હું જાઉં છું."

"ત્યારે આપ હવે કયારે મળશો?" દેવેન્દ્ર વિજયને ઉઠતા જોઇ લતીફને પૂછ્યું.

"એકાદ બે દિવસમાં ફરી એક વખત આવી જઇશ." દેવેન્દ્રે કહ્યું. "મારે એ તપાસવું છે કે ખુનની રાત્રે મનીરૂદ્દીનને ઘેર શા શા બનાવ બન્યા હતા?"

મામલાનો ઘણો ખરો ભેદ મળી જવાથી મનમાંને મનમાં ખુશી થતા દેવેન્દ્ર વિજય લતીફનના ઘરમાંથી બહાર નીકળ્યા.

પ્રકરણ ૯ મું.

નનામી ચીઠી.

લતીફનના ઘરમાંથી બહાર નીકળતાંજ એક મુસલમાન છોકરાએ દોડીને તેના હાથમાં ચીઠ્ઠી મુકતાં કહ્યું. "સાહેબ! આ આપની ચીઠી છે."

હાથમાં લઇને દેવેન્દ્ર વિજયે જોયું તો કવરપર તેનું નામ લખેલું હતું. તેણે છોકરાને પૂછયું, "આ ચીઠ્ઠી તું કયાંથી લાવ્યો?"

"એક માણસ હમણાંજ દઇ ગયો છે." છોકરાએ જવાબ આપ્યો. તરતજ કવર ઉખેડી દેવેન્દ્ર વિજય વાંચવા લાગ્યા. તેમાં લખ્યુ હતું:—

દેવેન્દ્રવિજય!

તમે નાહક હેરાન મરો છો. મને પકડવાનું કામ તમારા જેવા બેવકુફ ડિટેકટીવનું નથી. હું તમારી રતીભાર પણ પરવા નથી કરતો. તમારા જેવા વીશ ડીટેકટીવોને ભુંજી ખાઇ જવાની મારી સતા છે. જો તમે તમારી સલામતી ચાહતા હો તો આ કામથી હાથ ઉઠાવો, નહીં તો તમારી જાન બચશે નહીં. જુઓ હું તમોને ચેતાવું છું કે, મારી પાછળ પડી તમારા પર આફતનાં વાદળને ધસડોમાં. આ ચીઠ્ઠી વાંચ્યા પછી પણ તમોને હીંમત હોય તો પછી જે કંઇ માલ મીલકત હોય તેનું વીલ કરીને પછી આ કામમાં હાથ નાંખજો. તમારા મગજમાં કેટલું ભુસું ભર્યું છે તે હું સારી રીતે જાણી ગયો છું. વળી મને એમ પણ માનવાને કારણ છે કે તમારા જેવો ડિટેકટીવ મને કદી પણ પકડી શકશે નહીં. એમ છતાં પણ વખતે એવો બનાવ બને અને મારે ફાંસીને લાકડે લટકવું પડે, તો પણ

તમારૂં ખુન કર્યા પછીજ હું ફાંસી જઇશ. તમે કયારે કયાં જાવ છો, શું કરો છો, એ બધી બાબતોની ખબર હું રાખું છું. હમેશાં હું તમારી પાછલજ ફર્યા કરૂં છું. તમે હજુ તદન અંધારાવાળા ઘરમાં સુરદાસ બની ફાંફાં માર્યા કરો છો એ હું જોઉં છું, એટલા માટેજ તમારા જેવા બેવકુફની લેશ માત્ર પણ પરવા કરતો નથી.

તેજ

"મેહદીબગાનનો ખુની"

ચીઠ્ઠી વાંચી દેવેન્દ્ર વિજય ભારી ચિન્તામાં પડયા. તેને આ પહેલ વહેલીજ ખબર પડી કે જેનો પત્તો મેળવવા તે નીકળ્યા છે એ કંઇ જેવો તેવો માણસ નથી. ચીઠ્ઠી વાંચી તેણે છોકરા તરફ જોયું. છોકરો સમજ્યો કે મેં સાહેબનું અગત્યનું કામ કર્યું છે તેથી સલામ કરીને બોલ્યો," સાહેબ ! મારૂં ઇનામ ! જે શેઠ આ ચીઠ્ઠી આપી ગયા તેની પાસેથી મને એક રૂપીયો મળ્યો છે. આ રહ્યા જુઓ." કહી છોકરે હથેળીમાં ચમકતો રૂપીયો દેખાડયો.

"સારૂ. તું એ માણસને ઓળખે છે ? " દેવેન્દ્રે પુછયું," તેને પહેલાં કોઇવાર જોયો છે ?"

"ના સાહેબ! પહેલાં તો કોઇ—"

"સારૂં. તેનો ચ્હેરો કેવો છે ?" તેને બોલતો અટકાવી દેવેન્દ્રે પૂછયું.

છોકરાએ ચીઠ્ઠી આપનારના ચ્હેરાનું વર્ણન કર્યું તેપરથી કંઇ મતલબ નીકળે તેવું ન લાગવાથી દેવેન્દ્રે પૂછયું, "વારૂ તેં શીરીતે જાણ્યું કે આ ચીઠ્ઠી મનેજ દેવાની છે ?"

"તે મારા હાથમાં ચીઠ્ઠી આપીને કહી ગયા કે હમણાં આ ઘરમાંથી એક બંગાળી નીકળશે તેને આ ચીઠ્ઠી આપજે." છોકરે જવાબ આપ્યો.

"કેટલો વખત થયો ?" દેવેન્દ્રે પૂછયું.

"હમણાંજ ! થોડીજવાર થઇ છે !" છોકરે જવાબ આપ્યો.

"એ પછી કઈ તરફ ગયો ?" દેવેન્દ્રે પૂછ્યું.

"આ તરફ સીધા રસ્તાપર ચાલ્યો ગયો." છોકરે જવાબ આપ્યો.

દેવેન્દ્રે જોયું કે હવે તેની પાછળ જવાથી કંઇ વળે તેમ નથી. અત્યાર સુધીમાં તો તે કોણ જાણે કયાં નીકળી ગયો હશે.

દેવેન્દ્ર વિજયને ચુપ ઉભેલા જોઇ છોકરાએ ફરી કહ્યું, "સાહેબ ! મને ઇનામ મળવું જોઇએ."

"સાંભળ, જો તું મને આ ચીઠ્ઠી આપનાર માણસને દેખાડ અથવા તો તેનું ઘર બતાવી આપ તો હું તને દસ રૂપીયા ઇનામ આપીશ." દેવેન્દ્રે કહ્યું.

"સારૂં સાહેબ !" છોકરો બોલ્યો. "હું તેને બરાબર શોધીશ, જયારે મળશે ત્યારે આપને ખબર આપીશ, પણ આપ કયાં મળશો ?"

દેવેન્દ્ર વિજયે તેને પોતાનું ઠેકાણું કહી દીધું. પરંતુ મનમાં સમજી ગયા કે એથી કંઇ બની શકશે નહીં. ચીઠ્ઠી લખવાવાળો બડો ચાલાક માણસ છે. એ જરૂર વેશ બદલીને આવ્યો હશે. ફરી તેણે છોકરાને પૂછયું, "વારૂ એ ચીઠ્ઠી આપનારને દાઢી મુછ હતાં ?"

"હા, દાઢી ને મુછ બહુજ મોટી હતી." છોકરે કહ્યું, "આંખોપર બ્લ્યુ રંગનો ચશ્મો પણ હતો."

દેવેન્દ્ર વિજયે જોયું કે તેની અટકળ વાજબી છે. ખરેખર તે માણસ ચ્હેરો બદલીને આવ્યો હતો. તેણે છોકરાને કહ્યું, "ત્યારે હવે તું તેને ફરી જોઇ શકીશ નહીં. ઇનામના રૂપીયા તારા નશીબમાં નથી."

છોકરાને રજા આપી દેવેન્દ્રવિજય મનીરૂદ્દીનના મકાન તરફ ચાલતા થયા

પ્રકરણ દશમું.

તપાસ.

મેહદીબગાનના પશ્ચિમ છેડા પર મનીરૂદ્દીનનું આલીશાન મકાન આવેલું છે, સામે એક મોટો બગીચો છે દેવેન્દ્રવિજય બગીચો વિતાવીને મકાનના બારણા સામે આવ્યા અને બારણું હડસેલ્યું. થોડીવારમાં તે ઉઘડયું અને એક બુઢી ઓરત બહાર આવી. દેવેન્દ્રે જાણ્યું કે આજ ઘરની મુખ્ય દાસી અથવા રસોઇ કરનારી હશે.

ખરેખર એ બુઢીજ ઘરની સ્ત્રી નોકરોમાં મુખ્ય છે. તેણીનુ નામ તો મનીરૂદ્દીન સુદ્ધાં જાણુતો નથી. બધા તેણીને ગનીની મા કહીનેજ બોલાવે છે. તે આ ઘરમાં બહુજ વિશ્વાસ પાત્ર છે. તેણીએ આખી ઉમર અહીંજ વીતાવી છે. મનીરૂદ્દીન તેણીનાજ હાથમાં ખાતો પીતો મ્હોટો થયો છે. એક અજાણ્યા માણસને સામે ઉભેલો જોતાંજ તે બોલી ઉઠી. "કેમ સાહેબ! કોને શોધો છો?"

'મનીરૂદ્દીન સાહેબનું મકાન આજ કે?" દેવેન્દ્રે પૂછયું.

"હા."

"તેઓ કયાં છે?"

"ઘેર તો નથી કેમ શું કામ છે?"

"કંઇ તેઓની સાથે ખાસ કામ નથી" દેવેન્દ્રે કહ્યું, ફકત તેની બાબતમાં એકાદ બે વાતો પૂછવાની હતી.'

મનીર ઉપરના કલંકની જે વાત બજારમાં ઉડી રહી હતી તે ગનીની માના કાન સુધી પણ પહોંચી હતી. દેવેન્દ્રવિજયનું

બોલવુ બુઢીને અફીણુ જેવુ લાગ્યું. તણી કપાળ પર કરચલી ચડાવી બોલી, "એમાં અહીં શું આવ્યા છે ? અહીં શું જાણવાનું છે ? અહીંથી જાવ સાહેબ !" કહી તેણી બારણું બંધ કરવા લાગી.

રંગ બદલાતો જોઇને દેવેન્દ્ર વિજય બારણુંના ઉમરામાં એક પગ રાખીને ઉભો રહી બોલ્યો, "સાંભળ બુઢી ! હું મનીરનાંજ ભલાંને માટે આવ્યો છું મારૂં કહેવું સાંભળ. આમ એકદમ બારણું બંધ કરવાનું પરિણામ સારૂં નથી. હું બહુજ ઉપયોગની વાત કહેવા આવ્યો છું."

બુઢ્ઢીનો ગુસ્સો અજાયબીમાં બદલાઇ ગયો. તેણી ચકીત થઈ બોલી "એમ છે તો આવો સાહેબ ! અંદર બેસો અને કહો કંઇ મનીરનું અહીત થયું છે કે શું ?"

"ના. તે બહુજ સારી રીતે છે." દેવેન્દ્રે કહ્યું, "તેને માટે કંઇ ચિંતા કરવા જેવું છે નહીં, પરંતુ એક બાબતમાં ભૂલ થઇ છે. તમે બેશીને સાંભળો હું બધું કહું છું."

બુઢી દેવેન્દ્રને બહારની બેઠકમાં લઇ ગઇ. બેઠકનો ભાગ સારી રીતે શણગારેલો હતો. સુંદર લીલા રંગના ગલીચા ઉપર ત્રણ મખમલ જડેલા કોચ પડયા હતા. એક તરફ આરસ પાહાણનું નાનું સરખું ટેબલ હતું. તેનાપર ચાંદીની ફ્રેમનો અરીસો હતો. પાસે ખાસ ગજીક હાથીદાંતની વેલબુટ્ટી કાઢેલી બે સુંદર કાચની કપાટો હતી, જેમાં સુંદર બાંધણીથી બાંધેલી સોનેરી રૂહાઇથી છાપેલાં નામોવાળાં અંગ્રેજી, ફારસી, બંગાળી, વીગેરે અક્ષરોનાં પુસ્તકો ગોઠવેલાં હતાં. દેવેન્દ્ર વિજય એક કોચ પર બેઠા પછી ગનીની મા પણુ સામે થોડે દૂર ગલીચાપર બેઠી. દેવેન્દ્રવિજયે કહ્યું, જો હું મનીરૂદ્દીનના ભલાંને માટેજ આવ્યો છું મારા દરેક સવાલનો ખરો જવાબ આપજે. જો જુઠું બોલી તો મુશ્કેલ થઇ પડશે. વળી મારી ઓળખ પણ પ્રથમથીજ આપું છું, કારણ તેમ કર્યા વિના તારીપાસેથી સાચી હકીકત નીકળવી કઠણ છે એમ હું જાણું છું. મારૂં નામ દેવેન્દ્રવિજય, હું પોલીસનો માણસ છું.

પોલીસનું નામ સાંભળતાંજ બુઢીના હોંશ ઉડી ગયા. તેણી ધ્રુજવા લાગી અને બ્હીકથી ઉભી થઇ બોલી, "અરે બાપરે! પોલીસવાળા તમે સાહેબ અહીં શામાટે આવ્યા? શું અમારા મનીરે કંઇ કર્યું છે?

"ના, ના! દેવેન્દ્ર કહ્યું. મનીરે કંઇ એવું કામ કર્યું નથી, પરંતુ તું જાણે છે કે તેની પાછળ કેટલાક દુશ્મનો પડયા છે બદમાસોથી તેનો જીવ બચાવવાની ખરાં દિલથી કોશીશ કરૂં છું."

"ત્યારે આ વખતે મારે શું કરવાનું છે?" બુઢીએ પૂછયું.

"વધારે કંઇ નહીં, પરંતુ મારા સવાલનો ખરો જવાબ આપવો." દેવેન્દ્રે કહ્યું, "કહે દિલજાનને તું ઓળખે છે?"

"નહીં, દિલજાન બિલજાનને નથી જાણુતી." બુઢી ગુસ્સાથી બોલી.

"જો બુઢી! જ્યાં સુધી સીધી રીતે પુછું છું ત્યાં સુધી માની જા." દેવેન્દ્રે નરમ ધમકી આપી, "બીલજાનને તો નહીં, પરંતુ દિલજાનને તો જાણવી પડશે. મારા સવાલનો ખરો જવા-બ આપતી જા નહીં તો આફતમાં પડીશ."

કંઇ પણ બાતમી નહીં આપવાનું ગનીની માએ નક્કી કર્યું હતું, પરંતુ દેવેન્દ્ર વિજયના પુંફાટા આગળ તેના છક્કા છુટી ગયા, બ્હીકની મારી તેણી કંઇક નરમ થઇ. દેવેન્દ્ર વિજયે પૂછયું, "મનીરૂદ્દીન કયા દિવસથી ઘરમાં નથી."?

"બુધવારની રાત્રે અહીંથી ગયા છે ત્યાર પછી પાછા નથી આવ્યા." બુઢીએ જવાબ આપ્યો.

"કયાં ગયા છે?"

"તે મને ખબર નથી."

"સાથે બીજું કોઇ ગયું છે?"

"કોણ જાણે સાહેબ! હું એ બરાબર કહી શકતી નથી." બુઢી બોલી, "જેટલાં મોઢાં તેટલી વાતો થઇ રહી છે તેમાંથી કઇ મારે સાચી સમજવી?"

"વારૂ. તે દિવસે દિલજાન અહીં આવી હતી ?"

"હા, આવી હતી."

"ક્યારે ?"

"સુર્યાસ્ત પહેલાં."

"શા માટે આવી હતી ?"

"મનીરને મળવા માટે."

"પછી મુલાકત ?"

"ના. મનીર ઘેર ન હોવાથી રાતે આવીશ એમ કહી તેણી તરતજ ચાલી ગઇ." બુઢીએ જબાબ આપ્યો.

"પછી રાત્રે આવી હતી ?"

આવી હતી, પરંતુ મનીર સાથે મુલાકત થઇ શકી નહીં. તે દિલજાનના આવ્યા પહેલાંજ પાછા કયાંઇ બહાર ચાલ્યા ગયા હતા.

"સારૂં દેવેન્દ્રે પુછયું" એ રાત્રે મનીરૂદ્દીન સુજાન બીબીને લઇને ન્હાસી જનાર છે એ વાત દિલજાન જાણી ગઇ હતી ?"

"તેની મને ખબર નથી."

જયારે મનીરૂદ્દીન સાથે મુલાકાત ન થઇ ત્યારે દિલજાને શું કર્યું ?" દેવેન્દ્ર પૂછયું.

"એ વખતે મજીદ અહીં હતો." બુઢી બોલી., "ઉપરના ઓરડામાં દીલજાન તેની સાથે વાતે વળગી હતી. બહુવાર સુધી કોણ જાણે શી વાતો કરી."

"મજીદ શા માટે આવ્યો હતો ?"

"મજીદતો અહીં વખતે વખતે એમજ આવ્યા કરે છે." બુઢીએ જણાવ્યું.

"તેઓ વચ્ચે શી વાતચીત થઇ એ કંઇ સાંભળ્યું ?"

"ના કંઇ સાંભળ્યું નથી." બુઢી બોલી, "વળી મારી આદત પણ એવી નથી કે કોઇની ખાનગી વાતો છુપાઇને સાંભળું, પરંતુ બન્ને વચ્ચે કંઇ બોલાચાલી વધી હતી. જોરથી વાતો કરતાં હતા."

"એ વખતે રાત કેટલી ગઇ હશે?"

"અગીયાર થઇ ગયા હશે." બુઢીએ જવાબ આપ્યો.

"ત્યારે વાતો કરતાં કરતાં તકરાર થયા પછી દિલજાન એકદમ અહીંથી ચાલી ગઇ?" દેવેન્દ્રે પુછ્યું.

"હા, પહેલાં તેણી એકલી ગઇ," બુઢી બોલી, "પરંતુ થોડીજવાર પછી મજીદ પણ ઉતાવળથી બહાર ચાલ્યો ગયો."

"જતી વખતે મજીદ તને કંઇ કહી ગયો હતો?"

'ના, ના! કંઇ નહી."

હવે દેવેન્દ્ર વિજય મુંજવણમાં પડયા. તેઓ સમજ્યા કે મજીદ પણ થોડો ઘણો આ ખુનમાં સામેલ છે. દિલજાન સાથે તેમને તકરાર થવાનું શું કારણ છે? તેણે મોઢામાંથી એવી કઇ વાત કાઢી કે જેથી દિલજાનને ગુસ્સો ચઢયો? આ બાબતનો ખરો જવાબ મજીદ પાસેથીજ મળી શકશે. વળી એટલામાં દેવેન્દ્રવિજયના મનમાં એક બીજી બાબત આવી. તેણે સાંભળ્યું હતું કે મુબારકે જયારે દિલજાનની લાશ દેખી હતી, તેની થોડીવાર પહેલાંજ મેહદીબગાનના ખુણા ઉપર એક ગલીમાં જતો મજીદ તેને મળ્યો હતો. ત્યારે શું મજીદેજ આ કામ કર્યું છે? દિલજાનનું ખુન કરવાવાળો શું મજીદજ છે! દેવેન્દ્ર વિજયે જોયું કે મામલો બહુ ગુંચવાડા ભરેલો છે. જેમ જેમ તે આગળ વધતા જાય છે તેમ તેમ કરોળીયાની જાળમાં સપડાયલા જંતુની માફક વધુ ગુંચવાતા જાય છે, પરંતુ હવે આ બનાવનો પત્તો ન મળવાથી તે ગભરાઇ ગયા. તેણે એકદમ આલીગંજ જઇ મુબારકને મળવાનું નકી કર્યું અને મનમાં વિચાર્યું કે, તેને મળીને બધું પુછયા પછી મજીદને મળવું. બુધવારની રાત્રે દિલજાન સાથે મજીદને શી વાતો થઇ, શા

માટે તેઓમાં તકરાર થઇ, અને રાત્રે મેહદીબગાનમાં શા માટે ગયો હતો. વીગેરે મજીદને પુછવાનું નકકી કરીને દેવેન્દ્રવિજયે વિચાર્યું કે આ સવાલોનો જો બરાબર જવાબ ન મળ્યો તો સમજવું જોઇએ કે મજીદ પણ આ મામલામાં જકડાયલો છે.

દેવેન્દ્ર વિજયને બહુ વાર સુધી ચુપ બેઠેલા જોઇ ગનીની મા બોલી, " સાહેબ ! જેવું જાણુતી હતી તે બધું આપને જણાવી ચુકી. હવે આપનો જે ઇરાદો હોય તે કહો. મારી સમજમાં તો કંઇ આવતું નથી કે શું થયું છે ? "

" ખુન થયું છે ! ખુન ! " દેવેન્દ્રે કહ્યું

ખુન શબ્દ સાંભળતાંજ બુઢી ત્રણ હાથ દુર કુદી પડી અને ફાટેલી આંખોને કપાળ સુધી લઇ જઇ બોલી, " યા અલાહ ! ખુન ! કોનું ખુન ? મનીરનું ? "

" ના દિલજાનનું."

" દિલજાનનું ? " બુઢીએ પડઘો કર્યો.

" હા. દિલજાન જયારે મજીદની સાથે તકરાર કરીને બહાર ચાલી ગઇ ત્યાર પછી તરતજ મેહદીબગાનની એક ગલીમાં તેણીનું ખુન થઇ ગયું." દેવેન્દ્રે ખુલાસો કર્યો.

" એ બનવા જોગ છે. " બુઢી આતુરતાથી બોલી, " પરંતુ તેમાં મજીદનો કંઇ કસુર નથી. મને ખાત્રી છે તેણે કદી ખુન કર્યુંજ નથી. એ બિચારો દિલજાનનું ખુન શા માટે કરે ? તેણી સાથે તેને બનતુંજ ન હતું. તેને શરાબ અને રંડીઓ સાથે કંઈ નથી. જે કંઇ આશનાઇ છે તે ફકત જોહરા સાથેજ છે."

" અરે ! મેં તો સાંભળ્યું છે કે, જોહરાનાં લગ્ન તો મનીરૂદીનની સાથે કરવાનું નકી થયું છે." દેવેન્દ્રે કહ્યું.

" નહી, નહીં ! " બુઢી બોલી, " એ વાતમાં બીલકુલ સચ્ચાઇ નથી. જોહરા કદી પણ મનીર સાથે શાદી કરશે નહીં.

તેણી મજીદને ચાહે છે. તેની સાથે તેને બહુ બને છે. તેણી મજીદનેજ પરણશે. તમે શું એમ સમજોછો કે મજીદે દિલજાનનું ખુન કર્યું છે? તમે મજીદને ખુની કહીને પકડવા માગો છો શું?"

"ના મજીદ માટે મેં હજુ સુધી એવા પુરાવા તો મેળવ્યા નથી." દેવેન્દ્રે કહ્યું.

ત્યાર પછી એકાદ બે અહીં તહીંની વાતો કર્યા પછી, દેવેન્દ્ર વિજય મુબારકના ઘર તરફ ચાલતા થયા. બુઢી ગનીની માના માથા પરથી બલા દુર થઇ.

પ્રકરણ ૧૧ મું.

સંદેહ.

દેવેન્દ્રવિજય મુબારકને મળવા માટે બાલીગંજ તરફ ચાલ્યા. તેના વિચારસાગરમાં સંદેહનાં મોજાં ઉછળતાં હતાં. ચિન્તાથી તેનું ચિત્ત ડામાડોળ હતું. રસ્તાપર ચાલતાં ચાલતાં તે વિચારવા લાગ્યા 'મજીદ દિલજાનનું ખૂન શામાટે કરે તેનું કંઇ કારણ દેખાતું નથી. એ રાત્રે મનીરૂદ્દીનના મકાનમાં દિલજાન સાથે તકરાર કરી તે તેણીની પાછળ ગયો હોય એમ લાગે છે, પરંતુ શામાટે તે પાછળ ગયો? વળી એજ રાત્રે મુબારકે પણ તેને મેહદીબગાનની એજ ગલીમાંથી આવતો જોયો હતો. એ તો બધું થયું, પરંતુ બીજે રસ્તો હોવા છતાં દિલજાન રાત્રે અગીયાર વાગે એ અંધારી વેરાન ગલીમાં શામાટે ગઇ હતી? કાંતો અંધારી રાત્રીને લીધે એ અભાગણી રસ્તો ભૂલી ગઇ હશે અથવા તો રસ્તામાં કોઇ એવી ઓળખાણનો માણસ મળી ગયો હશે કે જે તેણીને એ અંધારી ગલીમાં

લઇ ગયો હોય! પરંતુ આટલી મોડી રાત્રે એવી ઉજડ ગલીમાં ઓળખાણવાળું પણ ક્યાંથી મળે? પૈસાના લોભથી કોઇ બદમાસે આ કામ કર્યું હોય એમ પણ જણાતું નથી. કારણ કે એમ હોય તો દિલજાનના શરીર પર બે ચાર જે સોનાના દાગીના મળી આવ્યા છે તે કદી પણ મળતે નહીં. વળી આ દેશના ચોર ખૂનીઓમાં ઝેરી છરી રાખવાનો પણ રીવાજ નથી. મને તો લાગે છે કે નક્કી કોઇએ દિલજાનનીજ છરી આંચકી લઇ તેનાથી—પરંતુ એક વખત મજીદને મળી એ બાબતનો જવાબ મેળવ્યા વિના શંકાનું સમાધાન થવાનું નથી' એમ વિચાર કરતાં કરતાં જ્યારે દેવેન્દ્ર વિજય બાલીગંજમાં પહોચ્યા ત્યારે દિવસ અસ્ત થવાની તૈયારીમાં હતો. લીલાં ઝાડોની ડાળીઓ વચ્ચેથી અસ્ત પામતો સૂર્ય આકાશમાં લાલ થાળી જેવો દેખાતો હતો. સંધ્યાના સોનેરી રંગથી તેમ છાંયાથી ઝાડ પાનની ખુબસુરતી કંઇ જુદીજ મજાહ આપતી હતી. સંધ્યાની શીતળ હવા વધુ ઠંડી થતી જતી હતી.

મકાનપર પહોંચીને દેવેન્દ્ર વિજયે જોયું કે મુબારક, હાથમાં એક અંગ્રેજી વર્તમાનપત્ર લઈને દરવાજા પાસે ધીરે ધીરે ટહેલતો હતો. તેનો પાળેલો કુતરો પુંછડી હલાવતો તેની પાછળ પાછળ ચાલતો હતો. દેવેન્દ્રને જોતાંજ કુતરો ભસવા લાગ્યો, પરંતુ મુબારકે તેને ધુતકારીને કહ્યું, "કેમ દેવેન્દ્ર સાહેબ! ક્યાંથી!"

દેવેન્દ્ર જવાબ આપતાં કહ્યું, "આપની પાસેજ આવ્યો છું." મુબારક કપાળ ચડાવી બોલ્યો, "મારી પાસે કેમ જનાબ! છે તો ખેમર ના?"

"પેલા ખુની બનાવ માટે!–" દેવેન્દ્ર વિજયે કહ્યું.

"હા! તેનું શું થયું?" મુબારકે વચ્ચેજ પૂછ્યું, "હું તો જેટલું જાણતો હતો તે બધું તમોને કહી ચૂક્યો છું."

"એકાદ બે વાત વધારે પૂછવાની છે." દેવેન્દ્ર વિજયે કહ્યું."

"સારૂં અંદર આવો," કહી મુબારક દેવેન્દ્ર વિજયને અંદર ઓરડામાં લઇ ગયો. કુતરો પણુ પાછળ ગયો અને ઓરડામાં બેચાર ફેરા મારી વચ્ચે લાંબો થઇ સૂઇ ગયો. દેવેન્દ્રવિજય બારણુાંની પાસેજ પડેલી એક ખુરશીપર બેશી ગયા. મુબારક પણુ જરા દૂર પડેલા કોચ ઉપર બેશી હાથમાંના પેપરથી હવા ખાવા લાગ્યો. થોડી વારે તેણુે પૂછયું. "કહો મામલો કંઈ રસ્તાપર આવ્યો છે ?"

"હા, આટલા વખતમાં જરૂર પુરતો રસ્તો તો મળી ગયો છે." દેવેન્દ્રે કહ્યું. "કેટલીક વાતોનો પત્તો પણુ લાગી ગયો છે"

"ખેઅર ! ત્યારે કોણુે ખૂન કર્યું છે ?" મુબારકે પૂછયું. "ખૂનીનું નામ શું છે તે જણાયું ?"

"ખૂનીનું નામતો હમણાં નક્કી કહી શકતો નથી," દેવેન્દ્રે કહ્યું, "પરંતુ જેનું ખૂન થયું છે તે નામ હું કહી શકીશ."

"વારૂ એ બતાવો." મુબારક બોલ્યો, "તેનું નામ શું છે?

"નામ તેણીનું દિલજાન છે." દેવેન્દ્રે કહ્યું.

"હેં ! દિલજાન નામતો મેં પહેલાં કયાંય સાંભળ્યું નથી." મુબારક બોલ્યો, "તેણી કયાં રહેતી હતી ?"

"તે મનીરૂદ્દીનની રાખેલી હતી" દેવેન્દ્ર વિજયે કહ્યું, "અને વામન વસ્તીમાં લતીફનને ઘેર તેણી રહેતી હતી. મનીરૂદ્દીને કયાંથી લાવીને તેણીને રાખી હતી તેનો પત્તો નથી."

"ત્યારે એવી અંધારી રાત્રે મેહદીબગાનની ઉજડ ગલીમાં તેણી શામાટે ગઇ હતી ?" મુબારકે કહ્યું," આપે આ ખબર કયાંથી મેળવી ?"

"હું બધું આપને કહું છું," દેવેન્દ્રે કહ્યું, "કેટલીક બાબતમાં મને આપની મદદની જરૂર છે."

"તેને માટે ચિન્તા નહીં." મુબારક બોલ્યો, "મારાથી બનતી મદદ કરવામાં હું બાકી રાખીશ નહીં."

"મેહદીબગાનમાંથી જે લાશ મળી આવી હતી, તેની બદ્દુ રેશમની ઓઢણીના આધારે મેં આટલો પત્તો મેળવ્યો છે." દેવેન્દ્રે કહ્યું. પહેલાં કરીમની મા પાસેથી જાણ્યું કે એ ઓઢણી તેણીએ લતીફનને માટે તૈયાર કરી હતી. હું સમજ્યો કે લતીફનનુંજ ખૂન થયું છે, પરંતુ તેણીના ઘર પર જઇને તપાસ કરતાં તેણીને તો જીવતી જોઇ. લતીફનના કહેવા પરથી જણાયું કે ખૂન વાળી રાત્રે દિલજાને તેણી પાસેથી એ ઓઢણી માગી લીધી હતી અને તે પહેરીને મનીરને ઘેર ગઇ હતી."

"મનીરને ઘેર શામાટે ગઇ હતી?" મુબારકે પૂછ્યું.

"મનીર તે રાતના સુજાનબીબીને લઇને ન્હાસી જવાનો હતો. એ ખબર કોઇ પણ રીતે દિલજાનના જાણવામાં આવી હતી" દેવેન્દ્ર વિજયે જણાવ્યું, "પરંતુ એ કામથી તેને અટકાવવાની કોશીશ કરવાને માટે દિલજાન તેને ઘેર ગઇ હતી. આ તરફ તેણીના પહેલાંજ મનીર ઘરમાંથી બહાર નીકળી ગયો હતો, પરંતુ મજીદ તેના ઘરમાં બેઠો હતો તેની સાથે દિલજાનને મુલાકાત થઇ ગઇ. તેના કંઇ બોલવાથી પછી શું બોલ્યો તે જણાયું નથી, છતાં એટલું જણાયું છે કે દિલજાન તેના પર ગુસ્સે થઇ અને અરધી રાત્રે એ ઘરમાંથી બહાર નીકળી. મજીદ પણ તેણીની પાછળ ત્યાંથી ચાલતો થયો. મજીદખાંએજ દિલજાનને છેલ્લી જીવતી જોઇ છે."

"ત્યારે દિલજાન રાત્રે પાછી ઘેર જવા પામી નથી એમતો હું સમજ્યો," મુબારકે કહ્યું. "પરંતુ જ્યારે તેણીએ જોયું કે મનીર તો ન મળ્યો ત્યારે ત્યાંથી બારોબાર સીધે રસ્તે ઘેર ન જતાં મહેદીબગાનની આવી ઉજડ ગલીમાં તેણીને આવવાનું કારણ શું? એ મારી સમજમાં આવતું નથી. મજીદના ઘરની સામેજ વામન વસ્તીમાં જવાનો એક સીધો રસ્તો તો છે!"

"તેને માટે હું કંઇ કહી શકતો નથી" દેવેન્દ્રે કહ્યું, "મને જે લાગે છે તે એટલુંજ કે કાંતો તેણી રસ્તો ભૂલી ગઇ હોય અથવા કોઇ બીજો પણ આ મામલામાં સામેલ હોય!"

"નહીં એ બરાબર નથી.!" મુબારકે કહ્યું, "આવા બનાવમાં બીજો કોણ સામેલ હોય?"

"છે!" દેવેન્દ્રે કહ્યુ, "તેનું નામ મજીદખાં છે."

મજીદનું નામ સાંભળતાંજ મુબારક ચોંકીને કોચ પરથી ઉભો થઇ ગયો. તે બોલ્યો, "મજીદખાં! અલ્લાહ રહીમ! આ શું? ત્યારે તો નખ્ખોદ ગયું?" અને પછી તાળુ અને જીભની મદદથી એક જાતનો અસ્વીકાર સુચક અવાજ કરતાં કહ્યું," નહીં, નહી! એમ કદીજ બને નહીં. હું મજીદને સારી રીતે ઓળખું છું. તે ઘણોજ ભલાં દિલનો માણસ છે, તેણે ખૂન નથી કર્યું. આવું ભયંકર ખૂન તેના હાથથી કદી બનવા પામેજ નહીં આપની શંકા તદ્દન હવામાંના કીલ્લા જેવી છે."

'મેં સાંભળ્યું છે કે એ રાત્રે જ્યારે તમે ઘેર આવતા હતા, ત્યારે દીલજાનની લાશ જોયા પહેલાં તમે મજીદખાંને એ ગલીમાંથી નીકળતાં જોયો હતો. એ વાત આપને યાદ છે?" દેવેન્દ્રે પૂછ્યું.

"વાહ સાહેબ! મુબારકે ગુસ્સે થઇ બેપરવાઇથી જવાબ આપ્યો. "આપ તો મોટા ભયાનક માણસ દેખાઓ છો. મજીદ મારો દોસ્ત છે. હું એવી એક પણ વાત નથી કહી શકતો કે જેથી તેના પર આફત આવે. આપ શું એટલા માટેજ મારી પાસે આવ્યા છો?"

"હા, હું એટલુંજ પૂછવા આવ્યો છું," દેવેન્દ્રે કહ્યું, તે વખતે તમે મજીદને કેવી હાલતમાં જોયો હતો? અને તમારા વચ્ચે શું વાતચિત થઇ હતી એ તમે નહીં કહો?"

"શા માટે ન કહું!" મુબારક બોલ્યો. "એમાં શું છે? રાત્રે મેં મજીદખાંને મેહદીબાગનમાં જોયો હતો. એટલા પરથી એ કંઇ ખૂની નહીં ઠરી જાય. એમ સમજવું એ કંઇ વાજબી નથી!"

"આપે તેને કેવી હાલતમાં જોયો હતો અને તમારા વચ્ચે શું વાતો થઇ હતી?" દેવેન્દ્રે પૂછ્યું.

"તેની હાલત અને સ્થિતિ તો સાહેબ હું અંધારામાં જોઇ શકયો નથી." મુબારકે કહ્યું, "તે બહુ ઉતાવળથી આવતો હતો. અંધારામાં મારી સાથે અથડાયો. અંધારામાં એવું બન્યાજ કરે છે. જો તે મારી સાથે અથડાયો ન હોત તો વખતે હું પણ તેની સાથે અથડાઈ પડત. ત્યાર પછી મેં તેને મારે ઘેર લઇ આવવા ઘણી ખેંચ કરી હતી પછી મેં મનીરૂદ્દીનને માટે પૂછયું હતું. એવી રીતે એકાદ બે વાતો થઇ હતી."

"એજ વાત છે." દેવેન્દ્રે કહ્યું, "આવી રીતે એ રાત્રે મેહદીબાગનમાં મજીદનું મળી આવવું એજ સંદેહમાં ઘસડી જાય છે."

"હું તો તેમાં સંદેહ જેવું કંઇ જોતો નથી" મુબારકે કહ્યું, આપ તેને પૂછશો તો મને ખાત્રી છે કે તે ત્યાં જવાનું કારણ આપને બતાવશે. વળી તે દિલજાનનું ખૂન શામાટે કરવા જાય! તેમ કરવાથી તેને શો ફાયદો છે?"

"ઇરાદા પૂર્વક મજીદે દીલજાનનું ખૂન કર્યું છે, એમ તો મારૂં કહેવું નથી." દેવેન્દ્રે કહ્યું, "પણ કોણ જાણે શું કરવા જતાં શું થઇ ગયું હોય! આપ આ છરીને જોતાંજ સમજી જશો."

એટલું કહી દેવેન્દ્ર વિજયે પેલી છરી ખીસામાંથી કાઢીને દેખાડી. જે તેણે લતીફનના ઘરમાંથી દિલજાનના હારમોનિયમ પરનાં બે બોકસો પૈકી એકમાંથી લીધી હતી.

પ્રકરણ બારમું.

એક સંજોગ—છરીની તપાસ.

છરી જોતાંજ મુબારક ચોંકયો. તેણે ડરીને પૂછયું, " આ છરી આપને કયાંથી મળી ? શું આનાથી ખૂન—"

તેને અટકાવી દેવેન્દ્રવિજયે કહ્યું, " ના આ છરીથી ખૂન થયું નથી, પરંતુ આની જોડીથી થયું છે. લતીફનના કહેવા પ્રમાણે દિલજાન પાસે આવી બે છરી હતી. તેણી સુજાનબીબીની વાત કયાંથી જાણી ગઇ તે હું નથી કહી શકતો, પરંતુ એટલા માટે તે મનીરૂદીન ઉપર એટલી બધી ગુસ્સે થઇ હતી કે, સીધી રીતે જો કામ ન બને તો છરીની મદદથી કામ કાઢી નાંખવાનો વિચાર કરીને મનીરને ઘેર ગઈ હતી. ત્યાં મનીરની જગ્યાએ મજીદ મળ્યો. મને લાગે છે કે એવીજ વાતોમાં તેઓ વચ્ચે બોલાચાલી થઇ ગઇ અને દિલજાને ગુસ્સામાં પોતાની પાસેની છરી દેખાડી. શામાટે છરી લઇને આવી હતી તે પણ તેણી ગુસ્સામાં ને ગુસ્સામાં બોલી ગઇ. મજીદે તેણીને સમજાવવાની કોશીશ કરી હશે, પણ દિલજાન વધુ ગુસ્સે થઇ ત્યાંથી ચાલી ગઇ. મજીદ પણ પાછળ એવા વિચારથી ગયો હશે કે કંઇ અઘટીત ન બની જાય. મને લાગે છે કે એ બન્નેની મુલાકાત મેહદીબગાનમાં થઇ ગઇ હશે, ત્યાં દીલજાન પાસેથી છરી ખુંચવી લેવાની મજીદે કોશીશ કરી હશે, પણ એટલામાં ભૂલથી દિલજાનનાં ગળાંપર જરા ચોટ આવી ગઇ હશે. બસ તરતજ ત્યાંજ તેણી તરફડીને પૂરી થઇ ગઈ. મજીદ આરોપમાં ઘસડાવાની બ્હીકથી ગુપચુપ કોઇને કંઇ કહ્યા વગર ઘર તરફ દોડયો હશે."

"હા, એ બનવાજોગ છે, પરંતુ તેમાં કેટલી વાત સાચી છે તે હું કહી શકતો નથી." મુબારકે કહ્યું," મનીરને ઘેર દિલજાન સાથે તેને શું શું વાતો થઇ હતી તે આપ મજીદને મળીને પૂછો. એ શિવાય ખરી હકીકતનો પત્તો બીજે કયાંયથી મળી શકશે નહીં. હવે આપ આ છરીને લઇને શું કરશો?"

"મારે હજુ જોવાનું છે કે એ ઝેરી છે કે નહીં?" દેવેન્દ્રે કહ્યું "જો આ છરી ઝેરી નીકળી તો તેની સાથેની બીજી પણ ઝેરીજ હતી અને એ ઝેરી છરીથીજ ખૂન થયું છે એ બાબત નક્કી થઇ જશે."

મુબારકે હાથ લાંબો કરીને કહ્યું, "મારી ઇચ્છા એ છરીને જોવાની છે."

"ઘણી ખુશીથી." કહી દેવેન્દ્રવિજય છરી દેવાને માટે ઉઠયા. મુબારક જરા દૂર બેઠેલો હતો. દેવેન્દ્રબાબુએ પગ ઉ-પાડી જેવું પગલું આગળ ભર્યું કે તેનો પગ કુતરાની ગરદન ઉપર પડયો. કુતરાએ બૂમ પાડી દેવેન્દ્ર વિજયના પગનું બચ-કું ભર્યું. ગભરાટથી દેવેન્દ્રના હાથમાંથી છરી કુતરાના ઉપર પડી ગઇ.

મુબારકે ઉઠીને કુતરાને જોરથી ચપડમારી અને આઘો કાઢી મુકયો અને દેવેન્દ્રવિજયની પાસે જઇને પુછયું, "કેમ! તમોને બચકું ભર્યું છે કે શું? જોઉં કયાં લાગ્યું છે?"

"ના, તેના દાંત કપડાંમાં બેઠા છે. "દેવેન્દ્રે કહ્યું," મને જખમ થયો નથી."

"સારૂં થયું" કહી કુતરાની તરફ મુબારકે નજર ફેરવી તો તે જમીન પર તરફડી રહ્યો છે, પરંતુ મોઢેથી ભસી કે અવાજ કરી શકતો નથી. તેની આવી સ્થીતી જોઇને મુબારક ડરી ગયો. પાસે જઇને જોયું તો ગરદન પર એક ઘાનું નીશા-ન જોવામાં આવ્યું. લોહી લુછી નાખવાથી જણાયું કે એક નાહનો જરી જેવો ઘા છે, પરંતુ નિરાશ થઈ દેવેન્દ્રવિજયને કહ્યું. "અરે! છરી ઝેરી છે. આપે તો મારા કુતરાનો જીવ લઇ લીધો. તમે પણ ભલા માણસ આવ્યા!"

"ખેઅર! હું સમજું છું કે બીજા કોઇનો કુતરો આવીને આપને કરડતે તો આપ પણ મારીજ માફક કરતે." દેવેન્દ્રે કહ્યું, "તો પણ આપના આ નુકસાનને માટે મને અફસોસ થાય છે. તેને માટે હું બહુજ દિલગીરી છું."

"બસ હવે વધારે અફસોસ કરવાની જરૂર નથી." મુબારકે વધારે ગુસ્સાથી કહ્યું "આપે એકદમ મારા કુતરાને ઠાર કર્યો છે,"

કુતરો ધીરે ધીરે ઠંડો થતો ગયો. દેવેન્દ્રવિજયનું તેમાં ધ્યાન લાગેલું હતું. મુબારકે કુતરાને પકડીને ઉભો કરી જોયો. પરંતુ તે ઉઠી શકયો નહીં. તેનો જીવ જવાને હવે થોડીજ વાર હતી. બેત્રણવાર તેણે મોહું પહોળું કરી હચકાં લીધાં અને આખરે છેવટના શ્વાસ ફેંકી મરી ગયો.

હવે મુબારકનો મીજાજ કાબુમાં ન રહ્યો. તે બોલ્યો. "સાહેબ! તમે આ શું કર્યું? ખરેખર તમેજ મારા કુતરાને મારી નાંખ્યો. હું જોઉં છું કે તમારા જેવો બેવકુફ માણુસ દુનીયામાં બીજો નહીં હોય."

"આપ મારા ઉપર નાહક ગુસ્સો લાવો છો." હાથમાંની છરી કાગળમાં વીંટતાં દેવેન્દ્રવિજયે કહ્યું. "મે કંઇ જાણીજોઇને છરી મારી નથી ફક્ત સંજોગને—"

"બસ! બસ! હું આપની સાથે વાત કરવા માગતો નથી. મુબારકે તેને બોલતા અટકાવી કહ્યું, "તમે તમારો રસ્તો લ્યો. છરી ઝેરી છે."

"હા. જો તેમ ન હોય તો એક જરા જેવા ઘાથી તમારા કુતરાનું મોત નીપજે નહીં." દેવેન્દ્રે કહ્યું. "આ છરીનું ઝેર જોઇને મારી ખાત્રી થઇ કે દિલજાન પાસે આવી બે છરી હતી, જેમાંની એકથી તેણીનું મોત થયું અને બીજીથી આપનો કુતરો મરણ પામ્યો."

"એ તો બધું થઇ ગયું હવે આપ પધારી જાવ!" મુબારકે પહેલાં જેટલોજ ગુસ્સો બતાવી કહ્યું, "હું આપને

સહીસલામત છોડી દઉં છું એજ આપના માટે ઘણું સમજજો. વધારે શું કહું !”

આ વખત મુબારકના બોલવાથી દેવેન્દ્રવિજય ગુસ્સે થયા નહીં. મતલબ એટલીજ કે ગુસ્સો પણ માણસ અને વખતને ઓળખે છે. ચુપચાપ છરી ખીસ્સામાં મુકી ત્યાંથી નીચી મુંડીએ બહાર નીકળ્યા. છરીના ઝેરની તપાસ થઇ ગઇ તેને માટે પોતે જરા ખુશ થયા, ને સડક પર આવીને પોતાનેજ કહેવા લાગ્યા, “હવે એકવાર મજીદખાંને મળવું છે. તેને મળવાથી આ કેસના ભેદનો મોટો ભાગ જે હજી અંધારામાં છે તેના પર કંઇક પ્રકાશ પડી શકશે.”

ભાગ બીજો.

પ્રકરણ ૧ લું.

ઓળખાણ.

અહીં હવે મજીદખાંને લગતી થોડી ઘણી ઓળખાણ આપવાની જરૂર છે. માબાપનું સુખ તેના નશીબમાં હતું નહીં. તેને બાળક મુકીને જ તેનાં મા બાપ પરલોક સીધાવ્યાં હતાં. મજીદનો બાપ અને મનીરનો બાપ બન્ને એક બીજાના મિત્ર હતા. મજીદના પિતાની આર્થીક સ્થિતી સારી નહતી. તે મરતી વખતે મજીદને પાળીપોષી ઉછેરવાનો ભાર મનીરના પિતા ઉપર નાંખી ગયો હતો. મનીરના પિતા એક મોટા જમીનદાર હતા. પૂર્વ બંગાળમાં તેની મોટી જ-

મીનદારી હતી વળી દયાળુ અને પરોપકારી તરીકે તે પ્રખ્યાત હતા. તેણે મજીદનું સારૂં રક્ષણ કર્યું. મજીદને પાળવામાં અને ભણાવવામાં તેણે જે કાળજી બતાવી હતી તેવી કાળજી મજીદનો પિતા પોતે પણ બતાવી શકત નહીં. મજીદ ભણી ગણીને એક ઉંચા મનનો છોકરો થઇ ગયો અને જમીનદારીના કામકાજમાં તેની બુદ્ધીની સારી ખીલવણી થઇ. મજીદ બુદ્ધિમાન, સારી ચાલવાળો અને મહેનતુ નીકળ્યો. મનીરના પિતાનો વિશ્વાસ તેણે સંપૂર્ણ જીતી લીધો હતો તેની જગીનદારીનું બધું કામકાજ મજીદખાંજ તપાસતો હતો, એટલે સુધી કે મનીરૂદ્દીનનો પીતા તેને પૂછ્યા વિના એક પણ કામ કરતો નહતો. પરંતુ તેનો દીકરો મનીર બરાબર એથી ઉલટો નીકળ્યો તે શરાબ—કબાબમાં કુશલ થયો. જમીનના કામ તરફ તેનું બિલકુલ લક્ષ લાગ્યું નહીં. તે એશઆરામમાં દિવસ વિતાવતો હતો. અને જ્યારે પીતાના મરણ પછી બધી મીલકતોનો એકલો માલેક થયો ત્યારે તો પૈસાને કાંકરાની માફક ફેંકવા લાગ્યો. ચીકાશદાર ચીજ જોઇ માખી મગતરાં પણ આવી વળગ્યાં, પરંતુ મજીદ આ બધું દેખી શકતો નહતો. તેણે બહુ બહુ સમજાવ્યો, પરંતુ સમજાવટ કંઇ ઉપયોગી થઇ નહીં. ઉલટું પરિણામ એ આવ્યું કે તેની સાથે મનીરૂદીનનો અણગમો ઉત્પન્ન થયો. આખરે મજીદ કંટાળીને એક જુદા મકાનમાં રહેવા ગયો. રસ્તામાંથી કાંટો દુર થયેલો જોઇ—જાણીને મનીર મનમાં ખુશી થયો. એશઆરામ અને મોજમજાહને માટે તેને મેદાન મળ્યું. પરંતુ એક બાબતની મુશ્કેલી નડી. સંસારી બાબતોનું જ્ઞાન તેને બીલકુલ હતું નહીં એ બધું કામ મજીદજ કરતો હતો. જુવાનીના જુસ્સાથી મનીરનું મન ઉભરાઈ ગયું હતું, તોપણ તેમાં મજીદની જગ્યા ખાલી હતી. અને મજીદ તેના બાપનો ઉપકાર હંમેશા યાદ કરીને જુદો રહેવા છતાં પણ આવીને તેનુ કામ સંભાળતો અને મનીરને સારા રસ્તાપર લાવવાને શીખામણ દેતો હતો, પરંતુ મનીરૂદીન એવા ઉંડા કુવામાં જઇ પડયો હતો કે તેને તેમાંથી કાઢવાનું કામ સહેલું નહતું.

મનીર અને મજીદ બન્ને સરખી ઉમરના છે. સાથેજ રમ્યા જમ્યા અને ભણ્યા છે. એકજ માણુસના હાથ નીચે ઉછર્યાં છે પરંતુ બન્ને એક બીજાથી ઉલટા સ્વભાવના નીકળ્યા હોવાથી તેઓના જુના પ્રેમમાં જરા ખામી આવી છે. ભવિષ્યમાં શું થશે તેનો વિચાર કરીને મનીરના બાપે પોતાના વીલમાં મજીદને વાર્ષીક છસો રૂપીઆ આપવાનું લખ્યું હતું. આજ સુધી મનીરે લગ્ન કર્યાં નથી. પહેલાં તેના બાપે કેટલીકવાર એ બાબતની કોશીશ કરી હતી, પરંતુ મનીરૂદીન વેશ્યાવારુણીમાં એટલો મસ્ત હતો કે તેના બાપે તેનાં લગ્નનો વિચાર મનમાં થી કાઢી નાખ્યો હતો.

મજીદખાં એ વખતે કલીંગા બજારમાં હમીદા બુઢીના ઘરમાં રહેતો હતો. ત્યાં બીજાં ચાર પાંચ ખાનદાન મુસલમાન કુટુંબો પણ રહેતાં હતાં. તેમાંથી કોઇ વકીલ, કોઇ વેપારી અને કોઇ નોકરીયાત હતાં. પરંતુ મજીદખાંને કોઇની સાથે મેળાપ નથી, તે હમીદાના મકાનના માળપર બે ઓરડી ભાડે લઇને તેમાં રહેતો હતો.

મજીદની ઉમર અઠાવીસ વર્ષની છે. ઉમરમાં જુવાન છતાં અકલમાં તે બુઢો છે. આવી સીધી રહેણી કરણીવાલા માણસનું તે ખુનમાં સામેલ હોવું એ આશ્ચર્યની વાત છે, પરંતુ કોઇ કોઇવાર એવા ભલા માણસો પણ ખાડામાં જઇ પડે છે

મજીદખાં જરા લાંબા કદનો માણસ છે. શરીરનો બાંધો એકવડો અનેચ્હેરાની સુંદરતા જોતાં બુદ્ધિમાન માણસ હોય તેમ લાગે છે.

દેવેન્દ્ર વિજય જયારે તેને મળવાને માટે હમીદાના મકાન પર પહોંચ્યા ત્યારે તે એક ટેબલ ને ટેકો દઈ શાન્તીથી તે દીવસનું અંગ્રેજી વર્તમાન પત્ર વાંચતો હતો. તેનો ચ્હેરો ઉદાસ હતો. કપાળપર ચીન્તાની લીંટીઓ ખેંચાણી હતી. આંખોની આસપાસ કાળાશ ફરી વળી હતી. ચ્હેરો જોતાંજ કહી શકાતું હતું કે મજીદખાંને કેટલીક રાતનો ઉજાગરો છે.

દેવેન્દ્રવિજયે અંદર પગ મુકયો તેવોજ મજીદખાં ચોંકીને તેના તરફ જોવા લાગ્યો.

પ્રકરણ બીજું.

મજીદની મુલાકાત.

પહેલાં દેવેન્દ્રવિજયેજ ચુપકીદી તોડી. તેણે પૂછયું, “ મને આપ ઓળખતા નહીં હો. મારૂં નામ દેવેન્દ્રવિજયમિત્ર છે. હું પોલીસનો એક ડિટેકટીવ ઈન્સ્પેકટર છું.”

આટલું સાંભળતાં મજીદનો ચ્હેરો વધારે ઉદાસ થઇ ગયો. એક વાર દેવેન્દ્રવિજય તરફ અજાયબીથી જોઇને તેણે વર્તમાનપત્ર નીચે ફેંકી દીધું અને ઉભો થઇને બોલ્યો, “ આવો, આવોને ! આપનુંજ નામ દેવેન્દ્રવિજય છે ? નામતો મેં સાંભળ્યું હતું, પરંતુ કંઇ જોયા નહતા. કહો શા માટે આવ્યા છો ? ”

“ મને લાગે છે કે અહીં સુધી મારૂં આવવાનું કારણ આપ સમજી ગયા હશો ? ” દેવેન્દ્રે એક ખુરશી પર બેઠક લેતાં કહ્યું.

“ હું તો કંઇ નથી સમજયો ? ” ભવાં ચઢાવી મજીદે જવાબ આપ્યો.

“ ખેઅર ! ત્યારે હુંજ કહી દઉં છું.” દેવેન્દ્રે જણાવ્યું, “ હું અહીં તમારી પાસે મેહદીબગાનવાળા ખૂનના બનાવને માટે આવ્યો છું.”

આ સાંભળતાંજ માનો કે મજીદનો શ્વાસ રૂંધાઇ ગયો. શરીરમાં કંપવાયુ પ્રગટયો. મ્હેરો એકદમ કરમાઇ ગયો. મનનો ઉદ્વેગ ચ્હેરાપર દેખાઇ આવ્યો. તરતજ તેણે દેવેન્દ્રવિજયની તેજી આંખો સામેથી મોઢું ફેરવી લીધું અને વર્તમાનપત્ર જે જમીનપર પડયું હતું તેને ઉપાડીને નીચી મુડીએ ધુળ ખંખેરવા લાગ્યો, પરંતુ ફરી સંભાળીને ફીકકાં હસવાં સાથે બોલ્યો. “ ખૂનની તપાસમાં મારી પાસે શા માટે આવ્યા ? મને તેની સાથે શું સંબંધ છે ! ”

"હું પણ એજ જાણવાને માટે આવ્યો છું કે શું સંબંધ છે ?" દેવેન્દ્રવિજયે જરા કડક થઇ કહ્યું.

આ વખતે મજીદખાંએ બારીકીથી દેવેન્દ્રવિજયના તરફ જોયું પછી ખીસ્સામાંથી ચીરૂટ કાઢી સળગાવી અને એકાદ બે વાર ધુમાડો ખેંચી સંભાળીને ખુરશીપર બેઠો. પછી ચીરૂટ પીતાં પીતાંજ તે ગંભીરતાથી બોલ્યો, 'આપ આવી અર્થ વગરની વાત છોડી ઘો."

"પરતુ એ વગર અર્થની વાતનો અર્થ કરવાનું કામ તમારે માટે કઇ મુશ્કેલ નથી ' દેવેન્દ્રે હસીને કહ્યું.

"બહુજ મુશ્કેલ છે. "મજીદ બોલ્યો," તમે તમારી ઇચ્છા સ્પષ્ટ કહો "

બન્ને બોલવામાં ચાલાક છે. ધરકધરથી કામ પડયું છે. મજીદ આ ખુની મામલામાં જે કંઇ જાણે છે તે દેવેન્દ્ર વિજય તેના મોઢેથી કહેવરાવવા માગે છે, પરંતુ મજીદ તેને અંદરજ હજમ કરી જવાની તદબીર કરે છે. બન્નેમાં જે વધારે ચાલાક હશે તેજ જીતશે. દેવેન્દ્ર વિજયેજ આગળ વધીને પુછયું "જેનું મેહદીબગાનમાં ખુન થયું છે તે આપના મનીરૂદીનની રાખેલી દિલજાન નામની સ્ત્રી હતી ?"

"હા હતી, પરંતુ આપે શી રીતે જાણ્યું ? " કહેતાં મજીદે દેવેન્દ્રવિજયની તરફ અજાયબીથી જોયું.

"એ વાત હમણાં કહી શકાય તેમ નથી," દેવેન્દ્રે કહ્યું, "પરંતુ હું એટલું તો કહું છું કે મેહદીબગાનમાંથી જે લાશ મળી છે, તે દિલજાનની છે અને તેણીને છેલ્લી તમેજ જોઇ છે.

"એમ !" મજીદે અજાયબી દેખાડી.

"એમજ છે ! દેવેન્દ્રે કહ્યું, બુધવારની રાત્રે અગીયાર વાગ્યા પછી મનીરૂદીનના મકાનમાં તેણી તમોને મળી હતી.

"કોણે આપને આવી જુઠી વાત કરી છે ? મજીદે કહ્યું.

જુઠી નહિં પણ સાચી છે," દેવેન્દ્રે જણાવ્યું.

"આવું સાચું કહેનાર કોણ છે ?" મજીદે પુછયું.

" ગનીની મા " દેવેન્દ્રે જવાબ આપ્યો.

" હું જોઉં છું કે આપતો આટલી વારમાં બધી બાબતોનો પત્તો મેલવી ચુકયા છો " મજીદે કહ્યું. "સારૂં હવે તમે મારા પાસે શામાટે આવ્યા છો તે કહો. જે પૂછવું હોય તે બોલો."

" બૂધવારની રાત્રે મનીરના ઘરમાં તમોને દિલજાન મલી હતી ?" દેવેન્દ્રે પૂછયું.

" હા મલી હતી." મજીદે જવાબ આપ્યો, "પરંતુ રાત્રે નહી પણ સાંજરે."

"ગનીની મા કહે છે કે રાત્રે પણ તમોને દિલજાન મલી હતી."

" એમ કહેતી હોય તો ગનીની મા જુઠી છે !" મજીદે કહ્યું, " તેણીની સમજ ફેર થઇ છે. મને રાત્રે દિલજાન મલી નથી."

" ત્યારે બીજી કોઇ મલી હતી ?"

"એ વાતનો જવાબ હું આપીશ નહી." મજીદે કહ્યું. "તેની સાથે તમોને કંઇ સંબંધ નથી."

" આપ ગુસ્સે ન થતા. મારે તેની સાથે બહુજ સંબંધ છે." દેવેન્દ્રે કહ્યું આપ હજુ નથી સમજ્યા કે આપના માથાપર કેટલી મોટી આફત આવી છે, જો મારા સવાલોના જવાબ સીધી રીતે નહિં આપો તો હું હમણાંજ તમોને આફતમાં નાંખી દઇશ એ સમજો છો ?"

" હું જોઉં છું કે દિલજાનના ખુનનો વાંક તમે મારી ઉપર ઓઢી દેવા માંગો છો ?" મજીદે કહ્યું.

" એ બાબતનો વિચાર પાછલથી થશે," દેવેન્દ્રે કહ્યું, " પરંતુ આ વખતે એટલું બતાવો કે મનીરને ઘેર તમે બુધવારની રાત્રે શામાટે ગયા હતા ?"

મજીદ પોતાપરની આફતની મહત્વતા સમજી મનમાં ને મનમાં ગુસ્સે થયો. તે દિલગીર થઇ બોલ્યો, "હું ખુન કરવાને ઇરાદે નહોતો ગયો કંઇ બીજા કામને માટે મનીરૂદ્દીનને મળવા ગયો હતો."

"પછી મળ્યા હતા?" દેવેન્દ્રે પૂછ્યું.

"ના." મજીદે જવાબ આપ્યો.

"કેમ?" દેવેન્દ્રે પૂછ્યું.

"રાતના નવની ગાડીમાં તે ફરીદપુર જવા રવાના થયો હતો." મજીદે કહ્યું.

"જ્યારે તે ન મળ્યો ત્યારે તમે શી રીતે જાણ્યું કે એ ફરીદપુર ગયેલ છે?" દેવેન્દ્રે પૂછ્યું.

"બે દિવસ પહેલાં તેણે ત્યાં જવાની વાત કરી હતી." મજીદે જવાબ આપ્યો.

"સુજાનબીબીને સાથે લઇને?" દેવેન્દ્રે પૂછ્યું.

"એ બાબતમાં હું કાંઇ નથી જાણતો." મજીદે કહ્યું. ફરીદપુરમાં તેની જમીનદારી છે, એ જમીનદારનું કામકાજ તપાસવાને માટે ત્યાં જવાની વાત તેણે મને કહી હતી."

"એમ જાણ્યા છતાં બુધવારની રાત્રે તમે શા માટે ગયા હતા?" દેવેન્દ્રે પૂછ્યું.

"હું તેની જમીનદારીનો વહીવટ-હીસાબ વીગેરે તપાસું છું," મજીદે કહ્યું, એટલા માટે ગયો હતો.

"ત્યારે એ રાત્રે તમોને ત્યાં કોઇની સાથે મુલાકાત થઇ નથી?" દેવેન્દ્રે પૂછ્યું.

"હા, થઇ હતી." જરા વિચાર કર્યા પછી મજીદે કહ્યું.

"કોઇ સ્ત્રી સાથે થઇ હતી?"

"હા, સ્ત્રી સાથેજ થઇ હતી."

"દિલજાન સાથે?"

"ના, એમાં આપ ભુલો છો."

"ત્યારે કોણ હતી?"

"ફાવે તે હતી પરંતુ આપના આ ખુની બનાવ સાથે તેણીને કંઇ લાગતું વળગતું નથી." મજીદે કહ્યું.

"એમ હશે. પરંતુ તેનું નામ જાણવાની જરૂર છે." દેવેન્દ્ર બોલ્યા "તમારે એ નામ આપવું પડશે."

"કદી નહીં." મજીદ બોલ્યો "હું તે આપીશ નહીં."

બન્ને એક બીજા સામું જોઇ રહ્યા દેવેન્દ્રવિજયે જોયું કે મજીદ કોઇ પણ રીતે એ સ્ત્રીનું નામ આપતો નથી ત્યારે તેણે વાત ફેરવીને કહ્યું, "વારૂ નામ ન કહેવું હોય તો નહીં, પરંતુ એ તો કહેશો કે, તેણી સાથે તમારે તકરાર શા માટે થઈ હતી? એમાં તો તમોને કંઇ હરકત નથી ન?"

"હા છે શા માટે નહીં?" મજીદે કહ્યું, "એ વાત સાથે આપને કઇ સંબંધ નથી."

"વારૂ એ સ્ત્રી કેટલીવાર સુધી ત્યાં હતી?"

"લગભગ રાત્રીના બાર સુધી"

"તેણીના જવા પછી તમે કેટલીવાર ત્યાં બેઠા?"

"હું પણ તેજ વખતે ચાલ્યો આવ્યો."

"સીધા અહીંજ આવ્યા?"

"ના. અહીં આવવામાં જરા ઢીલ થઇ હતી."

"ત્યાંથી નીકળીને પછી તમે ક્યાં ગયા હતા?"

"તે હું આપને કહી શકતો નથી."

"તમે કહી શકતા ન હો તો હુંજ કહું છું," દેવેન્દ્રે કહ્યું. "મેહદીબગાનમાં ગયા હતા."

પ્રકરણ ૭ મું.

દ્રઢ સંકલ્પ.

આટલું સાંભળતાં મજીદ સ્તબ્ધ થઇ ગયો. પણ તરતજ પૂછ્યું, "આપને કોણે કહ્યું?"

"એ વાત પછી થશે" દેવેન્દ્રે કહ્યું, "પહેલાં એ કહો કે મુબારક સાથે આપને મુલાકાત થઇ હતી?"

"હા."

"ત્યારે તમે સીધા અહીં ન આવતાં મેહદીબગાનમાં શા માટે ગયા હતા?" દેવેન્દ્ર વિજયે પૂછ્યું.

મજીદ થોડીવાર વિચાર કર્યા પછી બોલ્યો, "રાત વધારે ગયેલી હોવાથી વખતે એ સ્ત્રી રસ્તો ભુલી જાય યા તો કંઇ સંકટમાં આવી પડે એટલા માટે હું તેણીની પાછલ મેહદીબગાન સુધી ગયો હતો, પરંતુ બહુ વાર સુધી જોવામાં ન આવ્યાથી હું ચાલ્યો આવ્યો, પાછાં ફરતાં મુબારક મળ્યો હતો."

"મનીરના ઘરમાંથી નીકળ્યા પછી એ સ્ત્રી તમારા જોવામાં બીલકુલ આવી નથી?" દેવેન્દ્રે પૂછ્યું.

"ના." મજીદે માથું નીચું કરીને કહ્યું, "ફરીથી મારા જોવામાં એ આવી નથી."

દેવેન્દ્રવિજયને લાગ્યું કે મજીદ તદન જુઠું બોલે છે. તેણે ગુસ્સાથી કડક થઇ કહ્યું, "હું મારા બધા સવાલોના જવાબ મેળવી ચુકયો. પરંતુ એક બાબત રહી ગઇ છે!"

"હવે કંઇ રહ્યું નથી." મજીદ બોલ્યો, "જે કંઇ કહેવા જેવું હતું તે હું કહી ચુકયો છું અને જે કહેવા જેવું નહતું તે મેં કહ્યું નથી, તેમ કહીશ પણ નહીં."

"ત્યારે તમે એ સ્ત્રીનું નામ નહીં બતાવો ?" દેવેન્દ્રે પૂછ્યું.

"કદી નહીં." મજીદે બેધડક જવાબ આપ્યો.

"પરંતુ તમારો આ ઇનકાર ટકશે નહિં," દેવેન્દ્રવિજય બોલ્યા "ગનીની માએ તેણીને જોઇ હતી. તે દિલજાન હતી." દેવેન્દ્રવિજયે જોયું કે સીધી આંગળીથી ઘી નીકળતું નથી ત્યારે તે કરડાકીથી બોલ્યા," તમે જાણો છો ! હું હમણાંજ તમોને પકડી શકું છું ?"

"બિલકુલ નહીં!" મજીદે એવોજ કડક જવાબ આપતાં કહ્યું, "મેં શું કર્યું છે ?"

"દિલજાનને જીવતી જોનાર છેલ્લા તમેજ છો" દેવેન્દ્રે કહ્યું.

"હું ઇનકાર કરીશ." મજીદ બોલ્યો.

"ઇનકાર કરવાથી ચાલશે નહીં." દેવેન્દ્ર કહ્યું. "ગનીની મા એ વાત સાબીત કરશે."

મજીદ બહુજ નારાજ થઇ મોઢું ફેરવી બોલ્યો "સારૂં આપ તેને કહી દેજો, સાબીત કરે !"

મજીદની આવી બીનપરવાઇ અને દ્રઢતા જોઇ દેવેન્દ્રવિજય મનમાં નારાજ થયા. તેણે કહ્યું. 'તમે સારૂં કામ કરતા નથી. આનું ફળ તમારેજ ભોગવવું પડશે.

"તેને માટે હું તૈયાર છું." મજીદ મજબુતીથી બોલ્યો, "હું જે કરૂં છું, તેનું સારૂં નરસું જાણવા જેટલી મને અક્કલ છે, એટલા માટે હું આપની સલાહ લેવા માગતો નથી."

"ત્યારે તમે બુધવારની રાત્રે મનીરના ઘરમાંથી નીકળી કયાં ગયા હતા, શું કર્યું હતું એ બધું અમોને નહીં જણાવો ? દેવેન્દ્રે પુછ્યું.

"નહીં. બિલકુલ નહીં !" મજીદે જવાબ આપ્યો.

"વખત આવ્યે બધું કહેવું પડશે." કહી દેવેન્દ્ર વિજય ઉઠયા અને મજીદના સુકેલા ચ્હેરા તરફ સખી નજરથી જોઇ ગુસ્સાથી બોલ્યા, "વારૂ એમ, પણ હું તમોને આમ સહેજમાં

નહીં છોડું." કહેતા કહેતા ઓરડામાંથી બહાર નીકળ્યા. રસ્તામાં આવી દેવેન્દ્ર મનમાંજ કહેવા લાગ્યા, "મારી અટકળ ખરી પડી. મજીદ જેવો તેવો માણસ નથી. ફાવે તેમ થાય પણ હું કયાં તેને છોડું તેમ છું! જોઇએ છીએ પાણી કંઇ તરફ વળે છે. હવે મજીદપર દેખરેખ રાખવી પડશે. એ કામ માટે હવે પેલા ચાલાક છોકરા શ્રીશની જરૂર પડશે.

—:o:—

પ્રકરણ ૪ થું

સંદેહ વધ્યો.

જરા દુર ગયા પછી દેવેન્દ્રવિજયે જોયું તો હમીદા ઓઢણીને છેડે કંઇ કાગળ બાંધતી બાંધતી બહાર નીકળી. દેવેન્દ્રવિજયે તરતજ અટકળ કરી કે એ મજીદની ચીઠી લઇ જતી હોવી જોઇએ હવે મારે કોઇ પણ રીતે જાણવું જોઇએ કે એ ચીઠીમાં શું લખ્યું છે, અને કોનાપર લખી છે?

દેવેન્દ્રવિજય એક યુકિત કરી. હમીદાના રસ્તા વચ્ચે એક રૂપીયો ફેંકી પોતે જરા દુર ઉભા રહ્યા. હમીદાએ ચાલતાં ચાલતાં સામે રૂપીયો પડેલો જોઇ ધીરેથી ઉપાડયો કે તરતજ દેવેન્દ્ર વિજયે દોડી જઇને કહ્યું, શું છે ડોશી! શું છે? મારો રૂપીયો અને નોટ પડી ગયાં છે!"

"આ રહ્યો તમારો રૂપીયો!" કહી હમીદાએ જડેલો રૂપીયો દેવેન્દ્ર વિજયના હાથમાં આપ્યો.

"અને નોટ કયાં છે નોટ!" દેવેન્દ્રે કહ્યું, "મારી સાથે શું ચાલાકી કરે છે કે? હમણાં ચોકીમાં લઇ જઇશ."

પરંતુ હમીદા કંઇ કાચી નહોતી. ઠોકર વાગ્યાથી કાંસાનું વાસણ જેમ ઝણઝણી ઉઠે છે તેમ એ બુઢી પણ ખણખણાટ કરતી બોલી, "વાહરે ભાઇ! હસવા રમવાનું બીજું કોઇ ઠેકાણું ન મળ્યું જે અહીં આવ્યા છો? તમારી નોટની મને શી ખબર!"

"અરે લુચ્ચી ક્યાંની?" દેવેન્દ્ર વિજયે કહ્યું. "મેં તને નોટ લેતાં મારી આંખોથી જોઇ છે અને હવે શી ખબર કહી નોટ હજમ કરવા માગે છે કેમ? હમણાં છેડે બાંધી લીધી અને મને ભૂલાવો ખવરાવે છે કાં! બોલાવું પેહેરાવાલાને?"

"બોલાવને?" ડોશી ગુસ્સાથી ગરમ થઇ બોલી. "પહેરાવાલો શું કરનાર છે? પહેરાવાલો કેમ જાણે તારા એકલાનેજ માટે હોય નહિ! મેં નોટ લીધી છે! લે જો આ તારી નોટ છે? આંખો છે?"

એટલું કહીને ડોશીએ ઓઢણીને છેડેથી ચીઠ્ઠી છોડીને દેખાડી. દેવેન્દ્ર વિજયે હાથમાં લઇને જોયું તો તેમાં બેચાર લીટીજ લખેલી હતી. જે તેણે ચીઠ્ઠી ઉખેડતાં ઉખેડતાંજ વાંચી લીધી, તેમાં લખ્યું હતું:—

"ઝોહરા!

હું મોટી આફતમાં પડયો છું. આજ સાંજ પહેલાં તારા બગીચામાં છુપી રીતે જરૂર આવી મલજે. મારે તને કંઇ કહેવાનું છે.

લી૦ મજીદ."

દેવેન્દ્રવિજયે ઘડીવાળી ચીઠ્ઠી પાછી આપતાં કહ્યું. "નહીં આ, આ નોટ નથી. મારીજ ભૂલ થઇ છે તમે સારાં માણસ છો. મને માફ કરો અને દિલગીર ન થાઓ. મારો રૂપીયો તમોને જડયો હતો, તે મને પાછો મલી ગયો છે."

હમીદા દેવેન્દ્રવિજયનું બોલવું સાંભળી નરમ થઇ ગઇ. તેણી ચીઠ્ઠી છેડે બાંધતી બાંધતી બોલી. "ના બેટા! એમાં મને દુઃખ દિલગીરી જેવું શું છે? જેના રૂપીયા ગયા હોય એજ તમારી રીતભાત સમજી શકે તેમ છે. હું જાણું છું કે તમારા પૈસા ગયા તેથી ગુસ્સામાં આવી તમે આવી ગયા છો. તેને માટે હું દિલગીર શા માટે થાઉં!" કહી તેણીએ પોતાનો રસ્તો લીધો.

દેવેન્દ્રવિજયે મનમાં કહ્યું "મજીદ ઝોહરાને શું કહેવા માગે છે?" તેણી સાથે તો તેનાં લગ્ન થવાનું સાંભળ્યું હતું! આજ

અંધારામાં મજીદ જોહરાને શા માટે મળવા માગે છે એ જાણવું જોઈએ પરંતુ મજીદ તો મને ઓળખે છે એટલે એ કામ મારાથી તો નહીં થાય. અહીં પણ એ છોકરાનુંજ કામ પડશે."

પ્રકરણ ૫ મું.

શ્રીશચંદ્ર.

જુદા જુદા ભયંકર મામલામાં આ ચાલાક છોકરા શ્રીશચંદ્રે પોતાની જે ચાલાકી દેવેન્દ્ર વિજયની સાથે રહી બતાવી છે, એ બધી અમે હવે પછીના પુસ્તકોમાં પ્રગટ કરીશું. એ છોકરો હજુ પણ આ ચતુર ડિટેકટીવની પાસેજ છે. દેવેન્દ્રવિજય સુકેલાં શ્રીફળની માફક બહારથી ફાવે તેવા કઠણ હો, પરંતુ તેનું હૃદય માયા—મહેરબાનીથી ભરેલું છે. તેની ખરી દુશ્મન જુમેલીયાના મરણ વખતે પણ લોકોએ તેની આંખોમાં આંસુ જોયાં હતાં. શ્રીશ તરફ તે બહુ સ્નેહથી જુવે છે, તેમ બાળક શ્રીશ પણ તેની સારી સેવા ઉઠાવે છે. દેવેન્દ્રવિજય તેને જે હુકમ કરે છે તે સંપૂર્ણ બજાવ્યા વિના શ્રીશ કદી પાછો ફરતો નથી.

શ્રીશની ઉમર અત્યારે પંદર વરસની છે. તે બચપણમાંજ માબાપ વગરનો થઇ પડેલો હોવાથી હમણાં તેને ખ્યાલ પણ આવતો નથી કે પોતે જમીન.ાંથી નીકળ્યો છે કે આકાશ ફાડી પડયો છે! માત પિતા એવી કોઇ નીશાની પણ નથી રાખી ગયાં કે જેથી તેની યાદ આવે.

બચપણમાં ગરીબાઇમાં દિવસો વિતાવી આ નિરાધાર અને અનાથ શ્રીશ્ચંદ્રની બુદ્ધિ જરા તેજ થઈ હતી. તે દેવેન્દ્રવિજયના

હુકમથી કોઇવાર એકાદ સંદેહ જનક ગાડીનો પીછો કરે છે અને તેની શોધખોળ કરી લાવે છે. કોઇવાર માત્ર ઇશારાથીજ તે એવાં એવાં કામો કરી આવે છે, કે તેની ચતુરાઇ ઉપર મશહુર ડિટેકટીવ દેવેન્દ્ર વિજયને પણ દાંતમાં આંગળી પકડવી પડે છે. દેવેન્દ્ર વિજય સમજી બેઠા છે કે, શ્રીચંદ્ર એક દિવસ જબરો વિકટ ડીટેકટીવ થશે. તેણે તેના માટે લખવા-ભણવાનો પણ બંદોબસ્ત કરી આપ્યો હતો. પરંતુ તેનો મીજાજ આજકાલના 'મીસ્તરો' જેવો ન થઇ જાય. એવી બ્હીકથી તેને ઉંચાં કપડાં અને બુટ ખમીશ પહેરાવતા ન હતા. તે હંમેશાં જાડાં મોટાં કપડાંમાંજ દેખાતો હતો. તેના ખભા ઉપર હંમેશાં એક લાલ પીછોડી પડી રહેતી હતી. દેવેન્દ્ર વિજયની સમજ એવી હતી કે આ વખતે તેના મનનો વેગ હદમાં રાખવાથી પાછળથી તે જલદી ઉન્નત થશે.

સુરજ અસ્ત થવા પહેલાંજ દેવેન્દ્રવિજય ઉતાવલે પગલે પસીનેથી લદબદ થઇ ઘરમાં આવ્યા. આખા દિવસની મહેનતથી તે થાકી ગયા હતા, તેની સ્ત્રી રેવતી તરતજ આવી અને પંખો લઇ પવન નાખવા માંડી. તેણી પંખો હલાવતાં હલાવતાંજ બોલી, "ત્યારના ગયા ત્યારે હમણાંજ ઘેર આવવાનો વખત થયો કે ?"

"શું કરૂં કામ ઘણું હતું." દેવેન્દ્રે કહ્યું.

"આખો દિવસ બસ કામ, કામ ને કામજ ! બીજી વાતજ નહીં !" રેવતી બોલી, "પેલી હીરાલાલની પુત્રી શ્યામાના ખૂન જેવું તો નથી ના ?"

"ખરેખર એ ખૂન બહુ અદ્‌ભુત હતું." દેવેન્દ્રે કહ્યું. "બદમાસ એટલો બધો ચાલાક હતો કે બીચારા મહંમદ અલી ડિટેકટીવનું માથું કાપી પારસલ મારફતે કોટવાલ ઉપર મોકલી દીધું હતું, પરંતુ આ મામલો તો તેના કરતાં પણ વિચીત્ર ગુંચવાડા ભરેલો છે. મારે હમણાં ફરી જવું પડશે."

"પણ આજે તો નહીં ના ?" રેવતી બોલી.

"આજ નહીં, પણ હમણાં !"

" ત્યારે આવ્યા શા માટે ? "

" શું કરૂં ? આખા દિવસના થાકથી એવો લોથપોથ થઇ ગયો કે મનમાં એમ થયું કે એકવાર તારૂં હસતું મોઢું જોઇ આવું, " દેવેન્દ્ર વિજયે કહ્યું, હવે અહીં આવવાથી બધો થાક ઉતરી ગયો. શરીરમાં નવું જોર આવી ગયું. હવે જે કામ બાકી રહ્યું છે તે જલદી પુરૂં કરી નાખીશ "

" થયું ! થયું ! હવે બહુ ચાપલુસી રહેવા દો ! " રેવતી બોલી.

" ના ખરૂંજ કહું છું ? મશ્કરી નથી. "

" બહું જુઠું ? " રેવતી બોલી.

" જ્યારે માનતી નથી ત્યારે લાચાર છું. "

" ત્યારે હમણાં બીજે કયાંઇ જવાનું કામ નથી. " રેવતીએ કહ્યું.

" શા માટે ? "

" હું નહીં જવા દઉં ? "

" પણ ગયા વગર ચાલે તેમ નથી. "

" ત્યારે આવ્યાજ શા માટે ?

" એનો ખુલાસો તો હું પ્રથમ કરી ગયો છું ? " વારૂ ! શ્રીશ કયાં છે ?

" કેમ શ્રીશનું શું કામ પડયું ? "

" બહુ જરૂરનું કામ છે. "

" નીચેના ઘરમાં બેઠો હશે. " રેવતી બોલી.

દેવેન્દ્ર વિજયે જોરથી શ્રીશ કહી અવાજ કર્યો. એકજ અવાજમાં શ્રીશ પગથીઆં કુદાવતો બીજા માળપર દેવેન્દ્ર વિજયની સામે આવી પહોંચ્યો.

" કેમ શું ખબર છે ? તેને જોઇ દેવેન્દ્રે પુછયું.

" તમારા ઉપર એક ચીઠી આવી છે ! " શ્રીશે જવાબ આપ્યો.

"ક્યારે ?"

"હમણાંજ આપી ગયો." શ્રીશ બોલ્યો.

"ક્યાં છે ?"

"શચીન્દ્રભાઈની પાસે છે." શ્રીશે ખુલાસો કર્યો.

"બોલાવને ! ચીઠ્ઠી લઇને આવે."

શ્રીશ ગયો અને થોડીજ વારમાં શચીન્દ્રને સાથે લઇને પાછો ફર્યો. શચીન્દ્ર દેવેન્દ્ર વિજયનો ભાણેજ (બ્હેનનો દીકરો) છે.

પ્રકરણ ૬ ઠું.

બદમાશની બીજી ચીઠી.

દેવેન્દ્ર વિજય શચીન્દ્રના હાથમાંથી ચીઠ્ઠી લઇ ઉખેડીને વાંચવા લાગ્યા. તેમાં લખ્યું હતું કેઃ—

દેવેન્દ્ર વિજય !

તમે હજી સુધી તમારો વિચાર માંડી વાળ્યો નથી ! ધીરે ધીરે આગળ વધતા જાઓ છો ! હું જોઉં છું કે તમારી અકલ મારી ગઇ છે.

એકાદ બે લાકડીના ફટકાથી માથું ખોખરૂં કર્યા વિના તમે ઠેકાણે આવો એવું લાગતું નથી. નાહક શા માટે હેરાન થાઓ છો અને બીજાને કરો છો. તમે મને પકડવાની આશા બિલકુલ રાખશો નહીં. મેં તમારા જેવા ઘણા ડિટેક્ટીવો જોયા છે. ખૂની તમારી સામેજ ફર્યા કરે છે અને તમે જોઇ શકતા નથી.

જ્યારે મારી સામે તમે બેવકુફ થઇ ફર્યા કરો છો. ત્યારે આટલી મુદત ડિટેકટીવપણું કરી તમે શું નામ કાઢયું ? ધિક્કાર

છે તમારા નામને અને લ્યાનત છે તમારી 'પોલીસી' પર! જુઓ હું ખરૂંજ કહું છું અને હજી પણ ચેતાવું છું કે, સમજી જાઓ! વધારે આગળ વધીને આફતના ખાડામાં ન ઘુસો. વખતે જીંદગીથી પણ હાથ ધોવા પડશે જો તમારી વ્હાલી સ્ત્રિનું વિધવા થવું તમોને પસંદ હશે તો તમે મારૂં કહેવું સાંભળશો નહીં. વધારે હું શું કહું?

"જુઓ હું તમોને એક સલાહ આપું છું. સાંભળો જો આ કેસ તમે હાથમાંથી છોડી દો અને મને હેરાન ન કરો તો હું તમોને એક હજાર રૂપીયા આપીશ. બોલો છે કબુલ! જો ઇચ્છા હોય તો કાલે બરાબર રાત્રના નવ વાગતાં 'ગોલદીગ્ધી' ની અંદર આવજો. હું ત્યાંજ તમોને મળીશ. જો મને પકડવાને માટે માણસો રાખશો તો તમોને ત્યાં મારી મુલાકાત થશે નહીં. હા! મુલાકાતતો નહીં થાય પણ તમારી જીંદગી પણ પૂરી થઇ જશે. એ વખતે હું તમોને કોઇ પણ રીતે માફ કરીશ નહીં. જુઓ હું ફરી ચેતાવું છું કે મારી સાથે પ્રપંચ ખેલશો નહીં.

તેજ

"મેહદીબગાનનો ખુની."

"બાપરે બહુ ભયાનક ચીઠી છે!" ચીઠી સાંભળતાંજ રેવતી પગથી માથા સુધી ધ્રુજી બોલી ઉઠી. શચીન્દ્રને પણ ચીન્તા થઇ કે આ વખતે તેના મામા એક વિકટ મુતીંને પાલે પડયા છે. શ્રીશ અત્યાર સુધી ચૂપ ઉભો હતો, તેનું ધકધ્યાન બધું ચીઠી સાંભળવામાંજ રોકાયું હતું. તે બોલ્યો, "વારૂ જોઇ લેવાશે!"

શચીન્દ્ર મામાને કહ્યું, "હું પણ તૈયાર છું!"

દેવેન્દ્રે કહ્યુ, "ત્હારી જરૂર નથી; વળી તું હમણાંજ બિમારીમાંથી ઉઠયો છે. તારૂં શરીર જેવું જોઇએ તેવું સારૂં થયું નથી. હું એકલોજ બધું બરાબર કરી લઇશ."

"ચીઠી પરથી તો જણાય છે કે એ કોઇ જેવો તેવો માણસ નથી." શચીન્દ્ર બોલ્યો, "એટલા માટેજ કહું છું."

"તે જેવા તેવા નથી ત્યારે હું કયાં હાલી—મવાલી છું!" તે જો મને ઓળખતો હોત તો આવી ચીઠી લખવાની હીંમત કરત નહી. પેલી પાપીણી જુમેલીયાની વાત શું તું ભૂલી ગયો?"

"નહીં." શચીન્દ્રે હસીને કહ્યું, "જુમેલીયા આ જીંદગીમાં તો ભૂલી શકાય તેમ નથી."

જુમેલીયાનું નામ સાંભળતાંજ રેવતીને અનેક વાતો યાદ આવી. એ હત્યારી સ્ત્રીએ રેવતીને ઘણાં દુઃખો દીધાં હતાં. એ બધાં તેણીને યાદ આવ્યાં, પરંતુ સંભાળીને તેણી બોલી, "બાપરે બાપ! જુમેલીયા! અરે જુમેલીયા તો સ્ત્રી હતી કે મરદોનો કાકો!"

"રામ! રામ!" શ્રીશ બોલ્યો, "એ તો ભયંકર પીશાચીણી હતી. જો જરા ઢીલ થઇ હતે તો મને ગંગામાં ડુબાડી મારતે."

"હવે એ વાત જવાદ્યો." દેવેન્દ્રે કહ્યું, "એ રાંડે તો મારા ગુરૂ અરવીંદને પણ હેરાન મેળવી દીધા હતા." એમ કહેતાં તેણે શચીન્દ્ર તરફ જોઇને ઉમેર્યું, "અરે! અરવીંદ બાબુને જોવા માટે ગયો હતો કે?"

"હા ત્યાંથી આવે થોડીજ વાર થઇ છે." શચીન્દ્રે જવાબ આપ્યો.

"કેમ તેની તબીયત કેવી છે?" દેવેન્દ્રે પૂછ્યું.

"સારી નથી." શચીન્દ્ર બોલ્યો, "મને તો હવે ભરોસો લાગતો નથી. તેની શરીર સ્થીતી બહુજ ખરાબ થઇ ગઇ છે. ડાકટરો પણ કંઇ આશા આપી શકતા નથી."

"રામ, રામ!" દેવેન્દ્રવિજય નિશ્વાસ નાખતાં બોલ્યો. "આ મામલામાં ફસાઇ રહેવાથી તેને જોવા પણ જઇ શકાયું નથી.' તેં તેઓને કહ્યું નહીં કે, એક પેંચદાર ખુનનો મામલો આવી પડેલો હોવાથી તમોને જોવા આવી શકાયું નથી."

"મેં તે જણાવ્યું છે." શચીન્દ્ર બોલ્યો, "અરે છેવટ

સુધી હું જે એ બનાવમાં જાણુતો હતો તે પણ કહી સંભળાવ્યું છે."

" ખૂનની હકીકત સાંભળી તેમણે શું કહ્યું ?" દેવેન્દ્રે પૂછયું.

" તમોને તડાવ્યા છે " શચીન્દ્રે કહ્યું.

" કંઇ અભિપ્રાય આપ્યો ! " દેવેન્દ્રે પુછયું.

" હા, આપનું નામ લઇને કહેતા હતા કે બરાબર રસ્તા પર ચાલતા નથી. " શચીન્દ્રે જણાવ્યું.

" તે હશે, પરંતુ આંજનો બનાવ સાંભળ્યા પછી એમ કહેશે નહી " દેવેન્દ્રે કહ્યું. " ખેબર ! એકાદ બે દિવસમાં હું તેને મળવા જઇશ. "

" કાળીમાતા મારા નાનાને સારા કરે ! રેવતી બોલી, તેના જેવા પરોપકારીના જીવનથી દુનીયા પર હજારો લોકોનું ભલું થાય છે. આપણે માટે પણ તેઓએ માથા ઉપર બહુ સંકટો ઉઠાવ્યાં છે. તેઓનો ઉપકાર આપણાથી જીંદગીભર ભૂલી શકાય તેમ નથી. હું પણ એક દિવસ જોવા જઇશ.

" ચાલ શ્રીશ તારે મારી સાથે આવવું પડશે. " દેવેન્દ્રે કહ્યું, " હવે ઢીલ કરવાથી નુકશાન છે, "

" કયાં ? " શ્રીશે કહ્યું, " મારે શું કરવાનું છે ? "

" જે હું કહું તે પ્રમાણે કરજે. દેવેન્દ્રે કહ્યું " એક બગીચામાં તારે છુપાવું પડશે ત્યાં એક સ્ત્રી અને એક પુરૂષ આવશે તેઓ વચ્ચે થતી વાતચીત ધ્યાનથી સાંભળીને મને કહેવાની છે. પરંતુ તેઓની વાતો એટલા ધ્યાનથી સાંભળવી કે બિલકુલ ભુલાય નહીં. "

દેવેન્દ્ર વિજય ઉઠયા. રેવતીએ જમીને જવાને માટે ઘણી ખેંચતાણ કરી, પરંતુ હવે બીલકુલ વખત ન હોવાનું જણાવી દેવેન્દ્ર વિજય શ્રીશને સાથે લઇ ચાલતા થયા.

રેવતીએ દીર્ઘ નિશ્વાસ નાખી ઘર કામમાં ચીત્ત પરોવ્યુ.

—:o:—

પ્રકરણ ૭ મું.

જોહરા.

જોહરા એક અનુપમ સુંદરી છે. સુંદરતાની દરેક શોભાથી તેણીના તમામ અવયવ ખીલી રહ્યા છે. ઠંડીના પ્રકાશીત ચંદ્રની માફક જોહરાની સુંદરતા મીઠી અને નાજુકાઈથી ભરેલી છે, પરંતુ હજી સુધી તેણીનુ ઉન્નત યૌવન ગંદા પાણીથી ભરેલી વરસાદની રેલવાળી નદીના માફક કિનારો તોડી ગયું નથી. બધી મધુરતા એ સુંદર દેહલતામાંજ સમાયલી છે. જો કે એ યુવાનીમસ્તીનું પાણી બહાર પોતાનો પ્રકાશ દેખાડી રહ્યું છે ખરૂં, પરંતુ હજુ સુધી તેમાંથી એક પણ ટીપું બહાર ટપકવા પામ્યું નથી. પ્રભાતના ઉદય થતા સૂર્યની લાલી જોતાં ખીલતાં કમળો જેમ તે તરફ પ્રસન્નતાથી જોઈ રહે છે તેમ જોહરાનું મુખ નંગા જોતાં આપણું દિલ ધરાતું નથી. બિલકુલ કોરા કાગળ સમાન સાફ ચહેરો અને ઉછળતી છાતી સાથે ચંપાના ચટકદાર રંગ જેવો શરીરનો રંગ જોઈ મન ઉપરનો કાબુ હાથમાં રહેતો નથી. અબનુષના રંગ જેવા કાળા કેશના સુંદર ગુચ્છા, ચમકતું લલાટ અને તેની નીચે રેશમના બ્રશથી ખેંચેલા બે ભવાં. તેની નીચે બન્ને ચંચલ નયન, જેની મીઠી પણ નાર્દોષ કટાક્ષતા, લાલ પરવાળાં સમાન હોઠપર રમી રહેલું, ચાહનારાને જીવતદાન આપનાર મધુર સ્મીત. બધાં એક એકથી વિશેષ છે.

જ્યારે માતા પિતા ગુજરી ગયાં ત્યારે જોહરા એકદમ બચ્ચું હતી. હમણું સ્વપ્નાંની માફક તેણીને કોઇ કોઇ વાર તેઓની યાદ આવે છે. જોહરાના બાપનું નામ નજીરૂદ્દીન ચોધરી હતું. તે એક ઉંચ મનના શિક્ષિત જમીનદાર હતા. તેની જમીનદારીમાંથી વાર્ષિક ઉત્પન્ન લગભગ પચાસ હજારનું થતું

હતું, એ બધી મીલકતોની એકલી માલેક હમણાં જોહુરાજ છે. નજીરૂદ્દીન એ બધી મીલકતોનો વહીવટ કરવા મુનશી જહીરૂદ્દીનનેજ સોંપી ગયા હતા. અને એટલું પણ જણાવી ગયા હતા કે જોહુરાને સુશિક્ષીત કરીને કેઈ સારા પાત્ર જોડે પરણાવી દેવી.

મુનશી જહીરૂદ્દીન નજીરૂદ્દીનના અંતઃકરણના હેતુ હતા. નજીરૂદ્દીનનો તેના ઉપર સારો વિશ્વાસ હતો. દરેક કામમાં તે જહીરૂદ્દીનને પોતાનો જમણો હાથ સમજતો હતો. તેણે જહીરૂદ્દીનને વહીવટદાર નિમ્યા પછી તેણે પોતાની હોશીયારી અને ચાલાકીથી જે ઉપજ પ્રથમ ચાલીસ હજારની હતી, તે વધારીને પચાશ હજાર સુધીની કરી દીધી હતી. તેમ નજીરૂદ્દીને મુનશીનો પગાર પણ દોઢસોથી અઢીસો કરી આપ્યો હતો. અને મરતી વખતે તેમાં પણ વધારો કરીને માસીક રૂપીયા ત્રણશો કરી આપ્યા હતા.

જહીરૂદ્દીને જો દાનત બગાડી હોત તો જોહરાની મીલકતમાંથી લાખો રૂપીયા ખાઇ શકત, પરંતુ તેણે તેવું કર્યું નહીં. તે હમેશાં પોતાના મરનાર મિત્રની કહેલી વાતો પ્રમાણેજ ચાલતા ગયા. તેણે ફરમાન અને માલીકની ઇચ્છા મુજબ જોહુરાને સુશીક્ષિતા બનાવી, પરંતુ સુપાત્ર વરનો બંદોબસ્ત કરી શકયા નહીં. કન્યાને યોગ્ય જમીનદારીની માલેક જોઇને અનેક અર્થલોભી કોશીશ કરવા લાગ્યા, પરંતુ જોહુરા કોઇને નસીલ થઇ નહીં. જોહરા લગ્ન કરવાથી તદન વિરૂદ્ધ હતી. તેણી ઉંચી કેળવણીથી તદન છુટા મીજાજની થઇ ગઇ હતી. એટલે સુધી કે લગનની ધુંસરી ગળા પર નાંખી પોતાને કોઇ પુરૂષના તાબામાં મુકી દેવાનું તેણીને પસંદ નહતું. એટલું છતાં આ આજાદીનો રંગ ચડતાં પહેલાંજ મજીદે તેણીનું મન ચોરી લીધું હતું. આ તરફ જોહરાનાં લગ્ન મજીદ સાથે થાય એ જહીરૂદ્દીનને પશંદ નહતું તેણે તો તેણીને લાયક મનીરૂદ્દીનનેજ ઠરાવ્યો હતો, પરંતુ તોછડાઈ અને નીચતા તેની રગેરગમાં ભરેલી હોવાથી જોહરા તેની તરફ ધિકકારની નજરે જોવા લાગી એટલા ખાતર એ લગ્ન અટકી ગયાં. જાહુરાએ બધાની રૂબ-

રૂમાં મજીદ સિવાય બીજા કોઇને પણ નહીં પરણવાના સોગંદ લીધા હતા, પરંતુ મરનાર મિત્રના હુકમ પ્રમાણે જહીરૂદ્દીને કોઇ પણ રીતે તેણીના આ કામ તરફ પસંદગી બતાવી નહીં. વળી પાલકની આજ્ઞા વિના સગીર જોહરા એ કામ કરવાને સ્વતંત્ર પણ ન હતી એટલે એ લગ્ન પણ થયાં નહીં. જયારે જોહરા સ્વતંત્ર થઇ જશે, ત્યારે તેણીને તેના પાલકની મરજી જાણવાની જરૂર રહેશે નહીં. તેણી પોતેજ પોતાનાં લગ્ન રીતસર મજીદની સાથે કરી લેશે. આવો વિચાર નક્કી કરીને જોહરા દીવસ કાપવા લાગી, પરંતુ આ બાબતને માટે તેણી જહીરૂદ્દીન ઉપર અહદરમાનેથી ગુસ્સે થઇ. જહીરૂદ્દીન પણ પાળેલ દિકરીને આવી રીતે નાફરમાન થતી જોઇ મનમાં બહુજ નારાજ થયા. આ બાબતમાં જહીરૂદ્દીનને દોષ દેવાની હીંમત થતી નથી, કારણ તે પોતાની સમજ પ્રમાણે જયાં સુધી વિશ્વાસુ અને લાયક નીવડે નહીં ત્યાં સુધી સુપાત્ર કહી શકે નહીં. વળી મનીર તો જમીનદારનો છોકરો છે. જહીરૂદ્દીનની નજરમાં તે સુપાત્ર અને જોહરાને લાયકનો લાગે છે. પરંતુ પોતાનું ધાર્યું ન થવાથી તે જોહરા ઉપર નારાજ થયા, અને મજીદ આ કામમાં આરો આવે છે એમ સમજી તેના ઉપર એટલા ગુસ્સે થયા કે પોતાના ઘરમાં આવતો તેને અટકાવ્યો અને જોહરાને પણ મજીદને મળવાની તથા તેની સાથે વાતો કરવાની મના કરી દીધી.

પરંતુ પરિણામ કંઇ આવ્યું નહીં. પ્રેમના વેગને રોકી શકનારજ કોણ છે? અને તેમાં જરા પણ અડકાયત કે વિઘ્ન આવ્યું તો તે તરતજ દાવપેચ રમવા માંડે છે. ઠગપણું પ્રેમની નસેનસમાં ગયેલું છે. જોહરા હમેશાં મજીદને બગીચામાં મળતી હતી. તેમજ તેઓ વચ્ચે પત્ર વ્યવહાર પણ ચાલ્યા કરતો હતો. આ કરવાથી તેઓને કંઇ જુદીજ મજાહ મળતી હતી. મુનશી જહીરૂદ્દીન પોતાના કામમાં મસ્ત હોવાથી આ બાબતથી તે તદન અજાણ્યોજ હતો. તેની સમજ એવી હતી કે આવી રીતે જોહરાને મજીદથી દુર રાખવાથી થોડા દિવસમાં તેણીનો વિચાર ફરી જશે, પરંતુ પ્રેમીની પાસે સંદેશો પહોંચાડવાને માટે કેવા

ગુપ્ત દુતનું કામ બજાવે છે તે એ બુઢાને ખબર ન હતી, તેમ એમ પણ જાણતો ન હતો કે અટકાયતથી પ્રેમ ભાદરવાની ગાંડી નદીની માફક કીનારો તોડી રસ્તો કરી લેછે. વળી જોહુરા કંઇ એવી ન હતી કે, પ્રેમના કટકે કટકા કરીને દિશા વરોને પ્રસાદી વહેંચતી વહેંચતી સામે રહેનારાનેજ ચાહે !

મુનશી જહીરૂદીને, ખર્ચની તરફમાં બહુજ કંજુસ હોવાથી આજ સુધીમાં સારી કમાણી કરી છે. કલકતામાં તેનાં પંદર સોળ મકાનો ભાડે આપેલાં છે, વળી તેણે કેટલીક જમીનદારી પણ ખરીદી છે એટલે પગાર ઉપરાંત તેમાંથી પણ માસીક ત્રણસો સાડા ત્રણસો રૂપીયાની આવક છે. ઘરમાં ખર્ચ કંઇ નહીં. જુવાનીમાં તેણે એક લગન કર્યું હતું પણ કંઇ છોકરૂં થયું નહીં. ચાલીશ વર્ષની ઉમરે એ સ્ત્રી ગુજરી ગઇ અને ત્યાર પછી આઠવરસે તેણે ફરી લગન કર્યાં, પરંતુ સંયોગથી આ વખતની સ્ત્રી બહુ ખરચાલ નીકળી, તો પણ તેનું કંઇ નુકશાન થવા પામ્યું નહીં. થોડાજ દિવસોમાં તેણીએ પોતેજ એ ભાર પોતાની મેળે જહીરૂદીન ઉપરથી ઉતારી નાખ્યો. એજ આ સુજાનબીબી છે, જેની મનીરની સાથે ન્હાશી જવાની અફવા ફેલાણી છે.

પ્રકરણ આઠમું.

બગીચામાં.

મનીરૂદીન સુજાનબીબીને લઇને વન્નો માપી ગયો છે, એવા ખબર જયારે જહીરૂદીને સાંભળ્યા ત્યારથી તેનો અવાજ બદલાઇ ગયો. આ વખતે જોહુરા જો તેની પાસે મજીદ સાથે લગ્ન કરી દેવાની વાત કરત તો તે જરૂર તેને પોતાના કરતાં ડહાપણવાળી સમજત, અને તેનાથી ના કહી શકાત નહીં.

ઘડપણમાં આવી નાહેશીથી જહીરૂદીનને નીચુ જોવું પડયું. તે એકદમ અધમુઆ જેવા થઇ ગયો. તેણે ઘરની બહાર ની-

ફળવું અથવા કોઇને મળવું હળવું છોડી દીધું તે સુજાનને બહુજ ચાહતો હતો. તેણીએજ આવો વિશ્વાસઘાત કર્યો. મનીરૂદ્દીન આવી રીતે તેની છાતીમાં ઝેરી છરી મારશે એવો તેને સ્વપને પણ ખ્યાલ નહતો.

ઝોહરાને પણ આ બાબતમાં શરમ જેવું લાગ્યુ. જો કે તેણી કોઇ રીતે તેની સગી ન હતી, તો પણ પોતાના પાલકની સ્ત્રી હતી બધાં એકજ ઘરમાં સાથેજ રહેતાં હતાં. વખતે કોઇ એ વાતની છેડછાંડ કરે એમ સમજી તેણી પણ ઘરમાંથી બહાર નીકળતી ન હતી. તેમ કોઇને મળતી પણ નહીં. તેણીએ કેટલીકવાર મજીદને છુપી રીતે મળી જવાને માટે જણાવ્યું. પરંતુ અહીંતહીંના બાનાં બતાવી મજીદ પણ આવ્યો નહીં. મજીદની વલણ એકાએક બદલેલી જોઈ તેણીને જરા ચિન્તા અને દુઃખ થયું હતું, એવા વખતમાં મજીદની ચીઠ્ઠી આવી પહોંચી. ચીઠ્ઠીમાં મજીદ તેણીને છુપી રીતે મળવાનું કહે છે. શું હશે. એ તેણી સમજી કે વિચારી શકી નહીં. તેણીની ચીન્તા વધી પડી અને મજીદને જલદી મળવાને માટે આતુર થઇ રહી.

મકાનના પાછળના ભાગમાં બગીચો હતો. ઘણી જાતનાં ફળફુલ તેમાં પાકતાં હતાં. ચીઠ્ઠીમાં લખેલા ટાઇમે જોહરા ત્યાં ગઇ અને જુવે છે તો ઝાડ પાનની ઘટાની વચ્ચે મજીદખાં ઉભો છે. ચાર આંખો મળી અને ઘણી વાતો થઇ. બધું શાન્ત જોઇ ઘણા દિવસોનો ઉજાગરો કાઢવા માટે બન્ને પ્રેમી જીગર ટમટમી રહ્યાં હતાં. તેઓ ત્યાં ઘાસ ઉપરજ બેશી મનના ઉભરા કાઢવા લાગ્યાં. તેઓ જાણુતાં ન હતાં કે, દેવેન્દ્રવિજયનો મોકલેલો ચાલાક શ્રીશ તેઓના વાતો અનુક્રમે મનમાં લખતો જાય છે.

રસ્તામાંજ મજીદને જતો જોઇને દેવેન્દ્રવિજયે શ્રીશને ઇશારો કર્યો હતો. શ્રીશ પણ તેની પાછલ પાછલ જઈ બગીચામા એક સગવડ પડતી જગ્યાએ છુપાઇ બધું સાંભળતો હતો.

રાત એક પહોરવીતી ગઇ હતી ચારે તરફ ચદ્રમાનો પ્રકાશ ફેલાયો હતો, પરંતુ તે પ્રકાશ સાફ નહતો, કારણુ આકાશમાં

તુટેલી રજાઇનાં રૂની માફક વાદળાંઓનું ઝુંડ જામેલ હોવાથી ચંદ્રમાને અટકતાં રાખતાં હતાં, પરંતુ હવાની લાતથી જ્યારે વીખરાઇ જતાં ત્યારે ચંદ્ર પોતાના શીતળ પ્રકાશથી સૃષ્ટીને સ્પષ્ટ દેખાવ આપતો હતો. જ્યારે બન્ને વાતો કરતાં હતાં ત્યારે શ્રીશ તેઓને બરાબર જોઇ શકતો ન હતો, પરંતુ જ્યારે તેઓ જમીન પર બેશી ગયાં ત્યારે તેના ચાળા અને મનોભાવ પણ ખુલ્લાં દેખાવા લાગ્યાં.

"ત્યારે શું બધાનો વ્હેમ તમારા ઉપરજ છે ?" જોહરાએ પૂછ્યું.

"જણાય છે તો એમજ." મજીદે કહ્યું, "દેવેન્દ્ર વિજય કંઇ જેવો તેવો માણસ નથી. મને નથી સમજ પડતી કે હું શી રીતે મારો બચાવ કરૂં ! સંજોગ જોઉંછું તો મોઢું બંધ કરી ચુપ ચુપ બેશી રહ્યા સીવાય બીજો ઉપાય નથી."

"કેમ ?" જોહરાએ પૂછ્યું.

"વાત એમ છે કે, જ્યાં સુધી હું એ રાતની બધી હકીકત જાહેર ન કરૂં ત્યાં સુધી મારાપરની શંકા દુર થશે નહીં," મજીદે કહ્યું, "પરંતુ હું કોઇ પણ રીતે એ હકીકતને બહાર પાડી શકું તેમ નથી."

"એવું શું કારણ છે ?" જોહરાએ પુછ્યું.

મજીદ આનો કંઇ જવાબ આપી શકયો નહીં. તે માથું નમાવી વિચાર કરતો રહ્યો. તેનું આવું વર્તન જોઇ જોહરા પણ દુખી થઇ. થોડીવાર સુધી વીચાર કર્યાં પછી બોલી "એમાં કંઇ છુપાવવા જેવી વાત છે ?"

મજીદે કહ્યું. "હા, જોહરા !"

"એ છુપી વાતમાં કોઇ સ્ત્રી છે ? જોહરાએ વધતી જતી શંકાએ સવાલ કર્યો.

મજીદ માથું હલાવી હા પાડી. પરંતુ તે બોલી શકયો નહી, જોહરાના મલિન ચ્હેરાપર દુઃખનું વાદળ છવાઇ ગયું. તરતજ તેણી ઉભી થઇ અને ધિક્કારનું હસવું હસી બોલી, "ખેર !

હું સમજી ગઇ કે મામલો કંઇ ઓછો મજાહાર નથી. બસ! આ ખુશ ખબર સંભળાવવાને માટેજ મને મળવા આવ્યા કે? હું તો એમજ સમજતી હતી કે તમે મને અંતઃકરણથી ચાહો છો. હું પણ ફક્ત તમનેજ દેખતી હતી દેખું છું અને તમે મજીદ મારી સામે એક સ્ત્રીનું નામ લઇને—'

"આવું ગાંડીની માફક શું બકે છે? તેણીને આગલ બોલતી અટકાવી મજીદે કહ્યું. "હું જે સ્ત્રીને માટે કહું છું તેણી સાથે મારે કોઇ જાતનો પ્રેમ કે મહોબતતો નથી. કોઇ પણ જુદીજ બાબત અને જુદાજ કારણને માટે હું તેણી સાથે વચનથી બંધાયો છું. હવે હું જોઉં છું કે ત્હારો તથા દેવેન્દ્ર વિજયનો સંદેહ એ વચન તોડયા સીવાય હું દુર કરી શકું તેમ નથી. પરંતુ હું પણ કંઇ એ વચનને તોડી શકું તેમ નથી. શું તું મારા બોલવા ઉપર વિશ્વાસ નથી કરતી? શું તું ખરેખર એમજ સમજે છે કે હું તારી સાથે ઠગાઇ રમું છું! પરંતુ મને આમ વિશ્વાસઘાતી ઠરાવી પાડવામાં આટલી ઉતાવળ ન કર હું એવો નથી."

શંકાની નજરે મજીદના મ્હેડા તરફ જોઇને જોહરાએ મોહું ફેરવી લીધું અને બોલી, "પુરૂષોનો વિશ્વાસ કરવો ન જોઇએ."

"ત્યારે શું બધા પુરૂષો એવાજ હોય છે!" તેણીના બન્ને હાથ પકડી મજીદે હસીને કહ્યું, "જો મારી ઉપર અવિશ્વાસ કરતી હો તો પણ હમણાં નહીં! જ્યાં સુધી હું સ્પષ્ટ ખુલાસો ન કરૂં ત્યાં સુધી તું મને વિશ્વાસઘાતી ન સમજ. હું બધી રીતે ત્હારોજ છુ."

"ત્યારે એ બધી હકીકત મને કહેવાને માટે તમે ખુશી છો?" જોહરાએ આતુરતાથી પૂછયું.

"જ્યારે જોઇશ કે ત્હેમ કહ્યા વગર આફતની વાદળી ખસનાર નથી," મજીદ બોલ્યો, "ત્યારે બધું જાહેર કરી દેવું પડશે, પરંતુ આમ સહેજમાં તો હું મારૂં વચન તોડીશ નહીં."

પ્રકરણ ૯ મું.

આલીંગન અને ચુમ્બન.

જોહરાએ તરતજ બન્ને હાથ મજીદનાં ગળામાં નાખી દીધા. મજીદે પણ તરતજ તેણીના માથાને છાતી સાથે ચાંપીને તે ઉપર બે ચુમ્બનનાં શીલ કરી દીધાં. જોહરા થોડીવાર સુધી બે હોશ જેવી થઈ રહી. આવી રીતે બન્નેની તકરારનો અંત આવ્યા પછી તેઓએ પોતાની પ્રેમ કહાણી છોડી; કેટલાએક દિલના ઉભરા નીકળ્યા, કેટલાંક વિરહનાં છાલાં છોલાયાં, કેટલાંએક મેણાં માનાભિમાનનાં દેવાયાં, લેવાયાં જે પૈકી એકનો પણ સંગ્રહ કરવાની જગ્યા શ્રીશના મગજમાં મળી નહીં. એ બીચારો આ અધ્યાયનો એક પણ શબ્દ સમજી શકયો નહીં.

ફરી મજીદે પોતાની મતલબની વાત છેડી. તેના શીરપર ખુલ્લી તલવાર લટકી રહી હતી. તે જાણતો હતો કે, બેધડક પ્રેમના પાસા ખેલવાનો હમણા વખત નથી.

"તું જાણે છે જોહરા !" તેણે કહ્યું, "બુધવારની રાત્રે સુજાનબીબી કયારે કયાં ગઇ હતી, અને ત્યાં તેણીએ શું કર્યું હતું ?"

"હા. થોડી ઘણી હકીકત હું જાણું છું." જોહરાએ જવાબ આપ્યો, "એ દિવસે રજબઅલીને ત્યાંનું અમોને આમંત્રણ હતું. હું પણ સુજાન બીબીની સાથે ગઇ હતી."

"કયારે ગઇ હતી ?"

"રાત્રીના નવ વાગ્યા પછી."

"રજબઅલીને ઘેરથી તમે પાછા કયારે ફર્યાં ?"

"સુજાનબીબીનું માથું દુખતું હોવાથી અમે વધુ વાર બેઠાં ન હતાં. લગભગ સાડાદસે પાછાં આવ્યાં હતાં."

"ઘેર આવીને સુજાનબીબીએ શું કર્યું?"

"તેને મળવાને માટે કોઇ સ્ત્રી આવી હતી. તેજ વખતે તેણી તે રાહ જોતી સ્ત્રીને મળવા ગઇ હતી.

"તે કોણ હતી?" અજાયબીથી મજીદે પૂછયું.

"તે હું જાણુતી નથી." જોહરા બોલી, "કારણ મેં તેણીને જોઇ ન હતી, તેમ ત્યાર પછી સુજાનબીબી પણ મને મળી ન હતી. મને લાગે છે કે વખતે તેણી મનીરૂદ્દીનનો કંઇ સંદેશો લાવી હશે. તેણી સાડાઅગીયાર વાગે ચાલી ગઇ હતી."

"શી રીતે જાણ્યું?"

"રૂકીયા કહેતી હતી"

"રૂકીયા કોણ છે?"

"સુજાનબીબીની દાસી છે."

"તેની પાસેથી બીજું શું સાંભળ્યું હતું? મુનશી જહીરૂદ્દીન એ વખતે કયાં હતા?"

"એ વખતે તેઓ કંઇ કામને માટે બહાર ગયા હતા," જોહરા બોલી.

"ત્યાંથી બરાબર રાતના બારે ઘેર આવ્યા. સુજાનબીબી તેઓને આવવાની વાર થએલી જોઈ, એકલીજ ગુસ્સાથી ઓરડાનું બારણું બંધ કરી સુઇ રહી હતી. ત્યાંથી કયારે ઉઠીને ચાલી ગઇ તે કોઈ જાણતું નથી. બધાં કહે છે કે, સવાર થવાની પહેલાંજ નીકળી ગઇ હશે"

"તેણી કંઇ ચીઠીબીઠી મુકી ગઇ હતી?"

"એ કંઇ હું જાણુતી નથી" જોહરા બોલી, પરંતુ મજીદ તમે આ બધું મને શા માટે પુછો છો?"

"ફાંસીના છટકાંમાંથી બચવા માટે પુછું છું. બીજા શા માટે! મજીદે કહ્યું, જો જોહરા! હું મોટી આફતમાં પડયો છું હું શું કરીશ મારૂં શું થશે તેને માટે હું કંઇ સમજી શકતો નથી. મેં સાંભળ્યું છે કે મેહદીબગાનમાં જેણીનું ખુન થયું છે તેણીનું નામ દિલજાન હતું તે મનીરૂદ્દીનની રાખેલી હતી. તેણીને મેં મનીરના ઘરમાં સંધ્યા પહેલાં જોઈ હતી

ત્યાર પછી રાત્રે અગીયાર વાગ્યા પછી એક બીજી ઓરત મને મળી હતી. દેવેન્દ્રવિજય એમજ સમજે છે કે તે મળનાર પણ દિલજાનજ હતી. ખરી રીતે એ દિલજાન ન હતી. એ રાત્રે બાર વાગે હું મનીરને ઘેરથી ચાલ્યો આવ્યો. ત્યાંથી મારે મેહદીબગાન જવું પડયું હતું, ત્યાં મને મુબારક સાથે ભેટ થઇ હતી. જે જગ્યાએ અમારી મુલાકત થઇ ત્યાંથી થેડેજ છેટેથી દિલજાનની લાશ મળી હતી. હવે જો હું આ કેશમાં પકડાયો તો નકકી મારે ગુન્હેગાર થવું પડશે. રાત્રે દિલજાન મને મળી નથી એમ હું કોઇપણ પ્રકારે સાબિત કરી શકીશ નહીં. જયારે કોઇ મારો વિશ્વાસ કરશે નહીં ત્યારે વચન તો ડયા શિવાય બીજો કંઇ ઉપાય મારા હાથમાં રહેશે નહી.

" એ હું સમજી," જોહરા બોલી, " પરંતુ તેમાં સુજાન બીબીને શું સંબંધ છે તે મારી સમજમાં આવતું નથી "

" એમાં ન સમજાય એવુ તો કંઇ છે નહીં " મજીદે કહ્યું. હું એ જાણુવા માગું છું કે બુધવારની રાત્રે મનીરૂદ્દીન દસ વાગતા પહેલાં શહેર છોડી ગયો હતો કે નહીં ? કોણુ જાણે મનીર પણ દિલજાનના ખૂનમાં સામેલ હોય, પરંતુ જયારે તું કહે છે કે પાછલી રાતના સુજાનબીબી અંહીથી ભાગી છે, ત્યારે જરૂર મનીર અંહીં કયાંઇ છૂપાઇને સુજાનબીબીની રાહ જોતો હોવો જોઇએ."

" તમે શું એમ સમજો છો કે, મનીરે દિલજાનનું ખૂન કર્યું છે ?" જોહરાએ અજાયબીથી પૂછયું.

" નહીં ! નહીં ! એમ હું નથી સમજતો " મજીદે કહ્યું, " અને ખરી રીતે એમ છે પણ નહીં પરંતુ હું જાણવા માગું છું કે મનીર એ રાત્રે કયાં હતો અને શું કરતો હતો ? આ બાબતને જાણુવાની મને અત્યારે ખાસ જરૂર છે. અત્યારે મારી સ્થિતી કેવી છે, કેવી રીતે ચારે તરફથી આફતનાં વાદળાંઓ મારીપર તુટી પડનાર છે એ તું નથી સમજતી ? આ વખતેજ જો હું પકડાઇ જાઉં અને મનીર પાછો ન આવે તો હું કોઇ પણ રીતે બચી શકનાર નથી."

" કારણુ ?"

"...ણુ એજ કે મનીરના આવ્યા વિના હું મને પોતાને કોઇ પણ રીતે નિર્દોષ સાબીત કરી શકીશ નહીં."

"તમે શું ખરેખર નિર્દોષ છો ?"

"તુંને મ્હારા ઉપર શંકા છે ?"

"ના."

"ત્યારે કંઇ ન પૂછ."

ત્યાર પછી એકાદ બે વાતો કરીને મજીદ વિદાય થયો. જોહરા પણ ઉતાવળે પગલે ઘરમાં ચાલી ગઇ. શ્રીશચંદ્ર પણ દેવેન્દ્રવિજયને મળવા માટે દોડતો રસ્તે પડયો.

પ્રકરણ ૧૦ મું.

કલ્પના

શ્રીમાન શ્રીશચંદ્રની યાદ શકિત જબરી હતી. નિશાળમાં માસ્તરની પાસે એક છોકરો જેમ પોતાનો પાઠ મોઢે બોલી જાય છે, તેમ શ્રીશ દેવેન્દ્રવિજય પાસે જોહરા અને મજીદ વચ્ચે થયેલી દરેક વાતચીત અક્ષરેઅક્ષર બોલી ગયો. વળી જેવી એકટીંગથી એ લોકો વાત કરતાં હતાં તેવીજ નાટકી ઢબે તેને બોલતો જોઇ દેવેન્દ્રબાબુએ પોતાનું હસવું મુશ્કેલીથી રોકી રાખ્યું.

શ્રીશની વાત સાંભળ્યા પછી. દેવેન્દ્રવિજયે અત્યાર સુધી આ ખુની મામલામાં જે કંઇ મુદ્દા મેળવ્યા હતા એ બધા એક નવીજ જાળમાં ગુંચવાઇ ગયા. વિચારચિન્તાથી તેનું મગજ ગુંચવાઇ ગયું. તે ન સમજી શકયા કે મજીદ આવો વ્યવહાર કેમ કરે છે. ખુનની રાત્રે દિલજાન તેને મળી હતી, આ વાતને તે શા માટે કબુલ કરતો નથી ! તે કહે છે કે રાત વાળી સ્ત્રી દિલજાન ન હતી એમ કહેવામાં તેનો ઉદ્દેશ શો છે ? તેના એ બોલવાપર કોણ વિશ્વાસ કરશે ? તે આમ

જુઠું બોલીને પોતાને નિર્દોષ સાબીત કરવાની કોશીશ શા માટે કરે છે ? વખતે મોડા રાત્રે ઓળખવામાં ગનીની માની ભુલ થઇ હોય અને એ સ્ત્રી દિલજાન ન હોય. ત્યારે એ હતી કોણ ? મજીદના બોલવા પરથી તો એમ જણાય છે કે રાત્રે ત્યાં એક એવી સ્ત્રી આવી હતી કે જેણીનું નામ ખુલ્લું પાડવાથી હલ કાઇ થની હોય. જો એમજ હોયતો તે કોઇ ભલ.ઘરની સ્ત્રીની આબરૂ સાચવવાને માટે આતુર છે. કદી એ સાચુ હોય તો તે સ્ત્રી દિલજાન હોયજ નહી. કારણ દિલજાન કંઇ સારા ઘરની ન હતી તેમ ન તો તેણી પાસે એટલી ઇજત આબરૂ હતી કે જેમાંથી ઘટાડો થાય. ત્યારે મજીદ કોણુને માટે આટલો આતુર છે ? મજીદના જેવો માણુસ તો મેં કોઇ જોયો નથી. હવે અંદર ઉતર્યા વગર ભેદ ખુલે તેમ લાગતું નથી.

આવી રીતે વિચારતાં વિચારતાં દેવેન્દ્રવિજયના મનમાં આવ્યું કે રાત્રે મનીરને ઘેર મજીદને મળી હતી તે સુજાનબીબી હતી ? જો એમજ હોય તો નક્કી તેણી મનીરૂદીનને મળવા આવી હશે પરંતુ તેની જગ્યાએ તેને મજીદ મળ્યો ! મજીદ અંદરખાનેની તમામ હકીકત જાણતો હોવાથી એ કામ પરથી હાથ ઉઠાવવા તેણે સુજાનને સમજાવી હશે, અને એથી બન્ને વચ્ચે બોલ ચાલની ચઢઉતર થઇ હોય તો બનવા જોગ છે. આટલી મોડી રાત્રે કોઇ પરાયા પુરૂષને મળવા જવું એ ભલા ઘરની સ્ત્રીનું કામ નથી અને એ વાતને બધાની સામે જાહેર કરવી એ પણ સારૂં નથી એમ સમજી મજીદ એ વાતને છુપાવે છે. કારણ કે વાત ખુલ્લી પાડવાથી સુજાનબીબીની આબરૂને તો કંઇ નથી, તેણીતો હાથે કરીને ઇજ્જત ઉપર પાણી ફેરવવા ગઇ હતી. પરંતુ તેને માટે લોકો મજીદને બદનામ કરશે.

અગર જો મારી આ અટકળ ખરી હોય તો પણ તેની સાથે દિલજાનના ખૂનને શો સંબંધ છે ? કોણે તેણીનું ખૂન કર્યું ? શું સુજાનબીબીએ એ કામ કર્યું છે ? નહીં, એમ તો કદી બની શકે નહીં !

શ્રીશને સાંભળી લીધા પછી દેવેન્દ્ર વિજયના વિચાર તરંગો

કીનારો કુદાવી જતા હતા. થોડીવાર પછી તેની ચીન્તા ફરી બીજી તરફ ઢળી. તેણે વિચાર્યું કે, સુજાનબીબી પાછલી રાતે ઘરથી બહાર ગઇ હતી એ બાબતની સાબીતી જોહરા અને મજીદ વચ્ચે થએલી વાતોથી મળે છે એ કારણથી ખૂનની રાત્રે અગીયાર વાગતાં પછી જે સ્ત્રી મજીદને મળી હતી તે સુજાન બીબી હોઇ શકે નહી. હવે મારે એ બાબતનો પત્તો લગાડવો પડશે કે તે રાત્રે મનીરના ઘરમાં મજીદને મળનાર સ્ત્રી કોણ હતી અને સુજાનબીબી બરાબર કયે વખતે ઘરમાંથી ભાગી હતી. જ્યાં સુધી આ બાબતોનો પત્તો બરાબર નહીં મળે ત્યાં સુધી મારે અંધારામાંજ ભટકવું પડશે. હા! જો કાલે ગોળદિગ્ધીમાં જઇને મારી ઇચ્છા પૂરી કરી શકું તો બધો ભેદ ખૂલી જશે અને કોઇ પણ બાબતની શોધ ખોળ કરવાની જરૂર રહેશે નહીં. ખૂની કંઇ જેવો તેવો માણસ નથી કે સહેલાઇથી પકડાઇ જશે. નવલ કથાઓ લખવાવાળા લેખકોના સર્વજ્ઞ ડિટેકટીવો જેટલી તાકાત અને અકલ હાડમાંસવાળા ડિટેકટીવોમાં હોતી નથી તેમ મારામાં પણ એવું કંઇ છે નહીં. એ ગપ્પી ગ્રંથકારોના કલ્પિત ડીટેકટીવો તો બરાબર મુદ્દા પર મુદ્દા પકડતા જાય છે અને એજ આધાર જાણે ગુનેહગારને ખેંચી લાવી ડિટેકટીવના હાથમાં સોંપી દે છે. એ અલૌકીક અને માણુસાઇશકિત બહારનું જ્ઞાન મને ક્યાંથી હોય! હું તો ભૂલાવો પણ ખાઇ શકું છું, વખતે ભૂલથી જુદેજ રસ્તે ચડી જઇ મામલાનો ભેદ મેળવવો મારા નશીબમાં ન પણ હોય! તોપણ પાછળ પડી રહેવાથી અને સાહસ, મહેનત તથા કોશીશના પરિણામે હું બરાબર જગ્યાએ પહોંચી શકીશ એવી મારી ખાત્રી છે. હું સમજું છું કે દિલજાનનું ખૂન કરનારનો કંઇ પણ મતલબ તેમાં સમાયલો છે. હું રાત્રે નવ વાગે ગોળ દિગ્ધીમાં જઇને તેને મળીશ અને ખૂનીને પકડવાની તદબીર કરીશ. જોઉં હવે હું શું કરી શકું છું?

× × × × ×

દેવેન્દ્રવિજય ખીસ્સામાંથી નોટબુક કાઢી તેમાં કેટલાક મુદ્દા અને નિર્ણય લખવા લાગ્યા.

૧—ખુની શામાટે આવી ચીઠ્ઠીઓ લખે છે? જો કે મારાથી ડરતો નથી તો એક હજાર રૂપીયાની લાંચ શામાટે આપવા માગે છે?

કાલે રાત્રે નવ વાગે ગોળદિગ્ધીમાં જવાથી તેનો થોડો ઘણો પત્તો મળશે. જો તેનો મતલબ ખરાબ હોય તો પણ બનવા જોગ છે. ખેર જે હોય તે પરંતુ તેને પકડવાને માટે માણસો મુકરર કરવા જોઈએ.

નિર્ણય—કાલે રાત્રે નવ વાગતાં ગોળ દિગ્ધીમાં જવું.

૨—બુધવારની રાત્રે (જે રાત્રે દિલજાનની લાસ મળી હતી) અગીયાર અને બારની વચ્ચે મનીરૂદ્દીનને ઘેર જનાર સ્ત્રી કોણ હતી, તેનો પતો મેળવવો જોઇએ.

એ પત્તો મજીદ પાસેથી મળી શકે તેમ છે. ગનીની મા તેણીને દિલજાન તરીકે ઓળખાવે છે, પરંતુ મજીદ તેને એકદમ ઉડાવી દે છે. હવે જોઉં છું કે એ બન્નેમાં સાચું કોણ છે?

નિર્ણય—મજીદને મળીને કોઇ પણ ચાલાકીથી તેણીનું નામ જાણવું.

૩—એ રાત્રે સુજાનબીબીને મળવા ગયેલી સ્ત્રી કોણ હતી? તેણીનું ચ્હેરા નિશાન રૂપ રંગ. ઉમર અને બનેતો નામ પણ જાણવાની કોશીશ કરવી પડશે. આ ખૂનીબનાવમાં એ સ્ત્રી પણ સામેલ હોય એ બનવા જોગ છે.

મુનશી જહીરૂદ્દીનના કોઇપણ નોકર પાસેથી આ બાબતનો પત્તો લાગી શકે તેમ છે.

નિર્ણય—નોકરો પૈકી જે આ મામલામાં જાણતું હોય તેને મળવું.

૪—ખૂનની રાત્રે દિલજાને બરાબર કયે ટાઇમે ઘર છોડયું હતું અને ઘર છોડયા પહેલાં અને પાછળથી કયારે ત્યાં ગઇ હતી, શું કર્યું હતું, એ પત્તો મેળવવો જોઇએ.

કોઇ પણ યુક્તિથી એ પત્તો તેણીના નોકરોમાંથીજ મળી શકશે.

નિર્ણય—મામલો જરા અજવાળામાં આવ્યા પછી આપો આપ આધાર જણાઇ આવશે.

૫—જે ઝેરી છરીથી દિલજાનનું ખુન થયું છે તે ક્યાં ગઇ તેનો પત્તો મેળવવો જોઇએ.

એ પત્તો મજીદ પાસેથી મળવા સંભવ છે.

નિર્ણય—છુપી રીતે તેનો સુવાનો ઓરડો તપાસવો જોઇએ. આ કામ બીજાને હાથે થવું જોઇએ જે માટે થીઓડાને રોકવો.

૬—દિલજાનની પહેલાંની ચાલચલણ જાણવી જરૂરની છે.

લતીફન પાસેથી તેનો થોડો ઘણો પત્તો મળી શકે તેમ છે. તેણી પાસે એ ઘણા વખતથી હતી એટલે લતીફન થોડું ઘણું જાણતી હશે.

નિર્ણય લતીફનને એકવાર ફરી મળવું.

પ્રકરણ ૧૧ મું.

વિપત્તિમાં.

બીજે દિવસે બરાબર નવ વાગે દેવેન્દ્રવિજય ગોળદીગ્ધીમાં પહોંચ્યા. જતાં પહેલાં તેણે ચોકીમાંથી કેટલાંક માણસો સાથે રાખી, તેઓને જુદી જુદી જગ્યાએ નાકાંઓ અને રસ્તાઓ ઉપર ગોઠવી દીધા હતા.

ખુનીની રાહ જોતાં જોતાં દશ થઇ ગયા, પરંતુ દેવેન્દ્રવિજયની નજરે ત્યાં એક પણ માણસ પડયું નહીં. શુદ પક્ષની અષ્ટમીનો ચંદ્રમાનો ધીમો પ્રકાશ ઝાડની ડાળીઓમાંથી થોડો થોડો જમીનપર પડતો હતો. પાસેનાં ઝાડો પરથી અનેક પક્ષીઓના સુર-આલાપ સંભળાતા હતા. પરંતુ એ કુદરતનું નિરક્ષણ કરવા કરતાં ખુનીની રાહ જોવામાં દેવેન્દ્રવિજયનું બધું ધ્યાન રોકાયું હતું.

ચંદ્રમા અસ્ત થયો. અરધી રાત્રી વિતી ગઇ, છતાં ખુની આવ્યો નહીં.

દેવેન્દ્રવિજયે નિરાશ થઇ પોતાના સોબતીઓને રજા આપી અને પોતે જલદી ઘેર પહોંચવાને માટે એક ગલીમાં થઇને ચાલવા લાગ્યા. રસ્તો શાન્ત અને વેરાન હતો. ચારે તરફ અંધારૂં હતું. પાસેનાં ઝાડોપર આગીયા કીડાની ચમક વખતે વખતે દેખાઇ બંધ થઇ જતી હતી. ફક્ત દૂરથી શીયાળ અને કુતરાંઓના ભસવાના અવાજ સીવાય બીજો શબ્દ પણ સંભળાતો ન હતો. દેવેન્દ્રવિજય આગળ વધ્યા કે પાછળથી કોઇએ કહ્યું.

"મારી સાથે જે યુકિત રમવામાં આવી તેનો બદલો આ હાથથીજ લે." દેવેન્દ્રવિજયે પાછું ફરી જોયું તો પહેરાવાળો એક સિપાઇ હાથમાં લાંબી લાકડી લઇ તેના ઉપર એવો તુટી પડયો કે, દેવેન્દ્રવિજયને તેનો હાવ ચુકવાનું પણ ભાન રહ્યું નહીં. લાકડીના મારથી તેઓ ત્યાંજ બેશુદ્ધ થઇ પડી ગયા.

પ્રકરણ ૧૨ મું.

શુદ્ધિમાં

જ્યારે દેવેન્દ્ર વિજયને શુદ્ધી આવી, ત્યારે સવાર પડવા આવ્યું હતું. હાથ પગ હલાવી આંખો ઉઘાડતાંજ બે શીયાળ તેના માથાં પાસેથી ભાગ્યાં. દેવેન્દ્રવિજય ધીરે ધીરે ઉઠયા. લાકડીના ફટકાથી માથું ફુટી ગયું હતું અને નીકળેલા લોહીથી કપડાં ભરાઇ ગયાં હતાં.

દેવેન્દ્રવિજયે સમજી લીધું કે આખી રાત પડી રહેવા છતાં, શીયાળોએ તેના શરીરમાં દાંત ન બેસાર્યા એજ સુભાગ્યની વાત કહેવાય.

આકાશ તરફ જોયું તો સવાર થઇ ગયું છે. પૂર્વમાં લાલી જોઇને પક્ષીગણુ માળાઓમાંથી બહાર નીકળી ચુંચાં કરવા લાગ્યાં છે. પ્રભાતની થંડી હવા ધીરે ધીરે આવીને દેવેન્દ્રવિજય નું કપાળ ચુમવા લાગી. તેનું મથું હજી દુખતું હતુ દેહમાં નબળાઇ આવી ગઇ હતી. તેને યાદ આવ્યું કે એક સીપાઇએ લાકડી લઇને પ્રહાર કર્યો હતો અને તેથીજ માથું ફુટયું છે, પરંતુ સીપાઇએ તેનાપર આવી મહેરબાની શા માટે કરી તેનું કારણુ તેની સમજમાં આવ્યું નહીં. તેને એમ થયું કે ધનના લોભમાં પડી ટુંકા પગારના સિપાઇઓ આવું કામ કરી બેસે તો બનવા જોગ છે, પરંતુ ખીસ્સાં તપાસતાં બધુ બરાબર હતું. આંગળીમાં પહેરેલી હીરાની વીટી પણુ શાબીત છે. ઘડીયાળવાળા ખીસ્સાના પાકીટમાં કેટલાક પૈસા સાથે દસ રૂપીઆની નોટ રાખી હતી, તે પાકીટ તપાસતાં બધું નીકળ્યું પણુ તેની સાથે એક વધારાનો કાગળ છે. જે કોઇએ બહુજ ઉતાવળમાં પેન્સીલથી લખેલો છે. દેવેન્દ્ર વિજય વાંચવા લાગ્યા:—

દેવેન્દ્રવિજય !

જુઓ, આજે મેં તમોને મારી શકિતનો જરા જેવો ખ્યાલ આપ્યો છે. આટલેથી પણુ તમારી અક્કલ ઠેકાણે નહીં આવે તો એક દિવસ મારે એવી ખબર લેવી પડશે કે જીંદગી ભર યાદ કરશો.

તમે બેહોશ થઇ મારા પગ પાસે પડયા છો. હું ચાહું તો—હમણાંજ તમારા ટુકડા કરી કુતરાંઓને ઉજાણી કરાવું તેમ છું, પરંતુ તમારા જેવા બેવકુફ ડિટેકટીવને મારી હું મારો હાથ કલંકીત કરવા ઇચ્છતો નથી.

તમે સહેલાઇથી મારા હાથમાં હાથકડી નાંખવાનું ધાર્યું હતું. પરંતુ એ તમારી મોટી મુર્ખાઇ હતી. તમોને ખબર નથી કે તમે ડાળી ડાળી ફરશો તો હું પાંદડે પાંદડે ફીંદી વળીશ ? તમોને હું મારી બરોબરના નથી સમજતો. જેમ માંકડને એક ચપટીમાં માણસ ચોળી નાંખે છે તેમ તમે મારે મનથી માંકડ મીસાલ છો, પરંતુ હું તેવું ચાહતો નથી. નહિ તો કયારનું એ

તમારૂં નામ જીવતા લોકોના રજીસ્ટરમાંથી નીકળી ગયું હોત. આ તો ફકત તમારો મીજાજ ચઢતો જોઇને મેં ચેતવણી આપી છે.

હું તો પ્રથમથીજ જણાવી ચુકયો હતો, કે તમે મને પહોંચી શકનાર નથી. તમે મને પકડવાને માટે જે જાળ ફેલાવી હતી તે હું પ્રથમથીજ સમજી ગયો હતો. તમારા જેવો બેવકુફ દુનીયા પર બીજો કોઇ હશે નહીં. હું પોતે તમારી સામે આવ્યો ! તમારી સાથે કેટલીક વાતો કરી તમે તમારૂં ડિટેકટીવ અકલ દેખાડીને મારા ઉપર હુકમ ચલાવ્યો, પરંતુ મને પકડી ન શકયા ? કેમ આંખે ભાદરવાની આંધી ચડી હતી કે શું ? આ અક્કલ ઉપર ડિટેકટીવ બન્યા છે ! જુઓ હું તમારી લેશ પણ પરવા કરતો નથી. તમારી બ્હીક હતે તો અત્યારેજ માથું ધડથી છુટું થઇ ગયું હતે. ખબરદાર ! હવે મારી સામે કોઇ દીવસ તમારી 'પોલીસી' કરતા ના સાંભળો ! જો આ વખતની મારી સલાહ નહીં માનો તો હું સમજીશ કે તમે આ દુનીયાં ઉપર રહેવા ચાહતા નથી. ખબરદાર ! તમે મજીદખાં પર નાહક શંકા લઇ જાઓ છો, પણ તે તો એક સીધો સાદો અને ભલો માણસ છે તમારા આ ખુની મામલા સાથે તેને કંઇ સંબંધ નથી આટલા દિવસથી ડિટેકટીવનું કામ કરો છો, છતાં માણસ જોઇને ભલું બુરૂં ઓળખી શકતા નથી ?

તેજ

"મેહદીબગાનનો ખુની."

ચીઠ્ઠી વાંચ્યા પછી દેવેન્દ્ર વિજયની ચિન્તા વધી પડી. તે વીચારવા લાગ્યા, " આ માણસ જબરો બહાદુર લાગે છે ! મને તો તદ્દન બેવકુફ બનાવી ઠગી ગયો. સીપાઇનો વેષ ધારણ કરીને આવ્યો અને બધો ભેદ મારી પાસેથીજ લઇ ગયો ! અને હું તેને બિલકુલ ઓળખી શક્યો નહીં. ખરેખર તે અક્કલવાળો પણ લાગે છે ખેબર ? એ માણસનેજ મારે જોવો છે. શું મજીદેજ આ ચીઠી લખી છે ? એ વાત પણ

અસંભવીત નથી. પાછલી લખાવટથી તો એમજ લાગે છે. જો તેમ ન હોય તો ખુની મજીદને શા માટે સીધા સાદા ભલા માણુસ તરીકે ઓળખાવે ? તેનો મતલબ એ છે કે હવે હું તેના પર સંદેહ ન કરૂં ! આ પણ કંઇ ઓછી ચતુરાઇની વાત નથી. ખેર ! જોઇએ છીએ. આ ખુનનો પત્તો મેળવવાને માટે કદાચ જમીનના આ છેડાથી પેલા છેડા સુધી પહોંચવું પડે યા કદાચ જમરાજના દરબારમાં જવું પડે તો પણ હું પાછો હઠીશ નહીં. એ બેટો મારા હાથમાંથી છુટી શકનાર નથી. મારૂં નામ દેવેન્દ્ર વિજયછે, જયાં સુધી બને ત્યાં સુધી બેટમજીને બદલો વાળી દેવોજ જોઇએ. ”

ઉત્સાહથી શરીર અને કપડાં ખંખેરતા દેવેન્દ્ર વિજય ઉભા થયા. જમીનપર તડકો દેખાયો. ઝાડપાનની ટોચો સોનેરી કિરણોના પ્રકાશથી ખુબસુરત બની હતી. સંસારનાં બધાં લોકો ઉઠી ઉઠીને પોતેને કામે લાગ્યાં. દેવેન્દ્ર વિજય બાદુ મેહનતે ગલીમાંથી બહાર નીકળ્યા અને રસ્તાપર આવી એક ભાડુતી ગાડીમાં બેઠા. ગાડીવાળાએ ગાડી દોડાવી મુકી તેજ વખતે ડોમપાડામાંથી કોઈ મોટે અવાજે જોરથી ગાવા લાગ્યું

સમ્હાલો નૈયા ખેલનવાલા ગંવાર
ઉપર બાદલ બુંદ બરીસે નીચે બહુત બયાર,
પાઝી મસ્ત નશેમેં સોવે–નાવ પડી મઝધાર–સમ્હાલો.

ત્રીજો ભાગ.

પ્રકરણ ૧ લું.

એક નવી યુક્તિ.

દેવેન્દ્ર વિજયે ઘેર જઇ કપડાં બદલી ડાકટરને ખબર મોકલ્યા. તરતજ ડાકટરે આવીને તેના શીર પર મલમપટ્ટી કરી, થોડી દવાનો બંદોબસ્ત કરીને ચાલ્યા ગયા.

બપોર પછી દેવેન્દ્રવિજયે શ્રીશને બોલાવ્યો અને કપાટમાંથી પેલી લતીફનના ઘેરથી મળેલી છરી કાઢી શ્રીશ સામી રાખીને કહ્યું, "આ મારા હાથમાં શું છે તે જુવે છે કે?"

શ્રીશે આંખો ઉંચી કરી ઇશારાથીજ હા કહી, પરંતુ મોઢેથી કંઇ બોલ્યો નહીં. દેવેન્દ્રવિજય કહેવા લાગ્યા, "આ વખતે તારે એક ભારે કામ કરવું પડશે. કાલવાળા મજીદની વાત યાદ છે? તેના ઘરમાં એક બરાબર આવીજ છરી છે, એ કોઇ પણ રીતે અહીં લાવવી જોઇએ. કેમ લાવી શકીશ?"

શ્રીશચંદ્ર દાંતમાં હોઠ ભરાવી વિચાર કરવા લાગ્યો અને થોડીવાર પછી માથું હલાવી બોલ્યો, "હા લાવી શકીશ."

આ નવો ડીટેકટીવ શીરીતે છરી લાવશે તે ન સમજી શકવાથી દેવેન્દ્રવિજયે તેના તરફ અજાયબીથી જોતાં કહ્યું. "શી રીતે લાવીશ?"

શ્રીશ બોલ્યો, "ફાવે તે રીતે! જો મજીદના ઘરમાં એ છરી હશે તો તે હું જરૂર હાજર કરીશ. જો એટલું પણ ન કરી શકું તો પછી આટલો વખત તમારી સાથે તમારાજ ઘરમાં રહ્યા તેનું સાર્થક શું! આજે સાંજેજ મુસલમાન થઇ તેના બારણા સામે પડીશ અને જ્યારે ખાવાનું નથી મળ્યું

એમ જણાવી ભીખ માગીશ ત્યારે મજીદ ખચ્ચીત મને ઘરમાં લઇ જશે. જ્યારે એકવાર ઘરમાં દાખલ થવા પામ્યો એટલે તો કામ સાધ્યા વીના બંદો પાછો ફેર તેવો છેજ ક્યાં ?"

"ફાવે તેવી રીતે, પણ એ કામ તો કરવુંજ જોઇએ." દેવેન્દ્રવિજયે કહ્યું, "પરંતુ એટલું યાદ રાખજે કે છરી મળે તો બહુજ સાવચેતીથી રાખજે, કારણ તે ઝેરીલી હોવાથી જરા લાગી જતાં પણ માણસને મરતાં વાર લાગતી નથી !"

'બરાબર યાદ રાખીશ" કહી શ્રીશ ચાલતો થયો.

——:o:——

પ્રકરણ ૨ જું.

યુક્તિનું પરિણામ.

સંધ્યા થઇ ચુકી છે. આકાશમાં વાદળાં છવાયાં છે. અંધકાર અને વાદળાંએજ પૃથ્વી પર પુરતી સત્તા ચલાવી છે. ચંદ્રમા અને તારાગણોને પણ એ વાદળોએ એવા ઘેરી લીધેલા છે કે કંઇ દેખાતું નથી. આ વિકટ અંધારામાં ઉંચા ઝાડો રાક્ષસો જેવાં લાગે છે.

આ વખતે એક મુસલમાન બાળક મજીદખાંના ઘરની સામે જઇ ઉભો રહ્યો. ત્યાં ગયા પછી જણાયું કે મજીદખાં હવા ખાવા માટે બહાર ગયેલ છે. છોકરો સમજ્યો કે હવે પાછા ફરવાનો વખત થયો લાગે છે, તેથી તે ત્યાંજ સીડી પાસે સુઇ રહ્યો.

થોડીવારમાં વરસાદ પડવા લાગ્યો. વાદળાંની ગર્જના અને વિજળીના ચમકારાએ રાત્રાને વધુ ભયાનક બનાવી મુકી છે:કરો વરસાદમાં ભીંજાઇને ધ્રુજવા લાગ્યો.

રસ્તો રાહદારીઓથી લગભગ બંધ છે. વખતે કોઇ છત્રી ઓઢી ચાલ્યો જાય છે અને કોઇ કોઇ મજુર પોતાને ઘેર

જતા નજરે આવે છે. પણ કોઇની નજર તે છોકરા પર પડતી નથી. રસ્તા પર ઘુંટણભર પાણી થઇ ગયું છે.

એટલામાં છોકરાએ પાણીમાં છપ છપ કરતો કોઇનો આવવાનો અવાજ સાંભળ્યો. તે નજીક આવે તે પહેલા તે ઉં! ઉં! કરી ધ્રુજવાનું નાટય કરવા લાગ્યો. છોકરાએ વિજળીના પ્રકાશમાં જોયું કે તે મજીદખાંજ છે.

મજીદખાં જેવો છોકરાની ગરદન પર પગ રાખવા જાય છે તેવોજ અવાજ સાંભળીને ચોંકયો કારણકે એ છોકરાને પોતાની ગરદન પર કોઇનો પગ મુકાવી તકલીફ લેવાનું ગમતું નહતું. "અરે અહીં તું કોણ છે રે!" 'મજીદખાંએ પૂછયું."

છોકરાએ જવાબ ન આપ્યો, પરંતુ વધારે ધ્રુજવા ને ઉંહુ અહુ કરવા લાગ્યો.

"અરે તું કોણ છે?" મજીદ બોલ્યો, "અહીં શામાટે પડયો છે?"

છોકરો દુઃખી અવાજથી બોલ્યો. "હું-હું-સ-ર-કા-ર ઇ-સમાઇલ બે-બે-દી-વ-વ-સથી અનાજ જો-યું-ન-ન-થી."

એટલું કહી તે પેટ પર હાથ ફેરવવા અને રોવા લાગ્યો. મજીદને દયા આવી. તે ભુખથી પીડાતા છોકરાના શરીર પર હાથ ફેરવતા બોલ્યો, "છોકરા કંઇ માંદો છે કે શું?"

છોકરાએ પહેલાંની માફકજ ધ્રુજતે અવાજે જવાબ આપ્યો, "બધી બી-ઇ-મા-રી પેટમાંજ છે."

વાંચનાર એ છોકરાને ઓળખતાં હશે! એ દેવેન્દ્રવિજયનો ચાલાક દૂત શ્રીશ છે. મજીદ તેની ચાલાકી કળી શકયો નહીં તે સમજ્યો કે છોકરો ભૂખથી પીડાય છે, તેથી ઘરમાં લઇ જવાને માટે કહ્યું, "કેમ છોકરા તું ઉઠી શકીશ? અહીં તો પાણીમાં મરી જઇશ અંદર ચાલ હું ખાવાનુ આપીશ." કહી મજીદે તેનો હાથ પકડી ખેંચ્યો.

બુદ્ધિમાન શ્રીશ પોતાની કમજોરી અને અશક્ત જાહેર કરતો જેમ તેમ બેઠો થયો. મજીદખાં તેનો હાથ પકડી, સીડી ચડાવી બીજા માળપર પોતાના ઓરડામાં લઇ ગયો. ત્યાં જતાં-

જે છોકરો ફરી જમીનપર પડયો અને તરફડવા લાગ્યો. મજીદે બત્તી કરી કહ્યું "તું બ્હીશ નહીં હું ગરમ દૂધ લાવું છું." અને જલદી નીચે ઉતરી ગયો. મજીદના જવા પછી છોકરાએ ઘરમાં ચારે તરફ જોયું તો કોઇ છે નહીં. તરતજ તે ઉઠયો અને દિવાલની પાસે જે કબાટ હતી તેને ઉઘાડી, બત્તી લઈને જોઇ વળ્યો, પરંતુ તેમાં છરીનો પત્તો મળ્યો નહીં.

બારી પાસે એક નાનું ટેબલ પડયું હતું શ્રીશ દોડીને ત્યાં ગયો અને તેનું ખાનું ખેંચી તે જોયુ, અંદરના બધા કાગળ ... ઉલટ સુલટ કરી નાખ્યા, પરંતુ તેમાંથી પણ એ છરી મળી નહીં.

એક તરફ નાની ગાદી રાખેલી હતી, હવે શ્રીશ ત્યાં ગયો અને ગાદી તકીયા ગલેફ તપાસ્યાં પરંતુ છરી મળી નહીં. જ્યારે ક્યાંઇથી છરીનો પત્તો લાગ્યો નહીં ત્યારે તે નિરાશ થઇ ગયો, પરંતુ તે જાણતો હતો કે આ વખત નિરાશ થઈ બેશી રહેવાનો નથી. મજીદ હમણાંજ આવી પહોંચશે ત્યારે બધી મહેનત બરબાદ ગઈ ગણાશે. આવી રીતે પાણીમાં ભીંજાવું, રોવું, અને કળકળવું બધું નકામું જશે અને દેવેન્દ્ર વિજયને મોઢું દેખાડવું મુશ્કેલ પડશે. શ્રીશ ચારે તરફ ગીધની દ્રષ્ટિએ જોવા લાગ્યો. એક મેજ ઉપર એક નાની લાકડાની પેટી પડેલી તેની નજરે પડી. શ્રીશે તરતજ ઉપાડીને ઉઘાડવાની કોશીશ કરી, પરંતુ બંધ જણાઇ ચાવી મારેલી પેટી ચાલાકીથી ઉઘાડવાનો અથવા તોડી નાખવાનો સમય હમણા નહતો મજીદ આવી પહોંચે તો અત્યાર સુધીની મહેનતપર પાણી ફરી વળે શ્રીશ સમજયો કે આખા ઘરમાં જ્યારે કયાંઇથી છરી ન મળી ત્યારે જરૂર તે આ પેટીમાં હોવી જોઇએ, પરંતુ તે બંધ હોવાથી તેની આશાઓ ધુળમાં મળી ગઇ. એકવાર તેના મનમાં એવો વિચાર આવ્યો કે પેટી બારીમાંથી બ્હાર ફેંકી દઉં અને પછી લાગ સાધી ત્યાંથી ઉપાડી જઇશ. બસ એજ વિચાર નકકી કરી પેટી ઉપાડી શ્રીશ બારીની પાસે આવ્યો એટલામાં એકાએક તેની નજર ભીંતે ચોડેલાં ચીત્ર ઉપર પડી. તેની બાજુમાં છરીની નોક જેવું તેને કંઇ દેખાયું. પેટી ત્યાંજ મુકી શ્રીશે

તેને ધીરેથી ખેંચ્યું તો તે છરી બરાબર જેવી દેવેન્દ્ર વિજયના હાથમાં જોઇ હતી તેવીજ હતી. જોકે તેમાં હાથો ન હતો. તોપણ શ્રીશે પેટીને પાછી તેની મુળ જગ્યાએ મુકી છરી ખીસ્સાંમાં ઘેરવી દીધી. એટલું કર્યા પછી બત્તીને હાથમાં પકડીને છબી-ની પછવાડે જુવે છે તો તુટેલો હાથો પણ ત્યાંજ પડેલો છે. બસ હાથામાં છરી બેસારી દીધી અને જોયું તો બરાબર પેલી જેવીજ છરી થઇ રહી. ફતેહ અને ખુશાલીથી શ્રીશની છાતી ઉપસી આવી. શું કરવું તે તે સમજી શકયો નહીં, તો પણ વખત કેવો છે એ તેને સારી પેઠે યાદ હતું. ત્યાં કેટલાંક અંગ્રેજી ન્યુસપેપર પડયાં હતાં તેમાંથી બે ત્રણ કાગળ એકઠા કરી, છરી પર ખુબ લપેટયાં અને કમરમાં એવી ચાલાકીથી બાધી લીધી કે વાગવા પામે નહીં આ બધું કામ શ્રીશે એટલી તો ઝડપથી કરી લીધું કે તેની આ સ્ફુર્તી કોઇએ જોઇ હતે તો જરૂર દાંતમાં આંગળી પકડી પોતાની અજાયબી બતાવતે.

એટલામાં દાદર પરથી કોઇ આવતું હોય એવાં પગલાં સંભળાયાં. શ્રીશ તરતજ પહેલાંની માફક જયાં પડયો હતો ત્યાં લાંબો થઇ તરફડવા અને પડખાં બદલવા લાગ્યો.

પ્રકરણ ૩ જું.

આફતની શરૂઆત.

એટલામાં હાથમાં એક દુધનો ભરેલો મોટો કાચનો પ્યાલો લઇ મજીદખાં તે ઓરડામાં આવ્યો. ગરમ દુધમાંથી વરાળ નીકળતી હતી. મજીદે છોકરાના દુઃખથી દિલગીર થઇ કહ્યું. “કેમ બહુ પીડા થાય છે?”

"પીડાની વાત તો સરકાર પૂછોજ માં!" છોકરો રડતે અવાજે બોલ્યો, "છાતી ફાટી જાય છે. પેટમાં આગ બળે છે. હવે હું નહીં બચું."

"ગભરા નહીં." કહી મજીદ તેના માથા પાસે બેસી ગયો અને દુધનો ગ્લાસ આપતાં બોલ્યો, "લે લે આ પીજા. તને તાકાત આવી જશે."

એક ભુખથી પીડાતો માણુસ જેમ વળ ખાતો ખાતો ઉઠે છે, તેમ શ્રીશ ઉઠયો અને પ્યાલો હાથમાં લઇ સડસડાટ દુધ પીવા લાગ્યો. મજીદે સામે ખુરશીપર બેશી ચીરૂટ સળગાવી અને ધુમાડા કાઢતો છોકરાને દુધ પીતો જોઇ ખુશી થઇ તે મનમાંજ બોલ્યો, "બીચારો બહુજ ભૂખ્યો દેખાય છે"

અરે કમનસીબ મજીદ! પણ તું કયાં જાણે છે કે એક ઝેરી સાપને અત્યારે દુધ પીવરાવે છે, જે હમણાંજ વખત જોઇ તને કરડી ખાશે!"

દુધ પીવાથી જરા શાન્તી થઇ હોય એવો દેખાવ શ્રીશે કર્યો. એક શેર દુધ પેટમાં ગયા પછી બાકી શું રહે? મજીદે પૂછયું. "હજી કંઇ ખાવું છે?"

"ના, ના! હવે નહીં!" છોકરો બોલ્યો, "સરકારની મહેરબાનીથી જીવ બચી ગયો, નહી તો અત્યારે કયારનો જહન્નમમાં પહોંચી ગયો હોત."

"વારૂ, આ લે." મજીદ ખીસ્સામાંથી થોડા પૈસા આપતાં બોલ્યો.

"હજી દુકાનો બંધ થઇ નથી કંઇ લઇને ખાઇ લેજે."

શ્રીશ પૈસા છોડવાવાળો દેવતા ન હતો. તરતજ પૈસા લઇ તે ત્યાંથી ચાલતો થયો.

મજીદે જયારે બારણું બંધ કર્યાં ત્યારે વરસાદ બંધ પડયો હતો. આકાશ ખુલ્લી ગયું હતું. બારણું બંધ કરી હવાની આવ જા માટે તેણે બારીઓ ઉઘાડી. તેણે બારીમાંથી જોયું કે છોકરો બહુજ ઝડપથી દોડયો જાય છે. મજીદ ખુશી થતો

મનમાં બોલ્યો, "પરોપકારથી મન બહુ આનંદમાં રહે છે. તેનું ફળ પણ સારૂંજ મળે છે."

પરંતુ મજીદને આ પરોપકારનું જે ફળ મળ્યું તે તો આગળ જણાશે.

બીજે દિવસે મજીદખાં પોતાના ઘરમાં બેશીને મનીરૂદ્દીનની જમીનદારીનો હીસાબ તપાસતો હતો, કે બે માણસો આવી તેની બાજુમાં ઉભા રહ્યા; જેમાં એક તો દેવેન્દ્રવિજય છે, જ્યારે બીજો પોલીસનો જમાદાર છે. દેવેન્દ્રવિજયને આંખે જોતાંજ મજીદ ચોંકી ઉઠયો. તેણે પૂછ્યું, "કહો સાહેબ! આજે શામાટે પધાર્યા?"

દેવેન્દ્રવિજયે ખીસ્સામાંથી એક વારંટ કાઢી દેખાડ્યું. મજીદ તે જોતાંજ ચમકાયો અને બોલ્યો, "અરે! આ વારંટ તો મારા નામનુ છે! મેં શું કર્યું છે?"

"તમે દિલજાનનું ખૂન કર્યું છે." દેવેન્દ્રવિજયે કહ્યું, "એ ખૂનના ગુનાહ માટે હું તમોને કબજે કરૂં છું"

તરતજ મજીદના હાથમાં હાથકડી જડી દીધી.

પ્રકરણ ૪ થું.

કોકડું વધુ ગુંચવાયું.

દેવેન્દ્રવિજયે એકદમ મજીદને પકડી તો લીધો, પરંતુ તે સમજી ન શકયા કે મજીદ ગુનેહગાર છે યા નિર્દોષ! જે છરીથી ખૂન થયું તે છરી મજીદખાંના ઘરમાંથી મળી એ એક રીતે પુરાવામાં લઇ શકાય તેમ સમજીનેજ દેવેન્દ્રવિજયે મજીદને કબજે કર્યો. પરંતુ મજીદખાંએજ દિલજાનનું ખૂન કર્યું એવો પુરાવો તેને મળ્યો નહીં. ને સમજી ચુકયા હતા કે આ ખૂન બીજા

ઘણા ગંભીર મામલાઓ વચ્ચે સીકડાયલું છે, એટલે કોઇપણ બાબતના ચોકસ અનુમાન ઉપર તરતજ આવી જવું એ વાજબી નથી. એટલા માટે જેનાપર જરા પણ શંકા જાય તેને તરતજ કબજે કરી જરા નરમ ગરમ થવાથી પોતાની મેળાએ ખરો માર્ગ નીકળશે. આજ વિચારથી ખાત્રી નહીં છતાં પણ દેવેન્દ્રવિજયે ખૂની તરીકે મજીદને ગીરફતાર કરવાનું વાજબી ધાર્યું હતું. છરી જોવાથી દેવેન્દ્રવિજયનો શક મજીદપર જેટલો મજબુત થતો હતો, તેટલોજ મજીદ અને જોહરા વચ્ચે થયેલી વાતો જે શ્રીશે સંભળાવી હતી તે યાદ કરતાં ઘટી જતો હતો. મજીદના કહેવાથી જણાતું હતું કે તે મનીરૂદ્દીન ઉપર શક લઇ જાય છે. દેવેન્દ્રવિજયે વિચાર્યું કે મજીદ જોહરા પાસે જુઠું બોલતો હોય તો એમ પણ બનવા જોગ છે. પોતાનો ગુનોહ છુપાવવાની ખાતર ઘણા લોકો આમ બીજાની ઉપર સવાર થઇ જાય છે. કાંતો મજીદ ખૂની છે અથવા તો કોઇપણ રીતે આ મામલામાં સામેલ છે. વળી એમ પણ લાગે છે કે, સુજાનબીબીના ન્હાશી જવાને પણ આ મામલા સાથે જરૂર કંઇ સંબંધ છે. ખૂનની રાત્રે જે સ્ત્રી સુજાનબીબીને મળવા ગઇ હતી તેણી કોણ દિલજાન તો નહીં હોય? તેણીએ રાત્રે એટલી બધી હીંમત કરી શકી? તેણી વેશ્યા છે. મુનશી જહીરૂદ્દીન જેવા ગૃહસ્થના ઘરમાં જવા જેટલી હીંમત તેણી કરી શકે નહીં, પરંતુ એમ પણ બનવા જોગ છે કે, પોતાના પ્યારા મનીરૂદ્દીનને ખુંચવી લેતી જોઇ દિલજાન એકાદ બે ગુસ્સાના શબ્દો સંભળાવવાને માટે સુજાનબીબી પાસે ગઇ હોય, કેમકે આવે વખતે સ્ત્રી હોંશમાં રહેતી નથી તેમ તેણીને સાર અસારનો પણ કંઇ વિચાર આવતો નથી. મને લાગે છે કે તેણી ખચ્ચીત દિલજાનજ હતી. આ મામલામાં હવે મારે સમુદ્રનાં તળીયાં સુધી પહોંચવું પડશે. આવી રીતે વિચાર કરતાં કરતાં દેવેન્દ્રવિજય એક ભલા માણસના પોશાકમાં ઘરમાંથી બહાર નીકળી લતીફનના ઘર ભણી ચાલ્યા.

આ વખતે લતીફને દેવેન્દ્રવિજયનો સારો સત્કાર કર્યો. તેને એક ઓરડામાં બેસાડયો લતીફન દીલજાનને બહુજ ચા-

હતી હતી. તેણી દિલજીતે. જુની જલદી ગભરાય અને હાકડે ક્યારે હટે એ જોવાને આતુર હતી, એટલા માટે દેવેન્દ્રવિજયને પુરતી રીતે મદદ કરવાને તૈયાર થઇ. તેણી તેઓના પુછ્યાં પહેલાંજ ઘણી ઘણી વાતો કરવા લાગી.

પરંતુ તેણીની વાતોમાં પોતાનો મતલબ ન જોઇ દેવેન્દ્ર બાબુએજ મુદ્દાની વાત છેડતાં કહ્યું. "એ વખતે દિલજાન જ્યારે ઘરમાંથી બહાર નીકળી ત્યારે તને કંઇ કહી ગઇ હતી કે કયાં જાય છે ?"

"હા, એતો હું કહી ચુકી કે મનીરૂદ્દીનને ઘેર જવાનું કહેતી હતી."

"ફક્ત મનીરૂદ્દીનને ઘેરજ બીજે કયાંએ નહી ?"

"ના. મને તો બીજું કંઇ કહ્યું નથી."

"ઠીક કંઇ ન કહ્યું હોયતો નહીં, દેવેન્દ્રે પુછ્યું. "પણ તને તેણીના બોલવા પરથી કંઇ એવું લાગ્યું હતું કે તેણીનો વિચાર સુજાનબીબીને ઘેર જવાનો પણ છે ?"

"સુજાનબીબી !" અજાયબીથી લતીફન બોલી, "સુજાન બીબીને ઘેર તેણી શા માટે જાય ?"

"શા માટે જાય તે તો આપણે શું જાણીએ." દેવેન્દ્ર વિજયે કહ્યું, પરંતુ મને એવું લાગે છે કે કંઇપણ કામને માટે તેણી એકવાર ત્યાં ગઇ હતી."

દેવેન્દ્રવિજયે અહીં જોહરા અને મજીદ વચ્ચે થયેલી વાતચીતનો સારાંશ કહી સંભળાવ્યો. સાંભળી લીધા પછી લતીફન બોલી. "હશે સાહેબ ! હું તો એ કંઇ જાણતી નથી."

"વારૂ. નથી જાણતી તો કંઇ હરકત નથી." દેવેન્દ્રે કહ્યું "શું જહીરૂદ્દીનના ઘરનાં કોઇ નોકરડીને ઓળખે છે ?"

"હા ઓળખું છું." લતીફન બોલી, "વળી ખાસ કરીને રૂકીયા તો મારે ત્યાં બે ત્રણ મહીના કામ કરી ગઇ છે. એજ સુજાનબીબીની દાસી છે."

"હાહા! ત્યારે તો ઘણું સારૂં." દેવેન્દ્રવિજયે કહ્યું "તેણી આ બાબતમાં થોડું ઘણું જાણે છે. જો કોઇ પણ રીતે તું તેણીને હમણાં અહીં બોલાવી શકે તો આપણું કામ ઘણું સહેલું થઇ પડશે. હું તેણીને મોઢેથીજ બધું કઢાવીશ."

"હું માણસ મોકલું છું." લતીફન બોલી. "હમણાં તેણીની શેઠાણી પણ ઘેર નથી એટલે મારૂં કહેલું માની તરત આવશે."

"ત્યારે હમણાંજ મોકલ." દેવેન્દ્રે કહ્યું, "હું તેણીને માટે ખોટી થાઉં છું."

"મોકલું છું," કહી લતીફન જવા લાગી. તેણીને અટકાવી દેવેન્દ્રવિજયે "એક વાત સાંભળતીજા."

લતીફન તરતજ ઉભી થઇ રહી. દેવેન્દ્રવિજયે કહ્યું. "પહેલાં મારે દિલજાનનો ઓરડો જોવો છે તેણીનાં કબાટ ખાનાં બધું જોવું છે."

"શામાટે?" લતીફને પૂછીને બોલી, "તેને શું કરશો?"

"કબાટ અને પેટીઓમાંનાં લોકો ઘણી ચીજો રાખે છે," દેવેન્દ્રવિજયે કહ્યું, "વળી કેટલાક છુપા અને તરતજ નાશ કરવા જેવા કાગળો પણ જો જલદી ફાડી નાશ કરી શકતી નથી. તેમાં પણ પ્રેમની પત્રિકાઓ તો બહુજ જાળવીને રાખે છે. જો દિલજાનની એવી ચબરાકી ચીઠ્ઠી અમારા હાથમાં પડશે તો તેણીની પ્રથમની ચાલ ચલગત જાણવામાં આવશે વળી ખૂની કોણ છે અને શા માટે ખૂન કર્યું એ બાબતો પણ જણાઇ આવશે. મારા અનુભવમાં મેં બહુજ જોયું છે કે, એવી નાની ચીઠ્ઠીઓથી મહાભારત કેસના છેડા મળી આવ્યા છે."

"ત્યારે તમે મજીદને ખૂની નથી ધારતા?" થોડી વાર સુધી વિચાર કર્યા પછી લતીફને પૂછ્યું.

"હજુ સુધી કોઇ પણ બાબતમાં નિશ્ચય ઉપર હું આવી શક્યો નથી" દેવેન્દ્રે જવાબ આપ્યો; "કારણ કે હજુ સુધી મજીદને ખૂની સમજવાનું કોઇ મજબુત પ્રમાણ મળ્યું નથી. દિલજાનનું ખૂન કરવા માટે મજીદનો કંઇ સ્વાર્થ હોવો જોઇએ.

આ કંઇ હાંસી-મશ્કરીની વાતો નથી, એક ખૂનનો કેશ છે! વારૂ! ચાલ હવે એક વખત મને દિલજાનના ઓરડામાં લઇ જા."

જરા અહીં તહીં કરતી લતીફન બોલી, "એ કામ મને વાજબી લાગતું નથી. બીજાની પેટી—"

"અરે એમાં બ્હીક કોની છે?" તેણીને અટકાવી દેવેન્દ્રવિજયે જોરથી હસીને કહ્યું, "દીલજાન તો હવે જીવતી નથી. તેણીના ખૂનીને સજાએ પહોંચાડવાને માટેજ આપણે આ કામ કરીએ છીએ. આપણી દાનત કંઇ ખરાબતો થોડીજ છે? આનાથી થશે એમ કે કોઇ નિર્દોષનો જીવ પણ બચશે.'

હવે કંઇપણ વાંધો ન લેતાં લતીફન દેવેન્દ્રવિજયને દિલજાનના ઓરડામાં લઇ ગઇ. એ ઓરડામાં તે એકવાર આવી ગયા હતા. ઝેરી છરી તેઓને આ ઓરડામાંથીજ મળી હતી એ વાંચકોને યાદ હશે.

દેવેન્દ્રવિજયે પેટી અને કપાટો તરફ જોયું તો બધાંને તાળાં દીધાં છે. લતીફનને તેણે પુછ્યું, "દિલજાન ચાવી તને આપતી ગઇ છે?"

"નહીં ફક્ત બારણાંની ચાવી આપી ગઇ હતી." લતીફને કહ્યું. "બાકીની બધી સાથેજ લઈ ગઇ હશે."

"ચાવી નથી તો ચાલ્યું" થોડીવાર વિચાર કરી દેવેન્દ્રવિજયે કહ્યું. "તું મને એકાદ લોઢાનો તાર અથવા છત્રીનો તુટેલો સળીઓ લાવી આપ. હું મારૂં કામ કરી લઈશ."

"સારૂં! હું શોધી લાવું અને રૂકીઆને બોલાવવા માણસ પણ મોકલી દઉં" કહી લતીફન ઓરડામાંથી બહાર નીકળી અને થોડીજ વારમાં હાથમાં લોઢના એક તાર અને છત્રીની તુટેલી સળી લઇ પાછી આવી.

દેવેન્દ્રવિજયે તાર અને સળી હાથમાં લેતાં કહ્યું. "રૂકીયાને ત્યાં માણસ મોકલ્યું?"

"હા. મોકલી દીધું" લતીફને જવાબ આપ્યો.

પ્રકરણ ૫ મું.

રૂકીયા.

દેવેન્દ્રવિજય છત્રીની તુટેલી સળીની મદદથી દિલજાનની પેટીઓ ખોલવા અને અંદરની ચીજો ઉલટપાલટ કરવા લાગ્યા. લગભગ એક કલાકની શોધ પછી તેનાં હાથમાં એકાદ બે ચીજ મતલબની આવી. એક તો કેટલાક જુના કાગળોનું બંડલ અને બીજી ચીજ બે ફોટોગ્રાફ હતા. કાગળો અમીરખાં નામના કોઇ માણસે મીરજન નામની કોઇ સ્ત્રી ઉપર લખેલા બધા પ્રેમપત્રો હતા. બધામાં પ્રેમ, જુદાઇ અને મહોબતનીજ વાતો લખી હતી. કોઇ કોઇમાં જુદાઇની જવાળા પ્રગટ કરી હતી. ફોટોગ્રાફમાં એક બુઢા મુસલમાનનો હતો, તેની પછવાડે "મુનશી મુજાહમ હુસેન સાકિન ખરીદપુર" લખેલું હતું. બીજી છબી દિલજાનની હતી. તેમાં તેણી નીલાંબરી નહીં પણ શ્વેતાંબરી હતી. પોશાકનો ફેર છતાં દિલજાનની ખુબસુરતી ઓછી ન હતી. વીખરાયેલા વાળના ગુચ્છાએ ચારે તરફ ચંદ્રમાં જેવા ચ્હેરાને ઘેરી લીધો હતો અને એજ વાળનો ચોટલો ખભા પર થઇને છાતી સુધી પહોંચ્યો હતો. કમાનદાર ભવાંની નીચે આવેલી લાંબી તેજદાર આંખો જોનારને પોતા તરફ ખેંચતી હતી. તેણીની છાતીનો અર્ધભાગ ખુલ્લો હતો.

દેવેન્દ્રવિજયે બન્ને ફોટોગ્રાફ સારી રીતે તપાસીને કાગળો વાંચવાની શરૂઆત કરી મોટા મોટા દશ કાગળોનું બંડલ દેવેન્દ્રવિજયે મનમાંજ વાંચી લીધું. લતીફન આ બધો વખત તેના ચ્હેરા સામું જોઇ રહી હતી. દેવેન્દ્રવિજયે હવે તેણી તરફ જો-ઇને કહ્યું, "મામલાનો બધો ભેદ ખુલી ગયો. જેને તું દિલજાન

સમજે છે, તેણીનું ખરૂં નામ મીરજન છે. તેણીનું મોસાળ ખરીદપુરમાં અને પીતાનું નામ મુજાહમ હુસેન છે. સંયોગથી મનીરૂદ્દીનની નજર ખરીદપુરમાંજ મીરજન સાથે મળી ગઇ. મનીરૂદ્દીને પોતાનું ખરૂં નામ છુપાવીને તેણીને અમીરખાં જણાવ્યું હતું. મીરજને અમીરખાંને પોતાની સાથે નિકાહ કરવાને બહુ કહ્યું, પરંતુ તેણે તેણીની વાત ઉડાવી દીધી અને ઘરમાંથી નસાડવાની તજવીજ કરી. એ તજવીજમાં તે ફતેહ પામ્યો. જ્યારે મીરજને પોતાની મુર્ખાઇ જાણી ત્યારે તેણીએ પોતાના પીતાની આબરૂને ડાઘ લાગ્યો સમજી પોતાનું ખરૂં નામ છુપાવી દિલજાન નામ ધારણ કર્યું હશે. આ એ બુઢો મુજાહમહુસેન છે અને આ તમારી દિલજાન ઉર્ફે મીરજન છે."

અજાયબીથી લતીફન દેવેન્દ્રવિજય તરફ જોઇ રહી. તેણી સમજી ન શકી કે આટલા ટુંક વખતમાં દેવેન્દ્રવિજયે આટલું બધું શી રીતે જાણ્યું? તેણી દિલજાનની સાથે ઘણા વખતથી રહે છે છતાં કંઇ જાણી શકી ન હતી. બન્ને છબીઓ બારીકીથી જોઇને તેણીએ ટેબલ પર મુકી દીધી અને કહ્યું, "હા, આ છબી છે તો દિલજાનનીજ, પરંતુ મેં આ પોશાકમાં તેણીને કોઇવાર દેખી નથી."

દેવેન્દ્રવિજય કંઇ કહેવા જતા હતા કે બારણું ઉઘાડી એક સ્ત્રી અંદર આવી તેણી કદમાં ઉંચી, શરીરે પાતળી અને રંગે શ્યામ છે. ઉમર પચ્ચીસ કે પાંત્રીશ કંઇ નક્કી કહી શકાતું નથી. તેણીને જોતાંજ લતીફન બોલી ઉઠી, "વાહ રૂકીયા! તું તો બહુ જલદી આવી પહોંચી સારૂં કર્યું. આવ બેશ!"

દેવેન્દ્રવિજયે જોયું કે સુજાનબીબીની મુખ્ય દાસી આવી પહોંચી. તે તેણી તરફ ઘુરકતી આંખોએ જોઇ રહ્યા.

દેવેન્દ્રવિજયને આવી રીતે પોતાની તરફ જોતા જોઇ રૂકીયા ડરી ગઇ. શું બોલવું તે કંઇ નક્કી કરી શકી નહીં. ચુપચુપ ઉભીજ રહી. લતીફને દેવેન્દ્રવિજયની ઓળખ રૂકીયાને આપી એટલે તો તેણી વધારે ગભરાઇ સુકાં લાકડાં જેવી થઇ ગઇ.

"જો રૂકીયા!" લતીફને કહ્યું, "આ સાહેબ તને કંઇ પૂછવા માગે છે. ખરેખરૂં કહેજે."

આટલું સાંભળતાં રૂકીયાનો કંઠ ખુલ્યો. તેણી ધુંધરો ચડાવી બોલી, "અરેરે! મને શું ખબર છે કે કહું? થાણા પોલીસની વાતમાં હું શું સમજું છું!"

દેવેન્દ્રવિજયે જોયું કે, તૈયાર કરેલો મશાલો વેરાઇ જતો જણાય છે ત્યારે તેણીને સમજાવીને કહેવા લાગ્યા, "અરે નહીં નહીં! આમાં થાણા પોલીસની વાત જેવું કંઇ છે નહીં. જે રાત્રે સુજાનબીબી ન્હાશી ગઇ તે રાત્રીની એકાદ બે વાતો તને પૂછવી છે. હું એ બૂમ-બખાડાવાળા પોલીસનો માણસ નથી. મુનશી જહીરૂદ્દીને મને બધો ભેદ લેવાને માટે કહ્યું છે. મારી ઇચ્છા સુજાનબીબીનો પત્તો મેળવવાની છે એટલા માટેજ કહું છું. તમારા જેવાં એકાદ બે માણસ મને મદદ નહીં કરે તો હું એકલો શું કરી શકીશ. હું મારા સ્વાર્થને ખાતર નથી પૂછતો, પરંતુ તમારા શેઠના કામને માટેજ પૂછું છું."

દેવેન્દ્રવિજયના આ ખુલાસાથી રૂકીયા મનમાં જરા ખુશી થઇ અને આંખનું મટકું મારી ગરદન વાંકી કરી હાથનો લ્હેકો કરતી બોલી, "આવા ધણી તો મેં કયાંઇ જોયા નથી દાદા! શેઠ બીબી સાહેબને જીવથી પણ વધારે ચાહતા હતા. જરી પણ નજરથી દુર કરતા નહતા અને—"

"સારૂં. એ તારા શેઠની વાત પછી કહેજે." દેવેન્દ્રવિજયે તેને અટકાવીને કહ્યું, "પહેલાં હું તારી શેઠાણીની વાત પૂછું છું તે કહે. તેમાં એક ખુનનો બનાવ ઢંકાયલો છે."

નાક લલાટપર અને આંખો કપાળપર ચઢાવી રૂકીયા બોલી "ખુન! હેં! કોનું ખુન થયું છે? બીબીસાહેબનું" આંખોમાં આંસુ લાવી લતીફને કહ્યું, "ના, ના! રૂકીયા! તારી બીબીસાહેબનું નહિં. મારૂં નશીબ ફૂટયું, મારી દીલજાનનું ખૂન થયું છે"

"ત્યારે તો સારૂં થયું. રૂકીયા બોલી, એવી કસબણો તો

કલકતામાં ઘણી મારી જાય છે તેને માટે શું ? મેં તો જાણ્યું કે મારી બીબીસાહેબનું હશે. "

"અરે થયું ! થયું ! હતીફન નારાજીથી બોલી. રહેવાદે તારી બીબીસાહેબની વાત ! મોટી બીબીવાળી નહીં જોઇ હોય ! કસબણને માથે પણ કલગી મુકે એવી તો તારી એ બીબી સાહેબ છે. એ કુતરી સુજાન મારી દિલજાન સાથે સરખામણી કરવાને પણ લાયક નથી. દિલજાન મનીરૂદ્દીનને પરણી નથી એ ખરૂં, પણ મનીર સીવાય બીજા કોઇનું મોડું તેણીએ જોયું નથી, અને તારી બીબી સાહેબને માટેતો હું શું કહું ? જો તેણી મનીરૂદ્દીનનું માથું ન પકવતે તો મારી દિલજાનનું ખુન શા માટે થાત ? "

રૂકીયા હવે સહન કરી શકી નહીં. તેણી ઉભી થતાં ગુસ્સાથી બોલી, " સારૂં બાઇ ! તમારી દિલજાન મોટી સતી છે. તેણી સાથે મારી બીબીસાહેબની બરાબરી નથી થઇ શકતી એ હવે હું સમજી ગઇ કે તમે મને અહીં શા માટે બોલાવી છે. તમારો મતલબ એવો છે કે ફેરવી ફેરવીને દિલજાનનો ખૂનનો બધો બોજો બીબીસાહેબ ઉપર નાંખવો પણ હું કાંઇ ઘોડીયાંમાં રમતું બાળક નથી, હું બધું સમજું છું. હું તમારા આ મામલામાં નથી. ને એ બાબતમાં કંઇ જાણતી પણ નથી. "

આટલું કહી રૂકીયા ઘરમાંથી બહાર નીકળવા લાગી દેવેન્દ્ર વિજયે જોયું કે તેણે પોતેજ ખુનની વાત કાઢી બધો ગોટાળો કરી દીધો છે. અહીં હવે છળ કપટ અને યુકિતથી કામ નીકળશે નહીં. આ પુરાણી ચુડેલની પાસે મારે ખરેખર કોન્સ્ટેબલ બનવું પડશે. તેણે તત્તજ ઉઠીને રૂકીયાનો છેડો પકડી જોરથી ખેંચતાં કહ્યું, " બેશરે લોંડી ! જે જાણતી હોય તે બધું કહી દે નહીં તો હમણાં પોલીસને સોંપી દઇશ. ઓળખતી નથી ? "

હવે તો રૂકીયા જમીનપર બેશી રોવા અને કરગરવા લાગી અને વારે વારે તેના મોઢામાંથી એજ અવાજ નીકળતો હતો કે. " અરે બાપરે બાપ ! નવ્વાબી થઇ ગઇ કે શું ?

ખરે બપોરે દયાળુ અંગ્રેજ બાહાદુરના અમલમાં અમો અબળા જાતી ઉપર આટલો જુલમ !" આવી રીતની ઘણી ઘણી વાતો રૂકીયા રહી રહીને બકવા લાગી.

પ્રકરણ ૬ ઠું.

દેવેન્દ્રવિજયની આતચબી.

દેવેન્દ્રવિજયે બહુ સમજાવી બાબાને રૂકીયાને જરા ઠંડી પાડી અને સમજાવ્યું કે તે એ બાબતની તપાસ કરે છે કે, કોઇ પણ રીતે ખૂનનો આરોપ તેના બીબીસાહેબ ઉપર ન આવી પડે, ત્યારે રૂકીયા જે કંઇ જાણતી હતી તે કહેવાને ખુશી થઇ. દેવેન્દ્રવિજય પણ ખીસ્સામાંથી નોટબુક કાઢીને તેણીની જુબાની લખવા બરાબર થઇ બેઠા.

"જે રાત્રે તારી શેઠાણી ન્હાસી ગઇ," દેવેન્દ્રવિજયે પૂછ્યું, "એ રાત્રીની બધી હકીકત તને યાદ છે?"

"શા માટે યાદ ન હોય!" રૂકીયા બોલી, "હજુ તો બે દિવસનીજ વાત છે."

આંગળી નચાવીને બોલવાનો રૂકીયાનો દેખાવ જોઇ, મોટી મુશ્કેલીથી દેવેન્દ્રવિજય હસવું રોકી શકયા. તેણે કહ્યું, "સારૂં. યાદ છે તો કહે, એ રાત્રીની શું શું હકીકત તું જાણે છે?"

રૂકીયા જરા વિચાર કરી હોઠને દબાવી બોલી, "તે દિવસે તો અમે રજબઅલીને ઘેર નોતરામાં ગયાં હતાં."

"કોણ કોણ ગયાં હતાં?"

"બે જણ ગયાં હતાં."

"એ બે કોણ?"

"એક બીબીસાહેબ અને બીજા જોહરબાઇ."

"ત્યાંથી એ બન્ને કયારે પાછી આવી ?"

"રાત્રીના સાડા દસ થયા હશે એ રાત્રે શેઠાણીનું માથું બહુજ ચડયું હતું."

"બીજું કંઇ ચડયું હતું ?"

"હા, ભૂત ચડેલું હતું." લતીફન વચ્ચે હસીને બોલી.

લતીફન તરફ જોઇ 'તું ચુપ રહે' કહી દેવેન્દ્રવિજયે રૂકીઆને પૂછયું, "માથાની વેદના બહુ હતી, ત્યારે તો તેણી ઘેર આવીને તરતજ સૂઇ ગઇ હશે ?"

"નહીં. કોઇ તેને મળવાને માટે આવેલ હતું" રૂકીયા બોલી, "એટલે તેને મળવા ચાલી ગઇ."

"એ કોણ હતું ?"

"તે હું નથી જાણતી."

"કોઇ સ્ત્રી હતી કે ?"

"હા, બીજું કોણ હોય ? અગીયાર વાગે રાત્રે મરદનું શું કામ ?"

"કેમ ?" વચ્ચે લતીફન બોલી ઉઠી, "તારી બીબી સાહેબને માટે અચરજની કંઇ વાત રહી છે ?"

"એ સ્ત્રીને તેં જોઇ હતી. તેણી કોણ હતી ?" દેવેન્દ્રે પૂછયું.

"હા દેખી તો હતી."

"રંગે કેવી હતી ? ઉમર કેટલીક હશે ?"

"ઘુંઘટથી ચહેરો ઢાંકેલો હતો એટલે રૂપરંગનું તો કયાંથી જાણું ? ઉમર પણ બરાબર કહી શકાય નહીં.

"કપડાં કેવાં પહેર્યાં હતાં"

આનો જવાબ રૂકીયા શું આપે છે એ સાંભળવાને માટે લતીફન કાન દઇ જોવા લાગી. રૂકીયા એ કહ્યું. "બધાં બહુ

રંગનાં રેશમી હતાં. એ કપડાં પર વેલબુટ્ટા ચમકી રહી હતી. એવી ઓઢણી—"

લતીફન હવે સાંભળી શકી નહીં. તેણી વચ્ચેજ આતુરતાથી બોલી ઉઠી, "બસ! બસ! થયું! એ મારી દિલજાનજ હતી?"

"વાહ! દિલજાન કયાંથી હોય!" રૂકીયા બોલી "દિલજાન બીબીજાનની હીંમત અમારાં બારણાં સુધી આવવાની થઇ શકે નહીં. એ કોઇ સારા ઘરની હશે. દીલજાન તો કદી હોયજ નહીં."

"એમ નથી. તેણી દિલજાનજ હતી." દેવેન્દ્રવિજયે કહ્યું, "તેણીનાં બધાં કપડાં બલ્યુ રેશમનનાં હતાં. દિલજાન શિવાય બીજું કોઇ નહતું"

"ના! ના! એમ બનેજ નહીં, કદી પણ તેણી દિલજાન હોય શકેજ નહીં." રૂકીયાએ ભાર દઈ જણાવ્યું.

"સારૂં ચાલો નહીં તો નહીં. એ વાત જવા દો. દેવેન્દ્રે કહ્યું.

"વાહ! જવા શા માટે દીએ!" રૂકીયા બોલી, "દિલજાન પણ હોય તો તેમાં શું! થોડું કાંઇ કરડી ખાવાનું છે?"

દેવેન્દ્રવિજયે જોયું કે રૂકીયા બીસ્તર બજારની ભઠીયારીઓ કરતાં ઉતરે એવી નથી. તેણીને નારાજ કરવાથી કામ બનશે નહીં, એમ સમજી બોલ્યા, "વારૂ જવાદો. એ દિલજાનજ હતી, તેમાં કંઇ જવાનું નથી. ત્યાર પછી તેં શું જોયું? તેણી ત્યાંથી કયારે ગઇ?"

"હવે તેણી કહી શા માટે કહો છો?" રૂકીયા બોલી. "ચોખ્ખું કહોને કે દિલજાન કયારે ગઇ?"

"ઠીક ચાલ કહે એ દિલજાન કયારે ગઇ?" દેવેન્દ્રવિજયે રૂકીયાના સ્વભાવથી અજબ થઇ પૂછયું, "એ તારી બાબીસાહેબ પાસે શા માટે આવી હતી?"

"એ હું શું જાણું ?" રૂકીયા બોલી, "મારે એવી વાતો સાથે શું કામ છે ?"

દેવેન્દ્ર વિજયે જોયું કે હવે રૂકીયા નાગણીની માફક જે પૃછું છું તેને કરડી ખાવા દોડે છે ત્યારે આખરે તેણે પૂછયું, "વારૂ તારે તેણી સાથે કાંઇ ન હોય તો નહીં, પણ એ બાબતમાં તું જે જાણુતી હો તે કહી જા."

"એ દિલજાનને તો શું સાહેબ ! પણ હું બહારનાં કોઇને વધુ ઓળખતી નથી." રૂકીયા બોલી, "મારી શેઠાણી તેણીને મળવા ગઇ અને જોહુરા પોતાના ઓરડામાં જઇને સૂઇ રહી. વખતે તેણીને મારૂં કંઇ કામ હોય એમ સમજી હું બેઠી રહી, પરંતુ મને કંઇ કામ બતાવ્યું નહીં. પેલી આવેલી એકાદ કલાક સુધી વાતચીત કરી ચાલી ગઇ."

"કોણ ચાલી ગઇ, દિલજાન ?"

"એ દિલજાન—બિલજાન તો હું નથી જાણતી." રૂકીયાએ કહ્યું. "પેલી બલ્યુ રેશમનાં કપડાંવાળી. પછી હું બીબી સાહેબના ઓરડા તરફ જઇને જોઉં છું તો તેણી બારણાં બંધ કરીને સુઇ ગઇ હતી. હું નીચે ગઇ અને થોડું કામ પડયું હતું તે કરી નાખી બારેક વાગતાના સુમારે ઉપર ગઇ અને જોયું તો બીબી સાહેબનાં કમાડ બંધ જોઇ હું મારી આરડીમાં નીરાંતે સુઇ ગઇ. ત્યાર પછી શું થયું તે નથી જાણતી. બીબી સાહેબ ક્યારે ઉઠીને ચાલી ગઇ તે તો તેણીજ જાણે ?"

"ત્યારે તારી શેઠાણી રાત્રીના બાર વાગ્યા સુધી તો ખાત્રીથી ઘરમાં હતી ?"

"હા બાર પહેલાં શી રીતે જાય ?" રૂકીયા બોલી, "એમ હોય તો તો પકડાય નહીં ? ચારે તરફ બધા નોકર ચાકર જાગતા હતા. જ્યારે બધા સુઇ ગયા ત્યારેજ ગઇ હશે. મને તો લાગે છે કે તેણી પાછલી રાતનાજ ન્હાસેલી હોવી જોઇએ."

"બાર વાગતા પહેલાં તેણીએ ઘર છોડયું નથી એમ તું બરાબર જાણે છે ?" દેવેન્દ્રે પુછયું.

" હું જુઠું બોલવાની નથી સાહેબ ! રૂકીયા બોલી મને તો જે હોય તે મોઢેજ કહેવાની આદત છે."

દેવેન્દ્રવિજય મનમાં વિચારવા લાગ્યા, " રૂકીયાના બોલવા પરથી તો એમ લાગે છે કે રાત્રે બાર વાગે મનીરના ઘરમાં મજીદને જે સ્ત્રી મળી તે સુજાનબીબીતો હોયજ નહીં. મજીદ ફાવે તેટલો ઇનકાર કરે પરંતુ તે દિલજાનજ હતી."

રૂકીયાએ કહ્યું. સાહેબ ! હું જે જાણુતી હતી તે કહી ચુકી હવે આપને વધારે કંઇ પુછવાનું છે ? "

" હા થોડું રહ્યું છે ? દેવેન્દ્રે કહ્યું તારી બીબીસાહેબ રૂપ રંગ અને મ્હેરે મ્હોરે કેવી હતી તે કહે ! "

" અરેરે ! ભલા માણસ ! તમે તે કેવા છો ! રૂકીયા બોલી, " પારકા ઘરની પરણેતરનાં રૂપ રંગ શા માટે પૂછો છો ! એ બધું..."

રૂકીયા હજી આગળ વધી કોણ જાણે શું સંભળાવત. પરંતુ તરતજ દેવેન્દ્રવિજયે દિલજાનની છબી કાઢી તેણીની આંખો સામે ધરી. તે જોતાંજ રૂકીયાનો અવાજ બદલાઇ ગયો. તેણી બોલી હ્યો ! સાહેબ તમે તો મારી બીબીસાહેબની છબી પણ લાવ્યા છો ! "

" હેં આ શું તારી બીબીસાહેબની છબી છે ! દેવેન્દ્રે અજાયબીથી પુછ્યું.

હા તેનીજ છે રૂકીયા છબી હાથમાં લઇ સારી રીતે જોયા પછી બોલી મને લાગે છે કે મુનશી સાહેબે તેણીનો પત્તો મેળવવાને માટે આપને આ છબી આપેલી હશે ?

અરે બેસ, બેસ ! આંધળી ! લતીફન બોલી, તને તો હવે ખરે બપોરે પણ ઓછું દેખાતું લાગે છે. આતો મારી દિલજાનની છબી છે.

હું શા માટે આંધળી હોઉં ! રૂકીયા ગુસ્સાથી બોલી આંધળી હોય કહેનાર. બાંદી કોણ જાણે છે કે તમારી દિલજાન કોણ છે ! આગ લાગો એ દિલજાનના મોઢાપર; આ છબી તેણી પાસે ક્યાંથી હોય ! આ તો મારી બીબી સાહેબની છે ? "

પણ લતીફન છોડવા વાળી ક્યાં છે ? તેણી ગુસ્સાથી ગણુ-ગણાટ કરતી બોલી, "અરેરે ! આગ પડે નહીં તારી બીબીના મોઢા પર ! આ છબીતો મારી દીલજાનનીજ છે."

તેની આ લીલા સાંભળી દેવેન્દ્રવિજય સ્તબ્ધ થઇ રહ્યા છે. તેની આંખો અનુક્રમે એક બીજી તરફ દોડે છે. તકરારમાં બન્ને એક એકને પહોંચી વળે તેવી છે. રંગ ઢંગ સારાં ન લાગવાથી દેવેન્દ્રવિજયે ફોટોગ્રાફ અને કાગળો ખીસ્સાને હવાલે કર્યા, અને બીજા હાથમાંથી બે રૂપીયા કાઢી રૂકીયાના હાથમાં મુકયા. હવે તો બળતી અગ્નીમાં પાણી રેડાયું. રૂકીયા તકરાર છોડીને ખુશીથી ઉછળી ઉઠી અને રૂપીયા છેડે બાંધતાં દેવેન્દ્ર વિજયનાં વખાણ કરવા લાગી.

દેવેન્દ્રવિજયે તેણીના બોલવા તરફ ધ્યાન આપ્યું નહીં. તેતો વીચારમાં જ પડયા હતા કે, "મામલો ધીરે ધીરે વધુ ગુંચવાતો જાય છે. સુજાન અને દિલજાનના ચહેરામાં આટલું મળતા પણું કાં છે ? જો મળતાપણુ ન હોય તો એકજ છબી જોઇને લતીફન અને રૂકીયા શા માટે બાઝી મરે ? જરૂર દિલ-જાનજ સુજાનને મળવા ગઇ હતી બન્ને વચ્ચે કંઇ સંબંધ હોય એમ જણાય છે. નામ પણ મળતાંજ આવે છે. જો બન્ને વચ્ચે સંબંધ જેવું કંઇ ન હોય તો દિલજાન વેશ્યા હોવાથી સુજાનને ઘેર જવાની હીંમત કરી શકે નહીં. હવે દિલજાન અથવા મીરજનની પહેલાંની ચાલ ચલગત જાણવાની ખાસ જ-રૂર છે. એ કામ માટે ખરીદપુર જઇ મુનશી મુજાહમ હુસેનને મળવું જોઇએ. વળી જેણે આ ફોટોગ્રાફ પાડેલા છે તેને પણ એક વખત મળી તેની પાસેથી પા... પ્રયોગ પુરતી માહીતી લેવાની જરૂર છે.

પ્રકરણ ૭ મું.

તીતુરામ.

દેવેન્દ્રવિજયને હવે ચેન ક્યાંથી પડે! તે તરતજ ખરીદપુર રવાના થયા. મુજાહમહુસેનને મળવા પહેલાં તેઓ ફોટોગ્રાફર કબીરૂદ્દીનને મળ્યા. ફોટાના પછવાડેજ તેનું નામ ઠેકાણું છાપેલું હોવાથી તેને શોધતાં વધુ વાર લાગી નહીં. કબીરૂદ્દીન પાસેથી દેવેન્દ્રવિજયે જે કંઇ જાણ્યું તેથી તેની અજાયબીમાં ઉમેરો થયો. કબીરૂદ્દીને કહ્યું કે આ બે છબીઓમાં એક મુનશી મુજાહમહુસેનની અને બીજી તેની પુત્રી સુજાનબીબીની છે. તે દિલજાન યા મિરજાનની કંઇ હકીકત જાણતો નથી. હવે તો દેવેન્દ્રવિજયનું ચીત્ત ચીન્તાના મહાસાગરમાં ગોથે ચડયું. તે વિચારવા લાગ્યા, "સુજાનબીબીનો ફોટોગ્રાફ દિલજાનની પેટીમાં કયાંથી આવ્યો? શું લતીફનનો ઇરાદો સુજાનનો ફોટો દિલજાન તરીકે સાબીત કરવાનો છે? જો એમ હોય તો તેમાં તેણીનો પણ કંઇ સ્વાર્થ હોવો જોઇએ, ત્યારે એ સ્વાર્થ શો? હવે મુનશી મુજાહમ હુસેનને મળીને જોવું જોઇએ કે, લતીફન પણ આ કેસમાં કેટલી સામેલ છે. દેવેન્દ્રવિજય વિચારમાં ને વિચારમાં ત્યાંથી ચાલતા થયા.

દેવેન્દ્રવિજયને લાગ્યું કે એકદમ મુજાહમ હુસેનને મળવું એ બરાબર નહીં થાય. પહેલાં બહારના લોકોથી જો કંઈ ભેદ મળે તો જાણી લેવો જોઇએ. મોહલ્લામાં જઇને જુએ છે તો મુસલમાનોની વસ્તી વધારે છે. દક્ષિણ ભાગમાં થોડાક હીન્દુ રહે છે એક નાના છાપરામાં એક બુઢો છોકરાં રમાડી રહ્યો છે દેવેન્દ્રવિજયે તેને પુછયું, "કેમ સાહેબ! તમે બતાવી શકશો કે અહીં મુજાહમ હુસેન ક્યાં રહે છે?

"હજુ તેનું ઘર દૂર છે." બુઢો બોલ્યો, "સીધા ગામ બહાર ચાલ્યા જાઓ ત્યાં તે ગંગાને કીનારે રહે છે. પણ આપનું નામ ?"

"મારૂં નામ શ્રી દેવેન્દ્રવિજય મિત્ર છે. તમારૂં નામ ?"

"મારૂં નામ તુતીરામ પરમાણીક."

"તમે શું કામ કરો છો ?"

"મારો જાતી રોજગાર." બુઢો બોલ્યો. "અમે જાતના હજામ છીએ હવે વૃધ્ધાવસ્થામાં આંખે ઓછું દેખાવાથી હું તો કંઇ નથી કરી શકતો. બધુ કામકાજ મારો દીકરોજ કરે છે."

"બરાબર છે, સપુતનું તો કામજ છે કે, બાપના બુઢાપામાં બધું કામકાજ સંભાળે." દેવેદ્રવિજયે કહ્યું.

"ત્યારે એને બે છોકરીઓ છે કે ?" દેવેન્દ્રવિજયે પુછ્યું.

"કોને મુજાહમહુસેનને ?" બુઢો બોલ્યો, "હા તેને એક સાથે જોડ છોકરીઓ થઇ છે, પરંતુ ભગવાને બહુજ સુંદર કન્યાઓ આપી છે. આવી દીકરીઓ બ્રાહ્મણ કાયસ્થના ઘરમાં પણ જોવામાં આવતી નથી. એકનું નામ મીરંજન અને બીજીનું નામ સુજાનબીબી છે. કેવી દેવાંગના જેવી સુંદર છે ?

"એ બન્ને છોકરીઓ હજુ બાપને ઘેરજ છે ?"

"નહીં સાહેબ !" હવે ગંભીર થઇ તુતીરામ બોલ્યો, તે તો હવે ઉમરે પહોંચી. મુનશીજી તો પાંચ વરસથી બીમાર છે એટલે છોકરીઓનાં લગ્ન અને ભલું બુરૂં કોણ જુએ ? મીરંજનની આંખો તો એક માણસ સાથે લાગી ગઇ. તેની સાથે ન્હાશી ગઇ ત્યારથી પતો નથી."

"એ માણસ કોણ હતો ? કંઇ નામ યાદ છે ?"

"નામ તો અમીરખાં કે ખમીરખાં એવું કંઇ હતું. બુઢો

બોલ્યો " શું કહું ભાઇ મુસલમાનોનાં વાંકાં ટેડાં નામ મને યાદ રહેતાં નથી. "

દેવેન્દ્રવિજયની ખાત્રી થઇ કે તેણે કાગળોપરથી જે અનુમાન કર્યું હતું તે ખરૂં છે. મનીરૂદ્દીનજ અમીરખાંના નામથી અહીં આવી મોરજનને નસાડી ગયો હતો. અને વામન વસ્તીમાં દિલજાન નામ આપી લતીફનને ઘેર રાખી હતી. દેવેન્દ્રવિજયે પુછયું, સારૂં ! જેણીનું નામ સુજાન છે તે ? "

" તેણીનું નશીબ સારૂં હતુ. " બુઢાએ કહ્યું, " તે એક સારા માણુસની સાથે પરણી ગઇ છે. હમણાં તેણી મુનશી જહોરૂદ્દીનની સ્ત્રી છે. જો કે મુનશીજીની ઉમર વધારે છે, પરંતુ તે બહુજ ભલા દિલના છે. બુઢા થયા તેથી શું થયું ? કંઇ મન થોડુંજ બુઢું થાય છે !

દેવેન્દ્રવિજયે જોયું કે, બુઢો જબરો મશ્કરો છે. પોતાને પણ ખાસ્સો જુવાન સમજે છે. તેણે પણ હસીને કહ્યું, " હા સાહેબ ! એક દિવસ બુઢાપો તો બધાને આવવાનો છે, મન જુવાન જોઇએ. "

દેવેન્દ્રવિજય તુતીરામને મળવાથી બહુજ ખુશી થયા. તેણે જાણી લીધું કે સુજાન અને દિલજાન બન્ને સગી બેહેનો છે. હવે મુજાહમહુસેનને મળવાથી બધા ગોટાળાનો અંત આવી જશે. એમ સમજી તે આગળ ચાલ્યા.

પ્રકરણ ૮ મું.

મુનશી મુજાહમહુસેન.

દેવેન્દ્રવિજય ગંગા કીનારે પહોંચ્યા ત્યારે સાંજ પડવા આવી હતી. જગત ફીકી રોશનીમાં ખુશનુમા લાગતું હતું. હવાનું જોર વધતું જતું હતું પશ્ચિમ તરફ આકાશમાં લાલી દેખાતી હતી. વાદળાંઓનાં ઝુંડનાં ઝુંડે હાથી ઘોડા, વાઘ, માણુસ વિગેરેનાં ધારણ કરેલા આકારો હવાની પડથી વીખરાઇ રહ્યા હતા.

પરંતુ દેવેન્દ્રવિજયની નજર એ કુદરતની અદ્દભૂત કારીગીરી તરફ નહતી. પોતાના કામની ચીન્તામાં સંધ્યાનો સોનેરી રંગ તે જોઇ શકતા નહતા. તે સીધા મુનશી સાહેબના મકાન પર પહોંચ્યા, બેઠકમાં જોયું તો મુઠી હાડકાં લઇ મુનશી સાહેબ પલંગ પર પડયા છે. તેના શરીર પર હાડ અને ચામ સીવાય બીજું કંઇ હતુંજ નહીં આંખ અને ચ્હેરા પર કાળી છવાઇ ગઇ છે. ગાલનાં હાડકાં નીકળી આવ્યાં છે. આંખોનું તેજ ઘટી ગયું છે. પરંતુ ચ્હેરો જોતાં એમ કહ્યા વગર રહી શકાતું નથી કે, આ મોઢું એક વખત ઘણું સુંદર હશે."

દેવેન્દ્રવિજયને જોતાંજ મુજાહમહુસેને કહ્યું, "આપ કયાંથી આવ્યા ? આપનું નામ શું ? કોને શોધો છો ?"

"એક બાબતને માટે મારે આપને મોઢું પુછવાનું છે." દેવેન્દ્રવિજયે કહ્યું.

"મને વધારે વાતો કરવાનો વખત નથી." મુજાહમ હુસેન બોલ્યા, "ડાકટરની સલાહ પ્રમાણે હું હમણાં એકલો શાન્તીથી રહું છું. આપ હમણાં અહીંથી જાવ તો મહેરબાની !"

"હું મારો જવાબ મેળવી ચાલ્યો જઇશ." દેવેન્દ્રવિજયે કહ્યું, "હું આપની પુત્રીઓની બાબતમાં એકાદ બે વાત પૂછવા માગું છું."

"મારે તો એકજ પુત્રી છે." બુઢો મુજાહદમહુસેન ગુસ્સાથી બોલ્યો, "આ તમે શું બકો છો?"

"હું બકતો નથી પણ બરાબર બોલું છું," દેવેન્દ્રે કહ્યું. "આપને બે પુત્રીઓ છે, જેમાંની એકનું નામ સુજાન છે, જે કાલીંગા બજારવાળા મુનશી જહીરૂદ્દીન સાથે પરણી છે, અને બીજીનું નામ મોરજાન છે."

"અરે! તું તો કોઇ જબરો બે અદબ દેખાય છે!" બુઢો દરદી વધુ ગરમ થઇ બોલ્યો, "એ બધી ઘરની વાતો સાથે તારે શું કામ છે?"

"મારૂં નામ દેવેન્દ્રવિજય છે." દેવેન્દ્ર પોતાની ઓળખ આપતાં કહ્યું, "હું ડિટેકટીવ પોલીસનો માણસ છું."

મુનશી સાહેબ સુતા હતા, તે ગભરાઇને બેઠા થયા અને બહુજ ગુસ્સામાં આવીને બોલ્યા, "હું સમજી ગયો કે કંઇપણ મતલબથી જહીરૂદ્દીને તમોને અહીં મોકલ્યા છે, પરંતુ આ કામ તેઓએ ડહાપણનું કર્યું નથી. ત્યાંની બધી ખબર મને મળી છે. મુનશી જહીરૂદ્દીનના વાંકથીજ મારી પુત્રીની આ દશા થઇ છે. જો તેઓ તેણી સાથે સારી રીતે વર્તતે તો કદી પણ આવો બનાવ બનવા પામતે નહીં. હું અહીં બિમાર પડયો છતાં પણ તેણે તેને એકવાર પણ મળવા આવવા દીધી નહીં. આમાં મારી દીકરી દોષીત નથી. દોષ તમામ તેનોજ છે."

"પણ જહીરૂદ્દીને મને મોકલ્યો નથી." દેવેન્દ્રે કહ્યું, "એક મુશ્કીલ મામલાની તપાસમાં હું મારી મેળેજ અહીં આવ્યો છું."

"શું મામલો છે?" મુનશીએ પૂછયું.

"આપની બીજી દીકરીનું ખુન થઇ ગયું છે" દેવેન્દ્રે જણાવ્યું.

આ સાંભળી મુજાહદમહુસેન એકદમ ચોંકયા. તેનો બધા-

ડેલો ચ્હેરો સુકાઇ ગયો. તે ધ્રુજતા અવાજે બોલ્યો, "યા ઇલાહી! આ શું થયું! મિરજાનનું ખૂન થઇ ગયું?"

"મીરજાન કોણ છે?" દેવેન્દ્રે પૂછયું.

"મારી દીકરી છે દીકરી!" કહી બુઢાએ બન્ને હાથે મોઢું ઢાંકી દીધું.

"હમણાં આપ કહી ગયા કે તમારે તો એકજ પુત્રી છે," દેવેન્દ્રે કહ્યું. "હું પણ એ વાતને ખરી માનતો હતો."

"નહીં મારે બે પુત્રીઓ હતી." બુઢો આંસુથી ભરેલી આંખો લુછતો બોલ્યો, "મેં આપને જુઠું કહ્યું હતું જેનું નામ મીરજાન છે, તે અમીરખાં નામના એક બદમાશની સોબતમાં ચાલી ગઇ છે. હવે મારામાં તેણીને શોધવાની તાકાત તો રહી નથી, એટલા માટે એ છોકરીનું નામ પણ લેતો ન હતો, પરંતુ તેમાં તેણીનો વધારે વાંક નહતો બે ઇમાન અમીરખાંએજ તેણીના સર્વસ્વનો નાશ કર્યો છે."

દેવેન્દ્રવિજયે જોયું કે બુઢાનો ગુસ્સો તાકત કરતાં વધી પડયો છે. હવે તેને જરા જોસ આપવાથી તેનું મન આપો-આપ ઉભરો લેશે પરંતુ કેવી રીતે તેના જખમપર ઘાવ મારવો તેનો વિચાર કરવા લાગ્યા. તેને વધુ વિચાર કરવો પડયો નહીં. તરતજ કહ્યું, "જુઓ મુનશી સાહેબ! આપ આબરૂદાર માણસ છો. આપના ઘરની વાત બહાર કાઢવી એ હું વાજબી સમજતો નથી, પરંતુ એક કેસમાં એવોજ બનાવ બની ગયો છે કે, આપને આ બધું પૂછવું પડે છે વળી એ બનાવ પણ એવો કે એક માણસના જીવ પર નોબત આવી છે. આપ જો આ કેસને સાંભળશો, તો મને ખાત્રી છે કે આપ મને જરૂર મદદ કરશો."

"કહો, હું સાંભળીશ." ગુસ્સાથી લાલ થયેલી આંખોએ દેવેન્દ્રવિજય સામું જોઇ બુઢો બોલ્યો, "આપને જે કહેવું હોય તે કહી નાખો. હું આપની પાસે કંઇ પણ છુપાવીશ નહીં."

દેવેન્દ્રવિજયે મેહદીબાગાનના ખૂનની અને સુજાનના ન્હાશી જવાની બધી વિગત કહી સંભળાવી. વળી એ ન્હાસી જવા

સાથે ખુનનો સંબંધ અને શંકાથી મજીદનું પકડાવું એ બધું કહી સંભળાવ્યું.

નીચી મુંડીએ બરાબર ધ્યાનથી બુઢા મુજાહમ્મહુસેને બધું સાંભળ્યું અને પછી થોડી વાર વિચાર કરી, હાથ સાથે હાથ મસળી નમૃતાથી કહ્યું, "એક દિવસ એવો હતો કે બધા મને જ જોતા હતા હવે એવો વખત આવ્યો છે કે જે લોકોને હું નીચે બેસારતો હતો તેની આગળ મારે નીચે બેસવું પડે છે. આપે જે કેસ સંભળાવ્યો તે પરથી લાગે છે કે, એક નિર્દોષ માણસનો જીવ સંકટમાં છે, તેને બચાવવાની તજવીજ કરવી એ સારા માણસનું કામ છે. હવે ખૂશીથી આપ મારી પાસેથી જે જાણવા માગતા હો તે પૂછો. હું મારી હરેક ગુપ્ત વાતો પણ આપને કહીશ.

"સારૂં." દેવેન્દ્રવિજયે કહ્યું. "હવે પહેલાં આપ એ બતાવો કે દિલજાન આપની પુત્રી છે?"

જવાબમાં-એક ચોપડીમાંથી બે ફોટોગ્રાફ કાઢી મુનશી મુજાહમહુસેને દેવેન્દ્રવિજય તરફ ફેંક્યા.

પ્રકરણ ૯ મું.

પૂર્વકથા.

"આ બેઉ દિલજાનનાજ ફોટોગ્રાફ છે." ફોટોને બરાબર જોયા પછી દેવેન્દ્રવિજયે કહ્યું.

"આવી ભૂલ બધાએ કરી છે અને હજુ પણ જેના જોવામાં આવશે તે કરશે." બુઢો ફીકું હસવા સાથે બોલ્યો, "જુઓ આ મીરજાનની છે, જેને તમે દિલજાન કહો છો, અને આ બીજી સુલતાનની છે." કહી બુઢાએ બન્ને છબીઓ જુદી જુદી ઓળખાવી દીધી.

દેવેન્દ્રવિજય બન્ને છબીઓ બારીક નજરથી જોવા લાગ્યા. રૂપરંગમાં બહુજ મળતાપણું જોઇને તેણે વિચાર્યું કે, બન્ને એકજ પોશાકમાં હોવાથી ઓળખવી મુશ્કેલ છે. એટલે સુધી કે આ બે છબીઓ જુદી જુદી પાડવાની કંઇ જરૂર ન હતી. હવેજ દેવેન્દ્રવિજય સમજ્યા કે, એકજ છબીને માટે રૂકીયા અને લતીફન લડી પડી હતી તેમાં કંઇ નવાઇ ન હતી.

" હું અહીં દશ વરસથી ગંગાકીનારે રહું છું. મુજાહીમ હુસેન કહેવા લાગ્યા, બન્ને છોકરીઓ મારી સાથેજ રહેતી હતી. તેની મા તો ઘણા વખત પહેલાં ગુજરી ગયેલી હોવાથી બન્નેને મેંજ ઉછેરી હતી, પણ છેવટ આ દશા થશે એમ કોણ જાણતું હતું ! લગભગ બે વરસ પહેલાં અમીરખાં નામનો એક યુવાન મારે ત્યાં ફારસી શીખવાને માટે આવતો હતો હું ઉઠીને બહાર જઇ શકતો ન હોવાથી તે હમેશાં મારે ત્યાંજ અભ્યાસ કરવા આવતો હતો. તે અહીં ઘર લઇને રહ્યો હતો. મેં મીરજાનની રીતભાતથી જોયું કે તે તેને બહુજ ચાહતી હતી. હવે જ્યારે મને ખબર પડી કે એ બદમાશ નીચ મતલબથીજ મારા ઘરમાં ઘુસ્યો છે ત્યારે મેં એ બેઇમાનને મારા ઘરમાં આવતો અટકાવ્યો, પરંતુ મારી દિકરી મીરજાનને તેણે મીઠી વાતોથી એટલી લોભાવી હતી કે, એક દિવસ આખર તેણી તેની સાથે કોણ જાણે કયાં ચાલી ગઇ. તેણીનો ફરી પતો લાગ્યો નહીં અને ત્યારથી હું તેણીને ભુલી જવાની કોશીશ કરવા લાગ્યો. છેવટે હું એવાજ નિર્ણય ઉપર આવ્યો હતો કે, મારે સુજાન નામની એકજ દિકરી છે, પરંતુ એ પણ આખર તેની બ્હેન માફક કલંકીત થઇ ગઇ. તો પણ એ બાબતમાં હું બધો કસુર જહીરૂદ્દીનનોજ સમજું છું. તે હંમેશાં તેણી તરફ શંકાની નજરે જોતા હતા. એકતો તેની ઉમર અને બીજી તરફ શંકાથી ભરેલું મન. આથી થયું એમ કે તે સુજાનના દિલમાં જગ્યા મેળવી શકયા નહીં. જે કંઇ મળી હતી તે પણ ગુમાવી બેઠા. આ દુનીયામાં હંમેશાં એવુંજ થાય છે. મને પણ એમજ લાગે છે કે એ રાત્રે મીરજાનજ સુજાનને સમજાવવા ગઇ હશે કે, જેવી રીતે

મનીરે તેની દુર્ગતી કરી છે, તેવીજ પોતાની બહેનની પણ કરશે. વળી એમ પણ બનવા જોગ છે કે, સુજાને તેણીની વાત સાંભળી ન હોય અને દિલજાન ત્યાંથી મનીરૂદ્દીનને ઘેર ગઇ હોય. જ્યારે મનીરૂદ્દીન ઘેર ન મળ્યો ત્યારે પાછી ફરી હશે અને એ વખતે તેણીનું ખૂન થયું હોય. આ તરફ સુજાન પણ તેની સાથે ખાડામાં પડી. એક સારા માણસનું ફરજંદ! મનીરે બાપનું નામ બદનામ કર્યું એ બહુ અજાયબીની વાત છે."

"આપના આ ખુલાસાથી દિલજાનના ખૂનનું છેરટ શું આવ્યું?" દેવેન્દ્રવિજયે કહ્યું.

"તમે દિલજાનનું નામ મારી આગળ ન લ્યો." બુઢાએ દુઃખી થઇ કહ્યું. "તેણીનું કોણે અને શામાટે ખૂન કર્યું તે હું શી રીતે જાણી શકું? આપ જે સમજો છો તેજ મારો પણ અભીપ્રાય છે. આમાં મજીદનો કંઇ વાંક લાગતો નથી. તે શામાટે તેણીનું ખૂન કરે? કોઇ એવું ખાસ કારણ તો નથી જણાતું!"

"જો કે મેં ઘણા ભેદ ઉકેલ્યા છે." દેવેન્દ્રવિજયે કહ્યું, પરંતુ તેમાં એક પણ બાબત એવી નથી આવી કે જે પરથી મજીદને ખૂની કહી શકાય. ખેઅર! હું આપની મીરજનની બાબતમાં એકાદ બે વાત પૂછવા ચાહું છું. તેણી અમીરખાં પહેલાં બીજા કોઇને ચાહતી હતી?"

"ના." નીચી મુંડીએ બુઢાએ જવાબ આપ્યો.

"મીરજનને કોઇ ચાહતું હતું?"

"ના."

"કોઈ નહીં?"

"ના, ના."

દેવેન્દ્રવિજયે જોયું કે મુજાહમહુસેન પાસેથી હવે કંઇ વધારે જાણવા જેવું રહ્યું નથી એટલે ત્યાંથી ઉઠી ઉભા થયા. અત્યાર સુધીના પરિણામે એજ જણાયું કે, સુજાન અને દિલજાન સગી બહેનો છે અને બન્ને એકજ માણસને ચાહે છે. સુજાનના નહાશી જવા સાથે દિલજાનના ખૂનને ઘાટો સંબંધ છે એ બાબ-

તમાં હવે તેને શંકા રહી નહીં. પરંતુ તે સંબંધ શું છે? દિલજાનનું ખૂન કોણે કર્યું? શા માટે કર્યું? તે સમજી શકાયું નહીં. એકવાર તેને એમ થયું કે ઇર્ષાની આગથી સુજાને પોતે તો બ્હેનનું ખૂન કરી રસ્તામાંનો કાંટો દૂર તો નહીં કર્યો હોય? પરંતુ એ શંકા પણ તેના મનમાં ઉતરી શકી નહીં. તેણે ધાર્યું હતું કે મુજાહમહુસેનને મળ્યા પછી, કેસ ઉપર કંઇ અજવાળું પડશે, પરંતુ આતો વધુ અંધારામાં ગુંચવાવું પડયું. દેવેન્દ્ર બાબુ સમજ્યા કે, મુળ સ્થાન ઉપર પ્હોંચવાને જે આધાર લઇએ છીએ તે જરા આગળ ચાલતાં તુટી જાય છે અને ફરી અંધારામાં નવો આધાર શોધવાનાં ફાંફાં મારવાં પડે છે. હવે તેણે એકવાર જહીરૂદ્દીનને મળવાનું વિચાર્યું. જો કે આવી બાબત માટે તેની પાસે જઇ તેના દુઃખી દીલને વધારે દુઃખી કરવાનું કામ દેવેન્દ્રવિજયને પસંદ નહતું, પરંતુ એક નિર્દોષને બચાવવા ખાતર તેણે આ નિશ્ચય કર્યો હતો, કારણ તેની તો ખાત્રી હતી કે મજીદખાં નિર્દોષ છે."

પ્રકરણ ૧૦ મું.

વકીલ હરીપ્રસાદ.

કેટલાંક તણખલાંઓ જેમ હાથમાં મસળવાથી સુગંધ આપે છે, તેમ મજીદખાંના પકડાવાથી લોકો તરતજ તેના ગુણ ગાવા લાગ્યાં. આવો પરોપકારી, દયાળુ અને બુદ્ધીશાળી મજીદ એવી એક કલંકીત કુલટાના ખૂનમાં સામેલ છે એ વાત કોઇ પણ કબુલ કરતું નહતું. જે વાત સાંભળતું તે કાનપર હાથ મુકતું હતું. કોઇ પણ સમજી શકતું નહિં કે, મજીદખાં દિલજાનનું ખૂન કરે શા માટે? બધાની લાગણી મજીદ તરફ દોરાઇને બધા તેને બચાવવાની તજવીજ કરવા લાગ્યા. બહુ વખતે એવું બને છે કે કોઇને આફતમાં પડેલો જોઇ, તેના દોસ્ત બિરાદરો તેને છોડી જાય છે, પરંતુ મજીદના દોસ્તો તેવા

નથી. તે બધા આજે મજીદને છોડાવવાને માટે કમર બાંધી તૈયાર થઇ રહ્યા છે.

એ વખતે વકીલાતમાં હરીપ્રસાદ વકીલનું સારૂં માન હતું. તે નમૃ સ્વભાવના મજીદને બહુજ ચાહતા હતા. મજીદના દુ:ખની વાત સાંભળી તેઓને બહુ ચીન્તા થઇ, અને જેમ બને તેમ તેને ફાંસીથી બચાવવાના ઉપાય શોધવા લાગ્યા.

હરીપ્રસાદ મનીરૂદ્દીનના પીતાના બચપણથીજ દોસ્ત હતા. મીત્રની જમીનદારીના બધા કેસ તેઓનેજ જોવા પડતા હતા. તે મનીર અને મજીદને નાનપણથીજ ઓળખતા આવ્યા હતા. મનીર જેટલો અભીમાની, બેવકુફ, નિર્દય અને તોછડો છે તેવોજ મજીદ, શાન્ત સમજણવાળો, દયાળુ અને ઉંચા સ્વભાવના છે, એ હરીપ્રસાદ સારી રીતે જાણતા હોવાથી તે હમેશાં મજીદને વધારે ચાહતા હતા. મનીરૂદ્દીનના બાપના મરવા પછી જમીનદારીના કેસને માટે તેઓ હમેશાં મજીદની સલાહ માટેજ જાય છે. તેમાં મનીરની કંઇ જરૂર તેને લાગતી નથી.

વળી જોહરાના પીતા સાથે પણ ચતુર અને બુદ્ધિમાન વકીલ હરીપ્રસાદને મીત્રતા હતી. એટલે તેના કેસો પણ મનીરના બાપની માફક તેની પાસેજ આવતા હતા. બન્ને જમીનદારોનાં કામ હાથમાં આવવાથી હરીપ્રસાદ વકીલની કમાણી પણ ઘણી વધી હતી, પરંતુ જોહરાની મીલકતના મેનેજર જયારે જહીરૂદ્દીન થયા ત્યારે હરીપ્રસાદને થોડું નુકશાન થયું. મુનશી જહીરૂદ્દીન જરા જ્ઞાતી અભીમાની હોવાથી તેણે પોતાના કેસ એક મુસલમાન વકીલના હાથમાં મુકવા માંડયા, તો પણ કોઇ અઘરો કેસ આવતો ત્યારે તો હરીપ્રસાદનુંજ નામ પોકારાતું હતું. હરીપ્રસાદ પણ કોઇ જાતના આગ્રહ વીના તરતજ હાજર થતા હતા. તેણે પૈસો બહુ મેળવ્યો હતો. જોકે ઘડપણમાં કામ કાજ બનતું નહતું, તોપણ જોહરા તરફ તે બહુ માયાથી જોતા હોવાથી તેનું કામ કરવું પડતું હતું. જોહરાને તેણે બચપણમાંથીજ ખોળામાં બેસાડી રમાડી હતી. પોતાને કંઇ સંતતી ન હોવાથી, પર જ્ઞાતીની છોકરી હોવા

છતાં પણ તે જોહરાને પુત્રી માફકજ ચાહતા હતા. જોહરાનો ભાવ પણ હરીપ્રસાદ તરફ પિતા સરખોજ હતો. જોહરા મજીદને ચાહે છે, પરંતુ તેના પાલક મુનશી જહીરૂદ્દીનની સંમતિ નહીં હોવાથીજ અત્યારસુધી જોહરા કુંવારી રહી છે. જોહરાને માટે તે તદ્દન લાયક છે એમ તે સમજતા હતા, પરંતુ તેણે એક ઉડતી ખબર એવી સાંભળી હતી કે, જોહરા મનીર સાથે લગ્ન કરવા માગે છે. વળી આજે જોહરાનું માણસ તેને બોલાવવા આવ્યું હતું. તે પરથી તેને લાગ્યું કે આ વાત ઉડાડનારા તદ્દન જુઠ્ઠા છે. હરીપ્રસાદ એક વકીલ છે! જોહરાના મનનો ઇરાદો જાણી જવામાં તેને વાર કેટલી? તે મનમાંજ બોલ્યા, જોહરા મજીદના પકડાવાથી ઉત્સુક થઇ ગઇ છે. તે બાબતની વાતચીત માટેજ તેણીએ મને બોલાવ્યો લાગે છે. તેણી તો એમજ સમજતી જણાય છે કે મજીદપરની આફત સાંભળ્યા છતાં હું બેફીકર થઇ બેઠો છું. ખેર! પણ તેણીને મળ્યા પહેલાં મારે એક વખત મજીદને મળવું જોઇએ. તે નિર્દોષ હોવા છતાં આ મામલામાં એવો જકડાઇ ગયો છે કે, તેને બચાવવો મુશ્કેલ છે. તેના ઉપર ત્રણ પુરાવા મજબુત છે. એ પુરાવાને લખી લેવા વાજબી સમજી હરીપ્રસાદ પોતાની નોટબુકમાં લખવા લાગ્યા.

૧—ખૂનની રાત્રે દિલજાનને છેલ્લી જીવતી જોનાર મજીદ છે.

૨—એ રાત્રે મેહદીમગાનમાં ત્યાંથી થોડે છેટે મુબારકે મજીદને પાછા ફરતાં જોયો છે. મજીદ એ વખતે ગભરાટમાં હતો.

૩—મજીદના ઘરમાંથી એક ઝેરી છરી મળી આવી છે. તેનાથી દિલજાનનું ખૂન થયું હોય એવો દરેક સંભવ છે.

આ ત્રણે મુદ્દા બહુજ જોરાવર છે. આ ત્રણ બાબતથી મજીદ ખૂની ઠરી શકે છે. આનો જવાબ મજીદ જે આપે છે તેમાં કંઇ જોર નથી, તોપણ હરીપ્રસાદે નોટબુકમાં ટાંકેલા મુદ્દાની પાછવાડે લખ્યું.

'૧ મજીદ કહે છે કે ખૂનની રાત્રે જે સ્ત્રી તેને મળી હતી તે દિલજાન ન હતી તેણીનું નામ તે કોઇપણ રીતે જાહેર કરવા માગતો નથી.

૨ ઘરના સ્થળથી થોડે દૂર મુબારક સાથે જે મુલાકાત થઇ હતી તે સંયોગથી થઇ હશે.

૩ જે રાત્રે દિલજાનનું ખુન થયું તે દીવસની સવારે દીલજાન મને મળી હતી. આ છરી મેં તેણી પાસેથી જબર દસ્તીથી આંચકી લીધી હતી.

હરીપ્રસાદે બહુ વિચાર કર્યો, પણ તેને લાગ્યું કે, મજીદ નો આ બચાવ ટકી શકે તેમ નથી. નિર્દોષ હોવા છતાં પણ થોડા કસુરને માટે તે માર્યો જશે. મજીદ શા માટે આમ કરે છે? એક વખત તેને મળીને તેનો વિચાર, ફેરવી શકાય તો સારૂં! મારે હવે જેમ બને તેમ તેના મનની અંદરખાનેની વાતો જાણવી જોઇએ. આવો વિચાર કરી હરીપ્રસાદ ઘરમાંથી બહાર નીકળ્યા.

પ્રકરણ ૧૧ મું.

ચુપકીદી.

હરીપ્રસાદે જેલની કોટડીમાં જઇને મજીદને બહુ સમજાવ્યો અને એમપણ જણાવી દીધું કે, બહુજ બારીક દોરથી બાંધેલી તલવાર તારા માથા ઉપર લટકી રહી છે.

“ જે કંઇ કહેવા જેવું હતું એ હું આપને જણાવી ચુકયો છું.” મજીદે કહ્યું, “છરીની બાબતમાં તમો પૂછો છો તો એ પણ હું આપની પાસે છુપાવીશ નહીં. બુધવારે બપોર પછી હું મનીરૂદ્દીનને ત્યાં ગયો હતો. દિલજાન ત્યાં મનીરને મળવા આવી હતી. મેં જોયું કે ગુસ્સાથી તેણીનો ચ્હેરો બદલાઇ ગયો છે મેં તેણીને ઘણું સમજાવી, પરંતુ તેણી કોઇ રીતે સમજી નહીં તેણી હાથમાંની છરી દેખાડતી બોલી, ‘પહેલાં મનીરનો જીવ લઇશ અને પછી સુજાનનું ખૂન કરીશ.’ તેણીની

આંખોમાં ખૂન વરસતું હતું. જ્યારે તેણી માની નહીં ત્યારે હું તેણીના હાથમાંની છરી આંચકવા ઉઠયો. તેણીએ છરી બારણા બાજુ ફેંકી હું ઉતાવળો તે તરફ ગયો અને ત્યાં મારો પગ છરીપર આવવાથી તે હાથામાંથી તુટી ગઇ. મેં તરતજ ખીસ્સામાં મુકી દીધી. એ વખતે અમારા બેમાંથી કોઇને ખબર નહતી કે છરી ઝેરી છે, જો દિલજાન જાણતી હોત તો જ્યારે મેં છરી ખુંચવી લેવાની તજવીજ કરી ત્યારેજ દીલજાન મને ચેતાવી દેત અને પોતે પણ સાવચેત રહેત. હું તેણીને રવાના કરીને ઘેર ચાલ્યો આવ્યો. ત્યાર પછી દિલજાન સાથે મારી મુલાકાત થઇ નથી. ઘેર આવી મેં છરી ખીસ્સામાંથી કાઢી ટેબલપર મુકી દીધી હતી. છબીની પછવાડે મેં નહીં પણ બીજા કોઇએ મૂકી હશે."

"ત્યારે એ રાત્રે અગીયાર વાગ્યા પછી મનીરૂદ્દીનના ઘરમાં તને જે સ્ત્રી મળી હતી તેણી કોણ હતી?" વકીલે પૂછયું.

"એ વાતનો ખુલાસો હું કોઇપણ રીતે કરી શકીશ નહીં." મજીદે માથું નીચું કરી કહ્યું, "જ્યાંસુધી એકવાર તેણીને ફરી મળી શકું નહીં ત્યાંસુધી એ વાત બહાર નહીં પાડવાનું મેં વચન આપ્યું છે. હું એ વચનને તોડવા માગતો નથી."

"ત્યારે તેણીને કયારે મળીશ?"

"હમણાં શી રીતે કહી શકું?" મજીદે કહ્યું. "હા, આ વખતે જો મનીરૂદ્દીન સાથે મુલાકાત થઇ જાય તો તેની સાથે વાતચીત કર્યા પછી હું તેણીનું નામ જાહેર કરી શકું."

"તારા બોલવા પરથી તો એમ જણાય છે કે, એ સ્ત્રી સુજાનબીબી હતી." હરીપ્રસાદ વકીલે કહ્યું.

"શી રીતે?" મજીદ બોલ્યો, "મેં તો એવું કંઇ કહ્યું નથી!"

"હા. ખુલ્લું જણાવ્યું નથી, પરંતુ કહેવાના ભાવાર્થમાં જણાય છે કે તે સુજાનબીબી હતી." હરીપ્રસાદે કહ્યું, "જો!

હવે મારી પાસે કંઈ છુપાવવું રહેવા દે. ખરૂં કહે, તે સુજાન-બાઈ હતી કે નહીં ? "

" માફ કરો. " મજીદ બોલ્યો; " હું આપના સવાલનો જવાબ આપી શકતો નથી. "

" સાંભળ દીકરા ! બહુ સમજાવવા છતાં પણ મજીદ એનો બે થયો નહીં ત્યારે આખરે હરીપ્રસાદે કહ્યું, જો તું મારી આફત નહીં સમજશે તો તારા જેવો બેવકુફ બીજો કોઈ નથી. જો ફરી પણ હું તને કહું છું કે મારી પાસે બધી ખરી હકીકત જાહેર કરીશ તો હું તને બચાવવાની કંઇ પણ તજવીજ કરી શકીશ. "

આ સવાલનો જવાબ પણ મજીદે કંઇ આપ્યો નહીં પણ ચુપચુપ બેશીજ રહ્યો.

પ્રકરણ ૧૨ મું.

ચુપકીદીનું કારણ.

હરીપ્રસાદ બહાર નીકળી ઘર તરફ ચાલ્યા. ઘેર આવતાં તેણે જોયું કે બારણાં પાસે ગાડી ઉભેલી છે. ગાડીને જોતાંજ હરીપ્રસાદે તે જોહરાની તરીકે ઓળખી કાઢી. તેઓને જવામાં વાર થવાથી જોહરા પોતેજ મળવા આવી હતી.

હજુ જોહરા ગાડીમાંજ બેઠેલી હતી. તેણીને સન્માન પુર્વક ઉતારીને હરીપ્રસાદ અંદર લઇ ગયા. ઉપરના ભાગમાં એક જુદી ઓરડીમાં જોહરાને બેસાડીને હરીપ્રસાદ તેણીની સાથે એક બીજી ખુરશી ઉપર ગોઠવાયા.

"હું હમણુંજ તારી પાસે આવતો હતો. વકીલ હરીપ્રસાદે કહ્યું, એક જરૂરી કામને લીધે એ વખતે તરતજ આવી શક્યો નહીં. હું હમણું મજીદની પાસેથી આવું છું મને ખાત્રી થઈ ગઈ છે કે એ બિચારો તદન નિર્દોષ છે."

"એ નિર્દોષ છે એતો હું પણ જાણું છું. જોહરા બોલી. તેને હાથે આવું કામ કદી પણ થાય નહીં પરંતુ તેની નિર્દોષતા સાબીત કેવી રીતે કરવી તેની સમજ પડતી નથી."

"મુશ્કેલી બધી ત્યાંજ છે. વકીલ હરીપ્રસાદે વિચાર કરતાં કહ્યું, "સંજોગ જોતાં મજીદને નીર્દોષ સાબીત કરવાનું કામ કઠણ છે. મને પણ તે પોતાનો ભેદ જણાવતો નથી. તે બધું છુપાવવા માગે છે."

"હેં! આપને પણ ખુલાસો નથી કર્યો?" જોહરા અજાયબીથી બોલી, "આવા સંકટ સમયમાં પણ તે આમ કાં કરે છે? આપને તેણે કઈ બાબત ન જણાવી?"

"બુધવારની રાત્રે મનીરને ઘેર જે સ્ત્રી તેને મળી હતી, તેણીનું નામ મેં જાણવા માગ્યું" હરીપ્રસાદે કહ્યું, "પરંતુ તેણે નામ આપવાની ચોખ્ખી નાજ પાડી. મને તો લાગે છે કે એ સ્ત્રી સુજાનબીબી સીવાય બીજી કોઈ હતી નહીં."

"સુજાનબીબી!" જોહરાની અજાયબીમાં વધારો થયો, "અરે! બાપરે! તેણી એટલી મોડી રાત્રે મનીરને ઘેર શામાટે જાય? આપની આ અટકળ બરાબર નથી લાગતી."

"મારી અટકળ બરાબરજ છે." હરીપ્રસાદે કહ્યું, "સુજાનબીબી છુપી રીતે મનીરને મળવા ગઈ, પરંતુ સંયોગથી ત્યાં મનીરને બદલે મજીદ મળ્યો હશે. મજીદ પાસેથી તેણીએ પોતાનું નામ જાહેર ન પાડવાનું વચન લીધું હશે. મને લાગે છે કે એટલા માટેજ તે તેણીનું નામ આપતો નથી. તે કહે છે કે જો મનીર સાથે મુલાકાત થઈ જાય તો પણ એ નામ બહાર લાવવામાં હરકત નથી, પરંતુ આ વખતે મનીરનો તો પતોજ કયાં છે?"

"આટલી આફતમાં ફસાવા પછી સુજાનબીબીનું નામ પ્રગટ કરવામાં તેને નુકશાન શું છે?" જોહરા બોલી, "આવી નજીવી બાબતને માટે તે પોતાની ઉપર દુ:ખનું વાદળ શામાટે ઘેરાવા દે છે? વળી તેણીનું નામ લેવાથી તેની આબરૂને નુકશાન જેવું તો કંઇ નથી. એ રાંડ પોતેજ પોતાનું કાળું મોહું કરી ગઇ છે, ત્યારે એવી નિર્લજને માટે તે આમ શામાટે કરે છે?"

"તેનું કારણ જુદુંજ છે." હરીપ્રસાદે કહ્યું "સુજાનબીબી મનીરૂદ્દીન સાથે ન્હાશી ગઇ છે, એ વાત સાંભળવા છતાં પણ, લોકોને તેની સચ્ચાઇમાં સંદેહ છે, એટલે જો મજીદ ખુલાસો કરે કે, બુધની રાત્રે સુજાન મનીરને ઘેર આવી હતી, ત્યારે બધા લોકોની ખાત્રી થઇ જાય કે તેણીને મનીરજ ઉઠાવી ગયો છે. મજીદ મનીરને બહુજ ચાહે છે, તેથી મનીરની આબરૂમાં ઘટાડો થાય એવી એક પણ વાત કાઢવા ઇચ્છતો નથી, અને તેટલા માટેજ તે એકવાર મનીરને મળવા માગે છે."

"પરંતુ મનીરનો તો કયાંઇ પતો નથી." જોહરા એક દીર્ઘ નિ:શ્વાસ નાખી બોલી, "ત્યારે હવે શું કરવું?"

"પંચાતીજ ત્યાં છે!" હરીપ્રસાદે કહ્યું, "બીજી તરફ મજીદ ઉપરના પુરાવા પણ જોરદાર છે."

"ત્યારે તેના બચાવનો કંઇ પણ ઉપાય નથી!" જોહરા આતુરતાથી બોલી ઉઠી, "તેઓએ પોતાના બચાવમાં આપને કંઇ નથી જણાવ્યું? પોતાને બચાવવાની ફીકર તેને બીલકુલ નથી?"

"એક બાબત એવી નીકળી છે કે જેનાથી મજીદના હકમાં ફાયદો થાય." હરીપ્રસાદે કહ્યું, "પરંતુ તેને સાબીત કરવાનું કામ મુશ્કેલ છે. મજીદ કહે છે કે તેના ઘરમાંથી જે છરી મળી આવી છે, તે તેણે મનીરના ઘરમાં દિલજાન પાસેથી ખુંચવી લીધી હતી. અને ઘેર જઇને ટેબલ પર રાખી હતી, પરંતુ છબીની પછવાડે કોણે રાખી તેની મજીદને ખબર નથી. તેનું માનવું એવું છે કે વખતે ઘરવાળીએ ઝાડુ કાઢતાં ત્યાં મુકી હશે."

"ત્યારે આપ એકવાર હમીદાને મળીને પૂછો," જોહરાએ કહ્યું! "અને જો કંઇ તજવીજ બને તો કરો."

"હા. હું તેણીને મળીશ," હરીપ્રસાદે કહ્યું, "પણ ત્યાંથી કંઇ કામ નીકળે એવી આશા મને નથી."

"નહીં, આપ નીરાશ ન થશો." જોહરા બોલી "વખતે તેણી પાસેથી પણ કંઇ જાણવાનું મળશે."

પ્રકરણ ૧૩ મું.

કારણ જાણવું કઠણ છે.

જોહરાને વિદાય કરીને હરીપ્રસાદ વકીલ મજીદને ઘેર ગયા. હમીદા ઘરમાંજ હતી. તેણીને પૂછયું, "મને મજીદના ઓરડામાં લઇ જા. એક જરૂરનું કામ છે."

બુઢી હમીદા હરીપ્રસાદને ઓળખતી હોવાથી સારો આવકાર આપી તેને મજીદના ઓરડામાં લઇ ગઇ. ત્યાં ચોકી ઉપર બેઠક લેતાં હરીપ્રસાદે પૂછયું, "હું તને એકાદ બે વાતો પૂછવાને માટે આવ્યો છું જે જાણતી હોય તે ખરૂંજ કહેજે."

"આપની પાસે જુઠું શા માટે બોલું સાહેબ!" હમીદા બોલી, "હુ જુઠું બોલવાવાળી નથી એમ બધા લોકોને ખબર છે."

"સારૂં. મજીદખાંનું ઘર કોણ વાળે ઝાડે છે?" વકીલે પૂછયું.

"મારા સીવાય બીજું કોણ વાળનાર છે?" હમીદા બોલી,

"વારૂ. તને યાદ છે કે. આ ટેબલ પરથી એક તુટેલા હાથાની છરી તને મળી હતી?"

હમીદા એક હાથની આંગલી દાંતમાં પકડી, બીજે હાથે

સાડીનો છેડો પકડી વીચાર કરતી બોલી. "હા. એક મળી હતી."

"કેટલા દિવસ થયા ?"

"બહુ દિવસ નથી થયા. હમણાંનીજ વાત છે." હમીદાએ કહ્યું, "કયો દિવસ તે તો યાદ નથી રહ્યું, પરંતુ એટલું યાદ છે કે તે દીવસ એ સાહેબે ઘરમાં આવતાંજ એ છરી ખીસ્સામાંથી કાઢીને ટેબલપર મુકી હતી. ત્યાર પછી તરતજ તેઓ હાથ મ્હોં ધોવાને નીચે ગયા અને ત્યાંથી ઉપર આવી કપડાં પહેરી રાંધવાની ના પાડીને ચાલ્યા ગયા. જતી વખતે તે કહી ગયા હતા કે આવવામાં જરી વાર થશે એટલે હોટલમાંજ ખાણું ખાઇ લઇશ. એટલું મને સારી રીતે યાદ છે"

"એ વખતે પણ છરી ટેબલ પરજ પડી હતી ?"

"હા. છરી તો ત્યાંજ પડી હતી. તેને મેં લઈને છબીની પછવાડે મુકી હતી. કેમ શું થયું છે ?"

"મજીદખાં રાત્રે પાછા ક્યારે આવ્યા હતા ?"

"લગભગ સવાર થવા આવ્યું હતું."

"તે વખતે તેનો મીજાજ કેવો હતો ?"

"ચહેરાપરથી તો સારો દેખાતો ન હતો." હમીદાએ કહ્યું, "તેઓ આવતાંની સાથેજ ઉપર ચાલ્યા ગયા હું સામેજ ઉભી હતી. પરંતુ મને પણ બોલાવી નહીં."

હમીદાની પાસેથી કંઇ વધુ ખબર મળી શકયા નહીં. હરીપ્રસાદ હવે ત્યાંથી નીકળી જોહરાને મળવા તેણીના મકાન તરફ ચાલ્યા.

હમીદા પાસેથી જે કંઇ જાણવામાં આવ્યું હતું તે જોહરાને કહી સંભળાવતાં હરીપ્રસાદે જણાવ્યું, "આપરથી તું સમજી શકશે કે મજીદના હકમાં આ વાત ઉપયોગી નીકળશે. હું હમીદા મારફતે એમ સાબીત કરીશ કે, એ છરીથી દિલજાનનું ખુન થયું નથી."

"એથી શું થશે ? જોહરા બોલી, સામા પક્ષવાળા કહેશે કે એ છરીથી નહીં. પણ બીજીજ છરીથી ખુન થયું છે.

" એથી તો મુકરદમો તદન લુલો થઈ જશે, હરીપ્રસાદે જણાવ્યું. હેવે-દ્રવિજયને તો એવીજ ખાત્રી છે કે એ છરીથી જ ખુન થયું છે, તેને કોઈ એવા મજબુત પુરાવા નથી મળ્યા કે જે પરથી મજીદનેજ ખુની ઠેરવી શકાય. ફકત ઘરમાંથી છરી મળી આવવાથીજ મજીદને પકડયો છે.

" ત્યારે હવે શું કરવું જોઇએ ? જોહરાએ પુછયું.

" જે કરવાનું છે તે હું કરૂં છુ. હરીપ્રસાદે કહ્યું, મુનશીજી ઘરમાં છે ?"

" હા છે" જોહરા બોલી "મુજાનના ન્હાશી જવા પછી તેઓ ઘરમાંથી બહાર નીકળતા નથી, તેમ કોઇને મળતા પણ નથી. એકલા ઉપરની બેઠકમાં બેશી રહે છે."

" મારે એકવાર તેને મળવું છે " હરીપ્રસાદે કહ્યું.

" શા માટે ? જોહરાએ અજબ થઇ પુછયું

" મુજાનબીબીની બાબતમાં એકાદ બે વાતો પુછવાની છે. હરીપ્રસાદે જણાવ્યું. " તેણી કયારે ઘરમાંથી નીકળી ગઇ અને તેણી ન્હાશી જવાના ખબર સોથી પહેલાં કોને—"

" એથી શું થશે ! જોહરા વચ્ચે બોલી. 'મને તો લાગે છે કે એ ખુલાસો તેઓ કરશે નહીં, પણ ઊલટા જો આપની ઉપર ગુસ્સે થાય તો પણ કંઇ નવાઇ નથી. આપ એમ જાણવા માગો છો કે મુજાન ઘરમાંથી નીકળ્યા પછી મનીરને ઘેર ગઇ હતી કે નહીં ! પરંતુ એથી આપણું શું વળે તેમ છે !

" તું હજી નાહાન છે ! " હરીપ્રસાદે કહ્યું, " તારી અક્કલ કાચી છે. શું વળશે અને શું નહીં એ હજુ તું સમજી શકે નહીં. એનાથી કેસ એટલો તો ચોખ્ખો થઇ જશે કે, મજીદને નિર્દોષ સાબિત કરવામાં આપણને વધારે મહેનત પડશે નહી

——:o:——

પ્રકરણ ૧૪ મું.

વકીલની કોશીશ.

જોહુરા હરીપ્રસાદ વકીલને મુનશી જહીરૂદીનના ઓરડામાં લઇ ગઇ. હુકો ગગડાવતાં ગગડાવતાં હાથમાં પકડેલી નળી સાથે જહીરૂદીને વકીલ તરફ જોતાં કહ્યું. "કેમ વકીલ સાહેબ! કેમ પધારવું થયું છે?"

"એક એવીજ જરૂર આવી પડી કે આપની પાસે આવ્યા સિવાય છુટકો નહતો," હરીપ્રસાદે કહ્યું, "મને લાગે છે કે આપના પણ સાંભળવામાં આવ્યું હશે કે, મજીદખાં દિલજાનનું ખૂન કરવાના વાંક માટે પકડાયો છે."

"ના! મેં તો કંઇ નથી સાંભળ્યું?" મુનશીએ અજબ થઇને કહ્યું.

"ડિટેક્ટીવ ઇન્સ્પેકટર દેવેન્દ્રવિજય તેની પછવાડે ખાઇ પીને લાગ્યો છે." હરીપ્રસાદે કહ્યું, "તેણે કેટલાક પૂરાવા મેળવ્યા છે. હવે આપણે મજીદને બચાવવો જોઇએ."

"ખૂનીને બચાવવાનું કામ કંઇ સહેલું તો નથી." જહીરૂદીને કહ્યું,

"મજીદ ખૂની નથી." હરીપ્રસાદે જણાવ્યું, "નિર્દોષ હોવા છતાં આ વખતે તેને દોષીત ઠરવું પડયું છે."

"ઓહ!" મુનશી જહીરૂદીન નિરાશ થઇ બોલ્યો, "ત્યારે તો હું જોઉં છું કે તમારા દિલમાં પણ તેને માટે અંધ શ્રદ્ધા છે!"

"ખાલી અંધ શ્રદ્ધાથીજ હું બોલું છું એમ નથી," વકીલે કહ્યું, "હું ખાત્રીથી જાણું છું કે તે નિર્દોષ છે, પરંતુ તેના

પર આટલી આફત આવ્યા છતાં તે પોતાના મનની વાત બહાર કાઢતો નથી. આપણે જો તેને નહીં બચાવીએ તો બિચારો નિર્દોષ માર્યો જશે "

"ત્યારે હું આપને શું મદદ કરી શકું તેમ છું?" જહીરૂદીને જાણુવા માગ્યું.

"ઘણી" હરીપ્રસાદે કહ્યું, "મને લાગે છે કે આપની સ્ત્રી આ ખુની મામલામાં સામેલ હતી."

"એમ કદી બને નહીં" મુનશી જહીરૂદ્દીન નારાજીથી મોઢું બગાડી બોલ્યા, "આપ વકીલ છો. આવી બેહુદી વાત ન કરો. હું આપને ચેતાવું છું કે સારા માણુસે સારા માણુસની ઇજ્જત બચાવીને વાત કરવી જોઇએ."

"શું કરૂં, ના ઇલાજે આપની કલંકીત સ્ત્રીની વાત મારે આપના પાસે કાઢવી પડે છે," હરીપ્રસાદે કહ્યું, "કારણકે તેમ કર્યા સીવાય એક નિર્દોષને બચાવવાનો બીજો કંઇ ઉપાય નથી. આપની સ્ત્રીએજ આ ખુન કર્યું છે એમ તો હું કહેતો નથી, પરંતુ મારી અટકલ એવી છે કે, ખુનની રાત્રે અગીયાર વાગ્યા પછી આપની સ્ત્રી મનીરના ઘરમાં મજીદને મલી હતી."

"મજીદ એમ કહે છે કે?"

"ના-મજીદતો કંઇ કહેવાજ માગતો નથી." હરીપ્રસાદે કહ્યું, "તેણે એકદમ પોતાનું મોઢું બંધ કરી દીધું છે. એક સ્ત્રી તેને મલી હતી ખરી પરંતુ કોણ હતી? એ હજુ સુધી જાહેર થયું નથી. હું સમજું છું કે તે આપની કલંકીત સ્ત્રી શીવાય બીજી કોઇ ન હતી. હવે મારૂં એ સમજવું કેટલે દરજ્જે સાચુ છે તેની તપાસને માટે આપની મદદની જરૂર છે. આપની સ્ત્રી ઘરમાંથી કયારે ગઇ એટલું જાણવાથી બધું બરાબર થઇ જશે"

"નહીં, એ આપ મારી પાસેથી શી રીતે જાણી શકશો?" જહીરૂદ્દીને કહ્યું, "જો હું એ જાણતો હતે તો આવો બનાવજ કયાંથી બનવા પામતે?"

"મારૂં એમ કહેવું નથી." હરીપ્રસાદે કહ્યું, "આપ એટ-

મુંજ જણાવો કે તેણીના ગયાના ખબર આપને ક્યારે પડયા, રાત્રીના બાર વાગ્યા પછી કે પહેલાં?"

"પાછલી રાતના."

"સારૂં. રાત્રીના બાર વાગે તેણી ઘરમાં હતી કે નહીં એ આપ જાણો છો?"

"આ સવાલનો જવાબ હું બરોબર આપી શકતો નથી. જહીરૂદીનને કહ્યું હું કંઇ કામને માટે બહાર ગયો હતો; ત્યાંથી અગીયાર વાગ્યા પછી પાછો ફર્યો તે વખતે ઘરમાં બધાં સુઇ ગયાં હતાં. હું મારા ઓરડા તરફ સુવા માટે ગયો, પરંતુ જોયું તો બારણાં અંદરથી બંધ કરેલાં હતાં. કેટલાક અવાજ કરવા છતાં પણ જ્યારે સ્ત્રીએ જવાબ ન આપ્યો ત્યારે હું થાકીને બેઠકમાં સુઇ રહ્યો. પછી પાછલી રાત્રે ઉઠીને મેં આ બનાવ સાંભળ્યો.

હરીપ્રસાદ કંઇ કહેતા હતા કે નોકરે આવી જહીરૂદીનના હાથમાં એક વીઝીટીંગ કાર્ડ મુકયો તેણે કાર્ડ જોઇને હરીપ્રસાદ ના હાથમાં આપતાં કહ્યું, હયો આપના દેવેન્દ્રવિજય પણ આવી પહોંચ્યા. હવે તમને જે ખબર જોઇતા હોય તે તેની પાસેથી લઇ લ્યો. એ પણ બરાબર વખતેજ આવી પહોંચ્યા છે." અહીં તેણે નોકર તરફ જોઇ ઉમેર્યું, મોકલ અહીં."

"જુઓ! દેવેન્દ્રવિજય કંઇ જેવો તેવો માણસ નથી." નોકરના જવા પછી હરીપ્રસાદે કહ્યું "તે અહીં કંઇ ઉંડી મતલબથીજ આવ્યો હશે, પરંતું હું તેનો મતલબ સમજું છું. તે તો મજીદને પકડી લીધો છે અને હવે તેને ખુની સાબીત કરવાને માટે પુરાવા શોધતો ફરે છે."

એટલામાં ધીરે ધીરે દેવેન્દ્રવિજય ઓરડામાં આવી પહોંચ્યા. સાહેબ સલામ થયા પછી તેને બેઠક મળી.

પ્રકરણ ૧૫ મું.

સંદેહમાં વધારો

એઠક લેતાંજ દેવેન્દ્રવિજયે વકીલ હરીપ્રસાદને પુછ્યું 'કહો વકીલ સાહેબ ! તબીયત તો સારી કે ? ઘણા દિવસથી તમોને જોયા ન હતા. અહીં ક્યાંથી ! મને લાગે છે કે આપ ણે બન્ને એકજ મતલબથી આવ્યા છીએ ?

નહીં. મતલબ એક બીજાથી ઉલટી છે હરીપ્રસાદે કહ્યું, આપ મજીદને ફાંસીને લાકડે લટકાવવા માગો છો, જ્યારે હું એ બિચારા નિર્દોષનો જીવ બચાવવાની તજવીજમાં છું."

"હરીપ્રસાદ ! અહીં આપ મોટી ભૂલ કરો છો." દેવેન્દ્રવિજયે કહ્યું, "હું પણ એ નિર્દોષનો જીવ બચાવવાની તજવીજ કરૂં છુ."

"તમે શું તેને બચાવવા માગો છો ?" જોહરા અજાયબીથી બોલી ઉઠી.

"જી હા. એ બાબતમાં તમારે કોઇને અજબ થવા જેવું નથી." દેવેન્દ્રવિજયે કહ્યુ, "મારી પણ ખાત્રી છે કે મજીદખાં નિર્દોષ છે."

"ત્યારે આપે તેને પકડયો શામાટે ?" હરીપ્રસાદે પુછ્યું.

"તેના વિરૂદ્ધ એટલાં પ્રમાણો મળી આવ્યાં કે પકડયા વિના રહી શકાયું નહીં," હરીપ્રસાદે કહ્યું, "પરંતુ હવે મારી સંપૂર્ણ ખાત્રી થઇ ચૂકી છે કે ખરી રીતે મજીદખાં ખૂની નથી."

દેવેન્દ્રવિજયની બોલવાની રીતભાત જોઇને વકીલ તેમજ જોહરાની ખાત્રી થઇ ગઇ કે દેવેન્દ્રવિજય ખરૂંજ કહે છે, ત્યારે હરીપ્રસાદે કહ્યું, "ત્યારે તો તમે પણ અમારી તરફેણમાં છો."

"હવે હું આપની તરફેણમાં હોઉં યા આપ મારી તરફેણમાં રહો, બન્ને એકજ છે." દેવેન્દ્રવિજયે કહ્યું, "મજીદને

નિર્દોષ સાબીત કરવો એ આપણું કામ છે. એ કામ કરવાથીજ અસલ ખૂનીને પકડવાનું સહેલું થઇ પડશે."

"બસ! બસ! હું સમજી ગયો." જહીરૂદ્દીન નાખૂશ થઇ બોલ્યા, "તમે લોકો મજીદખાંને બચાવવા માગો છો ખુદા આપ લોકોને વાજબી અક્કલ આપે! પરંતુ દેવેન્દ્રવિજય! આપ શામ ટે મને મળવા આવ્યા હતા તે કહો?"

"તે હું હમણાંજ કહું છું." દેવેન્દ્રે કહ્યું, "મતલબની વાત હું ભુલું તેવો નથી, પરંતુ વચ્ચે જે વાત નીકળી તેને પૂરી કરીને બીજી છેડવી બરાબર કહેવાય, હું આપની સ્ત્રીની એકાદ બે વાત પુછવા માગું છું? મને આશા છે કે આપ માફ કરશો."

વકીલ અને જોહુરા બન્ને અજાયબીથી દેવેન્દ્રવિજય સામું જોવા લાગ્યાં, તેઓની ખાત્રી થઇ ગઇ કે દેવેન્દ્રવિજય જુઠું નથી કહેતા જે મતલબથી તેઓ આવ્યાં છે એજ મતલબથી દેવેન્દ્ર વિજય પણ આવેલા છે.

"આપની સ્ત્રી એ રાત્રે બાર વાગ્યા પહેલાં મનીરૂદ્દીનને ઘેર ગઇ હતી?" દેવેન્દ્રવિજયે પૂછયું.

"એ વાત આપને કોણે કહી?" મુનશીએ સામો સવાલ કર્યો.

"કોઇએ કહી નથી. હુંજ પૂછુંછું" દેવેન્દ્રે કહ્યું.

"હું એ કંઇ જાણતો નથી" કહી મુનશી જહીરૂદ્દીન જે કંઇ જાણતા હતા તે દેવેન્દ્રવિજય પાસે કહી ગયા. એજ હકીકત તેણે પહેલાં હરીપ્રસાદ પાસે જાહેર કરેલી હોવાથી અહીં અમે બેસાડવા માગતા નથી.

"ત્યારે એ રાત્રે તમે અગીયાર વાગ્યા પછી ઘેર આવ્યા ત્યાર પછી બીલકુલ બહાર નીકળ્યાજ નથી?" દેવેન્દ્રવિજયે પોતાની તેજ આંખો જહીરૂદ્દીનના ચ્હેરા સામે રાખી જરા ઉંચા અવાજે પૂછયું.

"નહીં!" તેના આ દેખાવથી જરા દબાઇ જઇને જહીરૂદ્દીન બોલ્યા.

"સારૂં! આપને શું લાગે છે વકીલ સાહેબ!" દેવેન્દ્રવિજયે હરીપ્રસાદ સામું જોઇને કહ્યું, "જે આ મનીરને ઘેર રાત્રે મજીદને મળી હતી તેણી કોણ હતી? તે મુનશીજીની સ્ત્રી તો ન્હોતીજ. કારણ તેણી બાર વાગ્યા પહેલાં તો ઘરમાં હતી. મને લાગે છે તેમ એ સ્ત્રી દીલજાનજ હતી."

"આપે એ શી રીતે જાણ્યું?"

"રૂકીયાના કહેવા પરથી." દેવેન્દ્રવિજયે જવાબ આપ્યો.

"હા. એ તો અમોને પણ એમજ કહેતી હતી." જોહરા બોલી, "ત્યારે–" અહીં જોહરા બોલતી અટકી બધાના ચ્હેરા જોવા લાગી.

"ત્યારે એ સ્ત્રી કોણ હતી તેનો ખરો પત્તો શી રીતે લાગે?" દેવેન્દ્રવિજયે કહ્યું. "જ્યારે મજીદ પોતે કંઇ જણાવતો નથી ત્યારે આપણે કંઇ તજવીજ કરવી પડશે. પહેલાં આપણે મુનશી સાહેબની ન્હાસેલી સ્ત્રીનો પત્તો મેળવવો જોઇએ. તેણીને મળવાથી આ ખૂનના ભેદનો મોટો ભાગ અજવાળામાં આવી જશે.

"તેણી દિલજાનના ખુનની બાબતમાં શું જાણે? "જહીરૂદ્દીને કહ્યું.

"વધારે નહીં તો બ્હેનના ખૂનની હકીકત થોડી ઘણી તો જાણતી હશે, દેવેન્દ્રવિજયે કહ્યું"

"હેં! બ્હેન શીરીતે?" બધાએ અજાયબીથી પુછ્યું.

"કોણ તેણીની બ્હેન છે?" મુનશી જહીરૂદ્દીને જાણવા માગ્યું.

"દિલજાન! જેણી મહેદીઆગાનમાં મરી ગઇ તે." દેવેન્દ્રે કહ્યું.

"તમે દિવાના છો કે શું?" જહીરૂદ્દીન ગુસ્સાથી બોલ્યા તમે જાણો છો મારી સ્ત્રી કોણ છે?"

"હા, હું બરોબર જાણું છું" દેવેન્દ્રવિજયે કહ્યું. "ખરી કપુરના મુનશી મુબારકમહુસેનની દિકરી છે. તેને બે છોકરીઓ

એક સાથેજ પેદા થઇ હતી. તે પૈકીની એક મીરજાન મની-રૂદ્દીન સાથે ઘરમાંથી ન્હાશી ગઇ તેણીનું નામ દિલજાન છે. બીજીનું નામ સુજાન જેણી સાથે આપનાં લગ્ન થયાં હતાં."

"એવું કદી બને નહીં. જહીરૂદ્દીન મોઢું ફેરવી ધિઃકારથી બોલ્યા, મારી સ્ત્રી સુજાનને એક જોડીયા બ્હેન હતી એ મેં પણ સાંભળ્યું હતું પરંતુ તેણીતો અમારાં લગ્ન પહેલાંજ મરી ગઇ હતી"

"એ બરાબર છે." દેવેન્દ્રે કહ્યું, મીરજાનના નામથી તો તેણી મરી ગઇ હતી, પરંતુ દિલજાનના નામથી જીવતી હતી. હવે તેણી તદ્દન મારી ગઇ છે, પરંતુ સુજાનનું ભાગવું અને દિલજાનનું માર્યું જવું બન્ને એકજ રાતમા બનવાથી જરૂર સુજાન એમાં કોઇ પણ રીતે સામેલ છે."

હરીપ્રસાદે જોયું કે હવે એક નવુંજ ગુહ્ય ખીલ્યું છે ત્યારે સંદેહની દ્રષ્ટિથી દેવેન્દ્રવિજય તરફ જોઇને કહ્યું "પરતુ સુજાનનું ખુન કરવા શા માટે જાય? તેમાં તેણીને શો ફાયદો છે?

"વકીલાત અને જાસુસી બન્ને એક ચીજતો નથી સાહેબ! દેવેન્દ્રવિજયે હસીને કહ્યું

ત્યારે આપ સુજાનબીબીનેજ ખુની સમજો છો? જહીરૂદ્દીને કહ્યું તેમ કરવામાં તેણીનો શું સ્વાર્થ છે?"

"હજીસુધી તમે લોકો નથી સમજયા કે એમ કરવામાં તેણીનો શો સ્વાર્થ છે?' દેવેન્દ્રવિજયે કહ્યું. "બન્ને બ્હેનો એકજ માણસને ચાહે છે અને એવી હાલતમાં એક બીજાનું ખુન શામાટે નહીં કરે એ જાણવું કંઇ અઘરૂં નથી."

"સુજાનની ચાલ ચલણ સારી ન હોય, તો પણ મને એ વાત પર વિશ્વાસ નથી બેસતો કે સ્ત્રી એકદમ આવું કામ કરવાની હીંમત કરી શકે!" જહીરૂદ્દીને કહ્યું.

"પુરૂષો કરતાં સ્ત્રીઓની હીમ્મત વધારે હોય છે" દેવેન્દ્ર વિજયે જણાવ્યું. "અને જયારે પ્રેમ અને મહોબતની અદેખાઇમાં બળી મરે છે ત્યારે તો બધું કરી શકે છે, ખૂન તો એક સાધારણ વાત છે."

એટલામાં નોકરે આવી જહીરૂદ્દીનના હાથમાં એક ચીઠ્ઠી આપી. તેઓએ તરતજ ખોલીને વાંચ્યા પછી કહ્યું, "આ જુઓ હવે બધી હકીકત જાહેર થઇ ગઇ."

"કેમ શું થયું?" દેવેન્દ્રવિજયે પૂછ્યું.

"થાય શું?" સુકા અવાજે જહીરૂદ્દીન બોલ્યા, "સેતાન અને સેતાની બન્ને ફરીદપુરના બગીચામાં છુપાઇને મજાહ ઉડાવે છે."

"કોણ? બીબીસાહેબ! અને મનીરૂદ્દીન?" જોહરાએ આતુરતાથી પૂછ્યું.

"હા." મુનશી જહીરૂદ્દીન બોલ્યા, "મેં જેને તેની શોધમાં મોકલ્યો હતો તેણે પત્તો મેળવીને આ ચીઠ્ઠી લખી છે!"

"સારૂં થયું!" દેવેન્દ્રે કહ્યું, "ત્યારે તો ત્યાં જવાથી બધી હકીકત મળી આવશે. આપ આવશો કે?"

"આ વખતે હું નક્કી કહી શકતો નથી." જહીરૂદ્દીને કહ્યું, "કાલે જો બનશે તો જોઇ લઇશ."

"સારૂં કાલે આપણે ત્રણે જણ ત્યાં જઇએ" દેવેન્દ્રે કહ્યું, "આપને એકવાર ત્યાં જવાની જરૂર છે."

"હવે કાલની વાત કાલે." મુનશી જહીરૂદ્દીને આવતી કાલનો વાયદો કરી ટુંકું પતાવ્યું.

ચોથો ભાગ.

પ્રકરણ ૧ લું.

જોહરા માટે મજીદનો નવો હરીફ.

મજીદના પકડાવાથી તેના દોસ્ત-બિરાદરોમાં મુબારક સૌથી વધારે ગમગીન દેખાતો હતો, મજીદના જેલમાં જવાથી તેને જે દુઃખ અને ચીન્તા થતાં હતાં એ બધા લોકો સમજતાં હતાં. મુબારકના એકજ બોલથી મજીદખાં પકડાયો છે એમ બધા જાણુતા હતા. જ્યાં હજારો ખુની, ચોર અને બદમાશોના પગ ફરી ગયા છે ત્યાં બીચારો મજીદ એટલા માટેજ કેદ છે કે, ખૂનની રાત્રે તે મેહફીલગાનમાં મુબારકને મળ્યો હતો. મુબારકે પોતાની જુબાનીમાં એ વાતને જણાવી ન હતે તો ગરીબ બીચારા મજીદની ખૂનનાં વાંક માટે આ સ્થીતી થતે નહીં.

આજે બપોરને વખતે કાલીંગા બજારવાલા રજાબઅલીની બહારની બેઠકની ઓશરીમાં બેશી સુજાયતઅલી અને મુબારક એજ વાત કરતા હતા. સાથે ઉપરા સાપરી ગ્લાસ પણ ખાલી થતા હતા. બચપણમાં બન્ને એકજ કલાસના દોસ્તો આજે એકજ ગ્લાસના દોસ્તો થઇ રહ્યા છે. બચપણનો ક જુવાનીમાં ગ માં બદલાઇ ગયો છે.

“બીજું શું ધાર !” મુબારક બોલ્યો, “મારીજ ભૂલથી આમ થયું છે ! કોને ખબર હતી કે આમ બનશે ? નહીં તો તાકાત કોની છે કે, મારા મોઢામાંથી એક વાત પણ કઢાવી શકે ? પરંતુ ભાઇ ! દેવેન્દ્રવિજય બહુ ચાલાક માણુસ છે. એ

વખતે મને જરા પણ ખબર પડી નહીં કે, હું સારૂં બોલું છું કે ખરાબ ? એ બહુજ ખરાબ માણસ છે. તે દિવસે તેણે મારા કુતરાને પણ મારી નાખ્યો."

"પણ હમણાં તો સંભળાય છે કે એ ફરીથી દિલજાનનું ખૂન થયું નથી એમ દેવેન્દ્રવિજય સાબીત કરવા માગે છે." સુજાયતે કહ્યું. વળી મજીદ ખૂની છે એમ મારૂં અંતઃકરણ પણ કબુલ કરતું નથી."

"કબૂલ કેમ કરાય યાર !" મુબારક બોલ્યો, "મજીદને જે લોકો ઓળખે છે તે તો એ વાતપર ભરોસો કરશે નહીં, વળી એ પણ એક વિચારવા જેવી વાત છે કે મજીદ દિલજાનને શા માટે મારે ? તેને શી જરૂર ! કંઇ કારણ તો હોવું જોઇએ ના ! મજીદ અને દિલજાનને તો કંઇ સંબંધ હતો નહીં. દેવેન્દ્રવિજયે પાકા ડીટેક્ટીવ હોવા છતાં પણ આ કેશમાં મોટી ભૂલ ખાધી છે. ફક્ત એક છરીનાજ આધારથી એક ભલા માણસને ઘસડવો એ સારૂં કહેવાય નહીં. મજીદને દિલજાનનું ખૂન કરવાની શી જરૂર છે ? વખતે મનીરૂદ્દીન—" અહીં બોલતાં બોલતાં મુબારક અટકી ગયો.

"મનીર પણ બચી શકશે નહીં." સુજાયતે કહ્યું, "મને તો લાગે છે કે છેવટે બધી આફત તેના ઉપરજ આવશે. જ્યારે દેવેન્દ્રે આ કેસ હાથમાં લીધો છે ત્યારે તેનો છેડો લાવ્યા વીના છોડશે નહીં. બીજી તરફથી એમ પણ સંભળાય છે કે, મનીરનો પણ પત્તો લાગ્યો છે. તેને મળવાને માટે મુનશી જહીરૂદ્દીન, દેવેન્દ્રવિજય, અને વકીલ હરીપ્રસાદ આજે રવાના થયા છે."

"અરે ! મેં તો એ કંઇ નથી સાંભળ્યું !" સુજાયતનું બોલવું સાંભળી મુબારક ચોંકયો અને આંખો ફાડી અજાયબીથી બોલ્યો, "ત્યારે તો સુજાનબીબીનો પણ પત્તો લાગ્યો હશે."

"હા !" સુજાયતે કહ્યું, "ત્યાં સુજાનબીબી પણ છે."

"કયાં ? કયા ગામમાં ?" મુબારકે પૂછ્યું.

"ફરીદપુરમાં !" સુજાયતે કહ્યું, "ત્યાં મનીરૂદ્દીનનો બગીચાવાળો બંગલો છે તેમાં બન્ને ચમન ઉડાવે છે. હવે બધી આફત તેઓપર જઇ પડી છે."

"આફત શું ! ખરૂં પૂછાવો તો મનીર બધી તરફથી બદનામ થઇ ચુકયો" મુબારકે કહ્યું, "આ તરફ જોહરાના લગ્ન તેની સાથે નક્કી થયાં હતાં, તે હવે થાય તેવું લાગતું નથી. જોહરાએ પહેલાં ઇચ્છા બતાવી હોય તો પણ હવે તેણી કબુલ કરશે નહીં. મનીર પણ કેટલો મૂર્ખ કે કાચના લોભમાં હીરો છોડીને ભાગી ગયો."

"એ રત્ન તો યાર મજીદનાજ નશીબમાં છે." સુજાયતે કહ્યું, "અગર જો આ બદનામી ન થાત તોપણ જોહરા મનીરૂદીનને ચાહવા વાળી નહોતીજ. મુનશી સાહેબે તેને માટે ઘણા હાથ પગ પછડયા હતા, અને જોહરાએ જરા જેટલી પણ હા પાડી હોત તો આજે તો કયારનાએ લગ્ન થઇ ચુકયાં હોત. પરંતુ યાર ! જોહરા કંઇ જેવી તેવી છે કે બીજાનું બોલવું સાંભળે ! તેણી પોતે કેળવાયેલી છે. પોતાનું હિત અહિત સમજી શકે તેવી છે. એ રત્ન તો મજીદનેજ નસીબ થવાનું."

"મને તો યાર એમ બને એવું પણ લાગતું નથી." મુબારકે કહ્યુ, "મજીદ ભલે છૂટી જાય, તો પણ તેના પર ચઢેલું કલંક એકદમ ધોવાશે નહીં. મારા અભિપ્રાય પ્રમાણે હવે જોહરા મજીદને પરણશે નહીં. આ બાબતમાં મારૂં બોલવું કેટલે દરજજે સાચું છે એ તમે પાછળથી જાણશો."

"કેમ ? એ તમે શી રીતે જાણ્યુ ?" સુજાયતે પૂછયું.

"આ વખતે હુજ મજીદના જગ્યાનો ઉમેદવાર છું." મુબારકે કહ્યું.

"દુર !" સુજાયતે ચોંકીને કહ્યું, "એવી જુઠી વાત ન બકો."

"જુઠી નથી યાર ! બીલકુલ ખરૂ કહું છુ." મુબારકે કહ્યું, "હમણાં સૂધી જોહરાને મેં જોઇ ન હતી, પરંતુ યાર ! તે દીવસે જોઇતો તેણીનાં નયન કટાક્ષે છાતી વીંધી નાંખી છે. હું કોઇ પણ રીતે હવે તેણીને છોડી શકીશ નહીં."

"આમ લટુ બનવાથી તે થોડીજ મળી જવાની છે ?" સુજાયતે કહ્યું જયાંસુધી મજીદ વચ્ચે છે, ત્યાંસુધી તેણી કદી પણ તમારે નશીબ થાય નહીં."

"એક વખત કોશીશ કરવામાં શું હરકત છે?" મુબારકે કહ્યું.

"એક નહીં હજાર વખત કોશીશ કર્યા કરે તો પણ શું?" મુજાયતે મજબુતાઇથી કહ્યું, "જોહરા જો તમારી સાથે લગ્ન કરવા ખુશી થાય તો મારૂં નામ ફેરવી દેવું."

"સારૂં? જોઇએ કે કોનું નામ ફરે છે!" મુબારકે છાતી ઠોકીને કહ્યું, "હું પણ કહું છું કે જોહરાને મેળવું તોજ મારૂં નામ મુબારક!"

પ્રકરણ ૨ જું.

જીવતી જાગતી દિલજાન

આ તરફ રજબઅલીની બેઠકમાં બેશી બન્ને જણ દારૂમાં મસ્ત બની ઉપરની તકરાર કરતા હતા, ત્યારે બીજી તરફ તેજ વખતે એક પાસેન્જર ટ્રેન પાંસા સ્ટેશનમાં પહોંચી અને એક ડબામાંથી ત્રણ માણસો, મુનશીજહીરૂદ્દીન, ડિટેકટીવ દેવેન્દ્રવિજય અને વકીલ હરીપ્રસાદ બહાર આવ્યા.

ફરીદપુરથી ઉત્તર પૂર્વ ભાગમાં પાંસાનું સ્ટેશન છે. ત્યાંથી મનીરૂદ્દીનનો બગીચા વાળો બંગલો એક માઇલ છે. ત્રણે જણ એ બંગલા તરફ રવાના થયા.

રસ્તામાં દેવેન્દ્રવિજયે વકીલને કહ્યું. "એ રાત્રે પેલી તુટેલી છરી મજીદના ઘરમાંજ હતી તે સાથે લઇને બહાર નહતો ગયો. એ પરથીજ સાબીત થાય છે કે, એ છરી વડે દિલજાનનું ખુન થયું નથી એમ તમે હમીદા મારફતે સાબીત કરાવશો, પરંતુ તેમાં તમે કેટલી ફતેહ મેળવશો તે હું કહી શકતો

નથી, કારણ એ છરી દિલજાન સાથે લઇનેજ ઘરમાંથી બહાર નીકળી હતી અને મજીદે મનીરના ઘરમાં તેણી પાસેથી ખુચવી લીધી હતી એ ખુલ્લું છે. અને એ સાબીત પણ થઇ જશે, ત્યારે હમીદાનું કહેવું ટકી શકશે કે કેમ એ તમે સારી રીતે સમજી શકોછો. જ્યારે મજીદના ઘરમાંથીજ એ છરી મળી આવી છે, ત્યારે દિલજાનનું ખુન તેનાથીજ થયું છે એ બિલકુલ સંદેહ રહીત વાત છે.

“ આ સંસારમાં માણુસો ઘણાં છે—છરીઓ પણ ઘણી છે. હરીપ્રસાદે કહ્યું

“ એ ઠીક છે, ” દેવેન્દ્રે કહ્યું, પરંતુ આ ઝેરી છરી દિલજાનનીજ છે અને કોરી છરીથીજ દિલજાનનું ખુન થયું છે. એમ જાણુવા પછી કોણુ કબુલ કરશે કે દિલજાન કોઇ બીજી છરીથી મારી ગઈ છે ?

“ એ બધો આધાર પૂરાવા પર છે ” હરીપ્રસાદે કહ્યું, “ વળી એમ પણુ સ્પષ્ટ દેખાય છે કે એક છૂપો મામલો આમાં ઢંકાયલો છે.

“ હું પણુ એમજ અટકળ કરૂં છું કે આપણે બધા એક અગમ્ય રહસ્યની ખાઇથી ઘેરેલા કીલ્લાની ચારે તરફ આંધળાની માફક ફર્યા કરીએ છીએ. પરંતુ અંદર જવાનો રસ્તો હજી મળ્યો નથી. હવે જો એ સમે સુજાન અને મજીદ વચ્ચે શું વાતચીત થઇ હતી એ જણાય તો બધો કેસ સહેલો થઇ જાય.”

“ મને લાગે છે કે, તમારા લોકોના મનમાં એમજ છે કે, સુજાનેજ દિલજાનનું ખૂન કર્યું છે.” મુનશી જહીરૂદ્દીન બોલ્યા.

“ જ્યાં સુધી સુજાનબીબી સાથે મુલાકાત ન થાય ત્યાં સુધી અમારૂં સમજવું કેટલે દરજ્જે સાચું છે તે કહી શકાય નહીં.” દેવેન્દ્રવિજયે જણાવ્યું.

વાતો કરતાં કરતાં ત્રણે જણુ બગીચા પાસે પહોંચી ગયા. સાંજ પડી છે, સામેજ એક નાનું તળાવ આવેલું છે. લાંબાં અને ગીચ ઝાડોનાં છાંયાથી પાણી વધારે કાળું દેખાય છે. તળાવને સામે કીનારે એક નાહનો પણ સુંદર હવાદાર બંગલો

છે. ઉપરના એકાદ બે ઓરડામાં બત્તીનો પ્રકાશ દેખાય છે. ચાર માણસો બંગલા તરફ ચાલ્યા. દરવાજા પર જતાં એક નોકર મળ્યો. દેવેન્દ્રવિજયે તેને પૂછ્યું, "મનીરૂજદ્દીન સાહેબને મળવું છે. તું ખબર દે."

"સાહેબ તો ખાઇપીને બપોરની ગાડીમાં સેહલ કરવા ઉપડી ગયાં છે." નોકરે જવાબ આપ્યો.

"ત્યારે તેઓ સાથે જે બીબીસાહેબા આવી છે તેણી કયાં છે?" હરીપ્રસાદે પૂછ્યું, "તેણી તો સાથે નથી ગઇ ના?"

"નારે! બીબી સાહેબ કયાં જાય?" કહી દેવેન્દ્રવિજયે નોકર તરફ જોઇ ઉમેર્યું, "સારૂં તું બીબી સાહેબને ખબર દે."

નોકર સંકોચથી બોલ્યો, "હજુર હમણાં બીબી સાહેબની સાથે શી રીતે—"

"અરે જલદી ખબર દે જલદી!" દેવેન્દ્રવિજયે તેને બોલતો અટકાવી કહ્યું. "નહીંતો હમણાંજ તારી બીબી સાહેબ ઉપર આફત આવે છે."

તરતજ નોકર એ લોકોને નીચેના ઓરડામાં બેસારી ઉપર ખબર દેવા દોડયો.

તે ઓરડો નાહનો પરંતુ સુંદર હતો. ટેબલ, ખુરશી, કોચ, કપાટ વીગેરે જરૂરી ફરનીચરથી સારો શણગાર્યો હતો. એક ખૂણામાં બેઠકનું હારમોનિયમ પણ પડેલું હતું તેની સાથે તબલાં, સારંગી, સતાર વીગેરે ચીજો પણ પડી હતી.

થોડી વારમાં કોઇનાં પગલાં સંભળાયાં અને બાજુના ઓરડાના બારણાંના પરદામાંથી એક ચંદ્રવદનીએ પોતાનો ચમકતો ચ્હેરો દેખાડયો, દેવેન્દ્રવિજય અને હરીપ્રસાદ જહીરૂદ્દીન સામું જોવા લાગ્યા. ભાગેલી સ્ત્રીને જોઇને મુનશી સાહેબ શું કરે છે એ તેઓને જાણવું–જોવું હતું. તેણીને જોતાંજ મુનશી જહીરૂદ્દીન ગુસ્સાથી લાલ ભુંડ જેવા થઇ બરાડી ઉઠી બોલ્યા, "અરે નીચ! પાપીણી!–" આટલું કહેતા તેણીની સામે ગયા, પરંતુ જરા આગળ વધતાંજ ચોંકીને બે હાથ પાછા હઠીગયા

તેના મોઢામાંથી એકાએક નીકળી ગયું, " અરે ! તું તો સુજાન નથી ? "

" વાહરે ! હું સુજાન કયાંથી હોઉં ! " સ્ત્રી પહેલાં તો જરા અચકાઇ પરંતુ તરતજ બોલી. " તમે લોકો ભૂલો છો ? હું સુજાન નથી ! "

" ત્યારે તું કોણ છે ? " દેવેન્દ્ર અને હરીપ્રસાદ બન્નેએ ચકીત થઇને પૂછ્યું.

સ્ત્રી બોલી ઉઠી, " હું ! હું દિલજાન છું. "

પ્રકરણ ૩ જું.

નિરાશા.

અહીં આખો કેસ ઉલટાઇ ગયો ત્રણે જણ તેણીને જોઇ અજાયબીમાં ગરક થઇ ગયા. આ બધું શું થાય છે એ પણ તેઓ ઘડીભર તો સમજી શકયા નહીં ! દિલજાનને જીવતી જોઇ તેઓની શુધ્ધિ ઉડી ગઇ. ત્રણે જણ એક બીજા સામું ટીકવા લાગ્યા.

બધાને ચુપ ચુપ એક બીજાની સામું જોતા જોઇ દિલજાન બોલી. " આપ લોકો અહીં શા માટે આવ્યા છો ? હું ધારૂં છું કે આપ શેઠને મળવા માગોછો, પરંતુ તેઓ અહીં નથી."

" નહીં અમે તમોનેજ મળવા માગીએ છીએ." દેવેન્દ્ર વિજયે સમય સુચકતા વાપરી કહ્યું.

" મને મળવા આવ્યાછો ! " સ્ત્રી અજાયબીથી બોલી, " હું તો તમોને નથી ઓળખતી ? "

" તમારૂં કહેવું ખરૂં હશે. " દેવેન્દ્રે કહ્યું. " પરંતુ અમોને તો એમ હતું કે અહીં સુજાનબીબી મળશે."

" હં ! હં ! ઠીક ! હવે હું તમારો મતલબ સમજી ગઇ." સુજાનનું નામ સાંભળી ધિઃકારના હસવા સાથે દિલજાન બોલી,

"તમારી સમજ એવી હશે કે મલીક સાહેબ સુજાનને ઘરમાંથી નસાડી લાવ્યા છે, એટલે તેણી અહીં મળશે. અને હતું પણ તેમજ કારણ તેણીની ઇચ્છા એવીજ હતી, પરંતુ મેંજ એ બનવા દીધું નહીં. વચ્ચેથીજ બધી ગરબડ મટાડી દીધી."

"એ રાત્રે તું સુજાનબીબીને મળવા ગઇ હતી એ ખબર અમોને મળી છે." હરીપ્રસાદે કહ્યું, "પરંતુ તમો વચ્ચે શું વાતો થઇ હતી તે હવે જણાવ."

"ઘણી વાતો થઇ હતી, પરંતુ તમે બધા કોણછો ?! દિલજાને કહ્યું અને આ બધું શા માટે પુછો છો એ જાણ્યા શિવાય કંઇ પણ બતાવવાની નથી."

"અમારાં નામ તો તેં વખતે સાંભળ્યાં હશે." હરીપ્રસાદે કહ્યું "હું વકીલછું. મારૂં નામ હરીપ્રસાદ છે. આ દેવેન્દ્ર વિજય ડિટેકટીવ અને—"

"મારૂં નામ મુનશી જહીરૂદ્દીન છે" હરીપ્રસાદ પોતાનું બોલવુ પુરૂં કરે તે પહેલાંજ મુનશી સાહેબ પોતાની ઓળખ આપતાં એક બેઠક ઉપર બેશી ગયા. દિલજાન અજાયબાથી બોલી, "અરે ! આપ ! આપજ મુનશી સાહેબ છો ?"

"હા. એજ તમારા બનેવી છે." દેવેન્દ્ર વિજયે મુદ્દાની વાત છેડી.

"અરે !" દિલજાન વધતી જતી અજાયબીથી બોલી, "તમે શી રીતે જાણ્યું કે સુજાન મારી બ્હેન છે ?"

"ઘણી શોધખોળના પરિણામે જાણ્યું છે."

"કોણે તમોને કહ્યું ?"

"તમારા બાપ મુનશી મુજાહીમ હુસેને."

"મારા બાપની પાસે પણ તમે ગયા હતા ?"

"હા. ન જાઉં તો જાણું કયાંથી ? મેં એક પણ જગ્યા બાકી નથી રાખી."

"ત્યારે તો મારી તેમજ મારી બ્હેનની બધી હકીકત તમે જાણી ગયા છો ફરી શું પુછોછો ?"

"તમારી બ્હેનની એક વાત હજી અમારા જાણવામાં આવી નથી."

"કઇ વાત ?"

"તેણીનાં ખુનની"

દિલજાન ઉપર માનો વિજળી પડી. તેણી અજાયબી અને આતુરતાથી ગભરાટમાં બોલી ઉઠી. "હું ! આ કહોછો શું ? કોનું ખુન ? તમે કોની વાત કરો છો ?"

"જે રાત્રે મનીરૂદ્દિનની સાથે સુજાનને ન્હાશી જવાની ગોઠવણ હતી, તે રાત્રે મહેદી બાગાનમાંથી એક સ્ત્રીની લાશ મળી." દેવેન્દ્રે કહ્યું, "અમે બધા એ લાશ તમારીજ સમજ્યા હતા, પરંતુ હવે મામલો બદલાઇ ગયો છે. અમારી એ ધારણા ભુલ ભરેલી હતી. હવે એ લાસ સુજાનબીબીની લાગે છે."

"મારી સ્ત્રીની ! આ શું થયું ! યા ખુદા ! આખર આમજ થયું !" કહી મુનશી જહીરૂદ્દીને દીર્ઘ નિશ્વાસ નાંખ્યો અને મોઢું બીજી તરફ ફેરવી લીધું. દિલજાન પણ દેવેન્દ્રવિજયનું બોલવું સાંભલી ત્યાંજ બેશી ગઇ અને રડતે અવાજે બોલી, "યા અલ્લાહ ! આ શું થયું ? શું સુજાન હવે આ દુનીયા પર નથી રહી ! સુજાનનું ખૂન થયું ! કોણે તેણીનું ખૂન કર્યું ?"

"તે હજુ જણાયું નથી." હરીપ્રસાદે વચ્ચે ઉમેર્યું, "તેનોજ પત્તો મેળવવો છે."

"તેણીનો એવો દુશ્મન કોણ હતો તે હું સમજી શકતી નથી." થોડીવાર વિચાર કરી દિલજાન બોલી, "તમોએ કંઇ અટકળ કરી છે ! વારૂ ! તેણીની લાશ જોઇને હું મારી ગઇ છું એમ તમે શી રીતે જાણ્યું ?"

"તે દિવસે જે કપડાં પહેરીને તમે ઘરમાંથી બહાર નીકળ્યાં હતાં, તે બધાં લાશની ઉપરથી મળ્યાં હતાં" દેવેન્દ્રવિજયે કહ્યું.

"હા. બરાબર છે !" દિલજાન બોલી, "હવે હું સમજી ગઇ. એમજ થયું હતું."

"એ રાત્રે તમે તમારી બ્હેનને છેલ્લી કયાં જોઈ હતી ?"

"તેણીના ઘરમાં."

"તમે ત્યાંથી કયારે ગયાં હતાં ?"

"રાત્રે બે વાગ્યા પછી."

"એટલીવાર સુધી તમે બન્ને બ્હેનો વાતો કરતી હતી ?"

"નહીં." દીલજાન બોલી, "વાતચીત તો બહુ જલદી પૂરી થઇ ગઇ હતી. અગીયાર વાગ્યા પછી સુજાન ઘરમાંથી બહાર ગઇ હતી. તેણી પાછી ફરે ત્યારે મળવાને માટે હું બે વાગ્યા સુધી ત્યાં રહી હતી."

દેવેન્દ્રવિજયની નજરે કેસ જરા અજવાળામાં આવતો દેખાયો. તેણે આતુરતાથી કહ્યું, "બરાબર ! હવે હું સમજી ગયો. કોઇ ઓળખી ન શકે એટલા માટે તેણી તમારાં કપડાં પહેરીને બહાર ગઇ હતી."

"હા તેણી મનીરૂદ્દીનને મળવા ગઇ હતી, "દિલજાને કહ્યું." ત્યારપછી તેણીને પાછી ફરતાં મેં જોઇ નથી. મેં બે વાગ્યા સુધી તેણીની રાહ જોઇ હતી."

"મારૂં ધારવું પણ ખરૂં છે." હરીપ્રસાદ ઉત્સાહથી ઉભરાઇ જતાં બોલ્યા, "રાત્રે બાર વાગે જે સ્ત્રી મજીદને મળી હતી તે સુજાનબીબીજ હતી."

"મજીદખાં ? "દિલજાન બોલી," હા, મજીદખાંને હું ઓળખું છું. તે આમાં શું જાણે છે ?"

"તે જાણતો કંઇ નથી, તોપણ તેનાપર આફત આવી પડી છે. "હરીપ્રસાદે કહ્યું," દિલજાનનું ખૂન કરવાના કસુરમાં એ બીચારો જેલમાં સડે છે."

"મારી બેનની લાશ જોઇને મારી લાશ સમજવામાં તમારી ભુલ થઇ હતી, "દિલજાન બોલી," પરંતુ મજીદખાં એક ઘણોજ ભલો માણુસ છે એમ હું જાણું છું. તે શા માટે ખુન કરે—" અહીં તેણીજરા અટકી અને ફરી બોલી," કોણ જાણે દાદા ! હું કંઇ નથી કહી શકતી. જ્યાં સુધી—"

" સાંભળ દિલજાન ! " તેણીને અટકાવી જહીરૂદ્દીન બોલ્યા હવે કંઈ નથી જાણતી એમ કહેવાથી ચાલશે નહીં. એક સારો આણસ આફતમાં છે. આ વખતે તું કંઈ પણ છુપાવવાની કોશીશ ન કર. તારી બેને તને શું શું કહ્યું હતું તે સ્પષ્ટ કહી દે. "

પ્રકરણ ૪ થું.

દિલજાનની કહાણી.

દિલજાને નોકરને બોલાવીને એક ગ્લાસ પાણીનો માગ્યો. બ્હેન મરી ગઇ, મરી નહીં પણ મારી ગઇ છે. સાથે જે ગરબડ ગોટાળો અને ધાંધલ ધરપચ થઇ પડી છે એ બાબતનો વિચાર કરતાં દિલજાનનું હૃદય ધ્રુજી ગયું. નોકર પાણી લઇને આવ્યો, પાણી પીધા પછી તેણીનું ઉકળેલું લોહી જરા ઠંડું પડયું તેણી પડદાની પાસે બારણાં માંજ બેશી કહેવા લાગી " સાંભળો મારી બચપણની કહાણી તમે સાંભળી ચુકેલા હોવાથી હું તેને ફરી કહી તમારો વખત રોકીશ નહીં. મલ્લિક સાહેબે મને લઇ જઇને લતીફનના મકાનમાં રાખી હતી. તેઓએ મારી સાથે લગ્ન કરવાની આશા મને આપી હતી, અને એજ આશાના લોભમાં હું તેની સાથે નીકળી આવી હતી. આવી રીતે તેઓએ મને બધી તરફથી કબજે કરી લીધા પછી, જ્યારે હું લગ્નની વાત છેડતી ત્યારે ઉડાવી દેતા હતા જોકે કોઇ વખત ના પાડી ન હતી. આવી રીતે કેટલાક દિવસ વીતી ગયા. એક દિવસ તેમનેજ મોઢેથી મેં સાંભળ્યું કે કાલીંગા બજારના મુનશી સાહેબ સાથે મારી બ્હેનનાં લગ્ન થયાં છે. આ ખબરથી પહેલાં તો હું ખુશી થઇ, પરંતુ ધીરેધીરે બધી હકીકત જ્યારે મારા સાંભળવામાં આવી

ત્યારે હું સમજી ગઇ કે, મારૂં સત્યાનાશ વળ્યું છે. મેં સાંભળ્યું કે મારી બ્હેન પણ એજ મલ્લીક સાહેબની મોહબતમાં ફસી છે, ત્યારે તેની કંઇ પણ તજવીજ કરવી જોઇએ. હજુ તો હું કંઇ વિચાર પર આવું તે પહેલાં એક દિવસ મેં સાંભળ્યું કે મારી બ્હેન મનીરૂદ્દીન સાથે ન્હાશી જવાની બધી તૈયારી કરી ચૂકી છે. હવે મેં તરતજ નક્કી કર્યું કે ફાવે તેમ કરી તેણીનો એ વિચાર ફેરવવો કારણ કે જો તેણી પોતાના ઇરાદામાં ફાવે તો મારે બજારમાં ભીખ માગવાનો વખત આવશે, એમ હું સમજતી હતી. જે રાત્રે તેઓના ભાગવાની ગોઠવણ હતી તે દિવસે સાંજરે હું મલ્લીક સાહેબને ઘેર ગઇ હતી. મારો વિચાર એવો હતો કે ફાવે તેમ કરી તેઓને આ કામથી અટકાવીશ. હું એટલે સુધી મારા વિચારપર મક્કમ હતી કે, જો તે હાથ જોડી કાલાવાલા કરતાં પણ નજ માને તો તેમનું ખૂન પણ કરવું. અને ત્યાર પછી મારે પણ મરી જવું. મારો આ છેવટનો અને પાકકો ઇરાદો હતો. એટલા માટે હું એક છરી પણ સાથે લઇ ગઇ હતી અદેખાઇની આગ મારા આખા શરીરમાં સળગી રહી હતી. પરંતુ મલ્લીક સાહેબ ઘેર મળ્યા નહીં. તેની જગ્યાએ મજીદખાં મળ્યા. ગુસ્સાના આવેશમાં મેં તેને મારો બધો વીચાર કહી સંભળાવ્યો. તેઓએ મને ઘણી સમજાવી. પરંતુ મેં તેની એક પણ વાત સાંભળી નહીં. આખરે તેઓ મારા હાથમાંની છરી ખુંચવી લેવા આવ્યા, પણ મેં આપવાની ચોખ્ખી ના પાડી. જ્યારે તે આંચકવાને માટે મારી નજીક આવ્યા ત્યારે મેં એ છરી ઘરની બહાર ફેંકી દીધી જ્યારે તેઓ એ છરી લેવા ગયા ત્યારે ભુલથી તેનો પગ બુટ સાથે છરીપર પડયો અને તે તુટી ગઇ. તેઓએ તુટેલી છરી ખીસ્સામાં નાખી દીધી. હું નીગશ થઇ ઘેર પાછી આવી, પરંતુ ઘેર આવ્યા પછી મારૂં મન વધુ બગડયું. આટલા દિવસોથી જે આશાપર લટકી રહી હતી તેને છોડતાં મારૂં મન થયું નહીં. હવે મારા મનમાં એક નવી યુક્તિ સુજી. મેં વિચાર્યું કે, બ્હેનને એકવાર મળું અને બધી હકીકત સમજાવીને કહું કે મારી છાતીપર લાત ન મારે. મને આશા બેઠી કે તેણી મારૂં કહેવું માનશે. તેણી ઇરાદા પૂર્વક મારૂં નખ્ખોદ વાળશે

નહીં. વળી ખરી હકીકત કહેવાથી તેણી પોતાની હીણુપસ્તી ને પણ સમજશે. આવો વિચાર કરી હું તેણીને મળવા ગઇ, પરંતુ તેણી ઘેર મળી નહીં. કોઇને ત્યાં મીજલશમાં ગઇ હુતી. હું ત્યાંજ બેશી રહી. જ્યારે તે મીજલશમાંથી પાછી આવી ત્યારે અગીયાર વાગ્યા હશે. મેં મારી બધી હકીકત તેણીને કહી સંભળાવી. પરંતુ મારૂં કહેવું ન માનતાં ઉલટી મારી સાથે તકરાર કરવા લાગી. કોઇ પણ ભોગે મલ્લીક સાહેબને છોડવા તેણી ખુશી થઇ નહીં. આખર ઘણી સમજાવટ અને બોલચાલ થયા પછી એમ નક્કી કર્યું કે, તેણી પહેલાં મલ્લીક સાહેબને મળી એવી તપાસ કરશે કે તેઓ તેણીને ચાહે છે કે નહીં? ત્યાર પછી તેણીને યોગ્ય લાગે તેમ કરે. જો તેણીના જોવામાં એવું આવશે કે મલ્લીક સાહેબ મને ચાહે છે. અને તેણીના ઉપર તો બગાડવાને માટે ફક્ત ઉપરથીજ પ્રેમ દેખાડે છે તો તેણી તેઓની આશા છોડશે. નહીં તો નહીં. તેણીની આ ગોઠવણ મને પણ પસંદ પડી. હવે એ બાબતના નીકાલ માટે તેણીએ એકલીએજ મનીરૂદ્દીનને મળવું જોઇએ, પરંતુ આટલી મોડી રાત્રે એક પરાયા મરદને મળવા જવું એ આફતને બોલાવવા જેવું થશે, તેમ ગયા વીના ચાલે તેમ પણ નથી. વિચાર કરતાં કરતાં એક રસ્તો મને સુજ્યો. મેં મારાં કપડાં ઉતારીને બ્હેનને આપ્યાં. તેણી તે પોશાક પહેરીને બહાર પડી અને હું તેણીનાં કપડાં પહેરીને ઘરમાં બેશી રહી. જો કે આ કામ હીંમતનું કર્યું હતું, તોપણ હું પાછળથી મારી હીંમત ગુમાવી બેઠી અને રખેને કોઇ જાણી જાય એમ સમજી બારણાં અંદરથી બંધ કરી સુઇ રહી. સુજાન મનીરૂ-દ્દીનને મળીને એકાદ બે વાતોમાંજ ફેંસલો કરી તરતજ પાછી આવીશ એમ કહી ગઇ હતી. રાહ જોતાં જોતાં બે વાગી ગયા. છતાં પણ ન આવી ત્યારે મને એમ થયું કે નક્કી આજે તેણીએ મને ઠગી છે તોપણ હું ના ઉમેદ થઇ નહીં. ધીરે ધીરે ત્યાંથી બહાર નીકળી સીધી મનીરને ઘેર પહોંચી. ત્યાં જોયું તો પછવાડેના ભાગમાં એક ગાડી ઉભી હતી. હું સમજી ગઇ કે સુજાન હજુ સુધી તો મને ઠગવા પામી નથી. મલ્લીક

સાહેબ ગાડીમાં બેશી સુજાનની રાહ જુએ છે એમ જોઇ મને એક યુક્તિ સુજી, અને તેનો અમલ મેં તરતજ કર્યો. હું એકદમ ગાડીનાં બારણાં પાસે ગઈ અને બારણાંનું હેન્ડલ પકડી ઉભી રહી. મનીરૂદ્દીન તો અંદરજ હતા. તેણે તરતજ મારો હાથ ખેંચી મને ઉપર ચઢાવી લીધી. અંધારી રાત્રિ હોવાથી તે મને ઓળખી શકયા નહીં. વળી ગાડીમાં તો અંધારૂં પણ વધારે હતું. જયારે હું અંદર બેઠી ત્યારે તેણે ધીરેથી પૂછયું, "આટલું મોડું કરી દીધું !"

"ઓળખાઇ જવાની બ્હીકથી હું બહુજ ધીરેથી 'હા.' એટલુંજ બોલી. ગાડી તરતજ રસ્તે પડી. રસ્તામાં તેઓએ ઘણી વાતો પૂછી પરંતુ અવાજથી ઓળખાઈ જવાની બ્હીકે હું 'હા' 'હું' 'ના' સીવાય વધારે કંઇ બોલતીજ નહીં. ગાડી જયારે સીયાલદહ સ્ટેશનપર પહોંચી ત્યારે અમો બન્ને સ્ટેશનમાં ગયાં. ત્યાં રોશની વધારે હોવાથી મેં લાંબો ઘુંઘટ તાણયો. જો કે તેમ ન કર્યું હોત તો પણ તેઓ ઓળખી શકે તેમ ન હતા. માણસોની ભીડ ઘણી હતી. વળી મને બીજી સગવડતા એ હતી કે, સુજાનનાં કપડાં મારા શરીરપર હતાં સુજાન હંમેશાં કેસરી રંગનાં રેશમી કપડાંનો પોશાક પહેરતી હતી. ઓઢણી, ચોલી વીગેરે એજ કપડાંનાં હતાં. સ્ટેશનમાં પહોંચતાંજ ટ્રેન તૈયાર હતી. ફર્સ્ટ કલાસની ટીકીટ લઇ મનીરૂદ્દીન મારી સાથે ગાડીમાં બેઠા. બે ચાર મીનીટમાં ગાડી ઉપડી અને મેં ઘુંઘટ દૂર કર્યો. પહેલાં તો તેઓ મને ઓળખી શકયા નહીં, પરંતુ જયારે ઓળખી ત્યારે તો બહુજ ગુસ્સે થયા. મેં તેઓને બધી હકીકત કહી સંભળાવી, પરંતુ મને સાંભળ્યા પછી તો તેનો ગુસ્સો હદ કુદાવી ગયો. તેઓ મરજી પડે તેવા ગલીચ અને નીચ શબ્દોનો પ્રહાર મારી સામે કરવા લાગ્યા. હું ગુપચુપ શાન્ત થઇ સહન કરતી ગઇ, પરંતુ આગલા સ્ટેશને ઉતરી કલકત્તા પાછું જવાનો તેણે ઇરાદો દેખાડયો ત્યારે હું સહન કરી શકી નહીં. હું તરતજ ગાડીનાં બારણાંમાંથી કુદી પડી, કપાઇ જવાને માટે દોડી, ત્યારેજ તેઓ જરા ઠંડા થયા. પછી તો સ્ટેશનપર સ્ટેશન વિતવા

લાગ્યાં, ગાડી ધડાધડ ચાલતી ગઇ. તેઓએ ફરી મને કંઇ કહ્યું નથી. મને અહીં આ બગીચામાં પહોંચાડી, અને ત્યારથી અમે લોકો અહીંજ રહીએ છીએ.

પ્રકરણ ૫ મું.

મામલો ઉલટાઇ ગયો.

આ રહસ્યથી ભરેલા બનાવના ભેદનો મોટો ભાગ તમારા ખુલાસાથી ખુલ્લો થયો છે, " દેવેન્દ્રવિજયે કહ્યું, પરંતુ તમોએ એક પણ વાત એવી નથી બતાવી કે જેથી તમારી બ્હેનના ખૂનીનો પતો લાગી શકે. તમારા બોલવાથી અમારી એટલી ખાત્રી થઇ કે છરીની બાબતમાં મજીદે જે ખૂલાસો કર્યો હતો તે જુઠ્ઠો નહતો. વળી આટલી આફતમાં પડવા છતાં પણ તેણે બદનામીના બ્હીકથી તમારી બ્હેનનું નામ જાહેર કર્યું નથી. અમારી માન્યતા એવી હતી કે એ મળનાર તમેજ હતાં, પરંતુ હમણાંજ જણાયું કે તમારો પોશાક પહેરી તમારી બ્હેન ગઇ હતી. આમ થોડીક વારમાં આખો મામલો ઉલટાઇ ગયો. ખેર! હવે જેમ બને તેમ તમારી બ્હેનનો ખૂની પકડાય એવી તજવીજ કરવી જોઇએ. હજુ સુધી તેને પકડવાનો કંઇ આધાર નીકળ્યો નથી. શું તમે આ બનાવમાં કંઇ નથી જાણતાં ?"

"ના."

" વારૂ, તમારી બ્હેનના ખૂનની હકીકત મનીરૂદ્દીન જાણે છે ?" દેવેન્દ્રે પૂછ્યું, તેણે તમને કંઇ કહ્યું હતું ?"

" નહીં. તેઓ કયાંથી જાણે ?"

" તે હું શી રીતે કહી શકું ! કયાંથી જાણે ?" દેવેન્દ્રે કહ્યું, " તેણે તમારી બહેનનાં કે બીજા કોઇના ખૂનની વાત તમોને કહી હતી ?"

"ના, ના!"

"સાંભળો સાહેબ!" મુનશી જહીરૂદ્દીને દેવેન્દ્રવિજયને કહ્યું, "અહીંનું તો બધું કામ હવે પૂરૂં થયું છે. વળી મેહદી બગાનમાં જેણીનું ખૂન થયું છે તે મારી સ્ત્રી હતી એમાં પણ કંઇ સંદેહ રહ્યો નથી ત્યારે કહો આપે શું કરવાનું વિચાર્યું છે?"

"હવે કલકત્તા જઇને એકવાર મનીરૂદ્દીનને મળવું છે." દેવેન્દ્રે કહ્યું, "એ રાત્રે બાર વાગ્યા પછી તેઓ કયાં હતા? શું કરતા હતા એ બધું જાણવાની જરૂર છે.

"અરે! આ શું બોલો છો!" દિલજાન વાઘણની માફક માથું ઉઠાવી બોલી, 'હવે તમે તેઓપર શંકા કરવા લાગ્યા કેમ?"

"મેં કયાં એમ કહ્યું છે?" દેવેન્દ્ર બોલ્યા, "રાતના બાર વાગ્યા પછી કયાં હતા અને શું કરતા હતા તેનો ખરો જવાબ આપવામાં તેને નુકશાન શું છે?"

"નુકશાન શું છે?" કહી દિલજાન ઉઠી ઉભી થઇ અને દીર્ઘ નિઃશ્વાસ નાખી બોલી, "જે આપને વાજબી લાગે તે કરજો. હું તો જે કંઇ જાણતી હતી તે આપને કહી ચુકી." એટલુ કહી દીલજાન પડદો ઉઠાવી અંદર ચાલી ગઇ. હરીપ્રસાદે દેવેન્દ્રવિજયને પૂછયુ, "શું ખરેખર તમે એમજ સમજો છો કે, મનીરૂદ્દીનજ સુજાનને મારી નાખી છે? તે શામાટે તેણીનું ખુન કરે?"

"નહીં તે સુજાનને મારવા શા માટે જાય?" દેવેન્દ્ર વીજયે કહ્યું, તેણીને મારવાનું કંઇ કારણ નથી. હા! દિલજાનનું ખુન કરી શકે છે, અને તેનાં કારણ પણ ઘણાં છે."

"ત્યારે મનીરૂદ્દીન દિલજાનનું ખુન કરવા ગયો અને ભુલથી સુજાનનું ખુન કરી આવ્યો છે શું?" મુનશી જહીરૂદ્દીન ચોંકીને બોલી ઉઠયા.

"એજ બરાબર છે." દેવેન્દ્રવિજયે કહ્યું.

પ્રકરણ ૬ ઠું.

મનીરૂદ્દીન કલકતામાં

આ તરફ હસતો રમતો મનીરૂદ્દીનને ઘરમાં આવેલો જોઇ, ગનીની માની ખુશાલી માતી સમાતી નથી. ગનીની માએજ ખવરાવી પીવરાવીને તેને મોટો કરેલો હોવાથી તેણીનો પ્રેમ તેના પર ઘણો છે. કાલે રાતની ગાડીમાં આવેલો હોવાથી મનીરૂદ્દીન બહુજ થાકી ગયો હતો, તેથી તરતજ પથારીમાં જવાથી ગનીના મા બરોબર વાતચીત કરવા પામી નહતી. આજે દસ વાગે જ્યારે ઉંઘમાંથી ઉઠી મનીરૂદ્દીન બેઠકમાં સડસડાટ ચીરૂટ ખેંચવા લાગ્યો ત્યારે ગનીની મા એક સફેદ સાડી પહેરી તેના સામે જઇ બેઠી. રાત્રે મનીરૂદ્દીન તેણી સાથે બીલકુલ બોલ્યો ન હોવાથી અત્યારે તેણીનું મોઢું ચડેલું હતું.

"જુઓ ! હવે તમારો રંડાપો મારાથી જોઇ શકાતો નથી." મનીરૂદ્દીન હસીને મશ્કરી કરતો બોલ્યો, "હવે તો તમે એકાદ નીકાહ કરવાની તજવીજ કરો ! અરે તજવીજ શું તમે જરા જેવી હા કહી દ્યો કે બસ ! કેટલાક અમીર ઉમરાવો હમણાં બીજ આવીને તમારી સલામી ઉતારવા લાગશે. તમારા ચ્હેરા પરથી લાગે છે કે, મારી ગેરહાજરીમાં કેટલાક સાહેબોની અરજીઓ નોંધાઇ ચુકી હશે. ?"

"ચુલામાં જાય અમીર ઉમરાવ !" ગનીની મા હાથનો લ્હેકો કરી બોલી, "મારે શું અમીર ઉમરાવને કુટવા છે ? બેએક દિવસમાં તો હવે કબરની માટી સાથે નીકાહ થઇ જશે."

"એ પણ બરાબર છે." મનીરૂદ્દીને હસીને કહ્યું. "ત્યાંથી કંઇ ખબર આવી છે કે ?"

"ખબરમાં હવે શું બાકી છે ?" ગનીની મા બોલી, "બેઠી બેઠી એક દિવસ પગ લાંબા કરી સૂઇ રહીશ. બસ કામ પૂરૂં. પણ હવે એ ઠઠા મશ્કરી મુકીને કામની વાત કરો. તમારા ગયા પછી એક થાણાનો માણુસ તમોને શોધવા આવ્યો હતો."

"હું ! થાણાનો માણસ !" મનીરૂદ્દીન ચોંકીને અજબ થઇ બોલ્યો, "તે શું કરવા આવ્યો હતો ? કોણ હતો ?"

"કોણ તે નામ તો મને થોડુંજ યાદ રહે છે !" ગનીની મા બોલી, "દેવેન્દર કે મેવેન્દર એવું કંઇ હતું. પરંતુ ભડો ચાલાક છે બાવા ! પોલીસવાળા જ્યાં જાય છે ત્યાં જળોની માફક એવા ચોંટે છે કે, બારણાં પરથી ઉઠતાજ નથી."

"ઠીક ! ઠીક ! એ દેવેન્દ્રવિજય ડિટેકટીવ ઇન્સ્પેક્ટર હશે." મનીર બોલ્યો, તેણે તો મજીદખાંને પકડયો છે."

"હા એ બધું તમોને કોણે કહ્યું ?" બુઢીએ પૂછયું.

"કાલે ઘરમાં આવતાં પહેલાં એ બધા ખબર મને મળી ગયા છે." મનીર બોલ્યો, "સાંભળવા પ્રમાણે મેહદીબાગાનમાં કોઇ રંડીનું ખૂન થઇ ગયું છે, જેને પોલીસવાળા દિલજાન સમજે છે. આવા બેવકુફ તો દુનીઆમાં નથી જોયા."

"ત્યારે શું ખરેખર દિલજાન નથી મરી ?" ગનીની માએ અજબ થઇ પૂછયું.

"નહીં. પેલીનું ખૂન થયું છે પેલીનું !" મનીર બોલ્યો, "સુરચી સુજાનનું !"

"અરે આ શું થયું ?" ગનીની મા બોલી ઉઠી. "અહીં તો એવી વાત ઉડી છે કે સુજાનને લઇને તમે ન્હાસી ગયા છો ! બાપરે બાપ ! મોહલ્લામાં કાન દઇ શકાતો નથી. છોકરાંથી માંડીને ઘરડાં સુધી બધે તમારીજ ચર્ચા ! તમારીજ બદબોઇ ! ઓહ ! વાતમાં કંઇ દમ નથી ને તમારી આટલી નીન્દા શી રીતે ફેલાણી ?"

"તું મને એવો સમજે છે ?" મનીરે કહ્યું. "ખેર ! હું હું જાણું છું કે સુજાનના ખુનમાં મને સંડોવવાની કોશીશ પોલીસવાળા કરશે. આજે દેવેન્દ્રવિજય અહીં આવે તેમ હતા. કોણ જાણે કેમ અત્યાર સુધી આવ્યા નહીં."

"એ અહીં તમારી પાસે શા માટે આવશે ?" ગનીની માએ પૂછયું.

"ખૂનના બનાવમાં હું કંઇ જાણું છું કે નહીં એ પૂછવાને માટે." મનીરે જણાવ્યું.

"ત્યારે શું ખરેખર મજીદમાં ખૂની છે?" ગનીની માએ પૂછયું.

"અરે! તું મજીદને ખૂની શી રીતે સમજે છે?" મનીર બોલ્યો. "આજ ઘરમાં તને ઘડપણ આવ્યું! તેંજ અમોને આંધે ચડાવી રમાડયા છતાં હજુ અમોને ઓળખ્યા નહીં?"

એટલામાં કોઇએ બહારથી બારણું ખડખડાવ્યું. મનીરે કહ્યું, "કોણ છે?"

બારણું ઉઘાડી એક છોકરો અંદર આવ્યો તેણે મનીરના હાથમાં એક કાર્ડ મૂકયો. જેને જોતાંજ મનીરે ગનીની માને કહ્યું. "જુઓ દેવેન્દ્રવિજય આવી પહોંચ્યા" ફરી નોકર તરફ જોઇને ઉમેર્યું, "સારૂં તેને અંદર લઈ આવ."

નોકર ચાલ્યો ગયો. ગનીની મા ત્યાંથી ઉઠવા જતી હતી, પરંતુ મનીરે તેણીને બેસાડી રાખી. એક મીનીટ પણ પૂરી ન થઇ કે દેવેન્દ્રવિજય અંદર આવી પહોંચ્યા.

પ્રકરણ ૭ મું.

જાતીબચાવ.

—:o:—

આપનું નામજ દેવેન્દ્રવિજય!" તેઓને એક ખુરશી ઉપર બેઠક આપતાં મનીરૂદ્દીને કહ્યું, "એક પ્રખ્યાત ડિટેકટીવ તરીકે આપનું નામ મારા સાંભળવામાં આવ્યું છે. અને આજે મુલાકાત થવાથી હું બહુજ ખુશી થયો છું. વળી મને લાગે છે કે મેહદીબગાનવાળા ખૂનના બનાવ માટેજ આપ મારી પાસે આવ્યા છો."

"આપનું સમજવું વાજબી છે." એકદમ મુદ્દાની વાત છેડવાથી દેવેન્દ્રવિજયે અજબ થતાં કહ્યું, " હું આપને એકાદ બે બાબત પૂછવાને માટે આવ્યો છું, જેનો સંતોષ કારક ખુલાસો સાંભળી હું ખુશી થઇશ."

" ખેર ! " મનીર બોલ્યો, " ખરીદપુર જઇને તમે જેને મળી આવ્યા તેણે આપને બધું કહ્યું છે."

" એ આપના જાણવામાં કયાંથી આવ્યું ? દેવેન્દ્રવિજયે અજાયબીથી પૂછયું.

" કાલે રાત્રેજ મને એક લાંબો તાર મળ્યો હતો." મનીરે જણાવ્યું. " મારા મકાનમાં તમે જેને મળી આવ્યા તે સુજાન નહી, પણ દિલજાન છે એમ આપની ખાત્રી થઇ ખરી કે ?"

" હા. એમાં મારી ભુલ થઇ હતી."

" આપ જેવા ચાલાક ડિટેકટીવ ભુલે એ વાજબી કહેવાય નહી.

" હા નવલ કથાઓના ડીટેકટીવો ભુલતા નથી દેવેન્દ્રે કહ્યું, પરંતુ હું કંઇ એ કહાણી કીસ્સા માંહેનો ડિટેકટીવ નથી. હાડમાંસના દેહ ધરાવતો સાધારણ માણસ છું. મારી ભુલ દરેક પગલે થઈ શકે છે."

" એ વાત જવા દો." મનીરે કહ્યું, " એ રાત્રે દિલજાનજ સુજાનને મળવા ગઇ હતી એમ આપ ખરીદપુરના બગીચામાં જઇને તેણીને મોઢેથીજ સાંભળી આવ્યા ના ?"

" હા."

" વળી તેણીએ એ પણ જણાવ્યું હશે કે, અહીં મારે ઘેર સુજાનજ આવી હતી."

" હા."

" ત્યારે તો તમે બધું સાંભળી ચુકયા છો. હવે મારી પાસેથી નવું જાણવાનું શું છે ?"

" તમારી પોતાનીજ એકાદ બે વાતો પૂછવી છે."

"સારૂં પૂછો."

"ખુનની રાત્રે અગીયાર વાગ્યા પછી તમે ક્યાં ગયા હતા? અને કોને મળ્યા હતા? હું આશા રાખું છું કે આપ આ બે સવાલનો ખરેખર જવાબ આપશો." દેવેન્દ્રે કહ્યું.

"આહ! આટલીવાર પછી આપનો મતલબ મારા સમજવામાં આવ્યો છે?" મનીરૂદ્દીન બોલ્યો, "હવે તમે મનેજ સુજાનનો ખૂની સમજો છો" ખેર, અટકળ કંઇ ખરાબ નથી."

દેવેન્દ્રવિજયે કંઇ જવાબ ન આપતાં મોઢું ફેરવી લીધું, ત્યારે મનીરૂદ્દીન કહેવા લાગ્યો, 'પરંતુ સાહેબ! આ મહોબત હું સમજી શકતો નથી. વળી મશ્કરીમાં પણ આપને આમ બોલવું જોઇતું ન હતું. મારી ચાલચલણ અને સ્વભાવથી આપ વાકેફગાર હો એમ લાગતું નથી. નહીં તો કદી પણ મારી ઉપર આવી શંકા કરતે નહીં. હું શરાબી અને રંડીબાજ હોવા છતાં સૈતાન નથી, કે એક ઓરતનું ખૂન કરૂં! જો મજીદખાં પકડાયો ન હતે તો આપની એક પણ વાતનો જવાબ હું આપતે નહીં, પરંતુ હવે તેનીજ ખાતર મારે આપને જવાબ આપવા પડે છે. ખેર! સારી રીત સરખા થઇને બેસો હું કહું છું.' અહીં તેણે ગનીનીમા તરફ જોઇને ઉમેર્યું, 'હવે તું અહીંથી જા. તારી કંઇ જરૂર નથી."

"અરે! જરા ઉભા રહો તો!" ગનીની માને ઉઠતી જોઇ દેવેન્દ્રવિજયે કહ્યું. "તે દહાડે તમે કહ્યું હતું કે રાત્રે મજીદને જે ઓરત મળી હતી એ દિલજાન હતી કેમ?"

"હા. તેણીતો દિલજાનજ હતી." ગનીની મા બોલી.

"શી રીત જાણ્યું કે દિલજાન હતી?" દેવેન્દ્રવિજયે પૂછ્યું

"વાહ! વળી એમાં રીત શી જોઇએ?" ગનીની મા બોલી, "મેં મારી આંખોથી જોઇ હતી. તેણીનું મોઢું આંખ બધાં દીલજાનજ હતાં. સાંજ પહેલાં એકવાર જે કપડા પહેરીને આવી ગઇ હતી, તેજ કપડાં પહેરીને રાત્રે આવી હતી. હું શું દિલજાનને નથી ઓળખતી?"

"પરંતુ ઓળખવામાં ભૂલ થઈ છે." દેવેન્દ્રવિજયે કહ્યું, "તમે મને જુઠ્ઠી વાત કહી છે."

"અરે વાહ! આ મોટા સાચા આવ્યા છે!" ગનીની મા મોઢું બગાડી હાથના વિચિત્ર ચાળા કરી બોલી. "પોલીસમાં નોકરી કરવાથીજ માણુસ સાચું બોલતાં શીખતું હશે! મારૂં તો ઘઢ-પણુ આવ્યું. કબરને કાંઠે બેશીને હું જુઠું બોલું છું અને આ સાચું બોલનાર આવ્યા" કહેતી કહેતી તેણી બહાર ચાલી ગઇ.

"દિલજાન અને સુજાન બન્ને જોડીઆ બ્હેનો છે" દેવેન્દ્રવિજય બોલ્યા, "બન્ને છેટેથી એક સરખીજ લાગે છે તેમાં પણુ જ્યારે કપડું પણુ એકજ પહેર્યું ત્યારે પછી ગનીની મા બીચારી ઓળખી ન શકે તેમાં કંઇ નવાઇ જેવું નથી."

"એ ભુલ થાય એવુંજ છે." મનીરે કહ્યું "હવે આપ મને શું પુછવા માગો છો તે જણાવો?"

"તમારીજ એકાદ બે વાતો પુછવી છે." દેવેન્દ્રે કહ્યું.

"જુઓ હું એક સાધારણુ માણુસ છું" મનીર બોલ્યો લોભ અને લાલચની અસર મારાપર પણુ થઇ શકે છે. સુજાનને જોઇને હું ખરેખર તેણીની ખુબસુરતીપર લટ્ટુ બની ગયો હતો. તેણીને મેળવવા માટે ફાવે તેવું જોખમ ખેડવા હું તૈયાર હતો. આ માટે આપ મને ખરાબ ચાલનો અને પરાઇ ઓરતને ચાહવાવાળો કહી ધીઃકારશો પરંતુ મારી વાત આપ જવા દો તેણીની ખૂબસુરતીજ એવી મનહર હતી કે ભલભલા સાધુ લોકો પણુ પોતાના તુંબડા તોડી નાખતા હતા. બુધવારની રાત્રે હુંજ ખરેખર તેણીને કલકતામાંથી નસાડી જનાર હતો. રાત્રીના અગીયાર વાગ્યા પછી મેં તેણીને માટે એક ગાડી મારા ઘરની પછવાડે તયાર રાખી હતી. એ ગાડી ભાડુતી હોવાથી આપ કોચમેનને પુછીને આ બાબતની ખાત્રી કરી શકશો. તેનું નામ કરીમ છે અને જાન બજારમાં રહે છે. જ્યારે બાર વાગી ગયા, ત્યારે હું ઘડીઆળ ભુલી ગયેલો હોવાથી તે લેવાને ઘરમાં આવ્યો. એ વખતે મેં જોયું કે એક સ્ત્રી દીવાનીની માફક મારા બારણુંમાંથી નીકળી ઝડપથી ચાલી ગઇ. રાત

અંધારી હોવાથી કયાં ગઇ તે હું જાણી શકયો નહીં. ઘરની બારીમાંથી અંદરની બતીનો પ્રકાશ રસ્તાપર પડતો હતો. તેની ઝાંખી રોશનીમાં એકવાર એ સ્ત્રીનો ચ્હેરો જરા જેવો દેખાયો. હું સમજયો કે તેણી દિલજાન છે. લુગડાં લત્તાં બધાં દિલજાનનાંજ હતાં. તેણીને જોઇને હું સંભાળીને ઉભો રહી ગયો. થોડીવારમાં એક બીજો માણસ મારી બાજુમાંથી નીકળ્યો અને જે તરફ તે સ્ત્રી ગઇ હતી તે તરફ ચાલ્યો, મારા મનમાં શંકા થઇ કે એ માણુસ કોણ છે અને શા માટે દિલજાનની પછવાડે જાય છે, એ જરા ભેદ જેવું હોવાથી હું શંકા સમાધાન માટે તેની પછવાડે દોડયો, પરંતુ અંધારૂં એવું હતું કે પોતાનો હાથ પણ દેખી શકાતો નહતો. મેં કોશીશ કરી પરંતુ તે માણુસ કયાં ગુમ થઇ ગયો તે હું જાણી શકયો નહીં એક કલાક સુધી શોધતાં પણ જ્યારે કંઇ પતો ન મળ્યો, ત્યારે થાકીને હું ગાડીમાં આવી બેઠો અને સુજાન બીબીની રાહ જોવા લાગ્યો. બે વાગ્યા પછી દિલજાન મારી ગાડી પાસે આવી ઉભી. મેં તેણીને સુજાન સમજી ગાડીમાં લીધી, પરંતુ સીયાલદહથી જ્યારે રેલ્વેમાં બેઠાં ત્યારેજ તેણીને ઓળખી."

દેવેન્દ્રવિજય મનીરનું કહેવું ધ્યાનથી સાંભળી રહ્યા હતા. જ્યારે તે બોલતો બોલતો ચુપ થઇ ગયો ત્યારે તેના તરફ શકની નજરે જોતાં દેવેન્દ્રવિજયે કહ્યું, ' જે માણુસને તમે એ સ્ત્રીની પછવાડે જતો જોયો તે કોણુ હતો ?"

"તો હું શી રીતે જાણું ?"

"એ કોઇ તમારા ઓળખીતા પૈકીનો ન હતો ?"

"કદાચ એમ પણ હોય, છતાં અંધારામાં કયાંથી ઓળખાય ?"

"એ પણ ઠીક, પરંતુ રંગ ઢંગ અને ચાલ ઉપરથી કંઇ અટકળ તો કરી હશે ?"

"એવી અટકળ કંઇ ખરીજ હોય એમ કહી શકાય નહી." મનીર થોડીવાર વીચાર કરી બોલ્યો, "પણ મને એ કોઇ જાણીતો માણુસ છે એવું લાગ્યું હતું."

"નામ કહી શકશો ?"

"મને તે મુનશી સાહેબ જેવા લાગ્યા." મનીરે કહ્યું.

"કોણ જહીરૂદ્દીન ?" દેવેન્દ્રે અજબ થઇ પૂછ્યું.

"જી હા" મનીરે જવાબ આપ્યો.

પ્રકરણ ૮ મું.

મનીરપર સંદેહ.

મનીરનો ખુલાસો સાંભળી દેવેન્દ્રવિજય સ્તબ્ધ થઇ ગયા. થોડીવાર વિચાર કરતાં તેને એમ લાગ્યું કે મનીર ખુનનો વાંક એક ઉપરથી ઉતારી બીજા ઉપર છોડી દેવા માગે છે. પોતાની કસુર છુપાવવા માટે ખૂનનો આરોપ મુનશી સાહેબ ઉપર નાખી પોતે નિર્ભય થવા ઇચ્છે છે, વળી વાત ફેરવી નાખી મને જુદાજ રસ્તા ઉપર ફેંકી દેવાની કોશીશ કરે છે. મનીરના આવા આન્દોલનના કારણે થોડીવાર સુધી દેવેન્દ્રવિજય કંઇ બોલ્યા નહી. તેઓને આમ ચુપ જોઇને મનીરૂદ્દીને કહ્યું, "શું વિચારમાં છો ?"

"હું એ વિચારમાં છું કે તમે ખૂનનો વાંક મુનશી જહીરૂદ્દીન ઉપર ઢોળી પાડવા માગો છો," દેવેન્દ્રે કહ્યું. "પરંતુ તેનું કારણ હું નથી સમજતો એમ જાણશોમાં."

"જુઓ હું કોઇનાપર વાંક ઢાળતો નથી તેમ ઢાળવા માગતો પણ નથી." મનીરૂદ્દીને ગુસ્સાથી કહ્યું, "મુનશી સાહેબ જેવો એક માણસ હતો એમ આપને કહ્યું તેમાં કાંઇ કોઇપર વાંક ઢાળવા જેવી વાત તો નથી આવી. ખેર ! જે પુછવાનું હતું તે પુછી લીધું. હવે આપ આપનો રસ્તો લ્યો."

દેવેન્દ્રવિજય પણ એ વખતે ચોંકીને ઉભા થઇ ગયા. અને આંખો તાણી મનીરના સામું જોવા લાગ્યો. મનીર પણ તેજ

નજરે તેના સામું જોઇ રહ્યો. એટલામાં પછવાડેથી ઓરડાનું બારણું એટલું ધીરેથી ઉઘડયું કે એ લોકોને પણ તેની ખબર પડી નહીં.

"બસ હવે એકાદ વધારે બાબતનો જવાબ આપી ઘો. હું મારો રસ્તો લઇ લઇશ." દેવેન્દ્રવિજયે ગંભીરતાથી કહ્યું, "એક કલાક સુધી આપ અંધારામાં ફર્યાં કર્યા તે વખતે કંઇ બનાવ નથી બન્યો? એ વખતે તમે બીજું કંઇ નથી જોયું?"

"નહીં, નહીં! કંઇ પણ નહીં!"

"એ લોકોને શોધવા શિવાય તમે બીજું કંઇ નથી કર્યું?"

"ના"

"એ શોધખોળનું પરીણામ પણ કંઇ આવ્યું નહીં?"

"ના, એ બન્નેમાંથી કોઇને ફરી મેં જોયાં નહીં."

"દિલજાનને પણ નહીં?"

"ના, ના! કોઇને નહીં."

"વાહ! આ વાત ઉપર કોણ વિશ્વાસ કરશે?"

હવે મનીરૂદ્દીન વધુ ગુસ્સે થયો. તેનું આખું શરીર લાલ થઇ આવ્યું. તે દાંત પીસીને બોલ્યો, "ત્યારે શું તમે આ ખૂનનો ગુન્હો મારી ઉપરજ સાબીત કરવા માગો છો?"

"નહીં, નહીં! એવો મારો ઇરાદો નથી." દેવેન્દ્રે કહ્યું,

હું એમ ઇચ્છતો હતો કે તમારી વાત પણ તમેજ વિચારી જુઓ, પરંતુ હવે હુંજ સમજાવી દઉં છું. સમજો કે કોઇ સારો માણસ એક સ્ત્રીને લઇને એકદમ ન્હાશી જવાની કોશીશ કરે છે, અને તેની એક બીજી પ્રેમીની એ વખતે ત્યાં હાજર છે, તેણીને એ સારો માણસ પ્રથમથીજ ઘરમાંથી નસાડી લાવેલ છે. હવે એ કોઇ પણ રીતે તેની પ્રેમીની આ નવા પ્રેમની વાત જાણી ગઇ અને એ બાબતથી તેને અટકાવાને માટે તે સારા માણસને ઘેર આવી, પરંતુ તે વખતે એ માણસ ઘેર નહીં મળવાથી, જ્યારે તેણી નિરાશ થઈ પાછી ફરી ત્યારે એ સારો માણસ છુપી રીતે તેણીની પાછળ ગયો હોય તો તેઓ

કોઇ રાની અને વેરાન જગ્યાએ એકઠાં થઇ ગયાં એ વખતે જુની પ્રેમીનીએ પ્રેમના મીઠા શબ્દોને બદલે કડવા અને તીખા શબ્દોથી સત્કાર કર્યો ત્યારે એ સારા માણુસે—"

"તેણીનું ખૂન કર્યું એમજ તમે કહેવા માગો છો ના ?" મનીર પોતે તેનું છેલ્લું વાકય પૂરૂં કરતાં બોલ્યો, "હું સમજું છું કે આ મામલામાં તમે મનેજ ખૂની ઠરાવવા માગો છો, પરંતુ આપનો એ સંદેહ બીલકુલ પાયા વગરનો છે. મને કોઇ ફરી મળયું નથી. અને જો તેણી મને મળી હતે તો મારી ચાહનાવાળી—જેને માટે હું આટલું કરી રહ્યા હતો એજ સુજાનજ મળતે. ખરી રીતે તેણી દિલજાનતો હતીજ નહી !"

આટલું સાંભળતાંજ દેવેન્દ્રવિજય શરમાઇ ગયા. આખી જીંદગીમા કોઇવાર તેને આટલું શરમાવું પડયું નહતું, તે મનમાં કહેવા લાગ્યા, આ કેસ ઘણોજ મુશ્કેલ છે. વળી કેટલાક દિવસના વિચારમાંને વિચારમાં ભટકવાથી મારૂં મગજ પણ ખરાબ થઇ ગયું છે. નહીં તો આટલી ભુલ થાય નહીં.

દેવેન્દ્ર વિજયને લાગ્યું કે મનીરૂદ્દીન જબરો ચાલાક માણુસ છે. તે સહેલાઇથી હાથમાં આવશે નહીં. પેલી નનામી ચીઠ્ઠી, લાંચનો લોભ, વેરાનગલ્લીમાં માથાપર પડેલો લાકડીનો માર એ બધું યાદ આવી ગયું તેઓ મનમાંજ કહેવા લાગ્યા, "શુ આણેજ આ કામ કર્યું છે ?" એ શંકાથી દેવેન્દ્રવિજયનું ચિત્ત ડામાડોલ થવા લાગ્યું. તે એકાએક ભારી અવાજથી બોલ્યા, "હા. વાત કહેવામાં મારી ભૂલ તો થઇ છે, પરંતુ તમે સારી રીતે સમજી લેજો કે તમારા પર જબરી આફત આવી છે. તમે સહજમાં બચી જશો નહીં. દિલજાન સમજીને ભુલથી તમે સુજાનનું ખુન કરો એ માનવા જોગ છે કારણ કે એ વખતે તમારા સિવાય બીજું કોણુ તેણીનું ખૂન કરી શકે તેમ હતું ?"

"દીલજાન !" પછવાડેથી અવાજ આવ્યો.

પ્રકરણ ૯ મું.

શું આ બનવા જોગ છે?

પાછળથી કોઇએ જવાબમાં દિલજાન કહ્યું. અવાજ સ્ત્રીનો હતો. દેવેન્દ્રવિજય અને મનોરૂદ્દિને ચોંકીને પાછળ જોયું તો બારણાં પર ખુલ્લા વાળ સાથે દિલજાન ઉભી છે. તેણીના આંખોમાંથી અગ્ની વરસી રહ્યા છે. સુંદર કાળા વાળ વીખરાઈને આંખ અને ચ્હેરાપર આવી પડયા છે. કોઇ પણ જાતના આવેશથી તેણીનુ આખું શરીર કંપી રહ્યું છે. જમણો હાથ છરી સાથે ધ્રુજી રહ્યા છે આંખો દિવાનીના જેવી દેખાય છે. તેણી સખ્ત અવાજથી બોલી, બીજું કોઇ નહીં પણ હું પોતે દિલજાન છું મારે લીધે એક નિર્દોષને સજા દેવાની કોશીશ ન કરશો. મેં બહાર છુપાઇને બધું સાંભળ્યું છે બીજા કોઇનો કંઇ પણ કસુર નથી હુ ખુદ પાપીણીજ આ મામલાનુ મુળ છું. ફરીદપુરના બંગલામાંજ તમારા બોલવા પરથી હું સમજી હતી કે તમે મારો વાંક કોઇ નિર્દોષ પર ઢોળશો. એટલા માટેજ જેમ બને તેમ જલદી આવી પહોંચી છું, પરંતુ હજુ પણ થોડી વહેલીપહોંચી હોત તો સારૂં હતું. હું મલિક સાહેબને બધું કહી સાવચેત કરી દેત બરાબર ટાઇમસર ન પહોંચવાથી જે વાતનો વિચાર કરી હું ત્યાંથી નીકળી હતી એ મારી ધારણા ફળીભૂત થઇ નથી, તો પણ એક નિર્દોષને મારા હાથથી બચાવ્યો એ પણ મારે માટે પુરતુ સમજું છું. કોણે મારી બ્હેનનું ખૂન કર્યું એ સાંભળવા માગો છો? મેં પોતે મારા હાથથી બ્હેનનું ખુન કર્યું છે. ગુસ્સો અને અદેખાઇમાં બળી રહેલી બ્હેન પોતાની બ્હેનની છાતીમાં છરી ભોકી શકે છે સુજાન મને ત્યાં બેસવાનું કહી જ્યારે બહાર ગઇ ત્યારે મેં પણ છુપાઇને તેણીની પુઠ પકડી. જ્યારે તેણી અહીં આવી ત્યારે હું બહાર છુપાઈ રહી હતી. તેણી અહીંથી બહાર નીકળી ત્યારે પણ હું તેણીની પાછળ પાછળ ગઇ અને મેહદીબગાનની

લગભગમાં તેણીને પકડી પાડી તેણીએ કોઇપણ ભોગે મનીરૂદ્દીનને છોડવાની નાજ પાડી. મેં તેણીને બહુ સમજાવી, પરંતુ મારી એક પણ વાત ન માનતાં, ઉલટી મને જેવા તેવા શબ્દો બોલી. મારો ગુસ્સો વધી ગયો. મારાથી સહન થઇ શક્યું નહીં અને એજ વખતે આ છરીથી તેણીનું ખૂન કરી નાંખ્યુ."

આટલું કહેતાં દીલજાને હાથમાંની ચાંદીથી મઢેલી છરી દેવેન્દ્રવિજય તરફ ફેંકી દીધી અને શરીર તથા મન ઉત્તેજીત થવાથી તેણી એકદમ બેહોશ થઇ મડદાની માફક જમીનપર ઢળી પડી.

દેવેન્દ્રવિજયે તરતજ છરી ઉપાડી લીધી. મનીરૂદ્દીન લાકડા જેવો સ્તબ્ધ થઇ ગયો. પણ થોડીવાર પછી સાવચેત થઇ દોડી ને દિલજાનના માથા પાસે ઘુટણમંડીએ બેશી ગભરાટથી બોલ્યો, "અરે ! આ શું થયું ! આ તો બહુ ભયાનક મામલો છે !"

"હા. જો સાચું હોય તો તો ખરેખર ભયાનકજ છે !" દેવેન્દ્રે કહ્યું.

"શું આપને વિશ્વાસ આવતો નથી ?" મનીરે અજબ થઇ પૂછ્યું.

"ના." દેવેન્દ્રવિજયે જવાબ આપ્યો, "જરા પણ નહીં."

પ્રકરણ ૧૦ મું.

રોગશૈયાપર અરિન્દમ.

આ અદ્દભુત બનાવોથી દેવેન્દ્રવિજય બહુ સંકટમાં આવી પડયા. એક પ્રબળ રહસ્યના વ્હેળામાં તેઓ તણાતાજ જતા હતા. અને ઉપર આવવાને માટે કીનારાની જે ડાળીને મજબુત સમજી જોરથી વળગતા હતા તે તરતજ તુટી જતી હતી. આવી રીતે વારંવાર હાથમાં આવેલો આધાર તુટી જવાથી

તેનું ગર્વિત હૃદય તુટી ગયું. તે બહુજ નિરાશ થઇ મનીરના ઘરમાંથી બહાર નીકળ્યા અને પોતાને ઘેર ન જતાં અરિન્દમ બાબુને મળવા સીધા તેઓના ઘર ભણી ચાલ્યા. આ ચકરદાર મામલામાં પડવાથી ઘણા દિવસોથી તેને મળી શકાયું ન હતું. તેની તબીયત જોઇને પોતાના કેસની પણ વાત કરી કંઇ સારી સલાહ મળશે એમ ધારી દેવેન્દ્રવિજયે આ વખતેજ અરિંદમને મળવા જવાનું ઠીક ધાર્યું.

અરિન્દમ બાબુ એક ચાલાક ડિટેકટીવ તરીકે પ્રખ્યાત છે. તેમાં પણ ખાસ કરી ફુલ સાહેબના ભયંકર ખુની મામલાએ તેઓના કીર્તીમાં વધારો કર્યો છે તેનો ચહેરો જોઇને અરિંદમ બાબુમાં આટલું પાણી હશે એમ કોઇ કહી શકતું નહતું. તેનો સીધો-સાદો ચહેરો જોઇને કોઇ જાણી શકતું નહતું કે તેઓ ડિટેકટીવ પોલીસના એક મુખ્ય કર્મચારી છે. જ્યારે તેઓ પહેલવહેલા પોલીસમાં દાખલ થયા ત્યારે તેના ઉપરી અધિકારીઓને લશ માત્ર ખ્યાલ નહતો, કે એક દિવસ તે આટલી ખ્યાતી મેળવશે. એ ફતેહ એટલે સુધી વધી કે પહેલાં જેઓ અરિન્દમને સીધા સાદા અને બેસમજ ધારતા હતા તેઓજ તેની સલાહ લેવા આવતા હતા. જ્યારે એ લોકો કોઇ ગુંચવાડા ભરેલા કેસનો પત્તો ન મળવાથી કમર પકડી બેશી જતા હતા ત્યારે અરિન્દમ બાબુ મુળ ઠેકાણે પહોંચીને તેનો તરતજ પત્તો મેળવતા અને પોતાની તીવ્ર બુદ્ધિથી લોકોને અજબ કરી દેતા હતા.

એજ અરીન્દમ બાબુ આજે છ મહીનાથી વાત રોગથી ખાટલે પડયા છે, પરંતુ કામકાજ તો ખાટલે પડવા પહેલાંથીજ છોડી દીધું હતું. વૃદ્ધાવસ્થાને લીધે તેઓથી કામકાજ બનતું ન હતું એમ નહોતું. ઉમર પાકેલી હોવા છતાં તેનામાં એક જુવાન જેટલી તાકાત હતી. પરંતુ આખી જીંદગી ચોર, બદમાસ અને ખુનીઓની પાછળ ફરતાં ફરતાં અકસ્માત એક દિવસ તેને પોતાની જીંદગીપર તીરસ્કાર ઉપજ્યો, અને એજ તીરસ્કારથી તેના મનનો ઉત્સાહ એકદમ તુટી ગયો. તેનું દીલ એટલું બધું નારાજ અને નાઉમેદ થઇ ગયું કે એકાદ કેસ હાથમાં લઇને

નીરાશાથી તેને છોડી દેવો પડયો: વળી પોતાના ધંધામાં ખરો ખર મન ન લાગવાથી એક કેસમાં તો તેણે એક નિર્દોષને સજા કરવી એ વખતે તો તેને પોતાની જીંદગી પર એટલી ગ્લાની આવી, એટલો ધિક્કાર છુટયો કે એકદમ કામકાજનું રાજીનામું આપી દીધું.

પરંતુ રાજીનામું આપવા છતાં પણ તેનો છેડા છુટકો થયો નહી. જેવી રીતે મોટા મોટા વકીલો કોરટોમાં જઇને બહુજ દોલત અને માન મેળવ્યા પછી છેવટે જયારે ધંધો છોડી ઘેર બેસે છે ત્યારે પણ તેને બીજું કામ ન સુજતાં બીજાઓને પોતાના જેવા બાહોશ થયેલા જોઇ ખુશી રહે છે, તેમ અરીન્દમ બાબુની પણ એવીજ સ્થિતી થઇ. પરંતુ તેનો ઉદ્દેશ જુદો હતો. કોઇ સલાહ લેવા આવતું ત્યારે પહેલાં પોતે કોઇ નિર્દોષ માર્યો ન જાય તેની ચોક્સ શીખામણ આપી પછી ખરો રસ્તો દેખાડતા હતા. સલાહ લેનારા પણ અરીન્દમને રસ્તે જતાં જલદી ફતેહ પામતા. આવી રીતે અરીન્દમનું છોડી દીધેલું કામ નવા રૂપમાં બહાર પ્રગટી નીકળ્યું.

અરીન્દમ બાબુ હવા કરાવવાને માટે કાલીઘાટમાં ગંગાને કીનારે એક ભાડુતી ઘરમાં રહે છે. સેવા ચાકરીને માટે સાથે છોકરાં છૈયાં પણ છે જો કે દવા બહુ કાળજી પુર્વક થઇ રહી છે, છતાં બીમારી જરા પણ ઘટી નથી. શારિરીક સ્થિતી પણ સારી રહી નથી. હમણાં તો તે એટલાબધા કૌવતહીન થઇ ગયા છે કે ઉઠીને બેશી પણ શકાતું નથી.

દેવેન્દ્રવિજય અરિન્દમને ઘેર પહોંચ્યા ત્યારે દિવસ ઘણો ચડી ગયો હતો તેને ત્યાં જવામાં બીલકુલ અડચણ હતીજ નહીં. સીધા ઘરમાં જઇ બીજા માળ ઉપર જયાં અરીન્દમની પથારી હતી ત્યાં ચાલ્યા ગયા.

અરીન્દમ બાબુ પથારીમાં પડયા પડયા ધીરે ધીરે શ્વાસ લઇ રહ્યા હતા. વખતે વખતે વેદનાથી બુમ પાડી ઉઠતા હતા. ઘણા દિવસે આ દેવેન્દ્રવિજયને જોઇને તેઓ પોતાનું દરદ લગ-

ભાગ ભૂલી ગયા અને ખુશાલીથી બોલ્યા, "અરે કોણ દેવેન્દ્ર! આવો ભાઈ આવો! ઘણા દીવસથી તમોને જોયા નથી."

"હવે તબીયત કેવી છે?" પથારી પાસે બેસતાં દેવેન્દ્રે પૂછ્યું, "હું તો એક ગરબડમાં પડી જવાથી આ તરફ આવી શકયો નથી."

"તબીયતને માટે પૂછવાનું શું છે?" અરીન્દમે કહ્યું. "હવે કોઇપણ રીતે આરામ થાય એવું લાગતું નથી. વળી દરદ પણ એટલું વધી ગયું છે કે હવે સહન પણ થઇ શકતું નથી. ખેર! તમે તમારૂં કહો? આટલા દિવસ કયાં હતા? શી ગરબડમાં પડયા હતા?"

"એક ખુની મામલાની આફતમાં પડયો છું." દેવેન્દ્રે કહ્યું, "તેમાં આપની સલાહની જરૂર છે. મારી અક્કલ હવે કંઇ કામ કરતી નથી."

"સારૂં. કહો શો બનાવ અને શી હકીકત છે?" અરીન્દમે પૂછ્યું.

"બહુજ વિકટ માણસ સાથે પનારૂં પડયું છે" દેવેન્દ્રે કહ્યું. "તેણે મને તદન બેવકુફજ બનાવી મૂકયો છે!"

"અરે! એવો વિકટ માણસ છે?" અરીન્દમે નિઃશ્વાસ મુકતાં કહ્યું.

"હા! જેટલો જોઇએ તેટલોજ વિકટ છે." દેવેન્દ્રે જણાવ્યું, "મને તો લાગે છે કે એ આપના પેલા ફુલ સાહેબનો ભુત છે. કોઇ પ્રેતાત્મા સાથેજ મુકાબલો કરવો પડયો છે. એકવાર તો તેણે મને એવી રીતે હાથમાં કરી લીધો હતો કે, જો તે ચાહતે તો મને પૂરોજ કરી નાખતે, પરંતુ તેણે દયા કરીને છોડી દીધો એજ મારાં અહોભાગ્ય હું સમજું છું."

—— :o: ——

પ્રકરણ ૧૧ મું.

શીખામણ.

—:o:—

"તે એવો માણુસ છે!" અરીન્દમ બાબુ બોલ્યા, "જ્યારે એમ છે, ત્યારે તો તમારે માટે બહુજ સારો મોકો આવ્યો છે, એમ જાણીને હું ખુશી થાઉં છું. ખ્યાતી મેળવવાનો આ ઘણો સારો સંજોગ તમોને મળ્યો છે. ડિટેકટ કરવા જતાં સામે થનારા માણુસો આજે કયાં છે? વળી ચાલાક ખૂની, અને યુક્તીબાજ ધાડપાડુઓ આજે કયાં મળે છે? ગુન્હેગારો જેવા સીધા સાધા છે, તેવાજ તેના ગુન્હા પણ નજીવા હોય છે. આજકાલ દાવપેચ અને ચક્કરદાર મામલા કયાં જોવામાં આવે છે? આજકાલ તો થાળી કલશના ચોરનારા પણ પોતાને પ્રખ્યાત સમજી અક્કડ થઇને ફરે છે. ખૂની ખુનનો જુસ્સો પોતાના દિલમાં ન રાખતાં પોતે જાતે જઇનેજ ઇકરાર કરી આવે છે, એવાને પકડવામાં કંઇ મહેનત થતી નથી, તેમ બહાદુરી પણ કહેવાતી નથી. ફકત એકાદ ભાડુતી ગાડીમાં બેશી સીધા તેને ઘેર ચાલ્યા જાઓ અને પાસે જઇને હાથ કડી પહેરાવી દ્યો. બસ આરોપી પકડી લીધો, એમાં તે ચાલાકી અને અક્કલની જરૂર કયાં રહી? તમને તમારી બરાબરનો એક માણુસ મળ્યો છે એમ સાંભળીને મને બહુજ ખુશાલી ઉત્પન્ન થઇ છે, વારૂ તેનો ગુન્હો શો છે? શું બનાવ બન્યો છે એતો કહો કે, જે પરથી હું સમજી શકું કે એ માણુસ કેવા દરજાનો છે?"

"માણુસ ઉંચા દરજાનો છે," દેવેન્દ્રે કહ્યું, "એક સ્ત્રીને અજબ રીતે રસ્તા પર મારી નાખીને ગુમ થઇ ગયો છે."

"સારૂં! સારૂં! સારૂં!" અરીન્દમ બાબુ આટલું સાંભળી ત્રણવાર એકજ શબ્દ જુદા જુદા અવાજથી બોલ્યા. કેમ જાણે ત્રણ માણુસો બોલ્યા હોય! અને થોડીવાર વિચાર કરી કહ્યું, "ખુન થયું છે કયાં?"

"મેહુદીપગાનની એક ગલીમાં," દેવેન્દ્રે જણાવ્યું,

"હં! હા!" અરીન્દમ વિચાર કરી બોલ્યા," એ વાત એક વખત મેં શચીન્દ્રને મોઢેથી સાંભળી હતી. વળી એક ન્યુસ પેપરમાં પણ એક ખુનની થોડી હકીકત પ્રગટ થઇ હતી. એ ખુનનો તમે હજુ સુધી પત્તો નથી મેળવ્યો એતો બહુ નવાઇની વાત કહેવાય! જ્યારે તમે આજ સુધી પતો નથી મેળવી શક્યા ત્યારે જરૂર તે કોઇ લાયક માણુસ છે. સારૂં! હવે બધી હકીકત મને પહેલેથી છેલ્લે સુધી કહી સંભળાવો. વખતે હું પણ તમોને કંઇ મદદ કરી શકું છું કે કેમ તે જોઉં. એટલું કહી તઓ ધીરેથી બોલ્યા, ' પહેલાં તમે ધીમે પગલે બારણું ઉઘાડીને જુઓ એક મજેદાર ચીજ નજરે પડશે બ્હાર કોઇ ઉભું રહી આપણી વાતો સાંભળે છે. શ્વાસ લેવાનો તેનો અવાજ સ્પષ્ટ સંભળાય છે."

બારણું અંદરથી બંધ કરેલું હતું. દેવેન્દ્રવિજયે જઇને તે ઉઘાડી નાખ્યું અને જોયું તો રેવતી બહાર ઉભી છે. દેવેન્દ્ર વિજય અજબ થયા અરિંદમ ઠીઠી કરી હસી પડયા અને રેવતીએ શરમાઇને માથાપર કપડું ઢાંકી દીધું.

"બસ હવે કંઇ નહી." અરીંદમ બોલ્યા, "પરંતુ અમે એમ ન સમજ્યા કે જાસુસ ઉપર જાસુસી કરવા તું પાછળ આવશે. ખેર! પણ હવે તો પકડાઇ ગઇ છો." એટલુ કહી અરીંદમ બાણુ હસતા રહી ગયા અને અવાજ બદલીને બોલ્યા, "જુઓ બાઇ! સ્ત્રી અને પુરૂષનાં અંતઃકરણમાં કેટલો ફેર છે? હું લાચાર થઇ ખાટલે પડયો છું. તમે પુરૂષ છો, જ્યારે ચાહો ત્યારે આવી શકો તેમ છો, છતાં પણ નથી આવતા, પરંતુ બેટી રેવતી મને ભૂલી નથી ગઇ ઘરનું કામકાજ છોડીને પણ મને જોવાને માટે દોડી આવે છે."

"પરંતુ તમે તેણી ઉપર કેટલો ઉપકાર કર્યો છે!" દેવેન્દ્રે આગલી યાદ આપતાં કહ્યું.

"અને તમો બાઇ પર શો અપકાર કર્યો છે?" અરીંદમે કહ્યું.

"મારી ઉપરનો ઉપકાર પણ વાસ્તવિક રીતે એ આપની દીકરી પરનોજ ઉપકાર કહેવાય." દેવેન્દ્રે જવાબ આપ્યો,

"ઠીક ત્યારે જણાય છે કે હજુ તમારી ઉપર કંઇ ઉપકાર થયો નથી." અરીન્દમે કહ્યું, ખેર! એ વાત છોડો અને મુદ્દાની બાબત ઉપરજ આવો."

રેવતી અંદર ચાલી ગઇ. મેહદીબગાનનો મુકરદમો હાથમાં લેવા પછી એ મામલામાં આજ સુધી જે જે બનાવો બન્યા હતા તે બધા એક પછી એક દેવેન્દ્રવિજય કહેવા લાગ્યા.

સાંભળતાં સાંભળતાં અરીન્દમ બાબુના ચ્હેરાનો રંગ બદલી ગયો તેઓ એકદમ પોતાની બિમારી ભૂલી ગયા. બધી વાતો બરાબર ધ્યાનથી સાંભળતા જતા હતા. વખતે વખતે સાંભળતાં સાંભળતાં બન્ને હાથે બીછાનાને પકડી ઉઠવાની કોશીશ કરતા હતા. વચ્ચે વચ્ચે તેના મોઢામાંથી "તમે પહેલાં ન કહ્યું!"– "જો આની ખબર પહેલાં મળતે"–"હું ત્યાં હાજર હતે" વીગેરે ઉદ્‌ગારો કાઢતા હતા.

જ્યારે દેવેન્દ્રવિજયની કહાણી પૂરી થઇ રહી, ત્યારે હાથ પટકી જુસ્સાથી અરીન્દમ બાબુ બોલી ઉઠયા, "બાઇ! છે તો બડો મજેદાર મામલો. વળી કેસ ચારે તરફથી જકડાયલો હોવાથી ખૂની છુપાઇ રહીને બધા ખેલ ખુશીથી ખેલ્યા કરે છે, પરંતુ ભાઇ! તમે આ મામલાને બહુજ સારી રીતે ચલાવતા જાઓ છો."

"એમ કહી આપ મને વધારે ન શરમાવો." દેવેન્દ્રે કહ્યું.

જીભ અને તાળુની મદદથી એક અસ્વિકાર સૂચક અવાજ કરી અરીન્દમ બાબુ બોલ્યા, "નહીં હું મશ્કરી નથી કરતો. તમારી કામ કરવાની ગોઠવણથી આજે આ બુઢા દીલમાં ખુશા-લી સમાતી નથી. હવે મને ખાત્રી થાય છે કે, મરવા પછી પણ હું મારી જગ્યાએ એક લાયક માણસ રાખી જઇશ. મ-નમાં એવું થઇ જાય છે કે જાણે હમણાંજ ઉઠીને તમોને ગો-દમાં લઇ લઉં."

"ખરેખર આપ મને શરમાવો છો, દેવેન્દ્રવિજય અરીન્દમના બોલવા તરફ શંકાથી જોતાં બોલ્યા," મેં આમાં એવું વખાણુ-વાલાયક કામ કયું કર્યું છે? એજ હું સમજી શકતો નથી. હજી સુધી ખૂની પકડાયો નથી, એ પરથી તો મારા નામ પર લોકો મશ્કરી કર્યા કરે છે."

"નહીં! નહીં." અરીન્દમ બોલ્યા, "તમે ગભરાઓ નહીં એમ થવાથીજ તમારી આબરૂમાં ચોગણો વધારો થશે. મારી સમજ પ્રમાણે તમે આ કેસને સારી રીતે ચલાવ્યો છે, પરંતુ એથી પણ વધારે સારી રીતે ચલાવવાની જરૂર છે. તમે જે હકીકત સંભળાવી તે પરથી હું કહું છું કે તમે બહુજ અકલ મંદી અને હીંમતથી આગળ વધતા જાઓ છો. વાત આટલી રહી કે, થોડી ગેરસમજને લીધે તમે એકદમ ઉછળી પડો છો અને તરતજ નિરાશ થઇ જાઓ છો. ગંભીરતા અને સ્થિર સંકલ્પ બેને ધારણ કરવાથી કામમાં ફતેહ મળે છે. એટલા માટે જ આ સફેદ વાળની શોધ ખોળ થાય છે અને હું સમજું છું કે સંસારમાં સફેદ વાળની કદર પણ એટલા માટેજ થવાની જરૂર છે. જુઓ કેટલીક બાબતમાં તમે ભૂલ કરી છે. એ ભૂલ હવે હું તમોને સીધી રીતે સમજાવું છું.

પ્રકરણ ૧૨ મું.

ગુરૂ અને ચેલો.

એક નીશાળીઓ જેમ પોતાના માસ્તરની શીખામણ સાંભળે છે. તેવીજ રીતે દેવેન્દ્રવિજય માથું નમાવી સાંભળવા લાગ્યા.

"ખરેખર તમે આ મામલામાં ઘણી જગ્યાએ બહુજ ભૂલ કરી છે." અરીન્દમ કહેવા લાગ્યા, "ત્રણ ત્રણ વખત ભેદ જાણવાનો હાથમાં આવેલો અવસર તમે છોડી દીધો છે. હું હવે તમોને એ સમજાવું છું."

"પરંતુ જો આપ—"

"સાંભળો! તમે વચ્ચે ન બોલો." દેવેન્દ્રવિજય કંઈ કહેવા જતા હતા પણ તેને અટકાવી અરીન્દમે કહ્યું "કયો આધાર પકડીને ડિટેકટ કરવું જોઇએ તે યાદ છે? જુઓ ડિટેકટીવનો મુળ મંત્ર એ છે કે કોઇના ઉપર વિશ્વાસ ન કરવો. એ મંત્ર તમને યાદ હતો? એ આધારપર તમે કામની શરૂઆત કરી હતી?"

"હા. મેં એ મંત્ર યાદ રાખીનેજ શરૂઆત કરી છે. "દેવેન્દ્રે કહ્યું." પરંતુ કેટલીક જગ્યોએ મહેનત બરબાદ ગઇ છે. વળી જે તદન સાચું જણાય તેની ઉપર જબરાઇથી અવિશ્વાસ કરવો એતો બહુ કઠણ છે?"

"એજ જોઇએ. "અરીન્દમે કહ્યું." કોઇપણ જાતના આધારને પકડી તમે ફાવે તેવા અંધારામાં ચાલી શકશો. એ હાથમાંનો આધારજ અજવાળાની ગરજ સારશે, અને રસ્તો ભૂલવાની બ્હીક રહેશે નહીં. તેની સાથે બરાબર વખતે તમે ખરા રસ્તા પર પણ આવી શકશો. કહો હવે આવો અસલ મંત્ર ભૂલવા જેવી ચીજ છે? જો કોઇ એવો બનાવ બની ગયો કે જે બહુજ સંભવીત લાગ્યો અને તમે મુળ મંત્ર ભુલી જઇને તેનીપર વિશ્વાસ કરી લીધો. ફરી એક બનાવ એવો બન્યો કે જે તમારા મનમાં વળી સંભવીત લાગ્યો તમને એમજ થયું કે એ જુઠું હોયજ નહીં, બસ તમે તેનેજ ખરૂં માની ને ઉછળી પડયા! આમ કરવાથી ડિટેકટીવ થવાતું નથી. તેમ આવું કરનારાઓને ડિટેકટીવ કહેવા પણ ન જોઇએ."

"પરંતુ આપ મને જેટલો ભોળો સમજોછો તેટલો હું નથી. દેવેન્દ્રે કહ્યું.

"બરાબર એટલાજ છો! અરીન્દમે જણાવ્યું," આ વખતે છેલ્લો જે બનાવ બન્યો છે એ પરથી તો મનીરૂદીનજ ગુનેહગાર જણાય છે તમે પણ એ વાતને સંભવિત સમજી તેપર વિશ્વાસ કરો છો. કેમ બરાબર કે?"

"હા, જે કંઇ જાણવામાં આવ્યું છે તે પરથી તો મનીરૂદીનનેજ ગુન્હેગાર સમજું છું દેવેન્દ્રે કહ્યું. કારણ કે—"

"તમારે કારણુ જણુાવવાની જરૂર નથી. ' અરીન્દમ વચ્ચે બોલ્યા. કારણુ હું પોતેજ સારી રીતે સમજુ છું. તમે બરાબર સંભવિત માની તમારી એ માન્યતાપર વિશ્વાસ કરી બેઠા છો અને એજ વિશ્વાસપર કામ લેવાથી મહેનત સફળ થશે એવી આશા રાખો છો."

"સારૂં મારી જગ્યાએ આપ હતે તો શું કરતે?" દેવેન્દ્ર વિજય મનમાં જરા ગુસ્સે થયા પરંતુ મનનો ભાવ દબાવીને બોલ્યા.

"હું બરાબર તમારાથી ઉલટી રીતે ચાલત." અરીન્દમે કહ્યું, "જો કે તેમાં મારી ભૂલ પણુ થાત. પરંતુ એ ભૂલથી કંઇ એવું નુકશાન થવા પામત નહીં. વળી એજ અવિશ્વાસથી હું બરાબર જગ્યાએ જઇ પહોંચત."

"મનીરૂદ્દીનને અપરાધી સમજવાની બીજી પણુ એકાદ બે બાબતો છે." દેવેન્દ્રે કહ્યું, "તે પોતાનો અપરાધ છુપાવવાને માટે બધો બોજો મુનશી જહીરૂદ્દીન પર ઢોળવાની કોશીશ કરે છે."

"એટલા માટેજ તમારો વિશ્વાસ તેના પર આટલો બધો મજબુત થયો છે કે?" અરીન્દમે પૂછ્યું.

"એક બીજું પણુ કારણુ છે," દેવેન્દ્રે જણાવ્યું, "દીલજાન અંદર ખાતેની બધી હકીકત જાણુતી હોય એમ લાગે છે. તેણી મનીરને બચાવવાને માટે પોતેજ ખૂન કર્યાનું જાહેર કરે છે."

"અહીં તમે દરેક પગલે ભૂલ્યા છો. અરીન્દમે કહ્યું.

"ત્યારે શું આપ મનીરૂદ્દીનને નિર્દોષ સમજો છો? દેવેન્દ્રે થાકીને ગુસ્સાથી કહ્યું.

"સમજો છો! સમજો છો શું? હું તો સારી રીતે જાણું છું કે તે નિર્દોષ છે." અરીન્દમ બાબુ ગંભીર અને બીહામણો ચ્હેરો કરી છેલ્લા શબ્દો એવા ભારથી બોલ્યા કે, દેવેન્દ્રવિજય સ્તબ્ધ થઇ ગયા.

પ્રકરણ ૧૩ મું.

મુદ્દાની વાત.

દેવેન્દ્રવિજયની ખાત્રી હતી કે અરિન્દમ બાબૂ અદ્દભૂત શક્તિ ધરાવે છે. તેઓ જે કંઇ બોલે છે તેમાં કદી પણ શંકા સ્થાન હોતું નથી, તો પણ તેઓ હમણાં જે કહી ગયા તેપર દેવેન્દ્રવિજયને વિશ્વાસ આવ્યો નહીં. આ વખતે દેવેન્દ્રવિજયની સમજ એવી થઇ કે ભૂલ બધાની થાય છે, તેમ અરીન્દમ બાબુ ખરા હેતુને પહોંચી શકયા નથી. અરીન્દમના બોલવાથી દેવેન્દ્રવિજય ખુશી કે સંતોષી દેખાયા નહીં.

“ આપ એમ સમજો છો, કે ખુની બનાવમાં મનીરૂદ્દીન કંઇ પણ નથી જાણતો ? એ આપનું ધારવું બરાબર છે ?” દેવેન્દ્રે પૂછ્યું.

“ હા, હા ! બરાબર તો શું પણ તેના કરતાં પણ મજબૂત છે.” અરીન્દમે કહ્યું. “ મનીરૂદ્દીન એટલોજ નિર્દોષ છે, જેટલા તમે અને હું છીએ. વળી આ ખૂની પ્રકરણમાં તો જેટલું તમે અને હું જાણીએ છીએ એટલું પણ તે નથી જાણતો.”

“ આપ એમ શી રીતે સમજ્યા છો, એ મારી અકલમાં ઉતરતું નથી.” દેવેન્દ્રે કહ્યું.

“ જુઓ આ કેસમાં મેં જે તમારે મોઢેથી સાંભળ્યું છે, તે બધું બરાબરજ હોય તો મારી અટકળ પણ ખોટી નથી. હું તો બરાબર સમજું છું કે મુબારક આ મામલાની ઘણી બાબતો જાણે છે અને તે પણ એટલે સુધી કે ખૂનીને સુદ્ધાં ઓળખે છે.” અરીન્દમે કહ્યું.

“ મને તો એવું કંઇ લાગતું નથી.” દેવેન્દ્રે કહ્યું. “ કારણ કે તેને એ છૂપાવવાની શી જરૂર છે ?”

"આટલા દિવસ ડિટેક્ટીવનું કામ કરીને પણ તમે આવો બેવકુફી ભરેલો સવાલ પૂછશો એવો મને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો." અરીન્દમે નિરાશાથી કહ્યું, "હું સમજતો હતો કે મારી જગ્યાએ એક લાયક માણસ મુકી જઇશ, પરંતુ હવે મને જણાય છે કે મારી એ સમજ ભુલ ભરેલી હતી. તમે પોતેજ વિચારી જુઓ કે તમારો આ સવાલ કેટલો બેવકુફીથી ભરેલો છે! સારૂં જુઓ હુંજ સમજાવું છું. સમજો કે તમે એક ખૂન કર્યું છે અને તમારા કોઇ મિત્રે તમોને ખૂન કરતાં જોયા છે હવે એવી સ્થિતીમાં શું એ મિત્ર એક પણ એવી વાત જાહેર કરશે કે જે તમારી વિરૂદ્ધમાં જતી હોય? "અરીન્દમબાબુએ આ શબ્દો બહુજ જોરથી કહ્યા.

"નહીં, નહીં!" દેવેન્દ્રે જણાવ્યું, "આ મામલામાં મુબારકનો કંઇ એવો ઉદ્દેશ નથી, અને જો હતે તો તે કદી પણ પોતાના મિત્ર મજીદનું નામ જાહેર કરતે નહીં."

"હું પણ એ વાત સમજું છું," અરીન્દમે કહ્યું, "પરંતુ જો એ ખૂન મજીદખાં નામના કોઇ મિત્રથી ન થયું હોય, પણ તેના કોઇ દુશ્મનના હાથે થયું હોય તો?"

"દુશ્મનના હાથે થયું હોય તો તો પછી વાતજ કયાં રહી" દેવેન્દ્રે કહ્યું, "એમ હતે તો મુબારક એજ વખતે તેને પોલીસમાં પકડાવી દેતે.

"અને મુબારક જો તમારા જેવો બેવકુફ ન હોય તો?" અરીન્દમે કહ્યું.

આ સાંભળી દેવેન્દ્રવિજય મનમાં બહુજ નારાજ થયા, પરંતુ મોઢેથી કંઇ બોલ્યા નહીં. અરિન્દમ ચ્હેરાપરથી તેનો મનોભાવ પામી ગયા તેણે કહ્યું, "જુઓ ભાઇ! આ બુઢાના બોલવાથી નારાજ ન થશો કારણ કે તેમ કરવાથી ઘરમાં જઇ બે ચાર રોટલી વધારે ખાવા સીવાય બીજો કંઇ લાભ થવાનો નથી. મુબારકે જો પોતાના કોઈ શત્રુને ખૂન કરતાં જોયો હોય, અને તે તમારી જેવો બેવકુફ ન હોતાં સારી બુદ્ધિ ધરાવતો હોય તો એ તે ખૂનીને જાહેર કરે નહીં, પણ ઉલટો તેને

પોલીસના હાથમાંથી બચાવવાની તજવીજ કરે. કોઇ દુશ્મનને હાથમાં કરી લેવા માટે આ એક ઉત્તમ ઉપાય છે, અને વખત ઉપર એજ વેરીના હાથે કેટલાંક મુશ્કેલ કામો કરાવી શકાય છે. હવે વેરી હોય યા મિત્ર! પણ મુબારક ખૂનીને જાણે છે જરૂર. પરંતુ કોઇ પણ કારણે તે તેને છુપાવા માગે છે. જ્યાં સુધી તેને પોલીસ ચોકસીથી નહીં તપાસવામાં આવે ત્યાં સુધી ખરી હકીકત મળી શકશે નહીં" એટલું કહી અ-રીન્દમ બાબુ હાથ મસળવા લાગ્યા.

"સારૂં હવે હું આપનીજ સલાહ પ્રમાણે કામ કરીશ." દેવેન્દ્રે કહ્યું.

"શી રીતે કરશો, કહો જોઇએ?" અરીંદમે કહ્યું.

"હજુ સુધી મેં કંઇ નક્કી વિચાર્યું નથી." દેવેન્દ્રે જણાવ્યું, "પરંતુ નક્કી વિચાર કર્યા પછી એકવાર ફરી આપના કહેવા ઉપર મારે વિચાર કરવો પડશે."

"જુઓ આ કામમાં પ્રથમથીજ વિચાર કરીને પછીજ પગલું ભરવું જોઇએ." અરીન્દમે કહ્યું, "નહીં તો મહેનત બરબાદ જાય. હવે આ વખત બરાબર વિચાર કરી એવો રસ્તો લેવો કે જેને આધારે ધારેલી જગ્યાએ જઇ પહોંચાય. અંધારામાં પથરો ફેંકવાથી લાભ શો? ખેર! હવે આટલા દિવસોમાં જે તમે મોટી મોટી ભુલો કરી છે એ હું તમને સમજાવું છું. જરાપણ અકલ રાખીને ચાલ્યા હોત તો અત્યાર પહેલાં કયારનાએ ખરા ભેદને પામી ચુકયા હોત."

દેવેન્દ્રવિજય હવે શું કહે છે તે સાંભળવાને માટે અરિન્દમ બાબુ થોડીવાર ચુપ રહ્યા, પરંતુ દેવેન્દ્રવિજયે પણ મૌન ધારણ કર્યું. તેઓના મનમાં એમ થયું કે મારી ભુલ થઇ હશે. નહીં તો આ આમ શામાટે કહે?"

સામેનો માણુસ મનમાં બોલે કે પ્રગટ બોલે બધું અરીન્દમ બાબુને તો સરખુંજ હતું. તેઓ દેવેન્દ્રવિજયનો મનોભાવ જોઇ ખુશી થયા અને બોલ્યા, "પહેલાં તો એ છરીની બાબતમાં તમે મોટી ભૂલ કરી છે. જો મજીદખાંએજ ખૂન કર્યું

હોય તો તે ખૂનનો આવડો મોટો પુરાવો ઘરમાં શામાટે રાખે? વળી આ છરી તેની તો હતી નહીં! હા, જો છરી મજીદનીજ માલેકીની હતે તો તો તેને છુપાવી રાખવાની જરૂર હતી. હવે તમે તમારી ભૂલ સમજ્યા?"

"એ વખતે મને આ વાતનો વિચાર આવ્યો નહતો." દેવેન્દ્રે કહ્યું, "જે કંઇ પુરાવા મળ્યા તેના જોરથીજ આગળ વધતો ગયો હતો."

"એને આગળ વધવું નહીં, બલકે ધીરે ધીરે પાછું હઠવું કહે છે." ગંભીરતાથી અરીન્દમે કહ્યું. "તમારી જગ્યાએ હું હતે તો ફક્ત આ છરી ઉપરથીજ આટલી ગડબડ કરી બેસત નહીં. બીજી બાબત પેલી નનામી ચીઠ્ઠીની છે. હાથ પગમાં દોરા બાંધી જેવી રીતે લોકો લાકડાની પુતળીને નચાવે છે એવીજ રીતે તે તમોને નચાવી રહ્યો છે. તેણે જે મતલબથી ચીઠી લખી એજ મતલબથી કામ કરવાવાળા તમે પુરા બેવકુફ મળી ગયા"

"આ વખતે તો હું બધું સમજું છું." દેવેન્દ્રવિજય શરમથી નીચું જોઇ બોલ્યા, "પરંતુ એવી સ્થિતીમાં એ વખતે બીજું શું બની શકે તેમ હતું.?

"અરે! તમે તો બધું ચોપટ કરી દીધું છે! સ્પીરીટની માફક સળગી ઉઠી ગુસ્સાથી અરીન્દમે કહ્યું, અને હજુ પણ કહો છો કે બીજું શુ બની શકે તેમ હતું? આ અકલ ઉપર ડિટેક્ટીવ થવા નીકળ્યા છો કે? હું જોઉં છું કે હજુ તમોને એ ખબર નથી કે ડિટેકટીવોને બનાવની ઉલટી ધાર પર કેવી રીતે કામ કરવું પડે છે? જો ખૂનીને ઓળખવાની એટલી હોંશ હતી, તો તમારે પોતાને વેશ બદલી ગોળ દીગ્ધિ પર ચાલ્યું જવું હતુ. બસ કામ થઇ જાત અને કોઇ જાતની ગડબડ પણ થવા પામત નહીં

પ્રકરણ ૧૪ મું.

ભ્રમ—સંશોધન

હવે તો દેવેન્દ્રવિજય બહુજ ગુસ્સે થયા પરંતુ એ ગુસ્સો અરીન્દમ ઉપર નહીં, પણ પોતાની બેવકુફી પર હતો. તેના મનમાં ગ્લાની ઉપજી અને બોલ્યા "આવી સારી યુક્તી હોવા છતાં મેં મારા શીરપર કલંક ચડાવ્યું ? આ બેવકુફી તો મને આખી જીંદગી સુધી યાદ રહેશે."

"તમે આટલો અફસોસ ન કરો " અરીન્દમે કહ્યું, " જેને તમે બેવકુફી કહી રહ્યા છો, તે ખરી રીતે બેવકુફી નહીં પણ થોડી બેપરવાઇથીજ થયું છે. ત્રીજી બાબત એ કે તમે એ ખુનીને પકડવાને માટે ગોળ દીગ્ઘી ઉપર કેટલાંક માણસો ગોઠવી રાખ્યાં હતાં.

"ત્યારે શું એમાં પણ કંઇ ભુલ થઇ છે કે [illegible]" અવાજે નાઉમેદ થઇ દેવેન્દ્રવિજયે કહ્યું.

ખાટાં ફળ દાંત ઉપર અડતાંજ માણસ જેવું મોઢું કરી જાય તેવુંજ મોઢું કરી અરીન્દમ બાબુ બોલ્યા. "અરે બાપરે ! હજી પણ તમે સમજી ન શકયા ? ભૂલ તો કંઇ જેવી તેવી થઇ છે ! તેને ડિટેકટીવ કહેતા નથી. એ કામ તો પેદલનું છે."

આથી દેવેન્દ્રવિજયપર માનો બેતની સોટીનો ફટકો પડયો, પણ લાયક વિદ્યાર્થી માર ખાઇને પણ શિક્ષાગુરૂ સામે નીચું જોઇ બેશી રહે છે તેમ દેવેન્દ્રવિજય પણ બેશી રહ્યા. પછી થોડીવાર રહીને બોલ્યા, "ત્યારે તમે શું કહો છો તેને હાથમાં લઇને છોડી દેવો એ બરાબર છે ?"

દેવેન્દ્રવિજયની વાત સાંભળતાંજ અરીન્દમ બાબુ જુસ્સાથી ઉઠીને બેઠા થવા ગયા, પરંતુ ઉઠી શકાયું નહીં. અને પાછા

જેમના તેમ પડી ગરમ થઇ બોલ્યા, " અરે પણ પહેલાં તેને જોશો અને ત્યાર પછી પકડવાની તજવીજ કરશો કે આગળથીજ દોડધામ? કયાં તમારો હાથ અને કયાં તમારો ખુની છે તેનો તો વિચાર કરવો હતો? વેશબદલી ને ગોળ દીગ્ધીમાં તમે ગયા હતે અને પ્રથમ એ લુચ્ચાને ઓળખી લીધો હતે, તો પછી ધીરે ધીરે જેમ ભેદ ખુલતો જાત તેમ તેમ તમે તેની નજીક જઇ પહોંચત અને છેવટે બરાબર વખત આવે પકડી લેત. હાથ પહોળા કરી બેશી રહેવાથી તો પંખી હાથમાં આવતું નથી. તેને પકડવાને માટે પણ ધીમે પગલે તેની પાછળ જવું જોઇએ છીએ.

" આપનો ખુલાસો વાજબી છે. " દેવેન્દ્રવિજયે કહ્યું. " હવે હું બરાબર સમજી શકું છું. "

" તમે તો તેમ ન કરતાં, બગીચાની ચારે તરફ માણસો બેસારી પહેલાંથીજ જાહેરાત કરી દીધી. " અરીન્દમે કહ્યું, " અને હાથમાં આવેલો શીકાર ઇરાદા પૂર્વક જવા દીધો. માછી લોકો પણ માછલી પકડવા જાય છે, ત્યારે પહેલાં તેને ઉપર લાવવાને માટે લોટ ખવરાવે છે, પણ તમે તો પહેલાંથીજ અંદર લાકડીઓ ઠોકવા માંડી. કેમ જાણે એ લાકડીજ માછલીઓને પકડી લાવે તેમ હોય ! "

" એમાં તો શક નથી કે, ઉતાવળમાં મેં કેટલીક ભૂલો કરી છે. " દેવેન્દ્રે કબુલ કરતાં કહ્યું, " પરંતુ હવે કંઇ ઉપાય નથી. બરાબર વિચાર નહીં કરવાથી આવી રીતે ઠગાવું પડે છે, પરંતુ મારા મનમાં તો હજુ. એમ થાય છે કે આટલી ભૂલચૂક કરવા છતાં પણ હું આગળ વધ્યો છું. કેસનો પત્તો લાગવામાં હવે વધારે વાર નથી. "

" આ વાત તમે અકલમંદ જેવી કરતા નથી. " અરીન્દમે કહ્યું, ' અંધારામાં રસ્તો ભૂલી જઇને આગળ વધી અજવાળામાં આવવું તેને અકલમંદી કહે છે. નહીં તો આગળ જતાં જતાં રસ્તો પૂરો થવાથી તમે તમારા ઇરાદાથી એટલા બધા દૂર જઇ પડશો કે, ત્યાંથી પોતાના સ્થળપર આવતાં આવતાં

જીવ પર જોખમ આવશે. સ્થળપર પહોંચવાની વાત તો જરા આઘી રહી."

"પરંતુ હજુ સુધી મારી હાલત એવી નથી થઇ." દેવેન્દ્રે કહ્યું, "હું રસ્તો ભૂલી એટલો દૂર નીકળી ગયો નથી. હું સમજું છું કે સીધો રસ્તો મુકીને આડે રસ્તે ગયો છું, તો પણ ખાત્રી છે કે હવે જલદી ખૂનીને પકડી પાડીશ. મેં એક વાર મુનશી સાહેબને ફરી મળવાનો ઇરાદો કર્યો છે."

"તેના પાસે શા માટે જશો?" અરીન્દમ બાબુએ પૂછયું.

"તપાસ કરતાં એવું જણાયું છે કે મુબારક અત્યારે જોહરા સાથે લગ્ન કરવાનો ઉમેદવાર છે." દેવેન્દ્રે કહ્યું. "તે વખતે મુનશી જહીરૂદ્દીનને મદદ કરવાને માટે ખરી હકીકત છુપાવતો હોય, તો બનવા જોગ છે."

"ત્યારે તો તમે જરીરૂદ્દીન ઉપર શંકા કરતા હો એવું લાગે છે." અરીન્દમે કહ્યું.

"થોડું ઘણું એમ છે ખરૂં." દેવેન્દ્રે કહ્યું, "પરંતુ આપનો અભિપ્રાય શો છે? આપે પણ ખરો ખુની કોણ છે તેની અટકળ કરી હશે."

"હા, કરીતો છે." અરીન્દમે કહ્યું. "ડાકટરે લાશ જોઇને ખુન કયે વખતે થયાનું જણાવ્યું હતું?"

"રાત્રે બાર વાગે" દેવેન્દ્રે જણાવ્યું.

"બરાબર છે." અરીન્દમે કહ્યું.

"ત્યારે ખુની કોણ છે?" દેવેન્દ્રે પૂછયું.

"તે હું હમણાં કહીશ નહીં." અરીન્દમે કહ્યું. "જે કાંઈ કહેવા જેવું હતું એ હું કહી ચુકયો છું. હવે જો તમે તમારી બુદ્ધિથીજ તપાસ કરીને કામ પૂરૂં કરો તો સારી વાત છે. તમે ખુશી થશો અને હું પણ ખુશી થઇશ. આ વખતે ખુનીનું નામ બતાવીને હું તમને બેફીકર અને નિરૂદ્યમી કરવા માગતો નથી."

એટલું કહી અરીન્દમ બાબુ ધીરે ધીરે ઉઠી પથારીમાં બેઠા. પાસેના ટેબલ પર રૂપીયા પૈસા વીગેરે રાખવાનું એક

નાહનું ટીનનું કેશ બોકસ હતું, તેને પથારી પર લઇને ચાવીથી ઉઘાડયું અને તેમાંથી કંઇ નોટ પૈસા વીગેરે જે હતું તે કાઢીને પથારી નીચે રાખ્યું. એટલું કર્યા પછી તેણે ટેબલ પરથી ખડીયો કલમ લઇ મોઢું ફેરવીને એક કાગળના કટકા પર કંઇ લખ્યું અને શાહી સૂકાવાની પણ રાહ ન જોતાં તેને ઘડી વાળીને પેલી સ્ટીલની પેટીમાં મૂકી પેટી બંધ કરી દીધી. ચાવી તકીયાના નીચે રાખી પેટી દેવેન્દ્રવિજયના હાથમાં આપતાં કહ્યું, "મેં ખૂનીનું નામ લખીને આમાં રાખ્યું છે. તમે આ પેટીને લઇ જાઓ અને જ્યારે ખુનીને પકડો ત્યાર એ પેટી મારી પાસે પાછી લાવજો. હું પેટી ખોલીને દેખાડી આપીશ કે તમારે મોઢેથી કેસની હકીકત સાંભળીને હું બરાબર ઠેકાણે પહોંચ્યો છું. હવે આ વખતે મારી પાસેથી વધુ કંઇ મેળવી શકશો નહીં. ઇશારામાંજ મેં જે કંઇ તમોને કહી દીધું એજ તમારે માટે પુરતું છે."

"જુઓ ભાઇ!" અરીન્દમ બાબુએ બોલવું ચાલુ રાખ્યું, "વાત વાતમાં હું તમોને કેટલાક કઠણ શબ્દો બોલી ગયો છું, એ માટે આ બુઢા પર ગુસ્સે ન થતાં તમારે મારા આ સફેદ વાળોના આબરૂ અને માન રાખવાં જોઇએ, કારણકે આ બુઢાનો પણ તમારા ઉપર થોડો ઘણો હક છે એ વાત ભુલશો નહીં."

"નહીં આપે એવા કઠણ શબ્દો તો કંઇ કહ્યા નથી." દેવેન્દ્રવિજય દુઃખી થઇ બોલ્યા, "આવી બેવકુફીને માટે થપડ મારવાનો આપને હક હતો. હું મારી ભૂલ ઉપર અત્યારે પસ્તાઉં છું."

"એમાં પસ્તાવાનું કંઇ કારણ નથી.' અરીન્દમે કહ્યું. ડિટેકટીવનું કામ બહુજ મુશ્કેલ છે. તે બહુ જગ્યાએ ઠગાયા પછીજ શીખાય છે. એમાં અકલની ઘણી જરૂર છે. " અત્યારે આ બુઢો બીછાના પર પડીને જે તપાસ ઉપર શીક્ષાનો મારો ચલાવે છે, તેને પણ એક વખત કેટલાક બદમાસોના પંજામાં પકડાઇને આના કરતાં પણ વધારે બેવકુફ બનવું પડયું હતું" સારૂં! તમે આ વખતે મુનશી જહીરૂદ્દીનને ખુની સમજો છો?

“ હા. મારી માન્યતા એવીજ છે. “ દેવેન્દ્રે જણાવ્યું, પરંતુ સંજોગ અને બનાવ જોતાં આપને એમ નથી લાગતું ?

“ લાગે છે એમ તો હું કબુલ કરૂં છું ” અરીન્દમે કહ્યું, “ પરંતુ તમે આટલા વખત પછી યુકિત અને વિચારની મદદ થી જે ધાર્યું છે તે ઉલટી પણ શકે છે. ”

“ ત્યારે આપનું કહેવું શું છે ? ” દેવેન્દ્રે પુછ્યું

“ હું જે કહેવા માગું છું તે આ પેટીમાં બંધ છે. અરીન્દમે જવાબ આપ્યો.

દેવેન્દ્રવિજય પેટી બગલમાં મારી ઉઠયા. તેને ઉઠતા જોઇને અરીન્દમ બાબુ બોલી ઉઠયા. “ હવે જાઓછો કયાં ? આજે અહીંજ જમી લ્યો. તમે બેઉ માણુસ સાથે એકજ ગાડીપર બેશી ચાલ્યાં જજો. કેમ કંઇ હરકત છે ? ”

“ એમ નહી બને “ દેવેન્દ્રે કહ્યું, ” મારે મુનશી સાહેબ ને ઘેર જવું પડશે જ્યાં સુધી આ ખૂનનો પત્તો નહીં લાગે ત્યાં સૂધી મારૂં ચિત્ત ઠેકાણે આવશે નહીં. મનીરૂદ્દીન કહે છે કે તેણે ખૂનની રાત્રે મુનશી સાહેબને સુજાનની પાછળ જતા જોયા હતા, તેનું એ કહેવું મને સાચું લાગે છે. ”

“ પણ મુનશી સાહેબને મળવા આટલી ઉતાવળની કંઇ જરૂર નથી. ” અરીન્દમે કહ્યું, “ પહેલાં તેની વિરૂદ્ધ પૂરાવા મેળવો અને પછી મળો તો કંઇ કામ પણ થાય. હમણાં જઇને નાહક શા માટે આબરૂ ગુમાવો છો. હવે અહીંજ ચુપચુપ બેશી રહો. કેમપણ રીતે તમે આજે જઇ શકશો નહીં.

હવે દેવેન્દ્રવિજયથી ના પાડી શકાણી નહીં.

ભાગ પાંચમો.

પ્રકરણ ૧ લું.

જેલમાં.

મજીદખાં હજી જેલમાંજ છે ! ઘણા દિવસો સુધી એકના એકજ જગ્યાએ પડયા રહેવાથી તેની તબીયત ખરાબ થઇ ગઇ છે. વળી તેનાપર જે કલંક આવ્યું છે તેથી તેની ચિંતા વધી પડી છે. વખતે વખતે વકીલ હરીપ્રસાદ તેની પાસે આવે છે, તેના મારફતે કેસની થોડી ઘણી હકીકત તેના જાણવામાં આવી છે, જે ઉપરથી તેને લાગ્યું છે કે મામલો ધીરે ધીરે અજવાળામાં આવતો જાય છે અને હવે થોડા દિવસમાં છુટો થશે એવો તેને ભરોસો બેઠો છે. સુજાનની વાત જે અત્યાર સુધી જીવને જોખમે પણ પોતે છુપાવી રાખી છે, તે જાહેર ન કરવાથી પણ હવે તેને હરકત આવે તેવું લાગતું નથી.

આટલાજ દિવસોમાં મજીદખાં બહુ નરમ થઇ ગયો હતો. પોતાની વહાલી જોહરાને તે બહુ દિવસોથી જોવા પામ્યો નથી. ઘણા દિવસોથી કાનમાં અમૃત વરસાવનારી તેણીની મીઠી વાતો તેણે સાંભળી નથી. આ જેલની કોટડીમાં પણ તેને જો કંઇ પણ ચીન્તા હોય તો તે જોહરાનીજ હતી. વળી તદન એકાંત જગ્યામાં એ ચીંતાએ પણ ઘાડું રૂપ પકડયું હતું. તે એ બાબત મનમાંથી કાઢી નાખવાની કોશીશ કરતો હતો. પરંતુ બીજી એક પણ બાબત ઉપર દિલ નહીં ચોટતાં વચ્ચે વચ્ચે તેણીનું જ ચીંતવન થઇ જતું હતું કોઈ કોઇવાર તો તેને એવા ખ્યાલો

આવતા કે જોહરાને માટે જેમ હું તડપી રહ્યો છું, તેમ તેણી મને યાદ કરતી હશે કે કેમ ? શું તેણી પણ બીજાની માફક મને ખુની સમજતી હશે ? મારી નિર્દોષતા હું જાણું છું. પરંતુ તેણીને કેવી રીતે સમજાવવું કે હું નિર્દોષ છું ? એમ કરવા જતાં જો તેણી મારી તરફ ધિક્કારની નજરે જોશે તો મારી બધી ઉમેદપર પાણી ફરી વળશે. શું કરવું ? બધાની સામે શું મોઢું બતાવવું એવાજ વિચારો મજીદખાં જેલની કોટડીમાં કર્યા કરે છે. સમુદ્રના મોજાંઓની માફક તેનું મન ઉછળતું હતું. તેની અક્કલ લગભગ ગુંચવાઇ ગઇ છે. ચારે તરફ શુન્ય અંધકાર અને એ અંધકારમાં નિરાશાની વિકટ મૂર્તીના સીવાય મજીદખાંની નજરે બીજું કંઇ પડતું નહી.

આવીજ ચીન્તામાં મજીદ ગુંથાયેલો હતો પરંતુ કોઇના પગલાંના અવાજથી તે ચોંક્યો અને ઉંચું જોતાંજ પેલી નિરાશાની વીકટ મુર્તી ખસી ગઇ ચારે તરફ પ્રકાશ દેખાયો અને થોડેજ છેટે આશાની મનોહર મર્તીસમાન હૃદયને આનંદ આપનારી ખૂબસુરત સુંદરી જોહરા મૂર્તીના આકારમાં ઉભી છે. પહેલાં તો મજીદખાંને પોતાની આંખોપર વિશ્વાસ આવ્યો નહીં. તે સમજ્યો કે રાત દિવસ જેને યાદ કરીએ છીએ તે ઉંઘતાં સ્વપનામાં દેખાય છે. ત્યારે આ શું હું સ્વપનું તો નથી જોતો ! મજીદના મોઢામાંથી એક પણ શબ્દ નીકળી શકયો નહીં. તે ચુપચુપ જોહરાની સામું જોઇ રહ્યો.

“ શું તમે મને ઓળખતા નથી ? ” જોહરા નરમ અને મીઠા શબ્દોથી બોલી. “ તદન અજાણ્યા માણસની માફક શું જોઇ રહ્યા છો ? હું જોહરા તમોને જોવા માટે આવી છું ”

આહા ! એ મધુર અવાજને શું કહેવું ! એ મીઠી બોલી અને માયા ભરેલા શબ્દોએ મજીદના કાનમાં શું વરસાવ્યું તે લખવાની કોશીશ કરવા છતાં પણ ખરા રૂપમાં અમારાથી લખી શકાતું નથી જેણે કોઇવાર કોઇની સાથે પ્રેમ કર્યો હોય, જે કોઇ મનહરણીના હૃદય મંદીરમાં પૂરાયો હોય, તેને આવા સંકટ સમયમાં એજ મનહરણી પાસે આવીને આવા નરમ શબ્દો બોલે તો એ વખતની ખૂશીનો ખ્યાલ અનુભવીજ કરી લીયે !

એ પ્રેમની લીજજતની ખબર કોને હોય? મજીદ આમાં એ તરતજ ઉઠીને જોહરાના બન્ને હાથ પકડયા અને ધ્રુજતા અવાજે કહ્યું, "જોહરા તું અહીં શા માટે આવી? આ કલંકીત સ્થાનમાં આવવાની શી જરૂર હતી? અહીં કેટલાએક ચોર, ખુની અને બદમાશોનાં પગલાંમાં તું તારૂં પગલું સામેલ કરવા શા માટે આવી છે? શું તું નથી જાણતી કે હજારો પાપીઓના શ્વાસથી અહીંની હવા ખરાબ થઇ ગઇ છે? દયા માયા, મોહ અને મહોબતની ચીજની હસ્તી અહીંની દુનીયમાં છેજ નહીં. એવી એક જાતીજ દુઃખી દુનીયામાં અહીં તને જોઇને હું અજાયબીમાં પડયો છું."

"એમાં અજબ થવા જેવું કંઇ નથી" જોહરા નમ્રતાથી બોલી, "જ્યાં તમે હો એ જગ્યા કદાપી જહન્નમ હોય તો પણ મારે માટે એ સાફ અને શાંતીની જગ્યા છે."

"તેં અહીં આવવાનો હુકમ શીરીતે મેળવ્યો?"

"હરીપ્રસાદ વકીલ મારી સાથે આવ્યા છે જોહરાએ કહ્યું "તેઓની મદદથી હું અહીં આવી શકી છું તેઓ આપણે માટે સારી મહેનત કરે છે."

"હા, આપણાથી તેનો બદલો વળી શકશે નહીં." મજીદ બોલ્યે," ખરેખર તે આપણને અંતઃકરણથી ચાહે છે, પરંતુ મને લાગે છે કે, તેના ઉપકારનો બદલો વાળવા જેટલો સમય આ જીંદગીમાં તો નહીં મળે; મારી હાલત, અને એપર લોકોની મશ્કરી! મારૂં શું થશે એ મને સુજતું નથી."

"એમાં એટલું ગભરાવાનું કંઇ કારણ નથી." જોહરાએ કહ્યું, "જે અસહ્ય અને નહીં દૂર થઇ શકે તેવાં સંકટો પણ થોડા વખતમાં દૂર થઇ શકે છે. માત્ર માણસમાં ધીરજ જોઇએ ધીરજથી બધું સહન થઇ શકે છે."

"જોહરા!" મજીદે ગભરાઇને કહ્યું "હું કયા આરોપ માટે અહીં બંધ છું એનો તેં સાંભળ્યું હશે. પરંતુ તું મને એવોજ સમજે છે?"

"હું તો શું પરંતુ બધા જાણે છે કે, તમે નિર્દોષ છો."

જોહરા બોલી “ ડિટેક્ટીવ દેવેન્દ્ર મુન્શી નસીરૂદીન મુબારક વીગેરે બધાના મનમાં એમજ ખાત્રી છે કે તમે નિર્દોષ છો.

“ મુબારક ! “ મજીદ ચકીત થઈ બોલ્યો ” મુબારક પણ મને નિર્દોષ સમજે છે ? તેણે તો મને ખુનની રાત્રે કેહદી બાગાનના એક ખુણાપર જોયો હતો એપરથી તો હું ખુની હોવાની બાબતમાં તેને સૌથી વધારે વિશ્વાસ હોવો જોઇએ.
“ નહીં. ” જોહરા બોલી, “ તેને તમારા ઉપર બીલકુલ શક નથી. ”

“ મુબારક મારો ખાસ દોસ્ત છે, ” મજીદે કહ્યું “ હું તેને બહુ સારી રીતે ઓળખું છું. ”

“ જેટલો તમે સમજો છો એટલો તે નથી. ” જોહરા બોલી.

તેની ઇચ્છા મારી સાથે શાદી કરવાની છે. ”

“ હેં !.શું કહે છે ?” મજીદ ચોંકીને બોલ્યો, ‘ એ તો કંઇ બનવા જોગ નથી. મુબારક એવું ઇચ્છેજ શી રીતે ?

“ ન બનવા જોગ કેમ ?” જોહરા એ કહ્યું. “ પરમ દહાડે સવારે એટલા માટે તે મને મળવા આવ્યો હતો. ”

“ અરે આટલી બધી નફટાઇ ?” મજીદ બોલ્યો, “ તને મળવા ! વારૂ પછી તેં શું કહ્યું ?”

“ એ માટે તમે શુ પૂછો છો ?” જોહરા કંઇક શરમ અને કંઇક જુસ્સાની લાગણીથી બોલી. “ મારી શાદીની ગેઠવણ તમારી સાથે નકી થઇ છે એમ મેં તેને જણાવ્યું બાજુ શું કહેવાનું હતું ? મુબારકે કહ્યું કે એ વાત સાંભળી હતી, પરંતુ તેમાં સાચું શું છે એ હું સમજી શકયો ન હતો

“ પછી તેં શું કહ્યું ?” મજીદે ગભરાઇને પૂછ્યું.

“ પછી તે તમારા દુઃખની વાત છેડીને બોલ્યો કે જો હું તેની સાથે સાદી કરવા કબુલ થાઉં તો તે તમોને નિર્દોષ સાબિત કરીને આ આફતમાંથી તમને બચાવે. ” જોહરા બોલી.

“ એ બિલકુલ અસંભવીત છે. ” મજીદે કહ્યું. “ મુબારક મને શી રીત બચાવી શકે ? ”

"તે હું નથી જાણતી." જોહરા બોલી. "પરંતુ તેની વાતોથી મને બહુજ ક્રોધ ઉપજ્યો અને કહ્યું, 'તારા તરફની જરાપણ મદદ વગર અમે મજીદખાંને નિર્દોષ જાહેર કરી બચાવી શકીશું,' એટલુંજ એ તમારા ખાસ દોસ્તને કહી હું ત્યાંથી ચાલી ગઇ. ત્યાર પછી તેની સાથે ફરી મુલાકાત થઇ નથી."

"તે આ આફતમાંથી મને બચાવવા માટે જે આતુરતા બતાવે છે, તેતો દોસ્તની ફરજ છે, " મજીદે કહ્યું " પરંતુ તેના બદલામાં તેણે જે સ્વાર્થી માગણી રજુ કરી છે તે બહુજ ખરાબ એટલા માટે છે કે આપણાં લગ્નની ગોઠવણ તે જાણે છે."

"જાણે તો છે, પરંતુ એમાં સચ્ચાઈ કેટલી છે એની તેને ખબર નહતી." જોહરા બોલી, "જો આપણાં લગ્ન બાબતમાં તેની ખાત્રીજ હોત તો તેને આટલી હીમત થાત નહીં. બધા લોકો એમજ જાણતા હતા કે, મારાં લગ્ન મનીરૂદ્દીન સાથેજ થનાર છે,"

પ્રકરણ ૨ જું.

વીકટ મામલો.

—:o:—

જોહરા અને મજીદની વાતચીત ચાલે છે એટલામાં હરીપ્રસાદ વકીલ ત્યાં આવી પહોંચ્યા અને મજીદને કહ્યું. "જો મજીદ! મારે તને એકાદ બે વાતો પૂછવાની છે."

"ખુશીથી પૂછો." મજીદે જણાવ્યું,

"જ્યારે હું પહેલ વહેલો અહીં તને મળવા આવ્યો," હરીપ્રસાદે કહ્યું, "ત્યારે તેં કહ્યું હતું 'કે, જો મનીરૂદ્દીન પાછો કલકત્તામાં આવે તો, તે રાત્રે તેના ઘરમાં જે સ્ત્રી તને મળી હતી તેનું નામ અને બધી હકીકત તું જણાવીશ, એ બાબત તને બરાબર યાદ હશે. મનીર હવે પાછો આવ્યો છે, એટલે તું એ બાબતનો ખુલાસો કર."

" મનીરૂદ્દીન પાછો આવ્યો છે ?" મજીદ દુઃખી ચ્હેરે લથડતી જીભે બોલ્યો.

" હા, મનીરૂદ્દીન પાછો આવ્યો છે," હરીપ્રસાદે જણાવ્યું, " અને જેણીને માટે આટલી ગડબડ થઇ રહી હતી એ દિલજાન પણ જીવતી જાગતી પાછી આવી છે."

" કોણ દિલજાન ?" આંખો ચડાવી અજાયબીથી મજીદે પૂછયું.

" હા દિલજાન !" હરીપ્રસાદે કહ્યું, " હવે અમે સમજી ગયા છીએ કે એ રાત્રે બાર વાગે તને જે સ્ત્રી મળી હતી અને જેની વાત તું છુપાવી રાખવાની કોશીશ કરી રહ્યો છે, તે મુનશી જહીરૂદ્દીનની સ્ત્રી સુજાનબીબી હતી. મેહદીબગાનમાંથી જે લાશ મળી આવી હતી તે દિલજાનની નહીં, પરંતુ સુજાનની હતી. સુજાનનુંજ ખુન થયું છે !"

" હા, હા, એજ બરાબર છે." મજીદે જણાવ્યું.

" ત્યારે તમે પ્રથમથીજ જાણતા હતા કે જે ખુન થયું છે તે દિલજાનનું નહીં પરંતુ સુજાનનુંજ છે ? જોહરા એકાએક બોલી ઉઠી.

" હા" તે રાત્રે બાર વાગ્યા પછી મને મળનાર સ્ત્રી સુજાન બીબી હતી. મજીદ માથું નમાવી બોલ્યો, મનીર અને સુજાન વચ્ચેના સંબંધની વાત હુ જાણતો હતો, મનીર એક પણ કામ મારાથી છુપાવી શકતો ન હતો. હું રાત દિવસ તેને મારી નજર સામેજ રાખતો હતો અને એજ કારણથી તે કેટલીકવાર મારી તરફ નારાજ પણ થતો હતો. મેં ઘણીવાર સુજાનને મનીરને મળવા આવતી જોઇ હતી, અને એ દરેક વખતે તેણીને હું બહુ સમજાવતો હતો, પરંતુ પાણીના વહેતા જોશને રોકી શકનાર કોણ છે ? તે રાત્રે જયારે એ આવી ત્યારે મનીર તો ન મળ્યો પણ તેને બદલે મારી મુલાકાત થઈ ગઇ. તેણીના મોઢેથી મેં સાંભળ્યું કે દિલજાન તેણીને ઘેર ગઇ છે અને કહે છે કે તેણીએ મનીરને હજુ છોડયો નથી. વળી મનીર પણ તેની સાથે એટલોજ પ્રેમ રાખીને તેની સાથે

પોતાનાં લગ્ન કરવાનું વચન આપી ચુકયો છે હવે એ વાતો માં કેટલી સચ્ચાઇ છે તે જાણવાને માટે સુજાનબીબી દિલજાન ના વેશમાં મનોરને મળવા આવી હતી, દિલજાન પાસેથી તેણીએ જે કંઇ સાંભળ્યું તેમાં એક શબ્દ પણ જુઠો નથી, એમ કહી મે સુજાનને સમજાવી. મારો મતલબ એવો હતો કે કોઇ પણ રીતે આ પાપણી તેને છોડી દે અને મનીરૂદ્દીન પોતની બદનામીમાંથી બચવા પામી આ ડાકણના પંજામાંથી છુટી જાય મારા સમજાવવાથી ઉલટી તેણી; ગુસ્સાની આગમાં સળગી ઉઠી અને મનીરને સંબોધીને કેટલાક શબ્દોના પ્રહાર કર્યા પછી મને પણ દસ વીસ સંભળાવી દીધી, અને એકદમ ઘરમાંથી ચાલતી થઇ. કોણ જાણે રસ્તામાં તેણી કંઇ ન કરી બેસે એમ ધારી હું તેણીની પાછળ ગયો, પરંતુ તેણી ફરી મારા જોવામાં આવી નહીં. એ રાત્રે એટલુ અંધારૂં હતું કે આપણો હાથ પણ દેખી શકાતો ન હતો. હું ઉભો રહી જોતો હતો એટલામાં એક માણસ મહેદીબગાનના રસ્તાપર થઇને ચાલ્યો ગયો. મેં તેનો પીછો કર્યો પરંતુ તે પણ કોણ જાણે કયાં ગુમ થઇ ગયો. હું ચાલતો ચાલતો મેહદીબગાન પહોંચ્યો ત્યાં પણ તેને બહુ શોધ્યો પરંતુ પત્તો મળ્યો નહીં. હું દિલજાનના ઘર સુધી ચાલ્યો ગયો અને ત્યાંથી છુપી રીતે બાતમી મેળવતાં મને જણાયું કે દિલજાન હજુ સુધી સુજાનબીબીને ઘેરથી પાછી ફરી નથી. હું પાછો ફર્યો ત્યારે પણ મેહદીબગાનમાં સુજાનને બહુ શોધી પરંતુ તેણી મળીજ નહીં આખરે નિરાશ થઇ ઘર તરફ જતો હતો એટલામાં ગલીના નાકાપર મુબારક મળ્યો. ત્યાંથી હું ઘેર જઇ સૂઇ રહ્યો અને સવારમાં પથારીમાંથી ઉઠતાંજ ખૂનની વાત સાંભળી, અને એ લાશનાં કપડાં લતાં અને પોશાકની વાત સાંભળી મેં સમજી લીધું હતું કે સુજાનનું ખૂન થયું છે; બીજી તરફ બધે દિલજાનનું ખૂન થયાની વાત ઉડી. મેં પણ સંતોષ માન્યો કે સારૂં થયું મામલો ઉલટાઇ ગયો છે, એટલે મને પણ થોડી શાન્તી થઇ."

"તને શાન્તી શા માટે થઇ ?"

"તેનું એક કારણ છે."

"આ ખૂનના બનાવમાં?"

"હા."

"ત્યારે એ કહેવામાં કંઇ હરકત છે?"

"જરા સબુર કરો." મજીદે કહ્યું, "હું વીચારીને કહું છું."

"સારૂં! વીચારી જો."

"ત્યારે આ બધી વાત અમોને પ્રથમજ કાં ન કરી?" જોહરાએ મજીદને પૂછ્યું.

"તેનું પણ કંઇ કારણ છે." મજીદે કહ્યું. "મેં સુજાન બીબીને વચન આપ્યું હતું કે તેણીની બાબતની એક પણ વાત હું કોઇને નહીં કહું. વળી તે વખતે મનીરૂદ્દીન ઉપર તેણીનો જે ગુસ્સો હતો ને જોતાં મને લાગ્યું કે હવે તેણી મનીરને છોડી દેશે. એટલે એ કલંકની વાત જો એકદમ દબાઇ જાય તો વધારે સારૂં છે એમ મારૂં સમજવું હતું. વળી જો હું એટલુ પણ કબુલ કરત કે રાત્રે મળનારી સુજાન હતી તો ત્યાર પછીના બનાવો પણ મારે કહેવા પડત."

"અરે એક સ્ત્રીની ખાતર તું ગળાંમાં ફાંસીનું દોરડું નાખીને બેઠો છે?" હરીપ્રસાદે કહ્યું.

"ના. હું એટલું લંબાણ કરત નહીં" મજીદ બોલ્યો, "જ્યારે સમજત કે હવે માથા પરની બલા ટળવાની નથી ત્યારે બધી બાબતનો ખુલાસો કરી દેત, પરંતુ જ્યાં સુધી બને ત્યાં સુધી કોશશ તો કરવીજ જોઇએ."

"વારૂ! પહેલાં તું શું સમજ્યો હતો?" હરીપ્રસાદે પૂછ્યું.

"મનીરૂદ્દીન સાથે નાશી જનાર તરીકે તેં કોણને ધારી હતી?"

"પહેલાં તો હું સમજ્યો કે તેની સાથે કોઇ ગયુંજ નથી." મજીદે જવાબ આપ્યો, "પણ જ્યારે આપે મારી પાસે આવીને દિલજાનની વાત કહી, ત્યારે મને થયું કે જો કોઇ ગઇ હોય તો તેણી દિલજાનજ ગઇ છે, દિલજાન સુજાનની જોડીઆ બ્હેન છે. ચ્હેરે મોહરે બન્ને સરખીજ છે, વળી બન્ને

એ અરસ્પરસ પોશાકની ફેર બદલી કરી છે, એટલે પછી હિલ જાન જેવી ચાલાક સ્ત્રી શું હાથમાં આવેલો અવસર જવા દે ખરી કે?"

"સારૂં! હવે એ વાતને જવાદે" હરીપ્રસાદે કહ્યું. "હવે એ બાબતનો ખુલાસો કર. કે મરેલી સ્ત્રીનું નામ જાણવા છતાં તેં શા માટે ન જણાવ્યું!"

આટલું સાંભળતાંજ મજીદનો ચહેરો ઉતરી ગયો. તે નીચલો હોઠ દાંતમાં ભરાવી ચારે તરફ નીરાશાની નજર ફેરવી બોલ્યો, એ તો બહુજ ભયાનક બાબત છે. જોહરા! તું તે સહન કરી શકશે નહીં."

"ફવે તેવી ભયાનક હોય જોહરા બોલી, તમે કહો હું સહન કરી લઇશ."

મજીદનો ચહેરો જોઇ હરીપ્રસાદના મનમાં અનેક શંકાઓ આવવા લાગી. તેને લાગ્યું કે શું મજીદજ તેણીનો ખુની છે? અને એટલા માટેજ જોહરાની રૂબરૂ પોતાનો વાંક કબુલ કરતાં ડરે છે? નહીં, નહીં? એમ તો કદી હોયજ નહીં,

પ્રકરણ ૩ જું.

કોકડું ગુંચવાયું.

મજીદખાં થોડીવાર સુધી માથું નીચું કરી વિચારમાંજ બેશી રહ્યા. અને પછી બોલવા માટે જેવું માથું ઉંચક્યું, તેવાજ દેવેન્દ્રવિજય હાંફતા હાંફતા આવી પહોંચ્યા.

"અહો! અહીં તો બધાં હાજર છે." દેવેન્દ્રે કહ્યું, "સારૂં થયું, હું તમારે માટે એક નવીન ખબર લાવ્યો છું."

"શું નવીન ખબર છે?" હરીપ્રસાદે પૂછયું.

"પેલા ખૂનની." દેવેન્દ્રવિજયે જણાવ્યું, "હું હમણાં ફરી મનીરને મળી આવ્યો છું. હવે એ રાત્રે બાર વાગ્યા પછી તે ક્યાં હતો અને શું કરતો હતો એ બધું જણાઇ આવ્યું છે."

"એવા કંઇ ખબર મળ્યા છે કે, જેપરથી તેની આ કામમાં સામેલગીરી હોય એમ લાગે?" હરીપ્રસાદે પૂછયું.

"એ બાબતની શી જરૂર છે?" દેવેન્દ્રે કહ્યું, "હવે તો મેં અસલ ખુનીને જાણી લીધો છે."

"તે કોણ છે?" હરીપ્રસાદ અને જોહરાએ પૂછયું; મજીદખાં કંઇ બોલ્યો નહીં તે ચુપ અને શાન્ત થઇ તેઓના સામું જોઇજ રહ્યો.

"ખૂની પુરૂષ નહીં, પણ સ્ત્રી છે!" દેવેન્દ્રે જણાવ્યું "વળી તેણીએ પોતે ખૂન કબૂલ કર્યું છે."

"એવી સ્ત્રી કોણ છે?" જોહરા ગભરાઇને બોલી, "તેણીનું નામ શું છે?"

"દિલજાન." દેવેન્દ્રે કહ્યું.

"હેં! દિલજાન?" જોહરા અજાયબીથી પુકારી ઉઠી.

"આ તો બહુ અજબ થવા જેવી વાત છે!" હરીપ્રસાદે કહ્યું.

"બહુજ ભયંકર!" મજીદ પણ પુકારી ઉઠયો.

"અજબ કહો, ભયંકર કહો ચાહે તે કહો! પરંતુ દીલજાને પોતાને મોઢેથી ખુનનો ઇકરાર કર્યો છે." દેવેન્દ્રે જણાવ્યું, "એ રાત્રે તેણી અદેખાઇની આગથી સળગતી સુજાનની પાછળ ગઇ હતી અને મહેદીબાગાનમાં તેનું ખૂન કર્યું"

"કયા હથીયારથી કેવી રીતે ખૂન કર્યું એ પણ દિલજાને કહ્યું હશે?" મજીદખાંએ સંદેહની નજરથી દેવેન્દ્રવિજય તરફ જોઇને પૂછયું.

"હા. આ છરીથી તેણીએ ખૂન કર્યું છે" દિલજાનની આ-

પેલી છરી દેખાડતાં દેવેન્દ્રવિજય બોલ્યા, "પોતાનો ગુન્હો કબુલ કર્યા પછી દીલજાને આ છરી પોતાના હાથે મને આપીછે."

"તેણીના એ બોલવાને તમોએ ખરૂં માન્યું છે?" અજાયબીથી દેવેન્દ્રવિજય તરફ જોઇ મજીદે પૂછયું

"પહેલાં તો મને તેણીના બોલવા પર વિશ્વાસ આવ્યો નહીં, દેવેન્દ્રે ખુલાસો કર્યો." પરંતુ હવે મને એવી શંકા થાય છે કે, જો તેણી ખૂની ન હતી તો પોતાને મોઢેજ પોતાને ખુની કાં કહે છે?"

"તેનું કારણ તો હું સમજાવી દઉં છું" મજીદે કહ્યું, "દીલજાન મનીરને ખરાં જીગરથી ચાહે છે અને આપ મનીર પર ખુનનો આરોપ ઢોળવા માગો છે એ વાત તેણીએ કોઇ પણ રીતે સાંભળી લીધી હશે."

"હા. તે દીવસે જ્યારે હું મીનીરૂદ્દીન ઉપર ખુનનો આરોપ ઢોળવાની કોશીશ કરી રહ્યો હતો ત્યારે તેણી બારણાં પાસે છુપાઇને બધું સાંભળતી હતી." દેવેન્દ્રે જણાવ્યું.

"ત્યારે તો મારૂં ધારવું બરાબર છે." મજીદે કહ્યું." "તેણીને લાગ્યું કે રખેને તમે ખુની ઠરાવી મનીરને ફાંસીએ લટકાવો! એટલા માટે તેણીએ એ આરોપ પોતાપર ઓઢી લીધો છે. વળી દિલજાન કેવા તેજ મીજાજની છે એ તો આપે જાણી લીધું હશે વળી જ્યારે બ્હેનના ખુનના વાંક માટે મનીરને પકડાતો જોવાની વખત આવી, ત્યારે તેનો તેજ મીજાજ વધુ ઉત્તેજીત થાય તેમાં નવાઇ નથી. હમણાં તેણી શું કહે છે અને શું કરે છે તેનું તેણીને વખતે ભાન પણ નહીં હોય."

"પરંતુ આ છરી?" હરીપ્રસાદે પૂછયું.

"એ શું? એમાં કંઇ છે નહીં!" મજીદે છરીની કંઇ પરવા ન કરતાં કહ્યું," સુજાન તેનાથી મરી નથી તેમ મરી શકે પણ નહીં એ છરી ઝેરી નથી. મારૂં ન માનતા હો તો આપ તપાસ કરી લ્યો. હું મજબુતાઇથી કહું છું કે, એ ખુન દિલજાનનું કરેલું નથી."

"જ્યારે તમોને આટલી બધી ખાત્રી અને વિશ્વાસ છે,

ત્યારે તેનું કંઇ કારણ પણ હોવું જોઇએ." દેવેન્દ્રવિજયે કહ્યું "જ્યારે તમે આટલી મજબુતાઈથી દિલજાનનો પક્ષ ખેંચો છો ત્યારે હું સમજું છું કે તમે જરૂર જાણો છો કે સુજાનનો ખુની કોણ છે?"

"તે હું ચોકસ નથી જાણુતો, પરંતુ જેટલું જાણું છું તેટલું આપને કહું છું." મજીદ બોલ્યો, "એક ચોકસ બાબત માટે મારા મનમાં મોટી શંકા છે. મેહદી બગાનમાંથી જે સ્ત્રીની લાશ મળી તે સુજાનનીજ હતી એમ હું પ્રથમથીજ જાણી ગયો હતો, પરંતુ તેણીનું નામ જાહેર નહીં કરવાનું જે કારણ છે તે બહુજ ભયંકર છે. વળી હું જે દિલજાન ખુની નથી એમ મજબુતાઈથી કહું છું તેનું પણ ચોકસ કારણ છે. હું પ્રથમથીજ જણાવી ચુકયો છું કે જ્યારે સુજાન ત્યાંથી ચાલી ગઈ ત્યારે હું તેણીની પાછળ પાછળ ગયો હતો, પરંતુ તેણીની પાછળ જઇને મેં કંઇ પણ જોયું નથી એ મારૂં કહેવું જુઠું છે. મેં કોઇ પણ કારણથી ત્યાં બનેલી સાચી હકીકત છુપાવી રાખી હતી. સુજાન પોતાને ઘેર ગઇ હશે એમ ધારીને પહેલાં હું કલિંગા બજારના રસ્તા પર ગયો. જરા આગળ ગયા પછી મેં જોયું કે ફાનસના થાંભલા પાસે ઉભીને સુજાન કોઇની સાથે રગઝગ કરી રહી છે. વાતની વાતમાં તેની સામેનો માણસ ગુસ્સે થઇ ગયો અને એક હાથે તેણીનું ગળું પકડી બીજે હાથે તેણીના ગળાગમાં પહેરેલો હાર ખેંચી લીધો. સુજાને મોટા અવાજથી બૂમ પાડી અને જીવ લઇને મેહદીબગાન તરફ નાઠી. પેલો માણસ પણ તેણીની પછવાડે દોડયો અને હું પણ તેની પાછળ પડયો, પરંતુ અંધારૂં એટલું હતું કે થોડીજ વારમાં તે કયાં ગુમ થઇ ગયાં તે જણાયું નહીં. આપને યાદ હશે કે લાશના ગળાં પાસે એક ઘાનું નીશાન હતું એજ પેલા હાર ખેંચવાની નિશાની હતી. મને લાગે છે કે એ વખતે એ માણસે કંઇ પણ ઝેરી હથીયારની ચોટ કરી દીધી હશે. અને એજ બ્હીકથી સુજાન બુમ પાડીને તેના પાસેથી નાઠી હશે. અને પછી મેહદીબગાનમાં પહોચતાં પહોંચતાં ઝેરની અસરથી ની-

જીવ થઇ પડી ગઇ હશે."

દેવેન્દ્રવિજય મજીદનો ખુલાસો બહુજ સંભાળથી સાંભળી રહ્યા હતા, તે હવે તેને ચુપ રહેલો જોઇને બોલ્યા, "સારૂં ! તમે એ માણસને ઓળખ્યો હતો ?"

"હા, તેને હું ઓળખું છું." મજીદે જણાવ્યું.

"કોણ હતો ?" બધા સાથે બોલી ઉઠયા.

"મુનશી સાહેબ હતા." મજીદે ખુલાસો કર્યો.

મુનશી સાહેબનું નામ સાંભળતાંજ જોહરા ત્યાંજ પત્થર જેવી થઇ ગઇ. દેવેન્દ્રવિજય બોલી ઉઠયા, "અરે ! ત્યારે મનીરે મને જુઠું તો ન કહ્યું ! તેણે પણ મુનશી સાહેબને સુજાનની પાછળ દોડતા જોયા હતા ! ત્યારે આખરે મુનશીજીજ સુજાનના ખૂની ઠર્યા ? હવે હું કોઇ પણ રીતે અહીં થોભી શકતો નથી."

"કયાં ચાલ્યા ?" દેવેન્દ્રવિજયને ઉઠતા જોઈ હરીપ્રસાદે પૂછયુ.

"મુનશી જહીરૂદ્દીને સુજાનના ગળામાંથી જે હાર ખેંચી લીધો હતો તેની શોધ ખોળમાં." કહી દેવેન્દ્રવિજય ત્યાંથી એકદમ બહાર પડયા.

પ્રકરણ ૪ થું.

શંકાની બીજી વલણ.

આ અદ્ભૂત ખૂનની બાબતમાં મુનશી જહીરૂદ્દીનને માટે જે હકીકત મનીરૂદ્દીન પાસેથી સાંભળી હતી તેને મજીદના કહેવાથી મજબુતી મળવાથી દેવેન્દ્રવિજયને ખાત્રી થઇ ગઇ કે મુનશી જહીરૂદ્દીનજ ખૂની છે. હવે કેસનુ

એક રીતે ભેટ આવવાથી તેના મનમાં થોડી શાન્તી થઇ. મુનશી જહીરૂદ્દીન અને સુજાનબીબી ધણી ધણીયાણી હોવા છતાં બન્ને વચ્ચે ઉંદર બીલાડી જેવો બનાવ છે. એમ તેના પાડોશીઓ જાણતાં હતાં. દેવેન્દ્રવિજયે પણ તેઓ પાસેથી એ હકીકત જાણી લીધી હતી. બીનાં આ નવાં કુકર્મની વાત કોઇ પણ રીતે મુનશીજીના જાણવામાં આવી હશે. બસ તેણે તરતજ વખત જોઇને એ વાતનું ખરા પણું જાણી લેવાથી પાછળ પડીને તેણીનું ખૂન કરી નાખ્યું લેશે.

દેવેન્દ્રવિજયે વિચાર્યું કે આમ ફકત શંકાથીજ કામ બને નહીં. તેણે પોતાની બીના ગળામાંથી હાર લઇને ક્યાં રાખ્યો છે તે તપાસ કરી શોધી કાઢવો જોઇએ. જે છરી મજીદના ઘરમાંથી મળી આવી છે તેનાથી ખુન નથી થયું એતો ચોકસ છે. હવે બનાવ તદન ઉલટાઇ ગયો છે. પહેલાં જે આધારપર કામ લીધું હતું તે હવે નિરૂપયોગી થઇ ગયો છે. જે ઝેરી હથીયારથી ખૂન થયું છે એ પણ શોધવાથી જતાં મુનશીસાહેબ પાસેથીજ મળી શકે તેમ છે. હવે એ હાર અને ઝેરી હથીયાર કોઇ પણ રીતે મુનશી જહીરૂદ્દીનના કબજામાંથી મેળવી શકાય તો તે પોતાનો બચાવ કરી શકશે નહીં; અને વધારામાં મનીર અને મજીદની જુબાનીથી તેને ખૂની તરીકે સાબીત કરવામાં બીલકુલ અડચણ પડશે નહીં. હવે એ બે ચીજો તેના પાસેથી કઢાવવાની ખાસ જરૂર છે, પરંતુ જો ખરી રીતે એજ ખૂની હોય તો તે દિવસે સુજાનબીબીનો પતો મેળવવાને માટે તે અમારી સાથે ફરીદપુર શા માટે આવ્યા હતા ? હવે દેવેન્દ્રવિજયના મનમાં જરા શંકા થઇ. એક બારગી તેના મનમાં એમ થયું કે, અરિન્દમ બાબુની આપેલી પેટી ઉઘાડીને તેમાં કોણ બિચારા નિર્દોષ—નું નામ લખેલું છે, કોને તેણે ખૂની જાહેર કર્યો છે એ જોઇ આ બધા ગડબડ ગોટાળાનો અંત લાવી દેવો. પરંતુ તેણે તેમ કર્યું નહીં. થોડી વાર એમ વિચાર કરીને પોતે મનમાંજ કહેવા લાગ્યા કંઇ ફિકર નહીં જરૂર મુનશી સાહેબજ ખૂની છે. પેટીમાં પણ તેનુંજ નામ લખેલું છે એમ મારી લગભગ ખાત્રી થઇ ગઇ

છે. તેનું ફરીદપૂર આવવું એ માત્ર પોતાપરની શંકા દુર કરાવવા માટેજ હતું. પહેલાં તો તેણે આવવાનો વીચાર માંડી વાળી કહ્યું હતું કે કાલની વાત કાલે જોઇ લઇશું, પરંતુ પાછળથી તેને એમ લાગ્યું કે નહીં જવાથી સંદેહમાં વધારો થશે, તેથીજ અમારી સાથે આવ્યા અને અમો તેના વિરૂદ્ધ શંકા લઇ જઇ શકયા નહીં. ત્યાં સુજાન નહીં મળે એમ તેઓ ખાત્રીથી જાણતા હતા, છતાં તેણે ત્યાં જે કંઇ નાટકી દેખાવ કર્યો તે બધો પોતાનો ગુન્હો છુપાવવાને માટેજ હતો એ બધું વિચારતાં મુનશી માણુસ તો બડો ચાલાક છે એમ તેને લાગ્યું !

દેવેન્દ્રવિજય મુનશી જહીરૂદ્દીનને મળવાને માટે ચાલ્યા. રસ્તામાં મનીરનું ઘર આવતું હતું તેના બારણાંમાંજ મનીર મળ્યો. ત્યાં બીજું કોઇ હતું નહીં. દેવેન્દ્રવિજયે જોયું કે મનીરૂદ્દીન ઉદાસ રહીને ચીન્તામાં બેઠો છે. દેવેન્દ્રવિજયને ઘરમાં આવતા જોઇને મનીરૂદ્દીને કહ્યું કેમ શા વિચારથી આવ્યા છો ? હવે દિલજાનને પકડીને લઇ જશો કે ? ”

જવાબમાં દેવેન્દ્રવિજયે ના કહી ત્યારે મનીરૂદ્દીને પુછયું કેમ ?

“ મેં તો તેજ દિવસે જણાવી દીધું હતું કે, હું તેણીના બોલવાપર વિશ્વાસ કરતો નથી. દેવેન્દ્રે કહ્યું, તેણી ફકત તમોને બચાવવા માટેજ ખૂનનો આરોપ પોતાપર ખેંચે છે તેણી એમ જ સમજે છે કે તમેજ ખૂન કર્યું છે. ”

“ તેણી ફાવે તે સમજે ! ” મનીરે કહ્યું, “ પણ આપનું ધારવું શું છે ? ”

“ હું તો ધારૂં છું કે તમે તદન નિર્દોષ છો. ”

“ એમ ધારવાનું કંઇ કારણ ? ”

“ હવે મેં ખરા ખૂનીનો પત્તો મેળવ્યો છે. અને હું મજબુતાઇથી કહું છું કે તેણેજ સુજાનનું ખૂન કર્યું છે. ”

“ કોણ મુનશી સાહેબ ? ”

“ હા મુનશી સાહેબ પોતે ! ”

"મારી સમજ પણ એવીજ હતી. તે સુજાનને ધિક્કારતા હતા."

"તેનું કારણ?"

"કારણ તો ઘણાં છે. જુઓને દેવેન્દ્રવિજય! હું કંઇ સાધુ સંન્યાસી તો નથી! બલકે બધાથી ખરાબ વર્તણુકવાળો માણસ છું, છતાં શું કરૂં! મારૂં અંતઃકરણ એટલું બધું નબળું છે કે મારા એક પણ વિચારને હું કાબુમાં રાખી શકતો નથી. વળી મારે માટેજ નહીં પણ મને ખાત્રી છે કે આવે વખતે કોઇપણ માણસ પોતાની લાલચને થોભાવી શકે નહીં." મનીરૂદ્દીને ખુલાસો કરતાં દિલગીર અવાજે કહ્યું.

"ખેર! એમાં હવે તમે બધાને ન સંડોવતાં તમારૂંજ કહો." દેવેન્દ્રે કહ્યું "વળી એ પણ બતાવો કે હજુ પણ મનમાં એજ વાત છે કે કંઇ—"

"નહીં! હવે તો સાહેબ હું સમજી ગયો" મનીરૂદ્દીન વચ્ચે બોલી ઉઠયો. "હવે મારૂં અંતઃકરણ પાછું પડયું છે. આજથી કુરાન હાથમાં લઇને કહું છું કે હવે કદી પણ એ ખરાબ રસ્તાપર જઇશ નહીં. વળી હવે જલદી શાદી કરી લેવાનું પણ મેં મન સાથે નક્કી કર્યું છે."

"કોણની સાથે?" દેવેન્દ્રે પૂછયું.

"બસ! એજ દિલજાન સાથે!" મનીરૂદ્દીને કહ્યું, "તેણી મને કેટલી ચાહે છે એ હું પહેલાં જાણી શકયો ન હતો. તેણીનો આવો ચાહ મારા જોવામાં આવ્યો નહતો, છતાં તેણી હંમેશાં મારા ઉપર વિશ્વાસ રાખીને રહી છે, અને હું તેણીને ઠગવાની કાયમ કોશીશ કરતો રહ્યો છું. જેણી આટલે દરજજે મને ચાહે છે, જેણીનો આવો મજબુત પ્રેમ મારી તરફ છે તેને ન ઓળખવાની મારી બેપરવાઇપર હવે મને અફસોસ થાય છે. જયાંસુધી શાદી કરીને તેણીના ચ્હેરાપર હસવું નહીં જોઉં ત્યાંસુધી મારૂં ચિત્ત ઠેકાણે આવશે નહીં"

'ત્યારે હવે ઢીલ શામાટે કરો છો?'

"દિલજાન બહુજ બિમાર છે." મનીરે જણાવ્યું, "આ વખતે જો ખુદાએ મહેરબાની ન કરી તો મારી આખી જીંદગી ભરનું દુઃખ મનમાંજ દબાવી રાખવું પડશે."

"કેમ તેને શું બીમારી છે?"

"તેણીનું મગજ ખરાબ થઇ ગયું છે." મનીરે કહ્યું, "તેણી તમારા સામે બેહોશ થઇ ગઇ હતી, ત્યાંથી ઉઠી ત્યારની દીવાની થઇ ગઇ છે."

"અરેરે! એ તો સારૂં ન થયું!,' દેવેન્દ્રે કહ્યું, "તમે તેણીનાં દવાદારૂ બરાબર કરાવો. ઇશ્વર સૌ સારૂં કરશે."

"દવા તો ચાલુ છે, પરંતુ કંઈ ફાયદો જણાતો નથી." મનીરે કહ્યું, "રાત દિવસ બકયાજ કરે છે."

એટલું કહી મનીરૂદ્દીન હથેળીમાં માથું ટેકવી વિચારમાં પડયો દેવેન્દ્રવિજયે વધુ કંઇ ન બોલતાં પોતાનો રસ્તો લીધો.

પ્રકરણ ૫ મું.

તપાસ.

મનીરૂદ્દીનના ઘર પાસેથી જહીરૂદ્દીનનું ઘર નજીકમાંજ હતું દેવેન્દ્રવિજયે ત્યાં જઇને પૂછયું તો નોકરે જણાવ્યું કે, મુનશી સાહેબ ઘરમાં નથી. સવારના બહાર ગયા છે ત્યાંથી હજુ પાછા ફર્યા નથી.

"જોહરા કયાં છે?" દેવેન્દ્રવિજયે પૂછયું, "તેણી મળી શકશે?"

"હા, બીબી સાહેબ વકીલની સાથે બેઠકમાં બેશી વાતો કરે છે." નોકરે જણાવ્યું.

દેવેન્દ્રવિજય ઉપરની બેઠકમાં પહોંચ્યા, ત્યાં જોહરા અને હરીપ્રસાદ બેઠેલાં હતાં. એક ટેબલ ઉપર થોડા કાગળો વીખ-શાયલા પડ્યા હતા. દેવેન્દ્રવિજયને જોતાંજ જોહરા બોલી, "અહો! આપ પણ બરાબર વખતે આવી પહોંચ્યા! અમે પણ એ ખુનનીજ વાત કરીએ છીએ. હવેનો બનાવ એવો છે કે, જેમાં આપની મદદની પુરતી જરૂર છે."

"હું બનતી મદદ કરવા તૈયાર છું." દેવેન્દ્રવિજયે એક ખુરશી ઉપર બેસતાં કહ્યું, "મારીજ ભૂલથી મજીદખાં પકડાયો છે, હવે હું ખરા જીગરથી તેને એ દુઃખમાંથી બચાવવાની કોશીશ કરીશ. તેનું દુઃખ જોઇ મને બહુજ અફસોસ થાય છે."

"નહીં, તમે તો તમારી ડયુટી બજાવી છે" હરીપ્રસાદે કહ્યું, "તેમાં અફસોસ કરવા જેવું કંઇ નથી. મજીદ વીરૂદ્ધ જે મજબુત પુરાવા હતા એ પરથી ફક્ત તમેજ નહીં પણ બધાં તેને ગુનેહગાર સમજતાં હતાં, પરંતુ આ વખતે જે સાબી-તિઓ તમે મુનશી સાહેબ—"

"હા! એ સાબીતીઓ મજબુત છે. દેવેન્દ્રવિજયે વચ્ચેજ કહ્યું," મજીદ અને મનીરૂદ્દીન બન્નેએ મુનશી સાહેબને સુજાન બીબીનો પીછો કરતાં જોયેલ છે. વળી મજીદખાંએ તો સુજાનના ગળામાંથી હાર ખેંચી લેતાં પણ જોયેલ છે, એટલું છતાં એકાદ બે વધારે પુરાવા મેળવવાની જરૂર છે. હવે આપણે જે જોવાનું છે તે એજ કે, મુનશી સાહેબે એ હાર ક્યાં રાખ્યો છે? વળી જે ઝેહરી છરીથી સુજાનનું ખુન કર્યું છે તે પણ શોધી કાઢવી જોઇએ, એજ ઇચ્છાથી હું અહીં તેઓને મળવા આવ્યો છું."

"આ તો બહુ નવાઇ જેવું છે," હરીપ્રસાદે કહ્યું. "એ પુરાવા મળવા બહુજ મુશ્કેલ છે, કારણ એવી ચીજો મુનશી સાહેબ કંઇ ઘરમાં રાખી મુકે નહીં."

"એમ નથી. આ કેસમાં તો તે એમજ સમજે છે કે, ખુનનો આરોપ કોઇ પણ રીતે તેના પર આવી શકશે નહીં;"

દેવેન્દ્રે જણાવ્યું, "સંયોગથી મનીરૂદ્દીન અને મજીદખાંએ તેને મેહદીબગાનમાં જોયા તેની તેને ખબર નથી. ખેર ! જો તેણે છરી નહી રાખી હોય, તો પણ હાર તો જરૂર રાખ્યો હશે."

"શા માટે રાખ્યો હોય ?" જોહરાએ પુછ્યું.

"કારણ કે હારથી આટલી ગડબડ મચશે એવું તેણે સ્વપને પણ નહીં વિચાર્યું હોય, દેવેન્દ્રે કહ્યું" વળી એ બાબત પણ કોણ જોવા જનાર છે કે એ રાત્રે સુજાનબીબી હાર પહેરીને ગઇ હતી.

"એ હાર તો સુજાનબીબી હમેશાં પહેરી રાખતી હતી." જોહરા બોલી "એ હાર હું કાયમને માટે તેણીનાં ગળાંમાં જોતી હતી."

"સારૂં એ હાર જોવામાં કેવો છે ? દેવેન્દ્રે પુછ્યું.

"હાર જુની ઢપનો છે" જોહરાએ કહ્યું 'હવેની ફેશનમાં એવા હાર બનતા નથી. મોટાં મોટાં કીમતી મોતી અને હીરા જડેલા છે. વચમાં હીરાની એક મોટી તખતી છે. એકંદરે હાર ઘણોજ કીમતી છે."

"વારૂ ! તમો કંઇ અટકળ કરી શકો છો કે મુનશી સાહેબે એ હાર કયાં રાખ્યો હશે ? દેવેન્દ્રવિજયે પુછ્યું.

"હું શી રીતે જાણું !" જોહરા બોલી "વખતે સુવાના ઓરડામાં હોય અથવા અહીં પણ રાખ્યો હોય કંઇ નક્કી કહી શકાય નહીં."

"અહીં ? દેવેન્દ્રવિજય અને હરીપ્રસાદ બન્ને ચોંકીને બોલી ઉઠયા, અહીંયાં ?"

"હા. અહીં પણ રાખી શકાય તેમ છે." જોહરા બોલી, "કારણ કે આ ઓરડો તેઓની હમેશની બેઠકનો છે. પોતાનાં દર દસ્તાવેજ અને હીસાબી ચોપડીયાં બધાં આ કપાટમાં રાખે છે. એ કબાટમાં કોઇની દખલ નથી એમ સમજી એ હાર પણ એમાં મુકયો હોય તો નવાઇ શું ?

એમ કહી જોહરાએ તે કપાટ દેખાડયો. કપાટ જમીનથી છત સુધી ઉંચો હતો. અને તેમાં ડબલ હેન્ડલ લગાડેલાં કેટલાંએક ખાનાં હતાં

—:o:—

પ્રકરણ ૬ ઠું.

કંડાકાર.

દેવેન્દ્રવિજય તરતજ ખુરશી પરથી ઉઠીને કપાટ પાસે ગયા, અને હેન્ડલ પકડી ખાનાંઓ ખેંચવા લાગ્યા, પરંતુ બધાં ચાવીથી બંધ કરેલાં જોઇ નીરાશાથી બોલ્યા, "એફ ! કંઇ સારૂં ન થયું બધાં બંધ છે. જેને ખોલી તપાસવાનો આપણને અધિકાર નથી."

"જો અધિકાર હતે તો પણ આપ એમાંથી હારને બહાર કાઢી શકત નહીં "જોહરા બોલી," આની અંદર એક એવી છુપી જગ્યા છે કે જેને કોઇ જાણતું નથી વળી એ મુનશી સાહેબ સીવાય બીજું કોઇ ઉઘાડી પણ શકે તેમ નથી. હવે જો મુનીશી સાહેબને એ હાર છુપાવવોજ હોય તો નકકી એ છુપી જગ્યામાંજ રાખ્યો હોવો જોઇએ."

"આમાં એવી પણ જગ્યા છે ?" બારીકાઇથી કપાટને ચારે તરફ જોયા પછી દેવેન્દ્રવિજય બોલ્યા

"હા. એ છુપાં ખાનાંની વાત એક દિવસ સુજાનબીબી કહેતી હતી." જોહરાએ જણાવ્યું. "વાતચીતમાં એકાએક ભુલથી તેણી આ વાત બોલી ગઇ હતી, ત્યાં સુધી તો એ છુપાખાનાંની વાત મુનશીસાહેબ સુદ્ધાં જાણતા ન હતા. આ કપાટ સુજાનબીબીના બાપે દહેજમાં આપેલું છે."

"ત્યારે એ છુપું ખાનું કઇ તરફ છે ?" દેવેન્દ્રે પૂછયું.

"મને ખબર નથી." જોહરા બોલી, "એ ખાનું કયાં છે અને

શી રીતે ઉઘડે છે તે તો સુજાને કહ્યું નથી, પરંતુ એટલું કહેતી હતી કે આમાં એક એવી જગ્યા છે."

"તેં કોઇવાર નેણીની ગેરહાજરીમાં, એ ખાનું શોધવાની કોશીશ કરી હતી ?" હરીપ્રસાદે પૂછ્યું.

"હા. બે ત્રણવાર," જોહરા બોલી. "પરંતુ હું શોધી શકી નહી."

"સારૂં હું શોધી લઉં છું." દેવેન્દ્ર બોલ્યા, "જો આ કપાટમાં એવું ખાનું હશે તો હું જરૂર શોધી કાઢીશ." અને ખુરશી ઉપરથી ઉભા થયા.

"આપ નાહક હેરાન થાઓ છો દેવેન્દ્રવિજય !" હરીપ્રસાદે કહ્યું, "જ્યારે ફક્ત સુજાનના સિવાય જહીરૂદ્દીન પણ એ છુપી જગ્યા જાણતા નથી ત્યારે તેમાં હાર શી રીતે મૂકે ?"

"પહેલાં કદાચ નહીં જાણતા હોય, પરંતુ પાછળથી જાણવામાં આવ્યું હશે." દેવેન્દ્રે કહ્યું. "જરા તપાસી જવામાં આપણું શું જાય છે ? વખતે આ બધાં ખાનાંની ચાવીઓ પણ તેમાંથીજ મળી આવે !"

દેવેન્દ્રવિજય ઉઠીને ચારે તરફથી કપાટને જોવા લાગ્યા, પરંતુ જરા પણ પત્તો લાગ્યો નહીં. કપાટ ઉપર લાકડાંમાં વેલબુટ્ટીનું કોતર કામ બહુજ ઉમદા કરેલું હતું અને તેને જુદા જુદા રંગથી રંગી કારીગરે પોતાની શક્તી દેખાડી આપી હતી. દેવેન્દ્રવિજય હવે એ વેલબુટ્ટી તપાસવા લાગ્યા, એટલામાં એક જગ્યાએ થોડાં પાંદડાંની વચ્ચે એક ફુલ બનાવેલું જોયું એ ફુલ જરા મેલું થઇ ગયેલું હતું ઘડીએ ઘડીએ હાથ લગાડવાથી વારનીશ ઉડી જઇને હાથનો જે ડાઘ પડી જાય છે તેવોજ ડાઘ એ ફુલપર હતો. તેને જોઈને દેવેન્દ્રવિજયના મનમાં જરા આશા બંધાણી. તેણે લાકડાનાં એ ફૂલને ચારે તરફ ફેરવ્યું, વળી ખેંચ્યું પરંતુ તે નીકળ્યું નહીં, પરંતુ દેવેન્દ્રવિજય છોડે એવા કયાં હતા ? ખેંચતાણ ચાલુજ રાખી. એકવાર બહુજ જોરથી દબાવતાં કીંગ સરખો અવાજ થયો અને તરતજ ફૂલની પાસેથી એક પાટીયું ખસીને લટકવા લાગ્યું. દેવેન્દ્રવિજયે જોયું

કે જ્યાંથી એ પાટીયું નીકળ્યું છે, ત્યાં ચાંદીનું એક હેન્ડલ છે.

હેન્ડલ જોતાંજ દેવેન્દ્રવિજયના ચ્હેરાપર ખુશાલી પ્રગટી નીકળી. હેન્ડલને ધીરેથી ખેંચતાં અંદરથી એક નાહનું ખાનું નીકળ્યું. તેમાં હીરા મોતી જડેલો એક હાર, અને એક અણીદાર તીરનું પાનું પડેલાં જોયાં એ બે ચીજો સીવાય બીજું તેમાં કંઇ હતું નહીં.

પ્રકરણ ૭ મું.

ગંભીર ગોટાળો.

એ છુપાં ખાનામાં પેલો હાર જોતાંજ જોહરાનું ગળું સુકાઇ ગયું હરીપ્રસાદ પણ કંઇ બોલી શકયા નહીં અને દેવેન્દ્રવિજય તો ફતેહની મગરૂરી સાથે હાર સામુંજ ટીકી રહ્યા. એ રાતે ત્યાં થોડીવાર સુધી ચુપકીદી પથરાઇ.

"સારૂં! હવે તમે જુઓ, આ તેજ હાર છે કે બીજો?" દેવેન્દ્રવિજયે ચુપકીદી તોડતાં જોહરા તરફ જોઇને પૂછ્યું, "તમે વચ્ચમાં જે હીરાની તખ્તી કહી હતી તે પણ આમાં છે."

"હા એજ છે," જોહરા તુટક અવાજથી બોલી, "પરંતુ આ અણીદાર લોઢું તો મેં કોઇવાર જોયું નથી." એમ કહી જોહરાએ તેને ખાનાંમાંથી હાથમાં લીધું,

"હા, આ કંઇ તીરની અણી જેવું છે!" હરીપ્રસાદ જોહરાના હાથમાંથી લઇ તપાસતાં બોલ્યા, "આ અહીં ક્યાંથી આવ્યું! આની ધાર પણ બહુ પાણીદાર છે!"

"હાં, હાં! ખબરદાર!" દેવેન્દ્રવિજયે કહ્યું, "ધારની પરીક્ષા ના કરતા, જોતા નથી એ ઝહેરીલું છે?"

"ઝેરી છે?" કહેતાં હરીપ્રસાદે તેને પાછું ખાનાંમાં ફેંકી

દીધું અને દેવેન્દ્રવિજયને પૂછયું. "તમે શી રીતે જાણ્યું કે એ ઝેરી છે?"

"એ તો ખુલ્લું છે ! દેવેન્દ્રે જણાવ્યું" પહેલાં આપણે સમજ્યા હતા કે પેલી છરીથીજ સુજાનનું ખુન થયું છે, પરંતુ તેમાં આપણે ભૂલ્યા હતા. બસ તેણીનું ખુન આ અણીદાર ફૂળાંથીજ થયું છે."

"ત્યારે હવે આપ શું મુનશી જહીરૂદ્દીનનેજ ખુની સમજો છો?" જોહરા બોલી ઉઠી.

"હા, પોતાની સ્ત્રીની ચાલચલણ તેનાથી અજાણી નહુતી." દેવેન્દ્રે કહ્યું. "સુજાનબીબી અમુક દિવસે મનીરૂદ્દીન સાથે ન્હાસી જવાની છે એ વાતની ખબર તેણે કોઈ પણ રીતે જાણી લીધી હશે. વળી પોતાની સ્ત્રીની પાછળ મેહદીબાગાન સુધી જતાં તેને મનીરૂદ્દીને જોયેલ છે. એક બીજા માણસ મજીદે ફાનસના થાંભલા પાસે જહીરૂદ્દીનને સુજાનપર ગુસ્સે થતાં અને તેણીનો હાર ખેંચી લેતાં જોયેલ છે. એ વખતે સુજાન મહેદીબાગાન તરફ નાશી ગઈ મુનશી સાહેબ પણ તેણીની પાછળ ગયા. હવે એજ મેહદીબાગાનમાંથી સુજાનની લાશ મળી આવી; ત્યારે જહીરૂદ્દીનના ખૂની હોવામાં હવે શું બાકી છે ? વળી આ ખાનાની વાત હવે મુનશી સાહેબ સિવાય બીજું કોઈ નથી જાણતું. સુજાનબીબી જાણતી હતી, તેતો મરી ગઈ એવી સ્થિતીમાં આ બન્ને ચીજો કે જે તેણીનાં ખુનની સાબીતીઓ અહી રાખી છે તે મુનશી સાહેબેજ રાખેલી છે. અને મુનશી જહીરૂદ્દીનજ ખુની છે."

"હવે તમે શું કરવા માગો છો?" હરી પ્રસાદે પૂછયું.

"હવે આ બન્ને ચીજો જેમની તેમ રાખીને હું મુનશી સાહેબને માટે અહીં બેશી રહીશ." દેવેન્દ્રે જણાવ્યું "અને જ્યારે તે આવશે ત્યારે મારે જે કંઇ પૂછવાનું છે તે પૂછીશ, મને ખાત્રી છે કે, ખુનને માટે તેઓ ઇનકારજ કરશે, પરંતુ જ્યારે અકસ્માતીક આ ચીજો તેની સામે મુકવામાં આવશે ત્યારે પોતાનો કસુર છુપાવવાનો કંઇપણ ઉપાય કરી શકશે નહીં"

જોહરાએ એક દીર્ઘ નિશ્વાસ ફેંકી માથું નીચું કરી લીધું તેણીને હવે નવી આફત આવી છે. જોકે મજીદખાં તો નિર્દોષ જાહેર થશે. પરંતુ તેના પાલક મુનશી સાહેબ ઉપર દુઃખનું વાદળ તુટી પડશે. જોહરાના મનમાં જબરી ચોટ લાગી. તેણી બોલી ઉઠી, "અરેરે! જો મુજાન એકજ સારી ચાલની હતે તો આમ અમારૂં સત્યાનાશ વળતે નહીં"

"અરે બધાંની ચાલ ચલણુ સારી હોય, આખી દુનીયાં સારાં માણસોથીજ ભરેલી હોય, તો પછી અમારૂં કામ કેમ ચાલે!" દેવેન્દ્રે કહ્યું "એમ હોય તો અમે હાથ પગ સમેટી બેદરકાર બની બેશીજ ન રહીએ?"

દેવેન્દ્રવિજયે એ છુપા ખાનાને ઉઘાડ બંધ કરવાનું બરાબર જોઇ લીધા પછી પેલો હાર અને ફુલું તેમાં બંધ કરી દીધાં.

એટલામાં બહારથી કોઇનાં પગલાં સંભળાયાં. અવાજ પરથી જોહરા સમજી ગઇ કે તે મુબારક છે તેણી બોલી ઉઠી, "મુબારક મુનશી સાહેબ સાથે લગ્ન સંબંધી વાતચીત કરવા આવતો હોય એવું લાગે છે. વખતે તે અહીં આવશે. હું તેને મળવા ઇચ્છતી નથી એટલે હું અંદર જાઉ છું તમો અહીંજ બેસો" કહી જોહરા ત્યાંથી જવાને માટે ઉભી થઇ.

"એ બરાબર કહેવાય નહીં." દેવેન્દ્રવિજય બોલ્યા, "હું પણ મુનશી સાહેબને એકલાનેજ મળવા માગું છું. હવે મુબારક આવી ગયો તેથી હું પણ એકાદ ઓરડામાં છુપાઇ રહું તો સારૂં—"

"એમ હોય તો આ બાજુના ઓરડામાં તમે બન્ને બેશી શકશો. જ્યારે મુબારક ચાલ્યો જાય ત્યારે મુનશી સાહેબને મળી લેજો." કહી જોહરાએ બાજુના ઓરડાનાં બારણાં પર નો પડદો લટકતો હતો તેને ઉંચો કર્યો અને બધા અંદર ગયા પછી જોહરાએ અંદરથી પડદો પાડી નાખ્યો.

પ્રકરણ ૮ મું.

આફતમાં ઉમેરો.

થોડીજ વારમાં હસતે વદને મુબારક બેઠકમાં દાખલ થયો, પરંતુ ત્યાં કોઇને ન જોવાથી તેનાં હસતાં વદન પર દીલગીરી છવાઇ ગઇ. જે નોકર તેને અહીં સુધી સાથે લાવ્યો હતો તે બારણાં પાસે હજુ ઉભો હતો. મુબારકે તેને પૂછ્યું, "તું કહેતો હતો કે જોહરા ઉપરની બેઠકમાં છે. તેણી ક્યાં છે? અહીં તો નથી!"

"હજુર, એમાં ગુલામનો કંઇ વાંક નથી." નોકર નમીને બોલ્યો, "મેં જોયું ત્યારે બાબાસાહેબ અહીં હતાં. વળી બીજા એ ગૃહસ્થ પણ—"

"હેં! ફક્ત બેજ ગૃહસ્થ હતા!" મુબારક વચ્ચે બોલી ઉઠયો, "અરે એ તો હજુ હવે જોશો કે અહીં કેટલા ગૃહસ્થ ઉતરી પડે છે! ખેર! જોહરા ક્યાં છે?"

"સાહેબ!" નોકર હાથ જોડી નમ્રતાથી બોલ્યો, "મને લાગે છે કે બાબી સાહેબ અંદર ગયા હશે. જો હુકમ હોય તો હું ખબર આપું."

એક ખુરશીપર મુબારક મીયાં બેશી ગયા અને પછી બોલ્યા, "આરૂં હમણાં કહેવા દે કંઇ જરૂર નથી, પાછળથી જોઇ લેવાશે. પહેલાં મુનશી સાહેબને મળવું છે. તેઓના આવતાં સુધી હું અહીંજ બેસું છું."

નોકર સલામ કરીને ચાલ્યો ગયો. તેના જવા પછી થોડી વારે મુનશી સાહેબ તે બેઠકમાં આવ્યા તેના વાળ વીખરાયલા અને ચ્હેરાપર ચીન્તાની નીશાની પ્રકટ દેખાતી હતી.

મુનશી સાહેબને જોતાંજ મુબારક ઉઠીને માનથી બારણાં સુધી સામો આવ્યો અને બોલ્યો, "અહો! આપતો બહુ

જલ્દી આવ્યા ! હું તો સમજ્યો હતો કે આપને માટે અરે અહીં બહુ વાર સુધી બેસી રહેવું પડશે."

"કેમ ?" મુનશી સાહેબે પૂછયું, "તમારે મારૂં એવું શું કામ છે ?"

"એક ખાસ કામ છે." મુબારકે ફરી ખુરશી ઉપર બેસતાં જણાવ્યું.

"શું બાબત તે તો જણાવો ?" મુનશી સાહેબે જાણવા માગ્યું.

"બાબત લગ્નની છે." મુબારકે જણાવ્યું.

"કોનાં લગ્ન ?" મુનશી જહીરૂદ્દીને પૂછયું.

"મારાં." મુબારકે જવાબ આપ્યો.

"તેની સાથે મને શો સંબંધ છે ?" જહીરૂદ્દીને અજાયબી બતાવી

"આપની મરજી વિના તો થવાનાંજ ક્યાં છે !" મુબારકે કહ્યું. "હું જોહરા સાથે લગન કરવા માગું છું."

"ઓહ ! એ બિલકુલ નહીં બનવા જોગ છે !" જહીરૂદ્દીને નારાજ થઇ કહ્યું, "એ કદી બનેજ નહીં."

"નહીં બનવાનું કારણ ?" મુબારક બોલ્યો, "મારૂં કુળ કંઇ હલકું નથી. તેમ પૈસો પણ હું સારી રીતે પેદા કરૂં છું, વળી બહાર મારી ઇજ્જત આબરૂ પણ ઘણી સારી છે."

"અને ચાલ ચલગત ?" ધિક્કારની નજરે જોતાં જહીરૂદ્દીન બોલ્યા.

"મારી ચાલ ચલણમાં તમે શું ખરાબ જોયું !" મુબારકે હસીને કહ્યું, "આ ઉમરમાં એકાદ બે બાબતો કે જે બધામાં હોય છે તે મારામાં હોવાનું તમે સાંભળ્યું હશે બીજું શું ! આપ આ લગ્ન સામે કંઇ વાંધો બતાવો છો ?"

"હા. ઘણોજ." જહીરૂદ્દીને કહ્યું.

"શા માટે ?" મુબારકે પૂછયું.

"પહેલું તો એજ કે જોહુરા મજીદ સાથે લગ્ન કરવાનું નક્કી કરી ચુકી છે." જહીરૂદીને ખુલાસો કર્યો.

"અરે આ શું?" મુબારક ગુસ્સાથી બોલ્યો, "મજીદમાં કે જે ખુનના આરોપ સર જેલમાં સડે છે તેની સાથે લગ્ન?"

"એમ નથી." જહીરૂદ્દીને જણાવ્યું, "ખુનના કેસમાંથી તો તે હવે જલદી નિર્દોષ થઇ છુટી જશે."

"શી રીતે?"

"તેની સાથે તમોને શું સંબંધ છે?" જહીરૂદ્દીને ગુસ્સાથી કહ્યું.

"આ આપનો પહેલો વાંધો થયો." મુબારકે મોટેથી હસીને કહ્યું, "ચાલો હવે બીજો વાંધો સંભળાવો?"

મુબારકના સવાલનો કંઇ પણ જવાબ ન વાળતાં જહીરૂદ્દીને ખીસ્સામાંથી ચાવીઓનો ઝુડો કાઢી પેલાં કબાટનું એક ખાનું ઉઘાડયું અને તેમાંથી ગુલાબી ફીતથી બાંધેલું કાગળોનું એક બંડલ કાઢી ટેબલપર ફેંકતાં કહ્યું "આ બધું શું છે એ મારે કહેવું પડશે?"

કાગળ જોતાંજ મુબારકના ચ્હેરાપર શાહી ઢળી પડી. તેણે જહીરૂદ્દીનને પૂછ્યું, "આ બધા આપને કયાંથી મળ્યા?"

"આજ કબાટના એક છુપાં ખાનાંમાંથી આ બધા પત્રો મળ્યાં છે. જહીરૂદ્દીને જણાવ્યું. એ છુપાં ખાનાને કોઇ જાણતું નથી એમ સમજીને મારી સ્ત્રીએ આ કાગળો તેમાં રાખ્યા હતા, પરંતુ મારી સ્ત્રી જાણતી ન હતી કે જે દિવસે આ કપાટ મને દાયજામાં તેણીના બાપે આપ્યું તેજ દિવસે તેણે મને આ છુપાં ખાનાથી વાકેફગાર કર્યો હતો. એક દિવસ બસ એવોજ ખ્યાલ આવ્યો કે એ ખાનું જોવું અને તેમ કરતાં અંદરથી આ કાગળો મળી આવ્યા."

"આ બધા કાગળો કોના છે?" ફીકા હસવા સાથે મુબારકે પૂછયું.

"અરે! હજુ પણ મારે તને એ કહેવું પડશે!" મુનશી

જહીરૂદ્દીને ગુસ્સાથી કહ્યું, 'તેંજ એક દિવસ આ બધા પત્રો મારી સ્ત્રીને લખ્યા હતા. આજે હવે આમ અજાણ્યો થાય છે!'

"આ બધા કાગળો મારા લખેલા છે એમ તો હું કબુલ કરૂં છું." મુબારકે કહ્યું " પરંતુ એ મેં આપની સ્ત્રીને લખ્યા ન હતા એ બધા મેં સુજાન ઉપર તે વખતમાં લખ્યા હતા કે જ્યારે તેણી કુમારી હતી. તમે નાહક ગુસ્સે થાઓ છો. એ વખતે આપનાં લગ્ન તેણી સાથે થયાં ન હતાં."

"ચુપ રહે નલાયક!" મુનશી સાહેબ ગુસ્સાથી બોલ્યા તું તારે માટે એટલેથીજ સંતોષ માન કે મેં અત્યાર સુધી તારૂં ખૂન નથી કર્યું? અને તેમ કરવાનું કારણ એજ હતું કે ખૂદ મારી સ્ત્રીની ચાલચલણુજ સારી ન હતી, નહીં તો હમણાં જ્યાં તું બેઠો છે ત્યાંજ તારી લાશ જમીનપર લોટત બેઅદબ બદમાસ! તું કઇ લાયકાત ઉપર હીમ્મત કરીને જોહરાની માગણી માટે ઉત્સુક બન્યો છે? તને એ વિચાર જ કાં ન આવ્યો કે તારા જેવા બદમાસ સેતાન સાથે હું જોહરાનાં લગ્ન કરીશ?"

"તમારે જોહરાનાં લગ્ન મારી સાથે કરવાંજ પડશે. મુબારક જોસથી ટેબલપર હાથ પછાડી બોલ્યો, " એક એવું ખાસ કારણ છે કે જેથી તમારે લાચાર થઇ જોહરા મારે હવાલે કરવીજ પડશે."

"એ ખાસ કારણ તો સંભળાવ?" મુનશી સાહેબે પૂછ્યું.

"મારે મોઢે શા માટે સાંભળવા માગો છો?" મુબારકે કહ્યું. 'તમે પોતે કયાં નથી જાણુતા?"

"નહીં. હું કંઇ જાણુતો નથી" મુનશી જહીરૂદ્દીને કહ્યું, "તારી વાત હું સમજી શકતો નથી."

"આ વખતે હવે જો પોલીસ આવશે તો હું સાફ કહી દઇશ કે, સુજાનબીબીનું ખૂન કરનાર તેણીનો ધણી ખુદ મુનશી જહીરૂદ્દીનજ છે" મુબારકે ધમકી આપી.

"અરે! મુનશી જહીરૂદ્દીન બહુજ ક્રોધથી ઉછળીને બોલ્યા, "અરે! તું શું એમ સમજે છે કે મારી સ્ત્રીનું ખુન મેંજ કર્યું છે?"

"સમજવું કેવું ?" મુબારક ફરી ટેબલપર હાથ પછાડી બોલ્યો, "સમજું, શું હું બરાબર ખાત્રીથી જાણું છું કે તમેજ તમારી બીબીનું ખુન કરનાર છો. એ બાબત હું પ્રતીજ્ઞા ઉપર કહેવા તૈયાર છું. જો તમે મારાં લગ્ન જોહરા સાથે નહીં કરી આપો તો આ વાત હું જાહેર કરી દઇશ."

"જુઠું ! હડહડતું જુઠું !" મુનશી સાહેબના ચહેરાનો રંગ ગુસ્સાના આવેશમાં બદલી ગયો તેણે ચલાવ્યું, "શું હું મારી બીનો ખુની ? તેના પુરાવા કયાં છે ?"

"પુરાવા તો પેલા આપના છુપાં ખાનામાંજ છે." મુબારક બોલ્યો. એ બાબત મને પૂછવાની તકલીફ આપ કાં લ્યો છો ?"

એક દિવાનાની માફક મુનશી સાહેબ કબાટ તરફ દોડયા અને એકદમ છુપું ખાનું ઉઘાડી નાખ્યું. તેમાં તેણે તેની બીનો હાર અને એક તીરની અણી જોઇ. હવે તો જહીરૂદ્દીનનો ચહેરો વધુ ભયંકર બન્યો. મુબારક તેના તરફ જોઇને આંખો નચાવતો નચાવતો મૂછમાં હસવા લાગ્યો. વકીલ હરીપ્રસાદ, ડીટેકટીવ ઇન્સપેકટર દેવેન્દ્રવિજય અને જોહરા બાજુના ઓરડામાં પડદાની પાછળ ઉભાં રહી તેઓની વાતો સાંભળતાં હતાં. સૌહનો ભંડો પોતાની મેળેજ ફુટતો જોઇ આગળ શું બને છે તે જાણવા ત્રણે આતુર બન્યાં.

"હવે તો પુરાવા મળી ગયા ના ?" મુબારકે કબાટ પાસે જઇ તે છુપાં ખાનાં તરફ આંગળી બતાવતાં ધીરેથી કહ્યું, "આ હાર તમોએ ખુનની રાત્રે સુજાનબીબીનાં ગળાંમાંથી ખેંચી લીધો હતો. યાદ છે ? વળી જે ઝેરી હથીયારથી તમે તેણીનું ખુન કર્યું તે પણ આમાં મોજુદ છે."

મુનશી સાહેબ પગથી માથા સુધી ધ્રુજવા લાગ્યા. તેની આંખો એ બે ચીજો પર ચોંટી રહી. ગળું એકદમ સુકાઇ ગયું. તે લગભગ બેહોશ થઇ ગયા.

પ્રકરણ ૯ મું.

ખુની પકડાયો.

અરે બાપરે! આ શું બનાવટ છે!" થોડીવાર પછી શુદ્ધિમાં આવ્યા પછી મુનશી જહીરૂદ્દીન પુકારી ઉઠયા, "આ હાર તો મેં રાખ્યો છે, પરંતુ આ ધારદાર ફળું આમાં કયાંથી આવ્યું? એ તો હું કંઇ નથી જાણતો."

"હા. હવે તો તમે એમજ કહેશો." મુબારક હસીને બોલ્યો, "પણ નથી જાણતો એમ બોલવાથી તમારા કહેવા પર કોઇને વિશ્વાસ આવશે ખરો કે? તમે જાણતા નથી કે તમારાં છુપાં ખાનામાંથી જયારે આ ચીજો નીકળી છે ત્યારે તમારૂં બોલવું નિરર્થક છે."

"તેં આ છુપાં ખાનાંની વાત કયાંથી જાણી?" ગુસ્સાથી ગરમ થઇ જહીરૂદ્દીને પૂછયું.

"મેં!" મુબારક બોલ્યો, "મેં તો એ ખાનાંની બાબતમાં તમોને કંઇ કહ્યું નથી!"

"જુઠું છે!" જહીરૂદ્દીન બોલ્યો, "જરૂર તું આ ખાનાની હકીકત જાણે છે! નહી તો એમાં શું છે શું નહીં તે કયાંથી જાણે? હવે હું મજબુતાઇથી સમજી શકું છું કે આ ફળું તેંજ લાવીને રાખ્યું છે."

પણ મુબારક પાછો પડે તેવો કયાં છે? તેણે હસીને કહ્યું, અરે બાપરે! ભલા મને એ કયાંથી મળે! જુઓ મુનશી સાહેબ! આ બુઢાપામાં તમારો આરોપ મારા જેવા નિર્દોષની માથે નાખવાની કોશીશ ન કરશો. એમ કરવાથી તમોને કંઇ ફાયદો થનાર નથી. તમારાં પાપના બદલો તમારેજ ભોગવવો પડશે."

મેં ખૂન નથી કર્યું, તેમ ખુની કોણ છે એ પણ હું જાણતો નથી." મુનશી જહીરૂદીને ગભરાઇને કહ્યું, "એ રાત્રે મારી સ્ત્રી ન્હાશી જવાની હતી એ હુ કબૂલ કરૂં છું. હું છુપાઇને તેણીની પાછળ પાછળ ગયો પણ હતા, જ્યારે તેણી મનીરના ઘરમાંથી બહાર નીકળી ત્યારે મે તેણીનાં ગળામાંથી આ હાર ખેંચી લીધો હતો તેણી બ્હીકથી મહેદીબગાન તરફ ન્હાશી ગઇ મેં પણ તેણીની પુઠ પકડી હતી, પરંતુ થોડી વાર પછી અંધારામાં ક્યાં ગુમ થઇ ગઇ તે હું જોઇ શકયો નહીં; એ સિવાય વધારે મને ખબર નથી. બીજે દિવસે સવારે મેં સાંભળ્યું કે મેહદીબગાનમાં એક સ્ત્રીનું ખુન થઇ ગયું છે.

"એ ખબર સાંભળતાંજ તમે સમજી ગયા હતા કે એ લાશ તમારી સ્ત્રીનીજ છે?" મુબારકે પૂછયું.

"એ વખતે તો હું એવુ કંઇ સમજયો ન હતો." જહીરૂદીન બોલ્યો "મનીરના નાશી જવાથી મને ખાત્રી થઇ ગઈ હતી કે તેણી પણ તેની સાથેજ ઉપડી ગઇ છે એ લાશ કોઈ બીજીની હશે, પરંતુ જ્યારે મેં ફરીદપુર જઇને ત્યાં દીલજાનને જોઇ ત્યારે મને લાગ્યું કે એ લાશ મારી સ્ત્રીનીજ હતી, પરંતુ ખુન કોણે કર્યું એ બાબતમાં લશમાત્ર પણ હું જાણતો નથી."

"હા હવે આપ એમજ કહેશો" મશ્કરીની ઢપે હસીને મુબારક બોલ્યો. "આવી રીતે મુદ્દાને ઉડાવી દેવો એ પણ ચતુરાઇનું કામ છે. પરતું આપના વિરૂદ્ધ જે મજબુત પુરાવા છે તેની સામે જોઇને આપના આ બોલવાપર કોણ વિશ્વાસ કરશે?"

"ત્યારે હવે તું મનેજ ખુની કહીને પકડાવી દેવા માગે છે કે શું?" મુનશી સાહેબે બ્હીને કહ્યું.

"જો આપ મારૂં કહેવું નહીં માનો. તો મારે લાચારીથી તેમ કરવું પડશે" મુબારકે ધમકીની શરૂઆત કરી.

"તારૂં કહેવું શું છે?" જહીરૂદીને પૂછયું.

"એક વખત તો હું જણાવી ચુકયો છું." મુબારકે કહ્યું. "મને જોહરા લગ્નમાં જોઇએ."

"પણ જો મેહરા તને ન ચાહતી હોય તો હું શું કરી શકું!" જહીરૂદ્દીને જવાબ આપ્યો, "મારાથી તેણી ઉપર જોર જુલમ થોડોજ કરી શકાય તેમ છે!"

'હા તમારે તેણીના વાલી તરીકે તેમ કરવુંજ પડશે." મુબારક બોલ્યો.

"હું કદી પણ તેમ કરીશ નહીં." જહીરૂદ્દીને મજબુતાઇથી કહ્યું.

"નહીં કરો તો આફતમાં પડશો." મુબારકે ધમકી ચાલુ રાખી

'કઇ આફત!" જહીરૂદ્દીને પૂછયું.

"આફત કંઇ જેવી તેવી નથી. ફાંસીને લાકડે લટકવું પડશે." એટલું કહી મુબારકે તીક્ષ્ણ આંખોથી મુનશી સાહેબ સામું જોયું. જહીરૂદ્દીન પોતાની સ્થીતિ કફોડી જોઇ બીકથી સ્તબ્ધ થઇ ગયો. બાજુના ઓરડામાં છુપાઇને જે ત્રણ જણાં આ વાતો સાંભળતાં હતાં તેઓનું કાળજું પણ મુબારકના છેલ્લાં વાકયથી કંપી ગયું. થોડીવારે જહીરૂદ્દીન ધડકતી છાતીએ બોલ્યા, "તમારૂં ધાર્યું નહીં બને! હુ તારા બોલવાનો ધીક્કાર સાથે ઇનકાર કરૂં છું."

"યાદ રાખજો આનું પરિણામ બહુજ ભયાનક આવશે." મુબારક તેની સામે ધમકીના જોરથી આંગળી નચાવતો નચાવતો બોલ્યો.

"ફાવે તેવું ભયાનક આવે! હું તેની પરવા કરતો નથી." જહીરૂદ્દીને મજબુતીથી કહ્યું

"માથાપર તલવાર લટકતી જોયા છતાં આપ આમ શામાટે કરો છો?" મુબારકે થોડીવાર વીચાર કર્યા પછી કહ્યું "એ હું સમજી શકતો નથી. તમોને આ બાબતની જરા પણ બીક નથી લાગતી તેનું કંઇ કારણ છે?'

"પહેલું કારણ તો એ કે મેં ખુન કર્યું નથી." જહીરૂદ્દીને કહ્યું, "બીજું આ લોઢાંના ફળાંની બાબતમાં હું કંઇ નથી

જાણતો. મને ખાત્રી છે કે મને ફસાવવાને માટેજ તે તેં અહીં રાખ્યું છે. આ બધાં કારસ્તાન તારાંજ છે."

"ચાલો એમ સમજો તોપણ હવે તો નિર્દોષ હોવા છતાં આપના બચાવનો કંઇ રસ્તો નથી." મુબારક બોલ્યો., "જુઓ હવે તો તમારે ચારે બાજુ જોઇને કામ કરવું જોઇએ. સાંભળો હું તમોને બધો ખુલાસો કહું છું કારણ કે અત્યારે આપ મારા હાથમાં છો, મારૂં કંઇ પણ કરી શકનાર નથી આપને ખુની મામલામાં સંડોવવા માટે મેંજ આ ફળું આમાં રાખેલું છે."

"અરે કમબખ્ત! તેંજ મારી સ્ત્રીનું ખુન કર્યું છે! તુંજ ખુની છે!" કહી મુનશી જહીરૂદ્દીન એ ફળું હાથમાં લઇ મુબારક તરફ ધસ્યા.

"મેં એમ તો નથી કહ્યું કે આપની સ્ત્રીનું ખુન કરનાર હું છું" મુબારક તેના હાથમાંથી હથીયાર છીનવી લેતાં બોલ્યો. "હવે ખરી હકીકત શું છે તે સાંભળી લ્યો અને પછી મને જે કહેવું હોય તે કહેજો આપ જ્યારે છુપાઇને સુજાન બીબીની પાછળ ગયા હતા, ત્યારે હું પણ તમારીજ પછવાડે પડયો હતો. આપની સ્ત્રી મનીરૂદ્દીન સાથે નાશી જવાની છે એ વાત મારા સાંભળવામાં પણ આવી હતી. હવે કેવો બનાવ બને છે તે જોવાને માટે હું મનીરૂદ્દીનના ઘર પાસે છુપાયો હતો આપ મેહદીમકાનમાં સુજાનને શોધતા હતા; તેણી આપને મળી નહી પરંતુ મને મળી હતી. એ વખતે મેં તેણી પાસેથી મારા લખેલા કાગળો કે જે હમણાં અહીં પડયા છે તે પાછા માગ્યા હતા. તેણીએ કહ્યું કે તે પડીકું આપના આ છુપાં ખાનામાંથી મળશે એ ખાનું ઉઘાડવાની યુક્તિ પણ તેણીએ મને બતાવી દીધી. ત્યાર પછી જ્યારે હું આપને મળવા આવ્યો ત્યારે ઓરડામાં કોઇ હતું નહીં એ કાગળોને માટે મેં તે ખાનું ખોલ્યુ હતું પરંતુ તમાંથી એક પણ પત્ર મળ્યો નહીં. ક્યાંથી મળે?" જહીરૂદ્દીને જણાવ્યું, "એ કાગળો મેં ત્યાંથી બીજી જગ્યાએ મૂકયા હતા."

"હા. હવે હું એ બાબત સમજયો છું." મુબારકે ચલાવ્યું, "એ કાગળોને બદલે ખાનામાં મેં એક હાર જોયો, કે જે ખુનની રાત્રે સુજાનનાં ગળામાંથી ખેંચી લેતાં મેં તમોને જોયા હતા. એ હાર જોતાંજ મારા અર્થ સાધવા સારૂં મને મદદ મળી. જોહરા સાથે લગ્ન કરવાનો ઇરાદો કરવા પહેલાં આપને પંજામાં લેવાની જરૂર સમજી મેં એ હારની સાથે આ ઝેરીફળું મુકી દીધું. હવે મારો સ્વાર્થ સંપુર્ણ થઇ ગયો. આપને મારૂં કહેવું કબૂલ કરીને મને હવે બધી તરફથી મદદ કરવીજ પડશે."

"અરે શેતાન!" મુનશી જહીરૂદ્દીન ગુસ્સાથી ગર્જના કરી પુકારી ઉઠયા, "ત્યારે તો મારી સ્રીનો ખુની પણ તુંજ છે! હવે ઇનકાર કરવાથી બચીશ નહીં. ત્હારો ચ્હેરો અને ખુની આંખો જોઇને હું મજબુતાઇથી કહું છું કે તુંજ ખુન કરનાર છે. હમણાંજ હું તને પોલીસને હવાલે કરી દઉં છું. તને ફાંસીપર લટકાવ્યા વીના હું છોડનાર નથી."

"વાહ! આપ તો દિવાનાની માફક નાહક બકો છો." મુબારક બોલ્યો. "હવે જો આપ મારા વિરૂદ્ધ એક પણ શબ્દ બોલશો તો કોણ માનશે! ધારો કે હું કસુરદાર છું તો પણ મારી ઉપર એવો એક પણ આધાર નથી કે જેને લીધે આપ મને ખુની તરીકે સાબીત કરી શકે!"

"વધારે આધારની જરૂર નથી," મુનશી જહીરૂદ્દીન બોલ્યા, "મેં તારે મોઢેજ ખુન કર્યાનું કબૂલ કર્યું છે."

"આને ખુન કબૂલ કરવું નથી કહેવાતું મુનશી સાહેબ!" મુબારક બોલ્યો, "અહીં આપને જે વાતો મેં કરી એ હું બધાની રૂબરૂમાંતો થોડાજ કરીશ. અહીં આપનો કોઈ સાક્ષી પણ છે?"

"સાક્ષી શામાટે નથી? તું જાણતો નથી કે વખત આવે દિવાલ પણ સાક્ષી પૂરે છે! આ ઘરમાં અમે ત્રણ સાક્ષીઓ તારી વાતો અને ધમકીઓ સાંભળતા ઉભા છીએ" કહેતાં દેવેન્દ્રવિજય એકદમ બહાર આવ્યા. તેની પાછળ હરીપ્રસાદ અને પછી જોહરા પણ નીકળી.

પ્રકરણ ૧૦ મું.

પોતાના ઝેરથી



ભયાનક ખડાકાથી મુબારક ડરી ગયો. તે એકદમ બુમ પાડી ઉઠયો. મુનશી જહીરૂદ્દીન જ્યાં ના ત્યાં ઉભા રહી ધ્રુજવા લાગ્યા. મુબારક ન્હાશી જવાને માટે બારણાં ભણી દોડયો પરંતુ મુનશી જહીરૂદ્દીન તેની ઉપર ભુખ્યા વાઘની માફક તુટી પડયા અને તેની ગરદન જોરથી પકડી રાખી, પરંતુ મુબારકે ગુલાંટ મારીને એક એવો તો ઠોંસો જહીરૂદ્દીનના માથા પર માર્યો કે તે તરતજ બેહોશ થઇ જમીનપર મુરદાં જેવા જઇ પડયા. તેની આ સ્થિતી જોઇ ઝોહરા બેહોશ થઇ ગઇ અને જો હરીપ્રસાદે તેણીને પકડી રાખી નહતે તો તેણી પણ જમીનપર પડી જતે. આ બધો વખત દેવેન્દ્રવિજય નકામા ઉભા ન હતા. તેણે મુબારકને મુનશી સાહેબને ઠોંસો મારતા જોઇને તરતજ ખીસ્સામાંથી પીસ્તોલ કાઢી અને મુબારક તરફ દોડયા મુબારક જમણા હાથમાં પેલું વીંન્તુ ઝેરી માથું (ફણું) લઇને દેવેન્દ્રવિજય સામું રાખી પાસેના ખુરશીપર બેશી ગયો.

“ બસ કર ચંડાળ ! “ મુબારકના કપાળ સામી પીસ્તોલ તાકી દેવેન્દ્રવિજયે કહ્યું. “ જયાંનો ત્યાંજ બેશી રહે. જરા પણ હીલચાલ કરવાની કોશીશ કરતો ના ! ખબરદાર ! ઉઠયો કે ખોપરી ખતમ ! ”

“ બસ હવે શું ! હવે ઉપાય નથી ! ” મુબારકે એકદમ નીરાશ થઇ હાથમાનું ઝેરી હથીયાર જમીન પર ફેંકી દેતાં કહ્યું ‘ દેવેન્દ્રવિજય ! તમે શું એમ સમજો છો કે તમે મુબારકને પકડી લેશો ? કદી નહીં ! તમારાથી એમ બનશેજ નહીં. ”

"જો! હવે તને કેટલી વારમાં ફાંસીએ લટકાવું છું તે દેવેન્દ્રવીજય ગુસ્સાથી બબડ્યા, "હવે તું બચી શકશે નહીં.

"એ તો તમારી ભૂલ છે. " ભયંકર હસવા સાથે મુબારક બોલ્યો. તમારા જેવાથી મુબારકને આ જીંદગીમાં તો ફાંસી નહીં દઇ શકાય મુબારક તમારા જેવા કચ્ચુથી ડરે તેવો નથી. જોતા નથી આ શું છે ?"

એટલું કહી તેણે પોતાનો ડાબો હાથ દેવેન્દ્રવિજય સામે લાંબો કરી દેખાડયો. દેવેન્દ્રવિજયે જોયું તો તેના હાથનો પહોંચો કપાઇ ગયો છે અને તેમાંથી લોહી વહ્યું જાય છે.

"જ્યારે મુન્શી સાહેબ મારી ઉપર ધસ્યા ત્યારે મેં ભૂલથી મારો હાથ કાપી નાખ્યો છે" મુબારકે કહ્યું, "હવે ફક્ત પંદર મીનીટ બાકી છે. એટલા વખતમાં તો હું પૂરો થઇ જઇશ. મને કોઇ રોકી શકનાર નથ . ા ઝેરની અસર કોઇ પણ રીતે ઉતરતી નથી તેમ નકામી પણ જતી નથી!"

"અરે! ત્યારે તેં તો અત્યાર સુધીનાં મહેનતપર પાણી ફેરવ્યું ?" દેવેન્દ્રવિજય બોલી ઉઠયા.

"હવે તેને માટે અફસોસ કરવો ફેકટ છે દેવેન્દ્રવિજય!" મુબારક બોલ્યો. "તમે શું મને ફાંસીપર લટકાવવાથીજ તમારી ફતેહ સમજતા હતા? શું આટલેથીજ તમારી બહાદુરી જાહેરમાં ન આવે? તમારી એ બહાદુરી તો હું અત્યાર પહેલાંથી જોતો આવ્યો છું, કે દરેક વખત અંધારામાંજ ગોથાં માર્યા કરતા હતા. એમજ વિચારોને કે અત્યાર સુધી કયું કામ તમે અકલમંદીનું કર્યું છે? પહેલી શંકા મજીદખાંપર લઇ ગયા, પછી મન ફ્હીનને ખુની સમજ્યા તેના પછી દિલજાનને આરોપી તરીકે માના લીધી અને હમણાં મુનશી સાહેબને ખુની સમજીને અહીં આવ્યા. આતો એવું થયું કે એક નીશાળીયાને માસ્તરે પૂછયું કે 'શહેર' મ. કયો શ' છે? નીશાળીએ જવાબ આપ્યો 'સ,' માસ્તરે કહ્યુ નહીં ત્યારે નીશાળીયો બોલ્યો, 'ષ' હજુ પણ માસ્તરે ના પાડી, છેવટે છોકરો બોલ્યો

કે ત્યારે 'ચ' તો જરૂર હોવો જોઇએ. આવીજ પોશીસી તમે પણ આ કામમાં કરી છે. તમારી આંખોમાં ધૂળ નાંખીને હું તમારી પાસેજ ફરતો હતો, પરંતુ તમે એકવાર પણ મારા ઉપર ખૂની તરીકેનો શક લઇ જઇ શકયા નહીં! ખરૂં બોલજો દેવેન્દ્ર! જો આવો પ્રસંગ ન મળતે તો તમે મને ખૂની સમજી પકડી શકતે ખરા કે! મેં દરેક વખતે તમોને બધેડા બનાવી મારો અર્થ સાધી લીધો છે. હમેશાં તમારી પાછળ ફરતો રહ્યો છું. પરતુ છતી આંખે તમે આંધળા બન્યા. તે રાત્રે ગલીમાં મારા હાથની લાકડીનો સ્વાદ યાદ છે? પરંતુ હવે આજે મને પસ્તાવો થાય છે કે તે દિવસે જીવતા જવા દેવામાં મેં ડહાપણ વાપર્યું ન હતું. તમારા જેવા પ્રખ્યાત ડિટેકટીવને આવી રીતે આફત અને વીટંબણામાં નાખવાનું કામ જેવા તેવા માણસનું નથી, પરંતુ મેં એ બધું સહેલાઇથી કરી નાખ્યું. હવે તમે પોતેજ વિચારી જુઓ કે બહાદુર કોણ છે? આ વખતે હું મુશ્કેલીમાં છું છતાં હજાર કોશીશ કરીને પણ તમે મને પકડી રાખી શકનાર નથી."

"તું એક મોટો દુષ્ટ છે!" દેવેન્દ્રવિજયે કહ્યું, "તારી જીંદગીનુંજ વહાણ પાપના બોજાથી હવે ભરાઇ ગયું છે. હવે તારાં પાપનો ઇકરાર છેલ્લી ઘડીએ કરીને પણ જરા શાંતિ મેળવ. તારીજ કસુરથી મજીદખાં હજુ જેલમાં છે. જોઇએ જોઉં વખતે કોઇ ડાકટરની મદદથી કંઇ ફાયદો થાય. દેવેન્દ્રવિજય ઉભા થયા પણ તેને હાથના ઇશારાથી રોકીને મુબારકે કહ્યું ડાકટરને બોલાવવાથી કંઇ ફાયદો નથી. મેં જે કર્યું છે તે બધું કહું છું. તમે એક કાગળપર લખતા જાઓ. અગર જો હું પૂરી હકીકત કહેવા સુધી બચીશ અને મારા હાથમાં કલમ પકડવાની તાકાત હશે તો હું મારી સહી પણ કરી આપીશ.

જોહરા થોડીવાર પહેલાંથી શુદ્ધિમાં આવી હતી. તેણીને એક ખુરશીપર બેસાડી હરીપ્રસાદ વકીલ કાગળ, કલમ અને શાહી લઇને સામે આવ્યા અને બોલ્યા, ચાલો હુંજ લખી લઉં છું"

પ્રકરણ ૧૧ મું.

ઇકરાર.

ઝેરની અસર વધતી જતી હતી. થોડીવારમાં મુબારક ખુરશી પરથી જમીન ઉપર ઢળી પડયો અને અર્ધ ખુલી આંખે પોતાની પાપ કહાણી કહેવી શરૂ કરી:—

"હમણાં હું ધંધા રોજગારને માટે નેપાળમાં રહેતો હતો, ત્યાંથી થોડા દિવસોને માટે કલકત્તે આવ્યો હતો. નેપાળના દક્ષીણ ભાગમાં કવ્વાલ નામની એક પહાડી જાત વસે છે. કવ્વાલોની સ્ત્રીઓ ઘણી સુંદર હોય છે, પરંતુ ચરીત્રમાં સારી હોતી નથી. પાક દામન અને પતિ ભક્તિ જેવી ચીજની હયાતી એ સ્ત્રીમાં હોતીજ નથી. તેણી સ્વતંત્ર જેવી ફરે છે. જ્યારે મને વખત મળતો ત્યારે હું તેઓમાં જઇ મળતો. તેમાંથી મનીયાં નામની એક સ્ત્રી સાથે મારે ઘાડી દોસ્તી થઇ ગઇ. થોડા દીવસો પછી તેણી તો મરી ગઇ, પરંતુ તેણીની પાસેથી મેં આ અણીદાર ફળું મેળવ્યું હતું. મનીયાં કહેતી હતી કે કવ્વાલ લોઢાંનાં આવાં ફળાં તૈયાર કરે છે અને પછી એક ચોકસ જાતના ઝાડની ડાળીમાં છેદ કરીને તેમાં પંદર દિવસ સુધી રાખે છે. બસ એટલા વખતમાં તે એટલું બધું ઝેરી થઇ જાય છે કે, જરા પણ લાગવાની સાથેજ આખા શરીરનું લોહી ઝેરી બનાવી મૂકી, થોડીવારમાં જીવ કાઢી નાખે છે. કવ્વાલ જાતીના લોકો શીકારી જાનવરોને મારવામાં તીર ઉપર આ ફળું ચઢાવી તેનો ઉપયોગ કરે છે. તે ફળાંને નેપાળથી હું મારી સાથે લેતો આવ્યો હતો. નેપાળ જવા પહેલાં હું ફરીદપુરમાં રહેતો હતો, જ્યાં સુજાનબીબીનું પીયર છે. ત્યાં હું સુજાનને અંતઃકરણથી ચાહતો હતો. તેણીનો ચાહ પણ મારી ઉપર એટલોજ હતો. તે વખતે

તેણીનાં લગ્ન જહીરૂદ્દીન સાથે થયાં ન હતાં, હું એમજ સમજતો હતો કે સુજાનનાં લગ્ન મારી સાથેજ થશે, પરંતુ થોડા દિવસ પછી સુજાનનો મિજાજ બદલાઇ ગયો. તેણીની મહોબત ઠંડી પડતી ચાલી. તેણીની વલણુ પૈસા તરફ વધુ ઉતરવા માંડી એટલે જો કે મને ના તો પાડી શકી નહીં, પરંતુ મારી સાથે લગ્ન કરવાની તેણીની ઇચ્છા ઉડી ગઇ. એટલું છતાં તેણે યુક્તિથી મને આશાઓ આપી જો કદાચ કોઇ અમીર ઉમરાવ ન સપડાય તો પછી હું તો છઉંજ. એવા વીચારે તેણીએ મને કબજામાં રાખ્યો તેણીનો કોઈ પણ વિચાર અમલમાં આવે એ પહેલાં મારે નેપાળ જવાની જરૂર પડી. ત્યાંથી ઘણે વખતે પાછો ફર્યો ત્યારે મારા જાણવામાં આવ્યું કે સુજાનનાં લગ્ન મુનશી જહીરૂદ્દીન સાથે થઇ ગયાં છે. હું તરતજ છુપી રીતે સુજાનને મળ્યો અને મારી સાથે આમ ઠગાઇ રમવા માટે મેં તેણીને કેટલાંક મેણાં માર્યાં, પરંતુ તેણીએ બધું હસવામાં ઉડાવી દીધું. ત્યાર પછી એક દિવસ મેં સાંભળ્યું કે સુજાન મનીરૂદ્દીન સાથે ન્હાશી જવા તૈયાર થઇ છે આ ખબરે મારા આખા બદનમાં આગ સળગાવી દીધી. મારી હયાતીમાં સુજાન મનીરની ગોદમાં જશે એ મારાથી સહન થઇ શકયું નહીં. મને એમજ થઇ ગયું કે જ્યાં સૂધી આ દેહમાં પ્રાણ છે ત્યાં સુધી તો એમ થવા નહીં દઉં. આટલી મુદત આશામાં રાખી તેણી મને આમ ધિક્કારી કાઢે એ મારાથી કેમ સહન થાય? મનીરૂદ્દીન મારી પ્રેમ મુર્તીને લઇને મજાહ ઉડાવે અને હું નિર્માલ્યની પેઠે જોઇ રહું એ કેમ બને? મેં નક્કી કર્યું કે છુપી રીતે સુજાનબીબીને સમજાવી તેણીનો ઇરાદો ફેરવાવવો અને જો તેણી નજ માને તો આખરે આ ફળાંથી તેણીને પુરી કરી નાંખવી. પછી એક દિવસ મેં સાંભળ્યું કે સુજાન ન્હાશી જવાની છે. બસ તેજ રાત્રે દસ વાગે હું ઘરમાંથી બહાર નીકળ્યો અને મુનશી સાહેબને ઘેર જતાં ત્યાંથી ખબર મળી કે સુજાન રજબઅલીને ત્યાં ગઇ છે; ત્યાંથી પાછો ફરીને હું મનીરૂદ્દીનને ત્યાં ગયો, પણ મનીર પણ ઘરમાં નથી એમ ખબર મળ્યા. મને શંકા

થઇ કે સુજાન તો રજબઅલીને ત્યાં નાચ જોવા ગઇ છે અને મનીરૂદ્દીન પણ ઘેર નથી ત્યારે જરૂર આમાં કંઇ દાળમાં કાળું છે. મારૂં લોહી ગુસ્સાથી ઉછળતું હતું. મેં મનમાં નક્કી કર્યું કે જો સહેલાઇથી કામ ન બને તો બેઉનાં ખૂન કરવાં હું ત્યાંથી ઘેર આવ્યો અને આ લોહાનું ફળું લઈ ફરી મનીરના મકાન ભણી દોડયો. ત્યાં તેના ઘરની સામેજ મુનશી સાહેબને ઉભેલા જોયા. તેઓ મનીરના બારણાં સામે શા માટે ઉભા હતા તે હું સમજી શકયો નહીં, તો પણ એટલું જાણી શકયો કે તે કોઇની રાહ જુવે છે. હવે તે કોને માટે ઉભા છે અને શું કરે છે એ જોવાને માટે હું ઝાડ પાસે છુપાયો, એટલામાં મનીરના ઘરમાંથી એક સ્ત્રી દોડતી બહાર નીકળી. બારણાં ઉપર ફાનસ બળતું હતું તેના પ્રકાશથી મેં જોયુ કે તે સુજાન હતી. તેણીને બહાર નીકળતાંજ મુનશી સાહેબે દોડીને તેનો હાથ પકડયો અને ત્યાંથી થોડે છેટે એક ફાનસના થાંભલા પાસે ખેંચી ગયા. ત્યાં શી વાતો થઇ તે તો હું સાંભળી ન શકયો, પરંતુ દેખાવ પરથી લાગ્યું કે મુનશીજી બહુજ ગુસ્સે થયેલા છે. થોડી રકઝક પછી મુનશી સાહેબે એક હાથે તેણીનું ગળું પકડી બીજે હાથે હાર કાઢી લીધો. સુજાન બૂમ પાડી મેહદીબગાન તરફ દોડી, મુનશી સાહેબ પણ તેણીની પાછળ પડયા અને હવે આગળ શું બને છે તે જોવાને માટે હું પણ દોડયો. પરંતુ મેહદીબગાન સુધી બેમાંથી કોઇ મને મળ્યું નહીં. ત્યાર પછી એક ગલીમાંથી સુજાનને નીકળતી મેં જોઇ. તરતજ મેં તેણીનો હાથ પકડયો. અંધારૂં હોવાથી પહેલાં તો તેણી મને ઓળખી શકી નહીં, પરંતુ ઓળખવા પછી બહુજ ગુસ્સામાં આવી સખ્ત શબ્દોનો પ્રહાર મારી સામે કરવા લાગી. મેં ધીરજથી બધું સહ્યું, સાંભળ્યું અને તેણીને મનીરૂદ્દીનને છોડી મારી થવાને માટે બહુ સમજાવી, બાલીગંજમાં મારે ઘેર લઇ જવાની કોશીશ કરી કહ્યું, જો સુજાન, હવે તું મારા હાથમાંથી છુટી શકીશ નહીં. હવે તારે મારી સાથે મારે ઘેર આવવુંજ પડશે. અને કાલે આપણે બેઉ અહીંથી નીકળી જઇશું. મુનશી સાહેબે તને મનીરના ઘરમાંથી નીકળતી જોયેલી

હોવાથી તે તને છોડી દેશે. હું આટલા દિવસોથી તારી આશામાંજ બેઠો છું. હવે તું મને નીરાશ કરી જઇ શકશે નહીં.’ બહુ સમજાવ્યા પછી સુજાન મારી સાથે આવવાને તૈયાર થઇ. એ વખતે મેં તેણીને મારા કાગળો કે જે મેં તેણીનાં જહીરૂદ્દીન સાથેનાં લગ્ન પહેલાં લખ્યા હતા એ બાબતમાં પૂછયું અને જણાવ્યું કે વખતે એ કાગળો જો કોઇને હાથ પડી જાય તો બધો ભેદ ખૂલી જવાની બ્હીક છે. વળી બધા જાણી જશે કે તું મારી સાથેજ ન્હાશી ગઇ છે એટલે જો બે ચાર દિવસમાં કોઇ પણ રીતે તે મેળવી શકાય તો આપણી બ્હીક દૂર થઇ જાય. સુજાને તરતજ એ કાગળો કયાં રાખ્યા છે તે કહ્યું અને એ છુપુ ખાનું ખોલવાની રીત પણ મને સમજાવી. હું તેણીને મહેદીબગાનની એક ગલીમાંથી મારા ઘર તરફ લઇ ચાલ્યો, પરંતુ જરા આગળ જતાં તેણીનો વિચાર ફરી ગયો. તેણીએ મારી સાથે આવવાની ના પાડી, એટલુંજ નહીં પણ મને ત્યાં સુધી જણાવી દીધું કે હું તેણીને લાયક નથી, તેણી મનીરનેજ ચાહે છે. આટલું સાંભળતાંજ અદેખાઇની આગ મારા શરીરમાં પ્રજળી નીકળી, મારો ગુસ્સો મેં જાહેર ન કર્યો, પરંતુ તેણીનું ખૂન કરવાને તૈયાર થઇ મેં કહ્યું, “સુજાન ! તું મને છોડી જાય છે, પરંતુ હું તો તને આખી જીંદગી સુધી ભૂલીશ નહીં. જો હું તારે લાયક નથી, તો પણ તું આવી રીતે બેવફાઇ ન કર ! મારી સઘળી આશાઓને કચડી નાંખે છે એ મારાથી સહન થશે નહીં. ફક્ત હવે તું ત્હારૂં હસતું વદન એક વખત ચુમવા દે. ઘણા દિવસના આતુર થયેલાને આજે છેવટનો ભેટી લેવા દે. ફરી હું કોઇવાર તને સતાવીશ નહીં” એટલું કહી મેં તેણીને છાતી સાથે ચાંપી ચુમ્બન કર્યું. અને એજ વખતે આ ફળાંથી તેના ગળાં પર નાહનો જેવો જખમ કરી દીધો. એ વખતે તો તેણી કંઇ જાણવા પામી નહીં, પરંતુ જયારે ઝહેરની અસર આખા શરીરમાં ફરી વળી અને તેણી લગભગ બેહોશ થવાની અણી પર આવી ત્યારે મેં શું કર્યું હતું તે કહી દીધું અને વધારામાં ઉમેર્યું, ‘સુજાન ! તું હમણાંજ મરી જશે. આ ઝેર એવું છે કે જેની કંઇ પણ દવા નથી. તારી મોટી ભૂલ એ થઇ છે કે, મારી હયાતીમાંજ

તું બીજાનો પલંગ શોભાવવા તૈયાર થઇ હતી. આ દુનીયાં પર હજુ તેઃ કોઈ એવો નથી જનમ્યો કે મુબારકના જીવતાં તેની ચીત ચોરિણી ઉપર હાથ લગાડી શકે ? સુજાને કંઇ જવાબ ન આપ્યો તેણીનો અવાજ લગભગ બેસી ગયો હતો. તેણીએ બોલવાનો વિચાર કરી હોઠ ફફડાવ્યા પરંતુ બોલી ન શકી અને પછી થોડા સેંકડમાં તેનો જીવ નીકળી ગયો. હવે હું મારા બચાવના વિચારમાં પડયો. તેણીની લાશને સડક પરથી ઉપાડીને એક ઝાડના ઓથે એવી રીતે રાખી દીધી કે કોઇની નજરે પડવા પામે નહીં. ત્યાંથી હું રજબઅલીને ત્યાં નાચ પાર્ટીમાં ગયો. અને જો કાંઈ બને તો પુરાવો આપી શકે એ-ટલા માટે રાતના બે વાગતા સુધી ત્યાં રહ્યો. બે વાગ્યા પછી હું રજબઅલીને ઘેરથી પાછો ફર્યો, ત્યારે મારા મગજમાં એક યુક્તિ સુઝી આવી. હું ફરી મેહદીબગાન તરફ વળ્યો અને રસ્તો દેખાડવાને બહાને એક પહેરાવાળાને સાથે લીધો. તેને થોડે દુર લઇ જઈને પાછો વળાવ્યો. હું આગળ વધ્યો અને મેં તપાસ કરી તો જે ઝાડના ઓથે હું સુજાનની લાશ મુકી ગયો હતો તે જેવીને તેવી સ્થિતીમાં ત્યાંજ પડેલી છે. મેં તરતજ લાશ ઉપાડીને રસ્તા પર મુકી દીધી. અને સીપાઇને અવાજ કર્યો. મને રસ્તો દેખાડવા આવેલો સીપાઇ તુરતજ આવી પહોંચ્યો. તેના આવવા પછી એકાદ બે બીજા પણ આવી પહોંચ્યા. બસ લાશ તેઓને સોંપી હું નીરાંતે ઘેર ચાલ્યો આવ્યો. ત્યાર પછી શું બન્યું એ તો બધું તમે જાણોજ છો. આ: કાગળોને માટે એક દિવસ હુ મુનશી સાહેબને મળવા આવ્યો હતો, પરંતુ મુનશી સાહેબ ઘરમાં ન હોવાથી હું એકલો જ તેઓના રાહ જોતો અહીં જ બેઠો. એકાન્ત જોઇ પેલું છુંપું ખાનું મેં ઉઘાડી જોયું. તેમાંથી કાગળો મળ્યા નહીં. પરંતુ આ હાર પડેલો મારા જોવામાં આવ્યો ખૂનની રાત્રે મુનશી સાહેબે જે કંઇ કર્યું હતું તે હું જાણતો હતો, એટલે હવે મુનશીજીને સહેલાઇથી હાથમાં કરી લેવાના વિચારથી આ એરીંગ પણ એ હારની સાથે મેં મુકી દીધું અને ખાનું જેમનું તેમ બંધ કર્યું ’

આટલું કહી મુબારક ચુપ થઇ રહ્યો. તેનો અવાજ પણ ભારે થતો જતો હતો. બોલતાં બોલતાં જીભ તુટતી હતી. તેનો બધો ઇકરાર હરીપ્રસાદ વકીલ એક કાગળ પર લખતા જતા હતા. મુબારકની સ્થીતી ખરાબ થતી જોઇને તેઓ ઉઠયા અને મુબારકના હાથમાં કલમ આપી કાગળ ઉપર સહી કરવાનું કહ્યું. મુબારકે ઘણી મુશ્કેલીએ સહી કરી. સાક્ષી તરીકે દેવેન્દ્ર વિજય, હરીપ્રસાદ અને જોહરાએ સહીઓ કરી અને પછી તેની ઘડી વાળીને એક મોટાં પાકીટમાં બંધ કરી તે પાકીટ દેવેન્દ્રવિજયે ખીસ્સામાં મુકયું.

આ તરફ મુબારકનું શરીર ધીરે ધીરે ઠંડું પડતું ગયું. શ્વાસ અવળો ચાલવા લાગ્યો અને સ્વપનામાં માણસ જેમ બકે છે તેમ બકવા લાગ્યો. પાપનું ફળ કેવું ભયાનક છે! અરે રે! હું શું વિચારીને આવ્યો હતો અને શું થઇ ગયું! કયાં જોહરા! કયાં હું! યા ઇલાહી! શાદી! ના હું શાદી નહીં કરૂં! અરેરે! મારા ઝેરથી હું પોતેજ મરૂં છું! હવે સ-હ-ન બ-સ-હ-ઉ-ર બસ ન-હીં-હવે-ન-હીં-સુ-ઉ-ની-આ-ન-હ-ઉ ર-યા-અ..........."

બસ ખેલ ખતમ થયો. મુબારકની જીભ તુટી ગઇ. આંખો મીચાણી 'માનો તેને ઉંઘ આવી ગઇ દેવેન્દ્રવિજયે સમજી લીધું કે આ ઉંઘ છેવટની છે. આ ઉંઘમાંથી જયારે ઉઠશે ત્યારે એક નવા સંસારમાં જઇ પહોંચશે.'

પ્રકરણ ૧૨ મું.

છેવટ.

મુબારકના મરણ પછી બીજે દિવસે સવારમાંજ દેવેન્દ્રવિજય, બુઢા અરિન્દમને ઘેર પહોંચ્યા. અરીન્દમની આપેલી નહાની પેટી પણ બગલમાં મારી લીધી હતી.

"કેમ! કામ થઇ ગયું?" તેને ખુશાલીમાં જોતાંજ અરીન્દમે પૂછ્યું.

"હા! થઇ તો ગયું!"

"ખુની પકડયો?"

"પકડાયા છતાં ન્હાશી છુટયો છે." દેવેન્દ્રે કહ્યું, "હવે તેને પકડી શકાય તેમ નથી."

"શું તે મરી ગયો?"

"હા."

"વારૂ! ખુની કોણ હતો?"

"મુબારક!"

"મુબારક!" અજાયબીથી અરીન્દમે પૂછ્યું, "શી રીતે જાણ્યું કે મુબારક ખૂની છે?"

જવાબમાં દેવેન્દ્રવિજયે બધી હકીકત અરીન્દમને સંભળાવી. તેને સાંભળી લીધા પછી અરીન્દમે કહ્યું, "એજ ખુની છે! કેટલાક સાચા બનાવો કલ્પીત કહાણીઓ કરતાં પણ વધારે અજબ કરનારા હોય છે. ખેર! જે હોય તે પણ આખરે મુબારકજ ખુની નીકળ્યો;"

"હા. બહુ અજબ જેવું છે કે, મુબારક ઉપર મને એક પણ વખત શંકા ગઇ નહતી." દેવેન્દ્રે કહ્યું.

"એમાં અજબ જેવું શું છે?" અરીન્દમે કહ્યું, "મુબારક ઉપર તમોએ શંકા ન કરી એજ અજાયબી છે!"

"પરંતુ તેમ કરવાનો કંઇ આધાર મળ્યો હોત તો તો—"

"હવે એ તો-તો જવાદ્યો." અરીન્દમે ગુસ્સાથી કહ્યું "તમે ઘણા આધારો નજર સામે જોયા છતાં આંધળાની માફક ભમ્યા કર્યા. તમને તો જે તરફ સંજોગો ઘસડી ગયા તે તરફ ઘસડાયા કર્યા આજ તમારામાં પહેલો દોષ છે તેને છોડી દ્યો. જુઓ હમણાં હું તમોને એક આધાર બતાવું છું. જે પરથી તમારી શંકા મુબારક ઉપર જશે. તમેજ કહ્યું હતું કે લાશ જોઇને ડાકટરે બાર વાગતાંની લગભગમાં મરણ થવાનો રિપોર્ટ કર્યો હતો. ત્યારે બાર વાગ્યાથી એ લાશ ગલીમાં પડી હતી જેને લગભગ ત્રણ વાગે મુબારકે દીઠી. શું બારથી ત્રણ વાગતા સુધીમાં કોઈ એ રસ્તે નીકળ્યું ન હતું? એમ બનેજ નહીં, ઘણા માણુસોની જતો આવ રસ્તાપર થઇ હશે. હવે એ લાશ કોઇની નજરે ન પડતાં, એવા ભયંકર અંધારામાં તે મુબારકની નજરે પડી તેનું કારણ શું છે? હવે કહો અહીં કંઇ ગોટાળા જેવું લાગે છે કે નહીં? સારૂં! હવે જુઓ કે મુબારકે મજીદને એ ગલીમાંથી બહાર આવતાં તે વખતે જોયો હતો, એ વખતે મજીદની જે સ્થિતી હતી તે પરથી મજીદ શું ખુની જણાય છે? કદી પણ નહીં. જો તે ખુની હતે તો મુબારક સાથે એવી રીતે વર્તતે કે મુબારક ખુની બનાવમાં કંઇ પણ જાણી શકતે નહીં. વળી જો એવું હતું તો, તે કોઇ પણ બહાનું કરી, મુબારકને એ રસ્તેથી તો પાછો ફેરવી પોતાનેજ ઘેર લઈ જતે. એવી સ્થિતીમાં છેક બેવકુફ પણ આવા રસ્તાઓ શોધી શકે છે. પરંતુ ખરી રીતે મજીદખાં ખુની નહતો એટલે તેણે કંઇ પણ યુક્તિ કરી નહીં; વળી જો મજીદે આવી રીતે લાશ રસ્તા પર પડેલી દેખી હોત, તો તો તે નક્કી મુબારકને કહી દેત."

"પરંતુ મજીદે વખતે બ્હીકથી મુબારકને એ વાત ન જણાવી હોય તો?" દેવેન્દ્રવિજયે શંકાથી પૂછયું.

"એમાં બ્હીવા જેવું શું હતું?" અરીન્દમે જણાવ્યું, "જો એવું હોય તો મજીદખાં કંઈ એવી યુક્તિ અજમાવત કે મુબા-

રક એ રસ્તેથી ન જતાં બીજે રસ્તેજ જાય, પરંતુ તેણે તેવું કંઈ ન કર્યું તે પરથી સમજાય છે કે તેણે લાશ જોઇજ ન હતી. વળી લાશ એવી જગ્યાએથી મળી આવી હતી કે ગલીમાંથી જતો આવ કરનારની નજરે પડ્યા વગર કે પગમાં અથડાયા વગર રહેજ નહીં. આવી સ્થિતીમાં મજીદખાંએ લાશને કેમ ન દેખી એ વાત આશ્ચર્ય કારક છે. તેના પછી તરતજ એ ગલીમાં મુબારક ગયો. તેણે લાશ રજુ કરી, પહેરાવાળાને બોલાવ્યો અને તરતજ તપાસને માટે હોસ્પીટલમાં મોકલી દીધી બસ મેં તો તરતજ સમજી લીધુ કે મુબારકેજ ખૂન કરીને લાશને કયાંઇ છુપાવી રાખી હતી અને પછી ચાલાકીથી તેણે બધો બોજો પહેરાવાળાની ઉપર નાંખી દીધો."

"હા! આપની અટકળ બરાબર છે." દેવેન્દ્રવિજયે કહ્યું, "મરતી વખતે મુબારકે એ બધો ઇકરાર કર્યો છે, પરંતુ અજાયબી એ છે કે મુબારક ખુની છે એમ ઝાંખો ખ્યાલ પણ મને આવ્યો નહીં. ખેર! હવે બધું રંધાઇ ચુકયુ! આપની પેટી સાથે લેતો આવ્યો છું, ચાવી લાવો જોઇએ તેમાં કોનું—"

"એ જોવાથી હવે ફાયદો શો છે?" દેવેન્દ્રવિજયને અટકાવી અરીન્દમે કહ્યું.

દેવેન્દ્રે કંઇ જવાબ ન આપ્યો. અરીન્દમે ચાવી તેના સામે ફેંકી દીધી. દેવેન્દ્રે પેટી ઉઘાડી જોયું તો એક નાહના કાગળના કટકાપર "મુબારક" લખેલું જોઇ તે તો લાકડા જેવો બની ફાટી આંખે અરીન્દમ સામું જોઈ રહ્યો.

સમાપ્ત.

ઉપસંહાર.

મેહદીબગાનવાળી નારી હત્યાનો પત્તો લાગવાથી ચારે તરફ ધમાલ મચી રહી, કેટલાંક અઠવાડીક વર્તમાન પત્રોમાં તો એ બનાવ સંપૂર્ણ છપાયો, અને લોકોએ તેને ઉત્સાહથી વાંચી એવો અભિપ્રાય જણાવ્યો કે, વખત ઉપર ખરા બનાવો પણ એવા બની જાય છે કે, જે ગપ-ગોળા અને નવલકથાઓ કરતાં પણ અદ્દભૂત હોય છે.

મજીદખાં નીર્દોષ જાહેર થઇ માન સાથે જેલમાંથી મુક્ત થયો. હવે જોહરા સાથે તેનાં લગ્ન માટે જહીરૂદ્દીને કંઇ વાંધો લીધો નહીં. મોટી ધામધૂમથી તેઓનાં લગ્ન થઇ ગયાં.

મનીરૂદ્દીને દીલજાન સાથેજ લગ્ન કર્યાં, અને જીંદગીની ખરાબ વાતો ભુલી જવાની આશાએ બન્ને કલકત્તા છોડી ફરીદપુર વાળા બંગલામાં રહેવા ગયાં ત્યાર પછીથી કોઇએ મનીરૂદ્દીનની ચાલ ચલણની ફરીયાદ સાંભળી નહીં, એટલે દિલજાનનું નશીબ સારૂં સમજવું જોઇએ.

મુનશી જહીરૂદ્દીને ફેરી લગ્ન કર્યાં નહીં. તેમ હવે તે. એવી ઇચ્છા પણ નહી હતી. સુજાન પછી આ જાતી ઉપરથી તેનો વિશ્વાસ ઉઠી ગયો હતો તેણે શહેરી વસવાટ છોડી દીધો અને જીંદગીના બાકીના દિવસો શાન્તીથી પોતાના બાપના ઘરમાં વીતાવ્યા.

દેવેન્દ્રવિજય લાંબા વખતની મહેનત અને ચીન્તાથી થાકી ગયા હતા તેને પણ હવે જરા આરામ લેવાનો વખત મળ્યો. તેને ઘણી વખત એમ થયું કે આવો ચક્કરદાર કેસ એક પણ તેના હાથમાં આવ્યો નથી બનાવનું ચક્કર એવી રીતે ચાલ્યું હતું કે ચારે તરફથી ખૂનનો આરોપ મુનશી જહીરૂદ્દીન ઉપરજ જઇ પડે તેમ હતો, પરંતુ ઇશ્વરે તેનો બચાવ કર્યો, નહી તો એક નિર્દોષ બુઢાને ફાંસી લટકાવવાનું દુઃખ જીંદગી સુધી તેઓથી વિસરી શકાત નહીં.

જ્યારે દેવેન્દ્રવિજયને મોઢેથી અમોએ આ અદભૂત બનાવ સાંભળ્યો ત્યારે અમોને એટલો ટેસ્ટ પડયો કે, તેને જનસમાજ સામે રજુ કરવાનો લોભ અમો પણ થોભાવી શકયા નહી.